# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-05-2021**




# સ્થાનિક બાબતો

## 1. 'મારુ ગામ કોરોનામુક્ત ગામ' રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ (આરોગ્ય)




- ✓ સમયગાળો : તા. 1 થી 15 મે 2021
- ✓ શુભારંભ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા CM ડેશ બોર્ડ ગાંધીનગરના માધ્યમથી પ્રારંભ
- ✓ **હેતુ :** ગુજરાતના ગામડા કોરોનામુક્ત બને તે માટે સરકારનો સંકલ્પ
- ✓ CM ડેશ બોર્ડ ગાંધીનગરના માધ્યમથી વિવિધ ગામડાઓના સરપંચશ્રીઓ/સભ્યશ્રીઓ સાથે ઈ-સંવાદ યોજાયો
- ✓ ગામમાં 10 નાગરિકોની સમિતી બનાવીને ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટની વ્યવસ્થા કરવી તેમજ ગામમાં જ કોવિડ કેર સેન્ટર બનાવવું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. રસીકરણ - ગુજરાત સરકાર : રાજ્યમાં 18 થી 44 વયના નાગરિકો માટે 1 મે 2021થી રસીકરણનો પ્રારંભ




- ✓ પ્રથમ તબક્કામાં સૌથી વધુ કોરોના પ્રભાવિત 10 જિલ્લાને પસંદ કરાયા

**10 જિલ્લા :**

- ✓ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગર
- ✓ ખાસ : cowin.gov.in પોર્ટલ ઉપર નોંધણી જરૂરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નિર્ણય : ગુજરાત સરકાર (કર મુક્તિ) કોરોનાના વિદેશી સાધનો ઉપર 100 ટકા IGST માફ કરવાનો નિર્ણય

**GSTમાં કેન્દ્રના હિસ્સાનો વેરો પણ ગુજરાત સરકાર ચૂકવશે**

**કોને લાભ થશે :**

- ✓ કોરોનાની સારવારમાં ઉપયોગમાં લેવાય તેવી વિદેશમાંથી આવતી સાધન સામગ્રીઓની ઉપર 100 ટકા ઈન્ટીગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ- IGST માફ કરવાનો નિર્ણય કર્યો હતો. જેનો લાભ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરજ્યની સંસ્થાઓ સંચાલિત અને સરકારની મંજૂરી પ્રાપ્ત હોસ્પિટલોને વિનામૂલ્યે દાનમાં આપનારા આયાતકારને મળશે.
- ✓ આ નિર્ણય અનુસાર સ્વૈચ્છિક સંગઠનો, કોર્પોરેટ કંપનીઓ કે પછી વ્યક્તિ સ્વંય મેડિકલ ઓક્સિજન, ઓક્સિજન સિલિન્ડર, ઓક્સિજન પ્લાન્ટ, ઓક્સિજન ફિલિંગ સિસ્ટમ, ઓક્સિજન સ્ટોરેજ ટેન્ક, ઓક્સિજન જનરેટર, ક્રાયોજેનિક રોડ ટ્રાન્સપોર્ટ ટેન્ડ સહિતના સાધનો અને આવા સાધનો બનાવવામાં વપરાતા પાર્ટ્સ, વેન્ટિલેટર, વેક્સિન અને રેમડેસિવિર ઈન્જેક્શન અને તે બનાવવામાં વપરાતી સામગ્રી વિદેશમાંથી આયાત કરીને રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર સંચાલિત અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્પિટલો અથવા રાજ્ય સરકારની મંજૂરી પ્રાપ્ત હોસ્પિટલો, સંસ્થાઓને વિના મૂલ્યે આપે તો તેના પર લાગતો IGST રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવશે અને તેનું ભારણ આયાતકાર ઉપર આવશે નહી.
- ✓ IGST : ઈન્ટીગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 4. ઓક્સિજન ઉત્પાદન – ભારત : ઓક્સિજનના દૈનિક ઉત્પાદનમાં ગુજરાત ટોચ ઉપર

**એપ્રિલ 2021ની સ્થિતિએ વિવિધ રાજ્યોમાં ઓક્સિજન ઉત્પાદન :**

| રાજ્ય | ઉત્પાદન (મેટ્રિક ટન) |
|---|---|
| ગુજરાત | 980 |
| મહારાષ્ટ્ર | 850-900 |
| ઓરિસ્સા | 800-825 |
| એમપી-યુપી | 600-650 |
| રાજસ્થાન | 400-450 |

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. શ્રમ મંત્રાલય : 6 કરોડ EPFO ખાતાધારકો માટે મહત્વનો નિર્ણય (શ્રમિક કલ્યાણ)

**નિર્ણય :**

**EDLI સ્કીમ હેઠળ વીમાની રકમ વધારીને મહત્તમ રૂ. 7 લાખ તેમજ મૃત્યુના કિસ્સામાં મળતી લઘુતમ વિમાની રકમ પણ રૂ. 2 લાખથી વધારીને રૂ. 2.5 લાખ કરાઈ**

**અન્ય વિગત :**

- ✓ 'નવા નિર્ણય મુજબ હવે મૃત્યુના કિસ્સામાં વીમાનો દાવો કરવામાં આવશે તો રૂપિયા સાત લાખની રકમ મળશે.

- ✓ એમ્પ્લોઇઝ ડિપોઝિટ લિંક્ડ ઇનસ્યોરન્સ અર્થાત ઇ.ડી.એલ. આઇ. સ્કીમ હેઠળ પહેલાં મહત્તમ છ લાખ રૂપિયાની મર્યાદા હતી.




- ✓ ઇપીએફઓના ઓછામાં ઓછા 6 કરોડ ખાતાધારકોને આ નિર્ણયનો લાભ મળશે.
- ✓ કોઇપણ ખાતાધારકના મૃત્યુના કિસ્સામાં મળતી લઘુત્તમ વીમાની રકમ પણ રૂપિયા 2 લાખથી વધારીને 2.5 લાખ કરવામાં આવી છે.
- ✓ લઘુત્તમ અને મહત્તમ ચુકવણી એમ બંનેમાં વધારો કરવામાં આવ્યો છે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિક દિવસે શ્રમિકોને મહત્વની ભેટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. નિધન : જાણીતા વૈશ્વિકસ્તરના ડબીંગ-વોઇસ ઓવર આર્ટિસ્ટ સુરેન્દ્ર ભાટીયાનું 62 વર્ષની વયે અવસાન



**કારકિર્દી :**

- ✓ દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા કલાકારો જુરાસીક પાર્ક અને બેબીઝ ડે આઉટ સહિત ઘણી ફિલ્મોના કલાકારોને અવાજ આપ્યો હતો.
- ✓ દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા સુરેન્દ્ર ભાટીયા એસોસિયેશન ઓફ વૉઇસ ઑર્ટિસ્ટના સ્થાપક અને ભૂતપૂર્વ પ્રમુખ હતા.
- ✓ સુરેન્દ્ર ભાટીયા ફિલ્મ નિર્માતા હતા અને ફિલ્મ સ્ટુડિયોના માલિક પણ હતા.
- ✓ સુરેન્દ્ર ભાટીયાએ જુરાસીક પાર્ક (હિન્દી) ફિલ્મમાં આલા દરજ્જાના દિગ્દર્શક રિચાર્ડ એટનબરોને પણ પોતાનો અવાજ આપ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7.દિન વિશેષ : તા. 1 મે

### (1) ગુજરાતનો 62મો સ્થાપના દિવસ/ગૌરવ દિવસ




**સ્થાપના : તા. 1લી મે-1960**

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### (2) દિન વિશેષ : 1 મે

**મહારાષ્ટ્ર રાજ્યનો સ્થાપના દિવસ**

**તા. 1 મે 1960**

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (3) ગુજરાત હાઈકોર્ટનો 62મો સ્થાપના દિવસ

**સ્થાપના : તા. 1લી મે-1960**

**સ્થળ-અમદાવાદ**




✓ વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ – શ્રી વિક્રમનાથ (25માં મુખ્ય ન્યાયમૂર્તિ)

**ગુજરાત હાઇકોર્ટનો ઇતિહાસ**

✓ પહેલી મે, 1960ના રોજ મુંબઇ રાજ્યમાંથી વિભાજીત થયા બાદ તે જ દિવસે ગુજરાત હાઇકોર્ટ અસ્તિત્વમાં આવી.

✓ આશ્રમ રોડ પર આકાશવાણીની ઓફિસ નજીક આવેલી ચિલ્ડ્રન હોસ્પિટલનું બિલ્ડીંગ હાઇકોર્ટ સંકુલ તરીકે ઉપયોગમાં લેવાયું હતું.



✓ જસ્ટિસ એસ. ટી. દેસાઇ આ કોર્ટના સૌથી પહેલાં ચીફ જસ્ટિસ બન્યા હતા.

✓ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂકેલા જસ્ટિસ પી. એન. ભગવતી બાદમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા અને તેમને ભારતીય ન્યાયતંત્રના ઉત્કૃષ્ટ જજો પૈકીના એક માનવામાં આવે છે.

✓ અત્યાર સુધીમાં મૂળ ગુજરાત હાઇકોર્ટના દસ જજ સુપ્રીમ કોર્ટમાં ફરજ બજાવી ચૂક્યા છે અને હાઇકોર્ટના ૧૩ જજ અન્ય હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (4) વિશ્વ શ્રમિક દિવસ : 1લી મે

✓ પ્રથમ પ્રારંભ : 1889




✓ વિશ્વ શ્રમ સંગઠન દ્વારા ઉજવણી

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 8. જન્મ દિન વિશેષ : 1 મે

## (1) સંગીત સાધના : મન્ના ડે

**જન્મ : 1 લી મે-1919**

**અવસાન : 24 ઓક્ટોબર-2013**

✓ આજે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની સાથોસાથ મહાન સંગીતકાર મન્ના ડે, અભિનેતા બલરાજ સહાનીનો જન્મદિવસ અને રચનાત્મક કાર્યકરો મોતીભાઇ ચૌધરી અને નિર્મલા દેશપાંડેની પુણ્યતિથિ.




- ✓ મન્નાડેનું મૂળ નામ - પ્રબોધચંદ્ર ડે
- ✓ જન્મ કોલકાતામાં થયો હતો.
- ✓ બાબુર પાઠશાળા અને સ્કોટિશ ચર્ચ કોલેજમાં અભ્યાસ કર્યો. પિતાની ઈચ્છા તેમને વકીલ બનાવવાની હતી પોતે પણ ઘણો સમય વકીલાત કે સંગીતકાર એવા અસમંજસમાં રહ્યા.
- ✓ એક વાર ગાતી વખતે ઉસ્તાદ બાદલખાને તેમને સાંભળ્યા અને પ્રતિભા પારખી.
- ✓ મન્ના ડેની સંગીતકાર તરીકેની કારકિર્દી સાત દાયકાથી વધુ રહી હતી.
- ✓ તે દરમિયાન તમન્ના, ઉપકાર, દીવાર, અમર અકબર એન્થની, વક્ત, આવારા, બોબી, સત્યમ શિવમ સુન્દરમ્, મેં તુલસી તેરે આંગન કી, સીતા ઔર ગીતા, મેરા નામ જોકર, પડોસન, શ્રી 420, નીલ કમલ જેવી સફળ ફિલ્મોમાં ગીત ગાયા હતા.
- ✓ હું સંગીત સાથે ક્યારેય મજાક નહીં કરું તેવા મંત્ર સાથે સંગીતની સાધના કરનારા મન્ના ડેનું 24 ઓક્ટોબર 2013ના રોજ અવસાન થયું.

## **એવોર્ડ**

- ✓ પદ્મશ્રી – 1971
- ✓ પદ્મભૂષણ-2005
- ✓ દાદા સાહેબ ફાળકે – 2007
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (2) જન્મ દિન વિશેષ : શ્રી ગુરુ તેગ બહાદુરજીનું 400મુ પ્રકાશ પર્વ - 1 મે 2021




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (01-05-2021)

1. 'મારુ ગામ કોરોનામુક્ત ગામ' રાજ્યવ્યાપી અભિયાનનો ઈ પ્રારંભ ક્યારે અને ક્યાંથી કરાયો - **તા. 1 મે 2021 તથા CM ડેશ બોર્ડ ગાંધીનગર**
2. 'મારુ ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનનો સમયગાળો જણાવો - **તા. 1 થી 15 મે 2021**
3. 'મારુ ગામ કોરોનામુક્ત ગામ' અભિયાન અંતર્ગત ગામમાં કેટલા સભ્યોની કમિટી બનાવવાનું નક્કી કરાયું છે – **10**
4. ગુજરાતમાં 18 થી 44 વર્ષના લોકોને વિનામૂલ્યે કોરોના રસીકરણનો પ્રારંભ ક્યારથી થયો – **તા. 1 મે 2021**
5. ગુજરાતમાં 18 થી 44 વર્ષના નાગરિકો પ્રથમ તબક્કામાં કયા 10 જિલ્લામાં રસીકરણનો તા. 1 મે 2021થી પ્રારંભ થયો - **અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગર**
6. કોરોના રસીકરણ માટે કયા પોર્ટલ ઉપર નોંધણી કરાવવી ફરજિયાત છે – **www.cowin.gov.in**
7. ગુજરાત સરકાર દ્વારા મે 2021માં કોરોનાના વિદેશી સાધનો ઉપર કેટલા ટકા IGST માફ કરવાનો નિર્ણય કરાયો હતો - **100**
8. IGSTનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટીગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ**
9. મે 2021ની સ્થિતિએ ભારતમાં સૌથી વધુ દૈનિક ઓક્સિજન ઉત્પાદિત કરતુ રાજ્ય જણાવો - **ગુજરાત (980 મે.ટન)**
10. મ 2021માં શ્રમ મંત્રાલયે EPFO ખાતાધારકો માટે EDLI સ્કીમ હેઠળ વીમાની રકમ વધારીને મહત્તમ કેટલા રૂ. કરી - **7 લાખ**

11. મે 2021માં શ્રમ મંત્રાલયે EPFO ખાતાધારકો માટે EDLI સ્કીમ હેઠળ મૃત્યુના કિસ્સામાં મળતી લઘુતમ વિમાની રકમ રૂ. 2 લાખથી વધારીને કેટલી કરાઈ - **રૂ. 2.5 લાખ**
12. EDLI સ્કીમનું વિસ્તૃત નામ જણાવો - **એમ્પ્લોઇઝ ડિપોઝિટ લિંક્ડ ઈનસ્યોરન્સ**
13. મે 2021માં વૈશ્વિકસ્તરના જાણીતા કયા ડબીંગ-વોઇસ ઓવર આર્ટિસ્ટનું 62 વર્ષની વયે અવસાન થયુ - **સુરેન્દ્ર ભાટીયા**
14. દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા સુરેન્દ્ર ભાટીયા કયા એસોસિયેશનના સ્થાપક અને ભૂતપૂર્વ પ્રમુખ હતા - **એસોસિયેશન ઓફ વૉઇસ આર્ટિસ્ટ**
15. હિન્દીફિલ્મ જુરાસીક પાર્કમાં દિગ્દર્શક રિચાર્ડ એટનબરોનો અવાજ કોણે આપ્યો હતો - **સુરેન્દ્ર ભાટીયા**
16. તા. 1લી મે-2021ના રોજ ગુજરાત રાજયનો કેટલામો સ્થાપના ઉજવવામાં આવ્યો – **62**
17. તા. 1લી મે-2021ના રોજ મહારાષ્ટ્ર રાજયનો કેટલામો સ્થાપના ઉજવવામાં આવ્યો – **62**
18. ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ જણાવો - **તા. 1લી મે-1960**
19. ગુજરાત હાઈકોર્ટનો સ્થાપના દિવસ જણાવો - **તા. 1લી મે - 1960**
20. તા. 1લી મે-2021ના રોજ મહારાષ્ટ્ર રાજયનો કેટલામો સ્થાપના ઉજવવામાં આવ્યો – **62**
21. ગુજરાત હાઈકોર્ટ કઈ સ્થળે આવેલી છે - **અમદાવાદ**
22. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો – **શ્રી વિક્રમનાથ**
23. ગુજરાત હાઈકોર્ટના સૌથી પહેલાં ચીફ જસ્ટિસ કોણ બન્યા હતા - **જસ્ટિસ એસ. ટી. દેસાઇ**
24. હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂકેલા કયા જસ્ટિટસ બાદમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા - **જસ્ટિસ પી. એન. ભગવતી**
25. "વિશ્વ શ્રમ દિવસ" ક્યારે ઉજવાય છે - **1 મે**
26. સંગીત સાધના એવા ભારતના મહાન સંગીતજ્ઞ મન્ના ડેનો જન્મદિવસ જણાવો - **1 મે 1919**
27. મન્ના ડેનનું મૂળ નામ જણાવો- **પ્રબોધ ચંદ્ર ડે**
28. સંગીત સાધના એવા ભારતના મહાન સંગીતજ્ઞ મન્ના ડેને પદ્મશ્રી, પદ્મભૂષણ અને દાદા સાહેબ ફાળકે એવોર્ડ અનુક્રમે કયા વર્ષે અપાયા - **1971, 2005 અને 2007**
29. તા. 1 મે 2021ના રોજ શ્રી ગુરુ તેગ બહાદુરજીના કેટલામા પ્રકાશ પર્વની ઉજવણી કરાઈ – **400**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. ગુજરાત : મોરવા હડફ બેઠકની પેટાચૂંટણીમા ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથારનો વિજય (બંધારણ)




- ✓ ભાજપનું વિધાનસભામાં કુલ સંખ્યા બળ 112
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. ભારતમાં પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો (બંધારણ)

વિવિધ રાજ્યોની વિધાનસભાની કુલ બેઠકો, પક્ષ, ગત ચૂંટણીની સ્થિતિ અને બહુમતી દર્શાવતું કોષ્ટક

### (1) પશ્ચિમ બંગાળ :

પ.બંગાળ — કુલ બેઠક - 292

| | 2016 | 2021 |
|---|---|---|
| પક્ષ | બેઠકો | બેઠકો |
| તૃણમૂલ કોંગ્રેસ | 211 | 214 |
| ભાજપ | 3 | 76 |
| કોંગ્રેસ+ડાબેરી | 76 | 00 |
| અન્ય | 4 | 04 |

બહુમતી માટે : 147

### (2) તામિલનાડુ :

તામિલનાડુ — કુલ બેઠક - 234

| | 2016 | 2021 |
|---|---|---|
| પક્ષ | બેઠકો | બેઠકો |
| એઆઈએડીએમકે+ભાજપ | 136 | 77 |
| ડીએમકે + કોંગ્રેસ | 97 | 152 |
| ઈન્ડિયન મુસ્લિમ લીગ | 1 | 00 |
| અન્ય | 0 | 05 |

બહુમતી માટે : 118

## (3) કેરળ :

| કેરળ | કુલ બેઠક - 140 | |
|---|---|---|
| | 2016 | 2021 |
| પક્ષ | બેઠકો | બેઠકો |
| એલડીએફ | 91 | 92 |
| યુડીએફ | 47 | 39 |
| એનડીએ | 1 | 00 |
| અન્ય | 1 | 09 |

**બહુમતી માટે : 71**

## (4) આસામ :

| આસામ | કુલ બેઠક - 126 | |
|---|---|---|
| | 2016 | 2021 |
| પક્ષ | બેઠકો | બેઠકો |
| ભાજપ+ | 86 | 73 |
| કોંગ્રેસ | 26 | 52 |
| યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ | 13 | 00 |
| અન્ય | 1 | 01 |

**બહુમતી માટે : 64**

## (5) પુડુચેરી :

| પુડુચેરી | કુલ બેઠક - 30 | |
|---|---|---|
| | 2016 | 2021 |
| પક્ષ | બેઠકો | બેઠકો |
| કોંગ્રેસ | 17 | 08 |
| ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસ | 8 | 16 |
| એઆઈએડીએમકે | 4 | 00 |
| અન્ય | 1 | 06 |

**બહુમતી માટે : 16**

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. માર્ગ પરિવહન મંત્રાલય : નવો નિયમ

## વાહન નોંધણી સમયે જ પોતાના વારસનું નોમિનેશન કરી શકાશે




**નવો નિયમ :**

✓ નિયમોમાં થયેલા ફેરફારને પગલે વાહનના માલિક હવે નોંધણી તબક્કે જ પોતાના વારસનું નામ નોંધાવી શકશે. તે પછી તેને અપડેટ પણ કરી શકાશે.

✓ નોંધણી પછી પણ ઓનલાઇન અરજી કરીને, વાહનના ઉત્તરાધિકારનું નામ દાખલ કરી શકે છે.

✓ નિયમમાં કરવામાં આવેલા ફેરફાર હેઠળ વાહનના મૂળ માલિક પછી ઉત્તરાધિકારીને વાહન પોતાને નામ કરવામાં મુશ્કેલી નહીં પડે.

**હેતુ :**

✓ વાહન માલિકનું મૃત્યુ થતાં તેમના પરિવારના સભ્યોને વાહન માલિકી ટ્રાન્સફર કરાવવા કાર્યાલયના ધક્કા ના ખાવા પડે.

✓ વાહન માલિકનું મૃત્યુ થવાના કિસ્સામાં આરસીમાં નોમિનેટ થયેલી વ્યક્તિને તેનો લાભ મળશે.

✓ વાહન માલિકનું અવસાન થયું હોવાના સંજોગોમાં ત્રણ મહિના સુધી વાહન માલિકી ટ્રાન્સફર થઇ હોય તે રીતે જ વાહનનો ઉપયોગ કરવા દેવામાં આવે છે. પરંતુ તે માટે નોમિનેટ થયેલી વ્યક્તિ વાહનનો ઉપયોગ કરવા ઇચ્છતી હોય તેણે વાહન માલિકના મૃત્યુની જાણ આરટીઓને 30 દિવસમાં કરવી પડે છે.

## વાહન માલિકી નોમિનેટ કરવા શું કરવું ?

- ✓ વાહન માલિકનું અવસાન થયાના ત્રણ મહિનામાં વારસે વાહન માલિકી ટ્રાન્સફર માટે ફોર્મ 31માં અરજી કરવાની રહે છે.
- ✓ છુટાછેડા કે મિલક્તની વહેંચણી થઇ હોવાના સંજોગોમાં વાહન માલિકે નોંધણી તબક્કે જે વારસની નોંધણી કરાવી હોય, તે વારસનું નામ બદલવું હોય તો સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસપી) મારફ્ત વાહન માલિક તેમ કરી શકે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 4. સેલ્ફ ડ્રાઈવિંગ કાર (ટેકનોલોજી)

## સેલ્ફ ડ્રાઈવિંગ કારને મંજૂરી આપનારો બ્રિટન વિશ્વનો પ્રથમ દેશ




### વિગત :

- ✓ બ્રિટન સેલ્ફ ડ્રાઇવિંગ કારને પરવાનગી આપનાર વિશ્વના પ્રથમ દેશ બન્યો છે. તેના માટે ઓટોમેટેડ લેન કિપિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. જે અંતર્ગત કાર યોગ્ય લેન પકડી રાખે તે માટે સોફ્ટવેર અને સેન્સર્સનો ઉપયોગ કરવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. દિન વિશેષ : વિશ્વ હાસ્ય દિવસ

- ✓ મે મહિનાના પ્રથમ રવિવારે ઉજવણી




- ✓ **શરૂઆત:** પ્રથમ ઉજવણી 10 મે 1998નાં રોજ મુંબઇમાં કરવામાં આવી હતી.
- ✓ વિશ્વ હાસ્ય દિવસ વિશ્વ હાસ્ય યોગ ચળવળનાં સ્થાપક ડૉક્ટર મદન કટારીયા દ્વારા કરવામાં આવી હતી. તેઓ આપણાં ભારતમાં ફેમિલી ડૉક્ટર છે.

### હેતુ :

- ✓ વિશ્વ હાસ્ય દિવસ એ હાસ્ય અને તેનાં ઘણાં ઉપચાર લાભો વિશે જાગરૂકતા વધારવા માટે ઉજવવામાં આવે છે.




### ફાયદો :

- ✓ હાસ્ય એ આખા શરીરને આરામ આપે છે.
- ✓ આપણાં શરીરના સ્નાયુઓને ૪૫ મિનીટ સુધી રાહત આપે છે.
- ✓ હાસ્ય એ રોગપ્રતિકારક શક્તિને પ્રોત્સાહન આપે છે.
- ✓ રોગપ્રતિકારક કોષો અને ચેપ સામે લડતી એન્ટીબોડીઝ વધારે છે. હૃદયને સુરક્ષિત કરે છે.

- ✓ લાંબી જિંદગીમાં મદદ કરી શકે છે. આપણે રોજ હસતાં રહીએ તો આપણને આટલાં બધાં ફાયદા થાય છે માટે રોજ હસતાં રહો, અને લોકોને પણ હસાવતાં રહો.
- ✓ વર્લ્ડ વાઇલ્ડ લાફ્ટર યોગાના સ્થાપક : ડૉ. મદન કટારિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 2 મે
## ફિલ્મ સર્જક : ભારતરત્ન સત્યજિત રે




**જન્મ – 2 મે-1921**

**અવસાન – 23 એપ્રિલ-1992**

**સિદ્ધિઓ :**

- ✓ જીવનકાળ દરમ્યાન વિવિધ વિષયો પર 36 ફિલ્મો બનાવનાર
- ✓ પહેલી જ ફિલ્મ પાથેર પાંચાલી માટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો એવોર્ડ જીતનાર
- ✓ ફિલ્મ નિર્માણના લગભગ તમામ ક્ષેત્રોના નિષ્ણાત, ફિલ્મ નિર્માણની યુનિવર્સિટી ગણાતા 32 ભારતીય નેશનલ ફિલ્મ એવોર્ડ જીતનાર
- ✓ ફિલ્મક્ષેત્રે સર્વોચ્ચ એવો ઓસ્કાર અવોર્ડ ભારતમાંથી સૌપ્રથમ મેળવનાર
- ✓ ભારત સરકાર તરફથી દાદા સાહેબ ફાળકે એવોર્ડ અને ભારત રત્ન મેળવનાર
- ✓ કોલકાતામાં કળાપ્રેમી પરિવારમાં જન્મેલા સત્યજિત રેએ પ્રેસિડેન્સી કોલેજ, કોલકાતા યુનિ. અને વિશ્વ ભારતીમાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ સત્યજિત રેની કારકિર્દી ચિત્રકાર તરીકે શરૂ થઇ હતી.
- ✓ લંડન પ્રવાસ દરમિયાન ઇટાલિયન નિર્માતાની ફિલ્મથી પ્રભાવિત થઇ ફિલ્મોના નિર્માણના ક્ષેત્રે આવ્યા હતા.
- ✓ તેઓએ ફિલ્મ નિર્માણના ક્ષેત્રે નિર્માતા, પટકથા લેખન, ગીતકાર જેવી અનેક જવાબદારીઓ વહન કરી હતી.
- ✓ પોતાની ફિલ્મ સર્જન કારકિર્દી દરમિયાન માનવીય અભિગમ દર્શાવતી ફીચર, દસ્તાવેજી અને શોર્ટ ફિલ્મો જેવી અનેક ફિલ્મો બનાવી.
- ✓ જેમાં પાથેર પાંચાલી, જતરે અપરાજિતો, અપૂર સંસાર, સોનાર કેલ્લા, ચારુલતા વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (02-05-2021)

1. તાજેતર એપ્રિલ 2021માં ગુજરાતમાં યોજાયેલી પેટાચૂંટણીમા મોરવા હડફની બેઠક ઉપર કયા પક્ષનો વિજય થયો **- ભાજપ (નિમિષાબેન સુથાર)**
2. તા. 2 મે 2021ની સ્થિતિએ ગુજરાતમાં શાસક પક્ષ ભાજપનું વિધાનસભામાં સંખ્યાબળ જણાવો - **112**
3. એપ્રિલ 2021માં કયા રાજ્યોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઇ હતી – **પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, આસામ, કેરળ, પુડુચેરી**
4. મે 2021માં યોજાયેલી ચૂંટણીમાં પશ્ચિમ બંગાળ વિધાનસભાની કુલ બેઠકો અને સૌથી વધુ બેઠક વિજેતા પક્ષ જણાવો – **292 અને તૃણમુલ કોંગ્રેસ**
5. મે 2021માં યોજાયેલી ચૂંટણીમાં તામિલનાડુ વિધાનસભાની કુલ બેઠકો અને સૌથી વધુ બેઠક વિજેતા પક્ષ જણાવો – **234 અને DMK+કોંગ્રેસ**
6. મે 2021માં યોજાયેલી ચૂંટણીમાં કેરળ વિધાનસભાની કુલ બેઠકો અને સૌથી વધુ બેઠક વિજેતા પક્ષ જણાવો – **140 અને LDF**
7. મે 2021માં યોજાયેલી ચૂંટણીમાં આસામ વિધાનસભાની કુલ બેઠકો અને સૌથી વધુ બેઠક વિજેતા પક્ષ જણાવો **– 126 અને ભાજપ +**
8. મે 2021માં યોજાયેલી ચૂંટણીમાં પુડુચેરી વિધાનસભાની કુલ બેઠકો અને સૌથી વધુ બેઠક વિજેતા પક્ષ જણાવો – **30 NDA**

9. તામિલનાડુના મુખ્ય પક્ષ DMKનું વિસ્તૃત નામ જણાવો – **દ્રવિડ મુનેત્ર કઝગમ**
10. કેરળના મુખ્ય પક્ષ LDFનું વિસ્તૃત નામ જણાવો – **લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ**
11. મે 2021માં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામો ક્યારે જાહેર કરાયા – **02 મે 2021**
12. એપ્રિલ 2021ના કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ વાહન ચાલક વાહન નોંધણી સમયે જ કોનું નોમિનેશન કરી શકાશે - **પોતાના વારસ**
13. તાજેતરના કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ વાહન માલિકના અવસાન બાદ તે અંગેની જાણ કેટલા દિવસમાં આરટીઓને કરવી પડશે - **30**
14. એપ્રિલ 2021માં કયો દેશ સેલ્ફ ડ્રાઇવિંગ કારને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો – **બ્રિટન**
15. વિશ્વ હાસ્ય દિવસ કયારે ઉજવવામાં આવે છે - **મે મહિનાના પ્રથમ રવિવારે**
16. વિશ્વ હાસ્ય દિવસની પ્રથમ ઉજવણી કયારે-ક્યાં કરવામાં આવી હતી - **10 મે 1998નાં રોજ મુંબઇમાં**
17. વિશ્વ હાસ્ય યોગ ચળવળનાં સ્થાપક કોણ છે જે ભારતમાં ફેમિલી ડૉક્ટર છે - **ડૉક્ટર મદન કટારીયા**
18. ભારતીય ફિલ્મ સર્જક સત્યજિત રેનો જન્મ કયાં થયો હતો – **કોલકત્તા (પશ્ચિમ બંગાળ)**
19. સત્યજિત રે ની કારકિર્દીનો પ્રારંભ શેનાથી શરૂ થઇ હતી - **ચિત્રકાર**
20. સત્યજીત રે એ ફિલ્મ નિર્માણના ક્ષેત્રે કઈ કઈ જવાબદારીઓ વહન કરી હતી - **નિર્માતા, પટકથા લેખન, ગીતકાર**
21. પાથર પાંચાલી, જતરે અપરાજિતો, અપૂર સંસાર, સોનાર કેલ્લા, ચારુલતા જેવી જાણીતી ફિલ્મોનું સર્જકનું નામ જણાવો -**સત્યજીત રે**
22. 2જી મે એ કયા જાણીતા ગુજરાતી સાહિત્યકારનો જન્મદિવસ છે - **ચુનીલાલ વર્ધમાન શાહ**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**…………વંદે માતરમ્…………**




# સ્થાનિક બાબતો

## 1. નિમણૂક : ગુજરાતના નવા મુખ્ય ચૂંટણી અધિકારી-CEO તરીકે અનુપમ આનંદ



- ✓ ગુજરાત કેડર IAS, બેચ-2000
- ✓ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી મુરલી ક્રિષ્ણન નિવૃત થતા હવે તેમના સ્થાને ટ્રાઈબલ વિકાસ વિભાગના સચિવ અનુપમ આનંદની પસંદગી કરવામાં આવી છે.
- ✓ રાજ્યના નવા ચૂંટણી અધિકારી તરીકે નિમાયેલા મૂળ બિહારના વતની એવા અનુપમ આનંદ અગાઉ સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી, જામનગર મ્યુનિસિપલ કમિશનર અને ડાંગ જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બચાવી ચૂક્યાં છે.
- ✓ હવે ગુજરાતમાં 2022ની વિધાનસભાની ચૂંટણી પણ અનુપમ આનંદના કાર્યકાળ દરમિયાન જ યોજાશે.
- ✓ અગાઉ CEO તરીકે ડૉ. એસ.મુરલીક્રિષ્ના
- ✓ CEO : ચીફ ઈલેક્ટ્રોલ ઓફિસર
- ✓ નિમણૂક-કેન્દ્રીય ચૂંટણી પંચ, નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. ભારત સરકાર : કોરોના સંદર્ભે વેક્સિન, રેમડેસિવિર અને ઓક્સિજનના વિદેશી દાનને IGSTમાંથી મુક્તિનો નિર્ણય




- ✓ મર્યાદા જૂન-2021 સુધી

**વિગત :**

- ✓ દેશમાં કોવિડ-19 કેસની વધતી સંખ્યા અને ઓક્સિજનની અછત વચ્ચે સરકારે કોરોના વાઇરસના સંક્રમણને રોકતી અને સારવાર માટે ઉપયોગમાં આવતી અને મફત વહેંચણી માટે વિદેશમાંથી દાન તરીકે મોકલવામાં આવેલી મોટાભાગની મેડિકલ સપ્લાઇને ઇન્ટિગ્રેટેડ ગૂડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ(IGST)માંથી મુક્તિ આપી છે.

- ✓ મેડિકલ સપ્લાઇમાં કોવિડ-19 વેક્સિન, ઓક્સિજન અને તેને સંબંધિત ઇક્વિપમેન્ટ્સ, એન્ટિવાઇરલ ડ્રગ રેમડેસિવિર અને ડાયગ્નોસ્ટિક કીટનો સમાવેશ થાય છે.
- ✓ આયાત પરની IGST સ્થાનિક સ્તરે ઉત્પન્ન થતાં ગૂડ્ઝ પર લાગતા જીએસટીને સમકક્ષ હોય છે.

## કોમર્શિયલ વપરાશના કિસ્સામાં આવી આયાત પર 28 ટકાનો દર લાગુ થશે

- ✓ કેન્દ્ર સરકારે વ્યક્તિગત વપરાશ માટે ઓક્સિજન કન્સનટ્રેટરની આયાત પર IGST ઘટાડીને 12% કરી છે.
- ✓ આ ઘટાડો 30 જૂને પુરા થતાં બે મહિના માટે લાગુ કરવામાં આવ્યો છે અને તે પછી રાબેતા મુજબ 28 ટકાનો દર લાગુ થઇ જશે.
- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાઇરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, કોમર્શિયલ વપરાશના કિસ્સામાં આવી આયાત પર રાબેતા મુજબ 28 ટકાનો દર લાગુ થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. કોરોના મહામારી : દેશમાં તબીબી સેવાઓ માટે કેન્દ્રના મહત્વના નિર્ણયો

### (1) વિવિધ લાભ

- ✓ વરિષ્ઠ તબીબો અને નર્સની દેખરેખ હેઠળ બીએસસી/ જીએનએમ ઉત્તીર્ણ કરી ચુકેલી નર્સની સંપુર્ણ સમય માટે કોવિડ-19 સેવાઓનો ઉપયોગ થઇ શકશે.
- ✓ જે પણ તબીબી વિદ્યાર્થી કે કર્મી લઘુત્તમ 100 દિવસની કોવિડ ડ્યુટીનો સ્વીકાર કરીને તેને પુરી કરશે તેને આગામી નિયમીત સરકારી ભરતીમાં અગ્રિમતા અપાશે.
- ✓ કોવિડ સંબંધી સેવામાં ફરજ માટે તૈયારી બતાવનારા તબીબી વિદ્યાર્થી અને આરોગ્ય કર્મીઓને તેમને રસી આપવામાં આવશે.
- ✓ કોવિડ 19નો સામનો કરવાની ડ્યુટીમાં જોતરાયેલા આરોગ્યકર્મીને સરકારની વીમા યોજાનોના પણ લાભ મળશે.

### (2) રાષ્ટ્રીય સેવા સન્માનથી નવાજાશે

- ✓ 100 દિવસની કોવિડ ડ્યુટીનો સ્વીકાર કરીને તેને સફળતાપુર્વક પુરી કરનારા તમામ આરોગ્યકર્મીને ભારત સરકાર દ્વારા કોવિડ રાષ્ટ્રીય સેવા સન્માનથી નવાજવામાં આવશે.
- ✓ કેન્દ્ર સરકાર 16 જૂન 2020ના રોજ કોવિડ ડ્યુટી માટે તબીબોઅને નર્સને ફરજ સોંપણી સંબંધમાં 16 જૂન 2020ના રોજ ગાઇડલાઇન જારી કરી ચુકી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. કન્નોજ : ભારતની અત્તરની રાજધાની- UP (ખેતી)




- ✓ ભૌગોલિક સ્થાન : ગંગા કાંઠે આવેલું

**વિશેષતાઓ :**

- ✓ ઉત્તર પ્રદેશમાં ગંગા કાંઠે આવેલું કન્નોજ ભારતમાં પરફ્યુમનું પાટનગર છે અને ચોવીસ કલાક મહેકતું નગર.
- ✓ અહિંના અત્તરને જયોગ્રાફિકલ ઇન્ડિકેશન (જીઆઇ) ઓળખ પણ મળેલી છે.
- ✓ જીઆઇ એક્ટ હેઠળ કનોજની 157 અત્તર બ્રાન્ડ નોંધાયેલી છે. હજારો વર્ષ છતાં અહીંના અત્તર ઉધોગની સુગંધ ઓછી નથી થઇ. કેટલાક પરિવાર એવા છે જે બે-પાંચ નહીં 30 પેઢીથી અત્તર બનાવી રહ્યા છે.

- ✓ અત્તર માટે મોટી સંખ્યામાં ફૂલો વીણી તેના પાંદડા ચીવટપૂર્વક અલગ કરી ઉકળતી કડાઈમાં રાખવા પડે છે.
- ✓ ઊંચા તાપમાને ગરમ થયા પછી જ ફૂલોનો અર્ક મળી શકે છે. એ સિવાય પણ અન્ય સામગ્રી અત્તરમાં ઉમેરાય છે, જેમાં ચંદનનું તેલ મુખ્ય સામગ્રી છે.
- ✓ ફૂલો તો ઉગી નીકળે છે, પણ ચંદન છે સુખડની અછત કનોજના પરફ્યુમ ઉધોગને નડી રહી છે.
- ✓ અહીંના અત્તરની મોટી વિશેષતા એ છે કે તેમાં આલ્કોહોલ કે કૅમિકલ્સનો ઉપયોગ નથી થતો, જે બીજા દેશી-પરદેશી વાને ફેશનેબલ લાગતા અત્તરમાં હોય છે.
- ✓ અહીંનું આત્મનિર્ભર અત્તર ભારત ઉપરાંત બે ડઝન દેશોમાં નિકાસ પામે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. CT સ્કેનનું જોખમ (આરોગ્ય) એક CT સ્કેન છાતીના 300-400 એક્સ-રે બરાબર – ડૉ.રણદીપ ગુલેરિયા, ડાયરેક્ટર-AIIMS, દિલ્હી




**વિગત :**

- ✓ જે દર્દીઓ અકારણ અને વારંવાર સીટી સ્કેન કરાવી રહ્યા છે તેઓ મોટો ભય વહોરી રહ્યા છે.
- ✓ સીટી સ્કેનના કારણે કેન્સર થવાનું જોખમ ઊભું થઇ શકે છે.
- ✓ સીટી સ્કેનનો ઉપયોગ તાકિદની જરૂરીયાત હોય અથવા તો તજજ્ઞ ડોક્ટર દ્વારા પ્રિસ્ક્રાઇબ કરવામાં આવ્યું હોય ત્યારે જ કરવો હિતાવહ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. નિમણૂક : RBIના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે ટી. રવિશંકરની નિમણૂક




- ✓ કાર્યકાળ : 3 મે 2021થી ત્રણ વર્ષ
- ✓ RBI : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
- ✓ વડુ મથક : મુંબઇ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. દિન વિશેષ : 3 મે

### (1) ભારતની સર્વપ્રથમ ફિલ્મ : રાજા હરિશ્ચંદ્ર

- ✓ ભારતની સર્વપ્રથમ ફિલ્મ દાદાસાહેબ ફાળકેની 'રાજા હરિશ્ચંદ્ર'! 3જી મે, 1913ના રોજ રીલીઝ થઇ.
- ✓ દાદાસાહેબ ફાળકેને હિન્દી સિનેમાના પિતામહ કહેવામાં આવે છે.
- ✓ ભારતની સૌપ્રથમ મૂંગી ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્રમાં હીરોઈન તારામતીનો રોલ પુરુષ અભિનેતા અન્ના સાળુંકે ભજવ્યું હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### (2) દિન વિશેષ : 3 મે

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ






- ✓ <u>સંયુક્ત રાષ્ટ્રની સહ સંસ્થા યુનેસ્કો</u> 3 મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઊજવવાની જાહેરાત કરી હતી.
- ✓ ભારત : રાષ્ટ્રીય પ્રેસ દિવસ - 16 નવેમ્બર
- ✓ પત્રકારત્વ ક્ષેત્રનો વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર : પુલિત્ઝર પુરસ્કાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (3) આંતરરાષ્ટ્રીય સૂર્ય દિવસ




- ✓ <u>શરૂઆત : 3 મે 1978, તત્કાલીન અમેરિકાના રાષ્ટ્રપતિ : જિમી કાર્ટર દ્વારા</u>
- ✓ ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ - નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (03-05-2021)

1. ગુજરાતના નવા CEO તરીકે મે 2021માં કોની નિમણુક કરાઈ - **અનુપમ આનંદ**
2. રાજ્યોમાં CEOની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે - **કેન્દ્રીય ચૂંટણી પંચ, નવી દિલ્હી**
3. ચૂંટણીપંચની ભાષામાં CEOનું વિસ્તૃત નામ જણાવો – **ચીફ ઇલેક્ટ્રોલ ઓફિસર**
4. મે 2021માં ભારત સરકારે કોરોના સંદર્ભે કઈ બાબતોમાં વિદેશી ધનને IGSTમાંથી તા. 30 જૂન 2001 સુધી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે – **વેક્સિન, રેમડેસિવિર અને ઓક્સિજન**
5. IGSTનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટિગ્રેટેડ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ**
6. કેન્દ્ર સરકાર દ્વારા વ્યક્તિગત વપરાશ માટે ઓક્સિજન કન્સનટ્રેટર આયાત પર IGST ઘટાડીને કેટલા ટકા કરાયો - **12**
7. ભારતમાં તબીબી વિદ્યાર્થી કે કર્મી લઘુતમ કેટલા દિવસની કોવિડ ફરજ પરનો સ્વીકાર કરીને પૂર્ણ કરશે તેને આગામી નિયમિત સરકારી ભરતીમાં અગ્રિમતા અપાશે - **100**
8. ભારતમાં 100 દિવસ કોવિડ ફરજ પૂર્ણ કરનાર તબીબી સ્ટાફને કયું ખાસ સન્માન અપાશે - **રાષ્ટ્રીય સેવા સન્માન**
9. ભારતમાં અત્તરની રાજધાની તરીકે કયું શહેર ઓળખાય છે - **કન્નોજ (ઉત્તર પ્રદેશ)**
10. કન્નોજ શહેર કઈ નદી કિનારે આવેલું છે - **ગંગા**
11. કન્નોજને અત્તર માટે કયું ખાસ સન્માન અપાયું છે - **જિયોગ્રાફિક ઇન્ડિકેશન (GI)**
12. AIIMS દિલ્હીના ડાયરેક્ટર ડૉ.રણદીપ ગુલેરિયાના મતાનુસાર એક CT સ્કેન છાતીના કેટલા એક્સ-રે બરાબર થાય છે - **300-400**
13. મે 2021માં RBIના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે કોની નિમણૂક કરાઈ - **ટી. રવિશંકર**
14. મે 2021માં RBIના ડેપ્યુટી ગવર્નર તરીકે નિમણૂક પામનારા ટી. રવિશંકરનો કાર્યકાળ જણાવો – **તા. 3 મે 2021થી ત્રણ વર્ષ**
15. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **3 મે**
16. તા. 3 મેના રોજ કોના દ્વારા વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઊજવવાની જાહેરાત કરી હતી - **સંયુક્ત રાષ્ટ્રની સહસંસ્થા યુનેસ્કો**
17. રાષ્ટ્રીય પ્રેસ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **16 નવેમ્બર**
18. પત્રકારત્વ ક્ષેત્રનો વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર કયો છે - **પુલિત્ઝર પુરસ્કાર**
19. આંતરરાષ્ટ્રીય સૂર્ય દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **3 મે**
20. આંતરરાષ્ટ્રીય સૂર્ય દિવસ ઉજવવાની શરૂઆત ક્યારે કરવામાં આવી - **3 મે 1978**
21. ભારતની સર્વપ્રથમ ફિલ્મ દાદાસાહેબ ફાળકેની 'રાજા હરિશ્ચંદ્ર'! ક્યારે રીલીઝ થઇ હતી - **3જી મે, 1913**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 04-05-2021




# રાષ્ટ્રીય બાબતો

## 1. BCCI : કોરોનાના કારણે BCCI દ્વારા ચાલુ 14મી સિઝનની IPL હાલ પૂરતી મોકૂફ

- ✓ IPL 2021માં અત્યાર સુધી 24 દિવસ અને 29 મેચ રમાઈ
- ✓ BCCI : વાઇસ પ્રેસિડન્ટ રાજીવ શુક્લા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. ભારત-બ્રિટન વર્ચ્યુઅલ સમિટ 2021 (વૈશ્વિક બાબતો)



- ✓ બંને દેશના PM દ્વારા આગામી 10 વર્ષ એટલે રોડ મેપ 2030 લોન્ચ.
- ✓ બ્રિટન દ્વારા ભારત સાથે એક અબજ પાઉન્ડ (લગભગ રૂ. 10,000 કરોડ)ના વ્યાપાર-રોકાણના સોદાની જાહેરાત

### સમિટ વિશે :

- ✓ આ સમિટ દરમિયાન રોડમેપ 2030 લોંચ કરવામાં આવ્યો હતો જે આગામી 10 વર્ષમાં બન્ને દેશ વચ્ચેના સહયોગને વધારે ગાઢ કરવા મદદ કરશે. ભારત વિશ્વનું એક મોટું બજાર છે જેની સાથે ટ્રેડ ડીલ કરવા બ્રિટન વાટાઘાટો કરી રહ્યું છે.

### ભારત બ્રિટનમાં 53.3 કરોડ પાઉન્ડના નવા રોકાણ કરશે

- ✓ એક અબજ ડોલરના રોકાણની જાહેરાતમાં સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બ્રિટનમાં તેના વેક્સિન બિઝનેસ માટે 24 કરોડ પાઉન્ડના રોકાણનો પણ સમાવેશ થાય છે.

- ✓ આ ટ્રેડ પેકેજમાં બ્રિટનમાં ભારતના 53.3 કરોડ પાઉન્ડના નવા રોકાણનો સમાવેશ થાય છે કે જેના કારણે બ્રિટનમાં હેલ્થ અને ટેકનોલોજી જેવા સેક્ટરમાં નવી 6000 રોજગારી ઊભી થશે તેમ બ્રિટિશ વડાપ્રધાને જણાવ્યું હતું.

**હાલમાં બન્ને દેશ વચ્ચે 23 અબજ પાઉન્ડનો વ્યાપાર**

- ✓ ભારત અને બ્રિટન વચ્ચે હાલમાં પણ સારા વ્યાપાર સંબંધો છે અને વર્ષ દરમિયાન 23 અબજ પાઉન્ડનો એટલે કે આશરે 2.35 લાખ કરોડ રૂપિયાનો વ્યાપાર થાય છે. આ વ્યાપારના કારણે બન્ને દેશના પાંચ લાખ લોકોને રોજગારી મળે છે.
- ✓ બ્રિટનના વડાપ્રધાન : બેરિસ જોન્સન
- ✓ બ્રિટન રાજધાની : લંડન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નહેરુ જિઓલોજીકલ પાર્ક – હૈદરાબાદ (વન્ય જીવ)




**ભારતમાં પ્રથમવાર 8 સિંહ કોરોના પોઝિટિવ**

- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા ભારતના તમામ નેશનલ પાર્ક અને અભ્યારણ્યને બંધ કરવાનો આદેશ.

**વિગત :**

- ✓ હૈદરાબાદના નેહરુ જૂલોજિકલ પાર્કમાં 12 એશિયાઇ સિંહો પૈકી 4 સિંહ અને 4 સિંહણમાં કોરોના વાયરસનું સંક્રમણ જોવા મળ્યુ.
- ✓ 24 એપ્રિલના રોજ ઝુમાં પ્રાણીઓની સારસંભાળ રાખતા કેરટેકર્સના ધ્યાને આવ્યું હતુ કે આ સિંહોમાં સુકી ઉધરસ, વહેતુ નાક અને ખાવા પ્રત્યે અરૂચિ જેવા લક્ષણો જોવા મળી રહ્યાં છે.
- ✓ 29 એપ્રિલે સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મૉલેક્યુલર બાયોલોજી (CCMB)એ નેહરુ જૂલોજિકલ પાર્કના અધિકારીઓને જણાવ્યું કે. આ સેમ્પલની જીનોમ સિકવસિંગ દ્વારા વિસ્તૃત તપાસ કરાવશે. જેમાં ખબર પડશે કે સિંહોમાં આ સંક્રમણ માણસો દ્વારા ફેલાયેલુ છે કે, નહીં
- ✓ **તપાસ કરનાર સંસ્થા : સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મૉલેક્યુલર બાયોલોજી (CCMB), હૈદરાબાદ**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. કોરોનાનો નવો સ્ટ્રેન–ભારત (આરોગ્ય)

- ✓ હૈદરાબાદમાં કોરોનાનો નવો સ્ટ્રેન જોવા મળ્યો જે 15 ગણો વધુ ચેપી હોવાનો દાવો
- ✓ નામ : AP સ્ટ્રેન KN440




**નવા સ્ટ્રેન વિશે :**

- ✓ ભારતમાં કોરોના વાયરસનું એક નવું વેરિયન્ટ સામે આવ્યું છે, જેનું નામ છે એપી સ્ટ્રેન. એટલે કે આ વેરિએન્ટ આંધ્ર પ્રદેશમાં જોવા મળ્યું છે.
- ✓ વૈજ્ઞાનિક ભાષામાં આને KN440 વેરિએન્ટ બોલવવામાં આવી રહ્યું છે.

- ✓ આની શોધ કરી છે સેન્ટર ફૉર સેલ્યૂલર એન્ડ મોલિક્યૂલર બાયોલોજીના વૈજ્ઞાનિકોએ.
- ✓ આ વેરિએન્ટ 15 ગણું વધારે સંક્રામક છે. આના કારણે 3થી 4 દિવસમાં લોકો બીમાર થઈ રહ્યા છે.
- ✓ **શોધ કરનાર સંસ્થા : સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મૉલેક્યુલર બાયોલોજી (CCMB), હૈદરાબાદ**
- ✓ તેલંગણાની રાજધાની : હૈદરાબાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (04-05-2021)

1. મે-2021માં કોરોના સંક્રમણને કારણે BCCI દ્વારા IPLની કેટલામી સિઝન મોકૂફ રાખવામાં આવી – **14**
2. BCCIના વર્તમાન વાઇસ પ્રેસિડન્ટનું નામ જણાવો - **રાજીવ શુક્લા**
3. મે-2021માં યોજાયેલી ભારત-બ્રિટન વચ્ચેની વર્ચ્યુઅલ સમિટમાં બ્રિટને ભારત સાથે કેટલા પાઉન્ડના વ્યાપાર રોકાણના સોદાની જાહેરાત કરી છે – **અંદાજે એક અબજ પાઉન્ડ**
4. મે-2021માં યોજાયેલી ભારત-બ્રિટન વચ્ચેની વર્ચ્યુઅલ સમિટમાં બંને દેશના PM દ્વારા આગામી 10 વર્ષ માટે કયો રોડ મેપ લોન્ચ કરાયો - **રોડ મેપ 2030**
5. મે-2021ની સ્થિતિએ ભારત અને બ્રિટન બંને દેશ વચ્ચે કેટલા પાઉન્ડનો વ્યાપાર થાય છે - **23 અબજ પાઉન્ડ**
6. મે-2021માં ભારતમાં પ્રથમવાર ક્યા પાર્કમાં 8 સિંહ કોરોનાથી સંક્રમિત થયા હતા - **નહેરુ જિઓલોજીકલ પાર્ક-હૈદરાબાદ**
7. મે-2021માં નહેરુ જિઓલોજીકલ પાર્કમાં પ્રથમવાર સિંહો કોરોનાથી સંક્રમિત થતા કયા મંત્રાલય દ્વારા ભારતના તમામ નેશનલ પાર્ક અને અભ્યારણ્યને બંધ કરવાનો આદેશ કર્યો હતો - **કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય**
8. મે-2021માં ભારતમાં પ્રથમવાર નહેરુ જિઓલોજીકલ પાર્કમાં 8 સિંહ કોરોનાથી સંક્રમિત થયા હતા એ ઘટનાની તપાસ કઈ સંસ્થા દ્વારા કરાશે - **CCMB**
9. CCMB સંસ્થાનું વિસ્તૃત નામ જણાવો – **સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મૉલેક્યુલર બાયોલોજી**
10. સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મૉલેક્યુલર બાયોલોજી સંસ્થા ક્યાં આવેલી છે – **હૈદરાબાદ**
11. મે-2021માં ભારતમાં કયા સ્થળે કોરોનાનો નવો સ્ટ્રેન જોવા મળ્યો જે 15 ગણો વધુ ચેપી છે - **હૈદરાબાદ**
12. મે-2021માં હૈદરાબાદમાં કોરોનાનો કયો નવો સ્ટ્રેન જોવા મળ્યો જે 15 ગણો વધુ ચેપી છે - **AP સ્ટ્રેન KN440**
13. મે-2021માં હૈદરાબાદમાં જોવા મળેલા કોરોનાનો નવો AP સ્ટ્રેન KN440 કઈ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા શોધાયો - **સેન્ટર ફૉર સેલ્યૂલર એન્ડ મોલિક્યૂલર બાયોલોજી**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............વંદે માતરમ્............




# રાષ્ટ્રીય બાબતો

## 1. RBI : કોરોના સામે લડવા આરોગ્ય ક્ષેત્રે આગામી ત્રણ વર્ષ માટે RBI દ્વારા રૂ. 50 હજાર કરોડની લિક્વિડિટી વિન્ડો પેકેજની જાહેરાત (આર્થિક)




✓ પેકેજનો લાભ લેવા બેન્કોએ ‘કોવિડ લોન બુક’ તૈયાર કરવાની રહેશે

**પેકેજનો મુખ્ય હેતુ :**

✓ દેશમાં કોરોનાને સંબંધિત હેલ્થકેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ ઊભી કરવા માટે તાત્કાલિક આર્થિક સહાયને વેગ આપવા ભારતીય રિઝર્વ બેન્કે 31 માર્ચ 2022 સુધી ચાર ટકાના રેપો રેટ પર 3 વર્ષ માટે રૂ.50,000 કરોડની લિક્વિડિટી વિન્ડો શરૂ કરી.

✓ રૂ. 25 કરોડ સુધીની લોન ધરાવતા વ્યક્તિગતો, નાના બિઝનેસ અને MSMEને લોન રિસ્ટ્રક્ચર કરી આપવામાં આવશે.

✓ રિઝોલ્યુશન ફ્રેમ વર્ક 2.0 30મી સપ્ટેમ્બર સુધીમાં તૈયાર કરી દેવાશે અને તેનો 90 દિવસમાં અમલ કરાશે.

✓ ઉપરાંત રિઝોલ્યુશન ફ્રેમવર્ક 1.0 અંતર્ગત લોન રિસ્ટ્રક્ચરનો લાભ લેનારા અને જેમને બે વર્ષ કરતાં ઓછા સમયના મોરાટોરિયમનો લાભ અપાયો છે તેવા પર્સનલ લોનધારકો અને નાના બિઝનેસને મોરાટોરિયમનો સમયગાળો કુલ બે વર્ષ સુધીનો કરી આપવા ધિરાણ સંસ્થાઓને આ યોજના અંતર્ગત લાભ આપવાની પરવાનગી અપાઇ છે.

**કોને લોન મળશે :**

✓ બેંકો વેક્સિનેશનના ઉત્પાદકો, હોસ્પિટલ, પેથોલોજી લેબ, ઓક્સિજન અને વેન્ટિલેટરના ઉત્પાદક અને સપ્લાયર, કોરોનાની દવાના આયાતકારો, અને દર્દીઓને સારવાર માટે લોન આપી શકશે.

**પેકેજની મુખ્ય જોગવાઇ :**

**આરોગ્ય સેક્ટર**

✓ રૂ. 50,000 કરોડ રૂપિયાની લિક્વિડિટી વિન્ડો. આ યોજના અંતર્ગત બેન્કો વેક્સિનના ઉત્પાદકો, વેક્સિન અને અત્યંત જરૂરી મેડિકલ ડિવાઇસના આયાતકારો, સપ્લાયરો, હોસ્પિટલ

અને ડિસ્પેન્સરી, પેથોલોજી લેબ, ઓક્સિજન અને વેન્ટિલેટરના ઉત્પાદક અને સપ્લાયર, કોરોનાને સંબંધિત દવાના આયાતકારો, લોજિસ્ટિક્સ કંપનીઓ અને દર્દીઓને સારવાર માટે લોન આપી શકશે.

- ✓ તા. 21 માર્ચ 2022 સુધી અપાનારી આ પ્રકારની લોનને પ્રાયોરિટી સેક્ટરમાં ગણાશે. તેની પુનઃચુકવણી ન થાય ત્યાં સુધી તેને પ્રાયોરિટી સેક્ટરમાં ગણાશે. આ માટે બેન્કો કોવિડ લોન બુક તૈયાર કરશે.
- ✓ બેન્કો તેમની કોવિડ લોન બુકના કદ જેટલી પોતાની સરપ્લસ લિક્વિડિટી રેપોરેટ કરતાં 0.25 ટકા ઓછાના વ્યાજદરે આરબીઆઇને આપી શકશે.

### લોન રિસ્ટ્રક્ચર

- ✓ RBIના રિઝોલ્યુશન ફ્રેમવર્ક 1.0 સહિત અગાઉની લોન રિસ્ટ્રક્ચરિંગનો લાભ લીધો નથી તેવા અને 31 માર્ચ 2021ના રોજ જે સ્ટાન્ડર્ડ લોનધારક તરીકે વર્ગીકૃત છે તેવા રૂ. 25 કરોડથી ઓછી લોન ધરાવતા વ્યક્તિગત, નાના બિઝનેસ અને MSMEs લોનધારકોને લોન રિસ્ટ્રક્ચર કરવા માટે યોગ્ય ગણાશે.
- ✓ તે ઉપરાંત અગાઉ બે વર્ષ કરતાં ઓછા સમયના મોરાટોરિયમ સાથે લોન રિસ્ટ્રક્ચર કરાવનારા લોનધારકોનો મોરાટોરિયમનો સમય કુલ બે વર્ષ કરી અપાશે

### ક્રેડિટ

- ✓ કેશ રિઝર્વ રેશિયોની ગણતરી માટે નેટ ડિમાન્ડ એન્ડ ટાઇમ લાયાબિલિટીઝમાંથી નવા MSME લોનધારકોને અપાયેલી ક્રેડિટ બાદ આપવા બેન્કોને ફેબ્રુઆરી 2021માં પરવાનગી અપાઈ હતી. હવે બેન્કો સાથે નહીં સંકળાયેલા MSME જ ને સામેલ કરવા આ રાહત લંબાવીને 31 ડિસેમ્બર 2021 કરાઈ છે.

### સ્મોલ ફાઇનાન્સ બેન્કોને 10,000 કરોડનો લિક્વિડિટી સપોર્ટ

- ✓ રિઝર્વ બેન્કે સ્મોલ ફાઇનાન્સ બેન્કોને 3 વર્ષ સુધી રેપો રેટના દરે રૂપિયા 10,000 કરોડનો લિક્વિડિટી સપોર્ટ આપવાની જાહેરાત કરી છે. જેના કારણે નાના વેપારીઓ, બિઝનેસ યુનિટ, માઇક્રો અને સ્મોલ ઇન્ડસ્ટ્રીને લાભ થશે.

### 35,000 કરોડના બોન્ડ

- ✓ આરબીઆઇએ તેના ગવર્મેન્ટ સિક્યુરિટીઝ એક્વિઝિશન પ્લાન અંતર્ગત 20 મેના રોજ રૂ. 35,000 કરોડના સરકારી બોન્ડ ખરીદવાની જાહેરાત કરી છે. આના કારણે બોન્ડ દ્વારા થતી આવકને 6 ટકાથી નીચે રાખવા અને વ્યાજદરોને નિયંત્રિત કરવામાં સહાય મળશે.

### રાજ્યોના ઓવરડ્રાફ્ટની મર્યાદા 50 દિવસ કરાઇ

- ✓ આરબીઆઇએ રાજ્યોને ઓવરડ્રાફ્ટમાં ચોક્કસ છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. એક ત્રિમાસિકમાં ઓવર ડ્રાફ્ટના મહત્તમ દિવસની સંખ્યા 36 દિવસથી વધારીને 50 દિવસ કરાઈ છે. સતત ઓવરડ્રાફ્ટના દિવસો 14થી વધારીને 21 કરાયાં
- ✓ KYCની મુદત 31 ડિસેમ્બર 2021 કરાઈ
- ✓ RBI ગવર્નર : શક્તિકાન્ત દાસ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નિર્ણય : કોર્પોરેટ મંત્રાલય-ભારત સરકાર

### કોવિડ કેર પાછળ ખર્ચ કરતી કંપનીની સહાય CSR હેઠળ માન્ય ગણાશે



## વિગતવાર માહિતી :

- ✓ કંપનીઓ પોતાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) પ્રવૃત્તિઓ હેઠળ કોવિડ-19 માટે આરોગ્ય વિષયક માળખાકીય સુવિધા ઊભી કરી શકે છે. સીએસઆર હેઠળ આવી પ્રવૃત્તિ હાથ ધરી શકાય.

## કઇ બાબતોનો સમાવેશ :

- ✓ મેડિકલ ઓક્સિજન ઉત્પાદન અને સંગ્રહ પ્લાન્ટ ઉપરાંત ઓક્સિજન કોન્સન્ટ્રેટર, વેન્ટિલેટર, સિલિન્ડર્સ અને અને કોવિડનો સામનો કરવા જરૂરી અન્ય ઉપકરણોનું ઉત્પાદન અને સપ્લાયની પ્રવૃત્તિ સીએસઆર પ્રવૃત્તિ ગણાશે.' કંપની પોતે કે અન્યનો સહયોગ લઈને કોવિડ આરોગ્ય સેન્ટર શરૂ કરવા કામ કરી શકશે.

## CSR ફંડ વિશે :

- ✓ જે કંપનીની વાર્ષિક નેટવર્થ ઓછામાં ઓછા 500 કરોડ રૂપિયા કે વાર્ષિક આવક રૂપિયા 1000 કરોડથી વધુ હોય અથવા તો વાર્ષિક નફો રૂપિયા પાંચ કરોડથી વધુ હોય તો તેના માટે ત્રણ વર્ષના વાર્ષિક નફાના ઓછોમાં ઓછા 2 ટકા સીએસઆર પાછળ ખર્ચ કરવા ફરજિયાત છે.
- ✓ આ કાયદો માત્ર ભારતીય કંપનીઓ જ નહીં પણ ભારતમાં બિઝનેસ કરી રહેલી વિદેશી કંપનીઓ પર પણ લાગૂ પડશે.
- ✓ ઉપરાંત આ ખર્ચ ભારતમાં જ કરવાનો રહેશે. અર્થાત વિદેશોમાં થયેલા સામાજિક કલ્યાણ કે લાભના કાર્યો સીએસઆરનો ભાગ ના ગણી શકાય.
- ✓ CSR : કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. સુપ્રીમ કોર્ટ : મહારાષ્ટ્રમાં મરાઠીઓને શૈક્ષણિક સંસ્થાન, સરકારી નોકરીઓમાં 16 ટકા અનામત ગેરબંધારણીય (બંધારણ)




## ચુકાદા વિષે :

- ✓ મહારાષ્ટ્રમાં મરાઠી સમુદાયના લોકોને શૈક્ષણિક સંસ્થાનો અને સરકારી નોકરીઓમાં 16 ટકા અનામત આપતા અને મરાઠીઓને સામાજિક તથા આર્થિક રીતે પછાત ગણાવતા મહારાષ્ટ્ર સ્ટેટ રિઝર્વેશન ફોર સોશિયલી એન્ડ એજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસિસ એક્ટ 2018ને સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે રદ કર્યો.
- ✓ કોર્ટે કહ્યું કે, મરાઠી સમુદાયને અનામતની 50 ટકાની મર્યાદા લાંઘીને અનામતના લાભ આપવા જ પડે તેવી કોઈ અસામાન્ય સ્થિતિનું નિર્માણ થયું નથી. મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઘડાયેલો કાયદો અનામતની મર્યાદા 50 ટકા કરતાં વધે તો બંધારણના આર્ટિકલ 14 અને 15નું ઉલ્લંઘન થાય છે.
- ✓ સુપ્રીમ કોર્ટના આ ચુકાદાની મરાઠા ક્વોટા અંતર્ગત પીજી મેડિકલમાં અપાયેલા એડમિશન પર કોઈ અસર થશે નહીં.
- ✓ મરાઠી સમુદાયને અનામત આપ્યા બાદ રાજ્યમાં અનામત 68 ટકા પર પહોંચી હતી.
- ✓ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ગાયકવાડ કમિશનના રિપોર્ટ અથવા તો બોમ્બે હાઇકોર્ટના ચુકાદામાં ક્યાંય જણાવવામાં આવ્યું નથી કે 50 ટકાની અનામતની મર્યાદા લાંઘીને મરાઠી સમુદાયને અનામત આપવી પડે તેવી અસામાન્ય સ્થિતિનું નિર્માણ થયું છે. તેથી અમે આ મર્યાદા વધારવાના પક્ષમાં નથી.
- ✓ સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, ઇન્દિરા સાહની વિરુદ્ધ કેન્દ્ર સરકારના કેસમાં સુપ્રીમ કોર્ટે વર્ષ 1992માં આપેલા ચુકાદાની

પુનઃસમીક્ષા કરવાનો કે લાર્જર બેન્ચને સોંપવાનો અમારો કોઈ ઇરાદો નથી. અનામત પર 50 ટકાની મર્યાદા સારો કાયદો છે.

- ✓ ઇન્દિરા સાહની કેસને લાર્જર બેન્ચને સોંપવા માટે દલીલોમાં કોઇ વજૂદ જણાતું નથી. સુપ્રીમ કોર્ટ વારંવાર ઇન્દિરા સાહની કેસના ચુકાદાને અનુસરતી આવી છે. ઓછામાં ઓછી ચાર બંધારણીય બેન્ચે તેના પર મહોર મારી છે.

**મરાઠીઓને અનામત આપવા હવે રાજ્ય સરકાર કેન્દ્રના દ્વાર ખખડાવશે**

- ✓ મરાઠી સમુદાયને નોકરીઓ અને શિક્ષણ સંસ્થામાં અનામત આપવા માટે હવે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના દ્વાર ખખડાવશે. મહારાષ્ટ્રની વિકાસ અઘાડી સરકારે જણાવ્યું હતું કે, અમ અસામાન્ય સંજોગોના આધાર પર અનામતને પરવાનગી આપવા અમે કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલીશું.

**ચુકાદો આપનાર પાંચ સભ્યોની બંધારણીય બેચ :**

1. જસ્ટિસ અશોક ભૂષણ
2. જસ્ટિસ એલ નાગેશ્વર રાવ
3. જસ્ટિસ એસ અબ્દુલ નઝીર
4. જસ્ટિસ હેમંત ગુપ્તા
5. જસ્ટિસ રવીન્દ્ર ભટ્ટ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. પશ્ચિમ બંગાળ : મુખ્યમંત્રી તરીકે સતત ત્રીજીવાર શપથ ગ્રહણ કરતા મમતા બેનરજી






- ✓ આગામી છ માસમાં ધારાસભ્ય તરીકે ચૂંટાવું પડશે
- ✓ તૃણમુલ કોંગ્રેસના વડા :મમતા બેનરજી
- ✓ રાજ્યપાલશ્રી : જગદીપ ધનખડે
- ✓ રાજધાની : કોલકાતા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. G-7 સમિટ 2021 : વિદેશ પ્રધાનોની લંડન ખાતે શિખર મંત્રણા



- ✓ વિશેષ અતિથિ તરીકે આમંત્રિત ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર
- ✓ G-7 : ગ્રુપ ઓફ સેવન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. દિન વિશેષ : 5 મે વર્લ્ડ અસ્થમા ડે

- ✓ **થીમ 2021 : Uncovering Asthma Misconceptions'**




✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## …………જય હિન્દ…………

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (05-05-2021)

1. કોરોના સામે લડવા આરોગ્ય ક્ષેત્રે RBI દ્વારા મે-2021માં કુલ કેટલા કરોડનું લિક્વિડિટી વિન્ડો પેકેજ જાહેર કરાયુ - **રૂ. 50 હજાર કરોડ**
2. કોરોના સામે લડવા RBI દ્વારા આરોગ્ય ક્ષેત્રે જાહેર કરેલા લિક્વિડિટી વિન્ડો પેકેજનો સમયગાળો જણાવો - **3 વર્ષ**
3. આરોગ્ય ક્ષેત્રે જાહેર કરેલા લિક્વિડિટી વિન્ડો પેકેજનો લાભ લેવા બેન્કોએ કઈ બૂક બનાવી પડશે – **કોવિડ લોન બૂક**
4. RBIની જાહેરાત મુજબ કેટલા કરોડની લોન ધરાવતા વ્યક્તિગત, નાના બિઝનેસ અને MSMEને લોન રિસ્ટ્રક્ચર કરી આપવામાં આવશે - **રૂ. 25 કરોડ**
5. RBI દ્વારા સ્મોલ ફાયનાન્સ બેંકોને 3 વર્ષ સુધી રેપોરેટના દરે કેટલા કરોડનો લિક્વિડિટી સહયોગ કરાશે – **રૂ. 10,000 કરોડ**
6. RBI દ્વારા મે-2021માં રાજ્યોની ઓવરડ્રાફ્ટની મર્યાદા 36 દિવસથી વધારીને કેટલી કરાઇ - **50 દિવસ**
7. દેશમાં કોરોનાને સંબંધિત હેલ્થકેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ ઊભી કરવા માટે તાત્કાલિક આર્થિક સહાયને વેગ આપવા ભારતીય રિઝર્વ બેન્કે 31 માર્ચ 2022 સુધી ચાર ટકાના રેપો રેટ પર 3 વર્ષ માટે કેટલા કરોડની લિક્વિડિટી વિન્ડો શરૂ કરી છે - **રૂ.50,000 કરોડ**
8. RBI દ્વારા મે-2021ની સ્થિતિએ KYCની મુદત કેટલી વધારી - **31 ડિસેમ્બર 2021**
9. તાજેતરમાં કોર્પોરેટ મંત્રાલયે કોવિડ કેર પાછળ ખર્ચ કરતી કંપનીની સહાય કયા ફંડ હેઠળ લેવાની જાહેરાત કરાઇ છે - **CSR**
10. કોરોના સારવાર માટે વપરાતા CCCનો વિસ્તૃત અર્થ જણાવો – **કોવિડ કેર સેન્ટર**
11. CSRનો વિસ્તૃત અર્થ જણાવો - **કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી**
12. સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં કયા સમુદાયના લોકોને આપેલી અનામત તાજેતર મે-2021માં ગેરબંધારણીય ઠેરવી છે – **મરાઠા સમુદાય**
13. વર્ષ 2018માં મહારાષ્ટ્રમાં મરાઠી સમુદાયના લોકોને શૈક્ષણિક સંસ્થાન અને સરકારી નોકરીઓમાં કેટલા ટકા અનામત આપી હતી - **16**
14. સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઘડાયેલો કાયદો અનામતની મર્યાદા 50 ટકા વધે તો બંધારણના કયા આર્ટિકલનું ઉલ્લંઘન થાય છે - **14 અને 15**
15. મહારાષ્ટ્રમાં મરાઠી સમુદાયને અનામત આપ્યા બાદ રાજ્યમાં અનામત કેટલા ટકાએ પહોંચી હતી - **68**
16. મહારાષ્ટ્રમાં મરાઠીઓને આપેલી 16 ટકા અનામત ગેરબંધારણીય છે તેવો ચૂકાદો આપનાર સુપ્રીમ કોર્ટના બંધારણીય બેચના સભ્યોના નામ જણાવો - **જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ એલ નાગેશ્વર રાવ, જસ્ટિસ એસ અબ્દુલ નઝીર, જસ્ટિસ હેમંત ગુપ્તા, જસ્ટિસ રવીન્દ્ર ભટ્ટ**
17. મે-2021માં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે સતત ત્રીજીવાર કોણે શપથ ગ્રહણ કર્યા - **મમતા બેનરજી**
18. તૃણમુલ કોંગ્રેસ પક્ષના વડાનું નામ જણાવો - **મમતા બેનરજી**
19. પશ્ચિમ બંગાળના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - **જગદીપ ધનખડે**
20. G-7 સમિટ 2021 અંતર્ગત વિદેશ પ્રધાનોની કયા સ્થળે શિખર મંત્રણા યોજાઇ – **લંડન**
21. G-7નો અર્થ જણાવો - **ગ્રુપ ઓફ સેવન**
22. વર્લ્ડ અસ્થમા ડે ક્યારે મનાવવામાં આવે છે - **5 મે**
23. વર્લ્ડ અસ્થમા ડે 2021ની થીમ જણાવો - **Uncovering Asthma Misconceptions'**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## …………વંદે માતરમ્…………




# સ્થાનિક બાબતો

## 1. નિર્ણય : ગુજરાત સરકાર ધારાસભ્યોની વાર્ષિક રૂ. 1.5 કરોડની ગ્રાન્ટમાંથી રૂ.50 લાખ ફરજિયાત આરોગ્યના સાધનો માટે વાપરવા પડશે




- ✓ અગાઉ આ માટે રૂપિયા 25 લાખની ખર્ચ મર્યાદા હતી

**વિગતો :**

- ✓ રાજ્યના ધારાસભ્યોએ તેમને તેમના વિસ્તારના વિકાસના કામો હાથ ધરવા માટે મળતી રૂ. દોઢ કરોડની વાર્ષિક ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા રૂ.50 લાખ સ્થાનિક દવાખાના- હોસ્પિટલમાં અધતન સાધનો-મશીનો ખરીદવા માટે ફરજિયાત ફાળવવાના રહેશે.
- ✓ ધારાસભ્યોને તેમની તમામ ગ્રાન્ટ આવા સાધનો-મશીનો પાછળ વાપરવી હશે તો તે માટે પણ છૂટ રહેશે.
- ✓ જિલ્લાની સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ઉપરાંત નહીં નફો- નહીં નુકસાનના ધોરણે ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ- દવાખાનામાં જરૂરી સાધન-સામગ્રી વસાવવા ધારાસભ્યો તેમની ગ્રાન્ટના નાણાં વાપરી શકશે.

**કયા સાધનો MLA ગ્રાન્ટમાંથી ખરીદી શકાશે :**

- ✓ ઓક્સિજન કોન્સન્ટ્રેટર 10 લિટર
- ✓ હાઇ-ફ્લો ઓક્સિજન થેરાપીડિવાઈસ
- ✓ બાય-પેપ મશીન
- ✓ મલ્ટિ પેરા મોનિટર
- ✓ સિરિંજ ઇન્ફ્યૂઝન પમ્પ (10-20-50 ML)
- ✓ લિક્વિડ ઓક્સિજન સ્ટોરેજ ટેન્ક-6,000 લિટર તેમજ પ્રેશર સ્વિંગ એબ્ઝોર્પ્શન-પીએસએ ઓક્સિજન જનરેટર યુનિટ (250થી 500 લિટર)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નિધન : સૌરાષ્ટ્ર સમાચારના સ્થાપક – ગુજરાતના પૂર્વ નાણામંત્રી પ્રતાપભાઈ તારાચંદભાઇ શાહનું 97 વર્ષની વયે ભાવનગર ખાતે નિધન



**પરિચય અને કારકિર્દી :**

- ✓ જન્મ સ્થળ : કાનપર ભાવનગર
- ✓ જન્મ તા. 20/12/1924
- ✓ ઉપનામ : પ્રતાપ કાકા
- ✓ પક્ષ : કોંગ્રેસ
- ✓ રાજકીય કારકિર્દી : 1962માં પ્રજાવાદી સમાજ પાર્ટીમાંથી ભાવનગર બેઠક ઉપરથી ધારાસભ્ય પદે ચૂંટાયા
- ✓ કુલ ચાર વાર ધારાસભ્ય પદે ચૂંટાયા
- ✓ ભાવનગર યુનિવર્સિટીની સ્થાપનામાં સૌથી મહત્વની ભૂમિકા

**અખબાર વિશે :**

- ✓ સૌરાષ્ટ્ર સમાચાર-ભાવનગર
- ✓ સતત 56 વર્ષ સુધી સૌરાષ્ટ્ર સમાચારના તંત્રી રહ્યા
- ✓ વર્ષ 2004માં પ્રતાપ ભાઈએ ભાસ્કર ગ્રુપના તત્કાલીન ચેરમેન રમેશજીની સાથે મળીને સૌરાષ્ટ્ર સમાચારનું દિવ્ય ભાસ્કર સાથે જોડાણ કર્યું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3. બદરીનાથ ધામ : ઉત્તરાખંડ

## રૂ.100 કરોડના ખર્ચે બદરીનાથ ધામને સ્માર્ટ આધ્યાત્મિક શહેર તરીકે વિકસાવાશે (ધર્મ-ટેકનોલોજી)




**વિષેશતાઓ :**

- ✓ આ સાથે અહીં વ્યાસ ગુફા, ગણેશ ગુફા અને ચરણ પાદુકા જેવા સ્થળોનો પણ પુનઃવિકાસ કરાશે.
- ✓ રાજ્ય સરકાર અને કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલય વચ્ચે તેને લઈને એક સમજૂતિ થઈ.
- ✓ આ વિકાસ કાર્યો માટે રૂ. 100 કરોડના ખર્ચે વિવિધ પરિયોજના શરૂ કરવાનો પ્રસ્તાવ છે.
- ✓ રાજધાની : દહેરાદૂન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. ભીમબેટકા : મધ્ય પ્રદેશ (પુરાતત્વ-વન્યજીવ)

## પૃથ્વી પરના સૌથી જૂના પ્રાણીઓના અશ્મિ ભીમબેટકામાંથી મળી આવ્યા

**અશ્મિઓ વિશે :**

✓ પૃથ્વી પરના સૌથી જુના બહુકોષીય પ્રાણીઓ ડિકિન્સોનિયાના અશ્મિ મધ્યપ્રદેશના ભીમબેટકા ખાતેથી મળી આવ્યા. ડિકિન્સોનિયા આ પૃથ્વી પર 550 મિલિયન વર્ષ પહેલાં થયેલાં બહુકોષીય પ્રાણીઓ.



✓ હવે નામશેષ થઇ ગયેલાં આ પ્રાણીઓ ઇડીયાકારન જમાનામાં થઇ ગયા હતા. આ પ્રાણીઓ એ જમાનામાં જે ભૌગોલિક વિસ્તારમાં રહેતાં હતા તે હાલ ઓસ્ટ્રેલિયા, ચીન, ભારત, રશિયા અને યુક્રેઇન વચ્ચે વહેંચાયેલો છે.

✓ ડિકિન્સોનિયા પ્રાણી ઇડા આકારનું હતું અને તેના અસ્થિપિંજર ગોળાકાર હતા.

✓ આ પ્રાણીના અશ્મિ ચૂનાના પથ્થરોમાં જ એક છાપ તરીકે જોવા મળે છે.

✓ મધ્યપ્રદેશના ભીમબેટકામાં મળી આવેલા અશ્મિ 17 ઇંચ લાંબા છે.

✓ વિશ્વમાં અન્યત્ર મળી આવેલાં આ પ્રાણીઓના અશ્મિ ચાર ફૂટ લાંબા હોવાનું જણાયું છે.

✓ ડિકિન્સોનિયાનું પ્રથમ અશ્મિ દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં આવેલા ફ્લિન્ડર્સ પર્વતમાળામાં વર્ષ 1947માં મળી આવ્યું હતું.

✓ તેના બીજા અશ્મિ યુક્રેઇન, રશિયા અને ચીનમાંથી મળી આવ્યા છે.

✓ **સંશોધન : જિયોલોજિકલ સોસાયટી ઓફ ઇન્ડિયા, નાગપુર (મહારાષ્ટ્ર)**

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. કેનેડા : 12 થી 15 વર્ષની વયના બાળકો માટે વેક્સિનેશનને મંજૂરી આપનાર કેનેડા વિશ્વનો પ્રથમ દેશ

✓ વેક્સિન કંપની : ફાઇઝર

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 6 મે

## નારી શક્તિ : મૃદુલાબેન સારાભાઈ

## જન્મ : 6 મે - 1911

## અવસાન : 27 ઓક્ટોબર-1974

✓ અમદાવાદ, ગુજરાત અને ભારતના જાહેર જીવનમાં સારાભાઈ પરિવારનું યોગદાન સુવિદિત છે. આજે સારાભાઈ પરિવારનાં મૃદુલાબેન સારાભાઈનો જન્મદિન.




✓ ગાંધીજીના પ્રભાવમાં આવ્યા અને કોલેજ શિક્ષણ માટે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયાં.

✓ 1930માં મીઠા સત્યાગ્રહ શરૂ થતા મૃદુલાબેને ભણતર છોડી તેમાં ઝુકાવ્યું, બાળ સત્યાગ્રહીઓના સભ્ય અને નેતા બન્યાં. તે પછી તો સ્વદેશી, બહિષ્કાર, ખાદી જેવી ગાંધીવાદી પ્રવૃત્તિમાં યોગદાન આપ્યું.

- ✓ <u>હિન્દી રાષ્ટ્રીય મહાસભાના મહિલા મોરચામાં નેતૃત્વ</u> કર્યું. સવિનય કાનૂન ભંગ અને હિન્દ છોડો જેવી લડતોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ <u>આઝાદી પહેલા તેમની નિમણૂક કોંગ્રેસના મહામંત્રી તરીકે</u> થઈ હતી, પરંતુ દેશમાં કોમી દાવાનળ ફાટી નીકળતા મૃદુલાબેન ત્યાંથી રાજીનામું આપી ગાંધીના પગલે કોમી એખલાસ માટે નીકળી પડ્યાં.
- ✓ <u>27 ઓક્ટોબર 1974ના રોજ તેમનું અવસાન</u> થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (06-05-2021)</u>

1. મે 2021માં ગુજરાત સરકારે ધારાસભ્યોને મળતી વાર્ષિક રૂ 1.5 કરોડની ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાંટ ફરજિયાત આરોગ્યના સાધનો માટે વાપરવી પડશે તેવો નિર્ણય કરાયો - **<u>રૂ. 50 લાખ</u>**
2. અગાઉ ગુજરાતના ધારાસભ્યોને મળતી વાર્ષિક રૂ 1.5 કરોડની ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાંટ ફરજિયાત આરોગ્યના સાધનો માટે વાપરવી પડતી હતી - **<u>રૂ. 25 લાખ</u>**
3. મે 2021માં ગુજરાત સરકારના ક્યા પૂર્વ નાણામંત્રીનું 97 વર્ષની વયે નિધન થયુ હતુ - **<u>પ્રતાપભાઈ તારાચંદભાઇ શાહ</u>**
4. સૌરાષ્ટ્ર સમાચાર અખબારના સ્થાપકનું નામ જણાવો - **<u>પ્રતાપભાઈ તારાચંદભાઇ શાહ</u>**
5. સૌરાષ્ટ્ર સમાચાર અખબાર સૌપ્રથમ ક્યા શહેરમાંથી પ્રસિદ્ધ થતુ હતુ – **<u>ભાવનગર</u>**
6. તાજેતરમાં જેનું નિધન થયું એવા કોંગ્રેસ પક્ષના પ્રતાપભાઈ તારાચંદભાઇ શાહનું ઉપનામ જણાવો - **<u>પ્રતાપ કાકા</u>**
7. પ્રતાપભાઇ તારાચંદભાઇ શાહે કઇ યુનિવર્સિટીની સ્થાપનામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી - **<u>ભાવનગર યુનિવર્સિટી</u>**
8. પ્રતાપભાઇ તારાચંદભાઇ શાહનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો - **<u>કાનપર, જિ.ભાવનગર તથા તા. 20/12/1924</u>**
9. કયા વર્ષે પ્રતાપભાઇ શાહે ભાસ્કર ગ્રુપના તત્કાલીન ચેરમેન રમેશજીની સાથે મળીને સૌરાષ્ટ્ર સમાચારનું દિવ્ય ભાસ્કર સાથે જોડાણ કર્યું હતુ - **<u>વર્ષ 2004</u>**
10. મે 2021માં ઉતરાખંડ સરકાર તથા કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલય વચ્ચે થયેલી સમજૂતિ અનુસાર કેટલા રૂપિયાના ખર્ચે બદરીનાથ ધામને સ્માર્ટ-આધ્યાત્મિક શહેર તરીકે વિકસાવાશે - **<u>રૂ.100 કરોડ</u>**
11. મે 2021માં કયા સ્થળેથી પૃથ્વી પરના સૌથી જૂના પ્રાણીઓના અશ્મિ મળી આવ્યા હતા - **<u>ભીમબેટકા (મધ્ય પ્રદેશ)</u>**
12. પૃથ્વી પરના સૌથી જુના બહુકોષીય પ્રાણીનું નામ જણાવો – **<u>ડિકિન્સોનિયા</u>**
13. મે 2021માં મધ્યપ્રદેશના ભીમબેટકામાં મળી આવેલા બહુકોષીય પ્રાણી ડિકિન્સોનિયાના કેટલા લાંબા અશ્મિ મળી આવ્યા હતા - **<u>17 ઇંચ</u>**
14. બહુકોષીય પ્રાણી ડિકિન્સોનિયાનું પ્રથમ અશ્મિ કઇ પર્વતમાળામાંથી મળી આવ્યા હતા - **<u>દક્ષિણ ઓસ્ટ્રેલિયાના ફ્લિન્ડિર્સ પર્વતમાળા</u>**
15. બહુકોષીય પ્રાણી ડિકિન્સોનિયાનું પ્રથમ અશ્મિ કયા વર્ષે મળી આવ્યા હતા - **<u>વર્ષ 1947</u>**
16. મે 2021માં કઇ સંસ્થાએ મધ્યપ્રદેશના ભીમબેટકામાં બહુકોષીય પ્રાણી ડિકિન્સોનિયાના અશ્મિ શોધ્યા હતા - **<u>જિયોલોજિકલ સોસાયટી ઓફ ઇન્ડિયા, નાગપુર(મહારાષ્ટ્ર)</u>**
17. મે 2021માં કયો દેશ 12 થી 15 વર્ષની વયના બાળકો માટે વેક્સિનેશનને મંજૂરી આપનાર વિશ્વનો પ્રથમ દેશ અને વેક્સિનની કંપનીનું નામ – **<u>કેનેડા અને ફાઈઝર</u>**
18. ગાંધીવાદી, સમાજ સેવક અને નારી શક્તિ માટે જીવન આપનાર મૃદુલાબેન સારાભાઈનો જન્મ દિવસ જણાવો - **<u>06.05.1911</u>**
19. ગાંધીવાદી, સમાજ સેવક અને નારી શક્તિ માટે જીવન આપનાર મૃદુલાબેન સારાભાઈનો જન્મ કયાં થયો હતો- **<u>અમદાવાદ</u>**
20. અમદાવાદમાં આવેલી જ્યોતિસંઘ અને વિકાસ ગૃહને વધુ મજબૂત બનાવવામાં સૌથી મહત્વનું પ્રદાન આપનારનું નામ જણાવો - **<u>મૃદુલાબેન સારાભાઈ</u>**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# રાષ્ટ્રીય બાબતો

## 1. મ્યુકોરમાઈકોસિસ બીમારી (આરોગ્ય) ભારતમાં કોરોનાથી સાજા થયેલા દર્દીઓમાં જોવા મળતી મ્યુકોરમાઈકોસિસ બીમારી




- ✓ **અન્ય નામ : બ્લેક ફંગસ**

### નીતિ આયોગ દ્વારા આ બીમારીથી બચવાના ઉપાયો જાહેર કરાયા :

- ✓ કોરોના થયો હોય કે ન થયો હોય લોકોએ સુગર લેવલ મર્યાદા કરતા ઓછું રાખવા પ્રયાસ કરવો
- ✓ કોરોનાની સારવાર દરમિયાન છ દિવસ પછી સ્ટિરોઇડનો ઉપયોગ કરવો અને તે પણ જરૂર જણાય તો તથા ડોક્ટરના ઓબ્ઝર્વેશનમાં જ ઉપયોગ કરવો
- ✓ કોરોનાનો દર્દી ઓક્સિજન ઉપર હોય તો તેના માસ્કમાં પાણીના ટીપા બાઝે તો તેને સાફ કરવા અને અન્ય પાણીનો ઝડપથી નિકાલ કરવો
- ✓ કોરોનાના દર્દીઓએ શરીરની યોગ્ય સાફ સફાઈ જાતે થાય તો કરવી અથવા વોર્ડ બોય દ્વારા સફાઇ કરાવવી
- ✓ મોઢામાં ક્યાંય પણ અલ્સર થાય કે ચાંદી પડે ત્યારે સામાન્ય સારવાર દ્વારા તેનો ઝડપી ઉકેલ લાવવો જોઈએ.

### ઝાયગોમાઈકોસિસના નામે પણ ઓળખાય છે બીમારી :

- ✓ મ્યૂકરમાઈકોસીસ એટલે કે બ્લેક ફંગસને પહેલા ઝાયગોમાઇકોસિસના નામે પણ ઓળખવામાં આવતી હતી.
- ✓ આ ફંગસ એવા લોકોને સહેલાઈથી થાય છે જેઓની રોગપ્રતિકારક ક્ષમતા ઓછી હોય છે
- ✓ કોરોનાના કારણે ઘણા લોકોની રોગપ્રતિકારક ક્ષમતા ઘટી ગઇ છે જેને લઇને આ ફંગસના કેસો પણ વધ્યા છે.
- ✓ આ બીમારી પહેલા પણ અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ પહેલા તે કીમોથેરેપી, ડાયાબિટીસ ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર લોકો અને વડીલોમાં વધુ જોવા મળતી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નોસ્ટ્રો બેન્ક એકાઉન્ટ (આર્થિક બાબત)




**નોસ્ટ એકાઉન્ટ વિશે :**

- ✓ ભારતની બેન્કો અન્ય દેશની બેન્કમાં તે દેશની કરન્સીમાં સંચાલિત થતા બેન્ક ખાતા ધરાવે છે. આ પ્રકારના બેન્ક ખાતાઓને નોસ્ટ્રો એકાઉન્ટ કહેવાય છે.
- ✓ આંતરરાષ્ટ્રીય વેપાર અને ફોરેન એક્સચેન્જ વ્યવહારો સેટલ કરવા માટે નોસ્ટ્રો એકાઉન્ટનો ઉપયોગ થાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. તામિલનાડુ : તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે DMKના એમ કે સ્ટાલિનના શપથ




- ✓ નામ : મુથુવેલ કરુણાનિધિ સ્ટાલિન
- ✓ રાજ્યપાલ : બનવારીલાલ પુરોહિત
- ✓ DMK : દ્રવિડ મુનેત્ર કઝગમ
- ✓ રાજધાની : ચેન્નઇ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. પુડુચેરી : એન. રંગાસ્વામીના ચોથીવાર પુડુચેરીના મુખ્યમંત્રી તરીકે શપથ




- ✓ પક્ષ : એન. આર. કોંગ્રેસ
- ✓ રાજ્યપાલ : લેફ્ટનન્ટ ગવર્નર - તમિલસાઇ સૌંદરરાજન
- ✓ પક્ષવાર સ્થિતિ : પુડુચેરીમાં અખિલ ભારત એન.આર. કોંગ્રેસ અને BJP એ સાથે મળીને 16 બેઠકો જીતી છે.
- ✓ રાજધાની : પુડુચેરી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. નિધન : પદ્મશ્રી, નેશનલ એવોર્ડથી સન્માનિત તેમજ જાણીતા સંગીતકાર વનરાજ ભાટિયાનું 93 વર્ષની વયે મુંબઈમાં નિધન




- ✓ જન્મ : 31 મે 1927, મુંબઇ

**એવોર્ડ :**

- ✓ સંગીતનો રાષ્ટ્રીય એવોર્ડ વર્ષ : 1998

✓ પદ્મશ્રી : વર્ષ 2012

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 7 મે

### (1) તળપદા સર્જક : પન્નાલાલ પટેલ




**જન્મ : 7 મે – 1912**

**જન્મ સ્થળ:માંડલી જિ.ડુંગરપુર**

**(હાલ : રાજસ્થાન)**

**અવસાન : 7 ઓગષ્ટ - 1989**

✓ આજે સાહિત્યકારો રવીન્દ્રનાથ ટાગોર, ડેવિડ હ્યુમ અને આપણી ભાષાના સૌથી વધુ વંચાતા લેખકો પૈકીના એક પન્નાલાલ પટેલનો જન્મદિવસ.

✓ અંગ્રેજી ચોથું ધોરણ જ ભણેલા પન્નાલાલના સર્જનો લેખક થવાનો ઈજારો માત્ર પદવીધારીઓનો જ નથી તેનો જવાબ પન્નાલાલ આપે છે.

✓ ઈડરની શાળામાં ઉમાશંકરના સહપાઠી રહેલા ચોથા સુધીનો અભ્યાસ કરી દારૂના ભઠ્ઠા પર અને અમદાવાદ ઇલેક્ટ્રિકસિટી બોર્ડમાં મીટર રીડર તરીકે પણ કામ કર્યું હતું

✓ સાહિત્યિક સર્જન :

✓ 'મળેલા જીવ' થી બંધાણી.પછી તો ભાંગ્યાના ભેરુ, માનવીની ભવાઈ, વળામણાં, પાનેતરના રંગ, વાત્રકના કાંઠે, ના છૂટકે.

✓ કવિતા સિવાયના નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, ચરિત્રો વગેરેમાં ખેડાણ કર્યું.

✓ કાનજી અને જીવી, કાળું અને રાજુ જેવા તેમના પાત્રો તો આજે પણ ગુજરાતીઓને હ્રદયસ્થ છે.

**સન્માન :**

✓ વર્ષ-1985માં માનવીની ભવાઈ નવલકથા માટે જ્ઞાનપીઠ એવોર્ડથી તેમનું સન્માન થયું હતું. ઉપરાંત રણજિતરામ સુવર્ણચંદ્રક પણ મળ્યો હતો

✓ 7 ઓગસ્ટ 1989ના રોજ તેમનું અવસાન.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### (2) કવિવર રવિન્દ્રનાથ ટાગોર

**જન્મ : 7 મે - 1861**

**અવસાન : 7 ઓગષ્ટ - 1941**

✓ રાષ્ટ્રગીતના રચયિતા રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ જમીનદાર પરિવારમાં કોલકાતામાં થયો હતો.




**સિદ્ધિ - વિશેષતાઓ :**

✓ ભારત અને બાંગ્લાદેશ એમ બે દેશના રાષ્ટ્રગીતોના રચનાકાર

✓ મહાકાવ્ય ગીતાંજલિ માટે વર્ષ 1913માં ભારતનો સાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ નોબલ પુરસ્કાર

✓ તેમનું સંગીત અને એમનાં ગીતો ભાવપૂર્વક પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં એક સરખાં પ્રેમથી ગવાય છે.

✓ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મોટા ભાગના નેતાનાં સંતાનોએ જ્યાં શિક્ષણ લીધું છે એ શાંતિ નિકેતન વિદ્યાસંકુલની સ્થાપના કરી હતી.

✓ તેમણે સૌપ્રથમવાર ગાંધીજીને મહાત્મા શબ્દથી સંબોધ્યા હતા તથા તેઓ ભારતભરમાં કવિવરના નામે જાણીતા.

**પ્રદાન**

- ✓ તેઓ કવિ, લેખક, નાટ્યલેખક, સંગીતકાર, દાર્શનિક, ચિત્રકાર, સમાજસુધારક હતા.
- ✓ ગીતાંજલિ, ઘરેબાહિરે, જનગણ મન, આમાર સોનાર બાંગ્લા જેવી કૃતિઓ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. દિન વિશેષ : 7 મે
## વર્લ્ડ એથ્લેટિક ડે




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ...........**

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (07-05-2021)

1. ભારતમાં કોરોના બાદ સાજા થયેલા દર્દીઓમાં કયો એક ગંભીર રોગ જોવા મળી રહ્યો છે જેના માટે નીતિ આયોગ દ્વારા મે 2021માં ખાસ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે - મ્યુકોરમાઇકોસિસ
2. 'મ્યુકોરમાઇકોસિસ રોગ' અન્ય કયા નામે ઓળખાય છે - બ્લેક ફંગસ અથવા ઝાયગોમાઇકોસિસ
3. આંતરરાષ્ટ્રીય વેપાર અને ફોરેન એક્સચેન્જ વ્યવહારો સેટલ કરવા માટે કયા ખાસ એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવે છે - નાસ્ટ્રો બેન્ક એકાઉન્ટ
4. ભારતની બેંકો અન્ય દેશની બેંકોમાં તે દેશની કરન્સીમાં સંચાલિત થતાં બેંક એકાઉન્ટ કયા નામે ઓળખાય છે - નાસ્ટ્રો બેન્ક એકાઉન્ટ
5. મે 2021માં તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે કોને શપથ ગ્રહણ કર્યા - એમ કે સ્ટાલિન
6. તમિલનાડુના મુખ્ય પક્ષ DMKનું વિસ્તૃત નામ જણાવો - દ્રવિડ મુનેત્ર કઝગમ
7. તમિલનાડુના વર્તમાન મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનનું આખું નામ જણાવો - મુથુવેલ કરુણાનિધિ સ્ટાલિન
8. તમિલનાડુના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો- બનવારીલાલ પુરોહિત
9. મે-2021માં કોણે ચોથીવાર પુડુચેરીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા - એન. રંગાસ્વામી
10. મે-2021માં ચોથીવાર પુડુચેરીના મુખ્યમંત્રી તરીકે શપથ લેનારા એન. રંગાસ્વામીનો પક્ષ જણાવો - એન. આર. કોંગ્રેસ
11. પુડુચેરીના વર્તમાન લેફ્ટનન્ટ ગવર્નરનું નામ જણાવો - તમિલસાઇ સૌંદરરાજન
12. મે-2021માં ક્યા જાણીતા સંગીતકારનું 93 વર્ષની વયે મુંબઈમાં નિધન થયુ - વનરાજ ભાટિયા
13. જાણીતા સંગીતકાર વનરાજ ભાટિયાનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો - 31 મે 1927 તથા મુંબઈ
14. સંગીતકાર વનરાજ ભાટિયાને સંગીતનો રાષ્ટ્રીય એવોર્ડ કયા વર્ષે મળ્યો હતો – વર્ષ 1998
15. સંગીતકાર વનરાજ ભાટિયાને પદ્મશ્રી એવોર્ડ કયા વર્ષે મળ્યો હતો – વર્ષ 2012
16. કવિવર રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો - 7 મે 1861 તથા કોલકત્તા
17. કવિવર રવિન્દ્રનાથ ટાગોરે ક્યા બે દેશના રાષ્ટ્રગીતોની રચના કરી હતી - ભારત અને બાંગ્લાદેશ
18. રવિન્દ્રનાથ ટાગોરને ક્યા મહાકાવ્ય માટે ક્યા વર્ષે ભારતનો સાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ નોબલ પુરસ્કાર મળ્યો હતો - ગીતાંજલિ તથા વર્ષ 1913
19. ગુજરાતી તળપદા સર્જક શ્રી પન્નાલાલ પટેલનો જન્મદિવસ જણાવો - 07 મે 1912
20. પન્નાલાલ પટેલનો જન્મ ક્યાં થયો હતો - માંડલી, ડુંગરપુર (રાજસ્થાન)
21. પન્નાલાલ પટેલની અગત્યની કૃતિઓના નામ જણાવો- મળેલા જીવ, માનવીની ભવાઈ, પાનેતરના રંગ, વાત્રકના કાંઠે, સુરભિ, ભાગ્યના ભેરુ, બંધાણી
22. ગુજરાતી સાહિત્યકાર પન્નાલાલ પટેલને કયા વર્ષે "જ્ઞાનપીઠ એવોર્ડ"થી સન્માનિત કરાયા – વર્ષ-1985
23. ગુજરાતી સાહિત્યકાર પન્નાલાલ પટેલને વર્ષ 1985માં કયા સર્જન માટે "જ્ઞાનપીઠ એવોર્ડ" આપવામાં આવ્યો હતો – માનવીની ભવાઈ નવલકથા
24. વર્લ્ડ એથ્લેટિક ડે ક્યારે મનાવવામાં આવે છે - 7 મે

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**...........વંદે માતરમ્...........**




# સ્થાનિક બાબતો

## 1. નિધન : શિવાનંદ આશ્રમ અમદાવાદના પ્રમુખ યોગ ગુરૂ સ્વામી અધ્યાત્માનંદજી 76 વર્ષની વયે બ્રહ્મલીન




**પુરૂ નામ :** જ્યોતીન્દ્રકુમાર કૌશિકરાય વૈષ્ણવ

**જન્મ :** 03-05-1945, જામખંભાળિયા

**સ્વામી વિશે**

- ✓ શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, શિવાનંદ આશ્રમ અમદાવાદ અને ગુજરાત દિવ્ય જીવન સંઘના પ્રમુખ તરીકે.
- ✓ તેઓ ચિદાનંદજીના શિષ્ય હતા, આધ્યાત્મકનંદજી સ્વામીએ 1971 માં બ્રહ્મચારી તરીકે દિક્ષા લીધી હતી.
- ✓ સ્વામીજીએ 1995માં શિવાનંદ આશ્રમની જવાબદારી સંભાળી હતી
- ✓ શિવાનંદ આશ્રમ અમદાવાદમાં ગુરુ સ્વામીજી ચિદાનંદજીના આદેશથી 1995માં આગમન થયું હતું.
- ✓ 2009 માં સ્વામીજીએ બેઇજિંગ ચીનમાં સહકારી પરિષદનું પણ આયોજન કર્યું હતું.

**પ્રદાન :**

- ✓ સ્વામીજીએ આંતરરાષ્ટ્રીય સ્તરે 814 જેટલા યોગાસન અને ધ્યાનના કેમ્પનું આયોજન કર્યુ હતું.
- ✓ સ્વામીજીની વિશેષ રૂચિ રક્તદાન તથા વૃક્ષારોપણ હતી.
- ✓ તાઈવાનના રાષ્ટ્રપતિ દ્વારા શાંતિદૂતનું સન્માન .

**સન્માન :**

- ✓ સ્વામીજીના ગીતા નવનીતમ પુસ્તકને 2003માં ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા મહર્ષિ અરવિંદ ગોલ્ડ મેડલ અિવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી

**પ્રાકટ્ય :** ૩-૫-૧૯૪૫ ભક્તકવિ નરસિંહ મહેતાના કૂળમાં સેવા તથા ભક્તિ પર પરીવારમાં, સૌરાષ્ટ્રમાં જામખંભાળીયા ગામમાં.

**નામ:** શ્રી જ્યોતીન્દ્રકુમાર કૌશીકરાય વૈષ્ણવ, **માતા :** હર્ષુતા.

**શિક્ષણ તથા વ્યવસાય :** મેધાવી વિદ્યાર્થીજીવન, બાલ્યકાળથી જ અનેક ભાષ તથા કળાઓ ઉપર પ્રભુત્વ. એન્જીનીયરીંગનું શિક્ષણ, જ્યોતિ અને ઔદ્યો સંકુલોમાં સેવા.

**વિકાસ :** ૧૯૬૫માં શિવાનંદ આશ્રમ ખાતે સ્વામી ચિદાનંદજીથી મંત્ર દીક્ષિત. ૧૯૭ શ્રી રામકૃષ્ણ આશ્રમમાં સાધક, સૂરત પૂર રાહત, કચ્છ દુષ્કાળ રાહત, સૌર અતિવૃષ્ટિ રાહતમાં સેવા કાર્યો. ૧૯૭૨માં શિવાનંદ આશ્રમખાતે શ્રી ગુરુચરણે સમર્પણ.

**૧૯૭૪ :** શ્રી રામનવમી, હરિદ્વાર કુંભપર્વમાં સન્યસ્ત દીક્ષા

**૧૯૭૪ થી ૧૯૯૪ :** રાષ્ટ્રીય પ્રશાસન અકાદમી, ભારતીય સૈન્યો, અને વિશ્વવિદ્યાલયો, મેનેજમેન્ટ સંસ્થાનોમાં યોગ, શિક્ષા, પ્રશાસન વગેરેનું ગી ભાગવત ગ્રંથોના માધ્યમથી પ્રશિક્ષણ.

**૧૯૮૫-૧૯૮૬ :** શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી પ્રચાર અર્થે ભારત યાત્રા.

**૧૯૮૭ :** શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવનું સુકાનીપદ ૧ જૂન ૧૯૮૬ થી સપ્ટેમ્બર ૧૯૮૭, સો દિવસનો સમારોહ સંચાલન.

**૧૯૮૫ થી ૨૦૧૦ :** અમેરિકા, ઇંગ્લેન્ડ, કેનેડા, ચીન, જાપાન, મોરેશીયસ, જર્મની નેધરલેન્ડ, મીડલ ઇસ્ટ, તાઈવાન, નેપાળની અનેકવાર સાંસ્કૃતિક યાત્રા.

૧૯૯૪ થી શિવાનંદ આશ્રમ અમદાવાદનાં અધ્યક્ષ સેવા નિરત પદે.

- ચીનમાં પ્રથમશાકાહારી સંમેલનનું પ્રમુખપદ
- ઇન્ડો-કેનેડા સાંસ્કૃતિક સંસ્થાન, મેનીટોબા દ્વારા લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ.
- તાઈવાન રાષ્ટ્રપતિ દ્વારા "શાંતિદૂત" સન્માન.
- ષષ્ટીપૂર્તિ મહોત્સવમાં ૨૩૦ રક્તદાન શિબિરો, ૬૯૫૪૨ રક્ત દાતાઓ. ૨,૦૮,૬૨,૬૦૦ મીલી લીટર રક્ત એકત્રીકરણ, સંન્યસ્ત જીવનમાં ૩૬ વર્ષમાં સ્વામીજીનું ૧૧૭ વખત રક્ત દાન.
- એક કરોડ વૃક્ષોનું વૃક્ષારોપણ.
- 30 થી વધુ ગ્રંથોનું લેખન, સંપાદન, "ગીતા નવનીમત્" પુસ્તકને ગુ. સા. પરિષદ દ્વારા મહર્ષિ અરવિંદ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત.

# રાષ્ટ્રીય બાબતો

## 2. સુપ્રીમ કોર્ટ - નવી દિલ્હી

## દેશમાં કોરોના સંદર્ભે ઓક્સિજનના સમાન વિતરણ-વ્યવસ્થા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા 12 સભ્યોની નેશનલ ટાસ્ક ફોર્સની રચના (આરોગ્ય)



- ✓ ટાસ્ક ફોર્સમાં 10 તબીબો 02 સનદી અધિકારી

**ટાસ્ક ફોર્સની ભૂમિકા :**

- ✓ સમગ્ર દેશમાં ઓક્સિજનના વિતરણ, જરૂરિયાતની ભલામણ અને સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટની જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની બેન્ચે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી.
- ✓ આ ટાસ્ક ફોર્સ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઓક્સિજનની ફાળવણી અને વિતરણની પદ્ધતિ નક્કી કરશે.
- ✓ નેશનલ ટાસ્ક ફોર્સ નિષ્ણાતોની પેટા સમિતિઓ રચી શકશે જે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશને કેટલો ઓક્સિજન આપવો અને કેવી રીતે ઓક્સિજનનો ઉપયોગ કરાય છે તેના પર ધ્યાન રાખી ઓક્સિજન ઓડિટિંગ કરશે.
- ✓ સુપ્રીમ કોર્ટ દ્વારા રચિત 12 સભ્યોનો નેશનલ ટાસ્ક ફોર્સ જીવનરક્ષક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરતાં પગલાંની સમીક્ષા અને સૂચનો કરશે. ભવિષ્યની કટોકટીઓ માટે તૈયારી કરવા માટેના પગલાંના પણ સૂચન ટાસ્ક ફોર્સ દ્વારા રાજ્યોને કરાશે.
- ✓ ટાસ્ક ફોર્સ દ્વારા વૈજ્ઞાનિક આધારે જનતાના કોરોના સંબંધિત સવાલોના જવાબ અપાશે. ટાસ્ક ફોર્સ કામગીરી માટે પોતાની પદ્ધતિઓ નક્કી કરવા સ્વતંત્ર રહેશે.

**સુપ્રીમ દ્વારા રચિત નેશનલ ટાસ્ક ફોર્સના સભ્યો અને જવાબદારી**

1. **ડૉ. ભાબાતોષ બિશ્વાસ, કોલકાતા સ્થિત પ.બંગાળ હેલ્થ સાયન્સિઝ યુનિ.ના પૂર્વ વાઇસ ચાન્સેલર**
2. **ડૉ. દેવિન્દર સિંહ રાણા, દિલ્હી સ્થિત સર ગંગારામ હોસ્પિટલ બોર્ડના ચેરમેન**
3. **ડૉ. દેવીપ્રસાદ શેટ્ટી, બેંગલોર સ્થિત નારાયણા હેલ્થકેરના ચેરમેન અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર**

4. ડૉ. ગગનદીપ કાંગ અને
5. ડો. જે વી પીટર, બંને વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજના પ્રોફેસર
6. ડો. નરેશ ત્રેહાન, ગુરુગ્રામ સ્થિત મેદાંતા હોસ્પિટલના ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર
7. ડો, રાહુલ પંડિત, મુંબઇ ફોર્ટિસ હોસ્પિટલના ICU વિભાગના ડિરેક્ટર
8. ડો. સૌમિત્ર રાવત, દિલ્હી સ્થિત સર ગંગારામ હોસ્પિટલના સિંજકલ વિભાગના વડા
9. ડો. શિવકુમાર સરિન, દિલ્હી સ્થિત આઇએલબીએસના ડિરેક્ટર
10. ડો. ઝરિર ઉદવાડિયા, મુંબઇ હિન્દુજા હોસ્પિટલના ચેસ્ટ ફિઝિશિયન
11. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ-IAS
12. કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવ (ટાસ્ક ફોર્સના સંયોજક-IAS)




**નેશનલ ટાસ્ક ફોર્સ આ અધિકારીઓની મદદ લઈ શકશે**

1. વાઇસ ચેરમેન દ્વારા નિયુક્ત નીતિ આયોગના સભ્ય
2. શિક્ષણ મંત્રાલય સચિવ
3. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડના સચિવ
4. માર્ગ અને પરિવહન મંત્રાલયના સચિવ
5. નવી દિલ્હીની એઇમ્સના ડિરેક્ટર અને ICMRના ડિરેક્ટર જનરલ
6. આરોગ્ય સેવાઓના DG
7. નેશનલ ઇન્ફર્મેટિક્સના ડિરેક્ટર જનરલ
8. સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યૂટિંગના વડા

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. 2-DG : ભારતમાં DRDO દ્વારા બનાવેલી 2-DG કોરોનાની દવાને ઈમરજન્સી ઉપયોગ માટે DCGI દ્વારા મંજૂરી




✓ **અસર :** વાયરસની અસર રોકીને દરદીમાં ઓક્સિજન વધારશે

✓ **નામ :** ટુ ડીઓક્સિ ડી ગ્લૂકોઝ

**આ દવા કેવી રીતે કરે છે કામ?**

✓ ટુDG નામની આ દવા શરીરમાં આવતાં જ વાયરસનો ભોગ બનેલા કોષમાં દાખલ થઈ જાય છે. તે વાયરસને ઉર્જા મેળવતો રોકીને તેનો વસ્તીવધારો રોકી દે છે.

✓ DRDOનો દાવો છે કે આ દવા કોરોના વાયરસનો ભોગ બનેલા કોષમાં જ પ્રવેશે છે. સાજા કોષોને કશું કરતી નથી.

✓ હોસ્પિટલ ટ્રાયલ્સમાં આ દવા લેનાર ઓક્સિજન ઉપરના દર્દીઓને ઓક્સિજનની જરૂર ઓછી થઈ ગઈ.

✓ રોજ દવાના બે પડીકાં લેનાર દર્દીઓ ત્રીજા જ દિવસે ઓક્સિજનની જરૂર ન રહી. સામાન્ય

દવાથી 30 ટકા દર્દીઓને જ ઓક્સિજનની જરૂર નથી રહેતી.

- ✓ દવાની કિંમત હજી જાહેર થઇ નથી, પરંતુ 500થી 600 રૂપિયા હોઇ શકે.
- ✓ આ દવા પાઉડર સ્વરૂપે મળશે – પાણી સાથે લઇ શકાશે
- ✓ શોધ કરનાર સંસ્થા : DRDO
- ✓ ઉત્પાદનની જવાબદારી : ડૉ. રેડ્ડી લેબોરેટરીઝ હૈદરાબાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 4. વર્લ્ડ રેકોર્ડ : નેપાળના કામી રીતા શેરપાએ વિક્રમી 25મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો




**વિવિધ સિદ્ધિઓ :**

- ✓ નેપાળના 52 વર્ષીય માઉન્ટેન ક્લાઈમ્બર કામી રીતા શેરપાએ વિક્રમી 25મી વખત વિશ્વના સૌથી ઊંચા પર્વત માઉન્ટ એવરેસ્ટ સર કરવાની સિદ્ધિ મેળવી.
- ✓ તેણે માઉન્ટ એવરેસ્ટને સૌથી વધારે 24 વખત ચઢવાનો પોતાનો જ વિક્રમ તોડયો.
- ✓ કામી રીતાએ 1994ના મે મહિનામાં સૌથી પહેલી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.
- ✓ વર્ષ 1994 થી 2021ના ગાળામાં તેમણે 25 વખત એવરેસ્ટ ઉપર ચઢાણ કર્યું હતું.
- ✓ તેમના નેતૃત્વમાં 11 અન્ય શેરપાઓએ પણ સફળતાપૂર્વક અભિયાન પૂરું કર્યું હતું.
- ✓ વર્ષ 2019માં તેમણે એક જ મહિનામાં બે વખત એવરેસ્ટ સર કર્યો હતો.
- ✓ **રાજધાની : કાઠમંડુ**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. ભારત – EUના દેશો વચ્ચે વર્ચ્યુઅલ બેઠક-2021

### ભારત અને EUના 27 દેશ વચ્ચે 8 વર્ષ બાદ ફરી મુક્ત વેપાર અંગે વાટાઘાટાનો પ્રારંભ




**વિગત :**

- ✓ ભારત અને યુરોપિયન યુનિયને આઠ વર્ષ પછી મુક્ત વેપાર સમજૂતિ અંગે વાતચીત શરૂ કરવાની જાહેરાત કરી.
- ✓ મુક્ત વેપાર સમજૂતીના મહત્ત્વના મુદ્દા રોકાણ સુરક્ષા સમજૂતી અંગે પણ હવે વાટાઘાટો શરૂ થશે.
- ✓ આ મુદ્દે બંને પક્ષે સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઇયુના નેતાઓ વચ્ચે એક વર્ચ્યુઅલ બેઠક યોજાઇ.

**ઇયુ સાથે 2013થી વાત અટકી હતી**

- ✓ ભારત અને ઇયુ વચ્ચે મુક્ત વેપાર સમજૂતી 2007માં શરૂ કરાઇ હતી, પરંતુ 2013માં ટેરિફ નિયમો અને બજારની માંગ મુદ્દે એકમત નહીં હોવાથી આ વાટાઘાટો અટકી ગઇ હતી.

- ✓ મહત્વની ભાગીદારીની વાત શરૂ કરી, તેનો હેતુ રેલવે, દરિયાઇ માર્ગ અને ઉડ્ડયન જેવા ક્ષેત્રોમાં સહકાર વધારવાનો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. દિન વિશેષ : 8 મે થેલેસેમીયા ડે

**થીમ 2021:**

**“Addressing Health Inequalities Across the Global Thalassemia Community” .**

- ✓ **પ્રથમ પ્રારંભ : 08-05-1994**

## રેડક્રોસ ડે

- ✓ રેડક્રોસના સ્થાપક હેનરી ડ્નટની યાદમાં તેમના જન્મદિને સમગ્ર વિશ્વમાં આ દિવસ ઉજવાય છે.
- ✓ હેનરી ડ્નટને શાંતિ માટેનો પ્રથમ નોબેલ પ્રાઇઝ મળ્યો હતો.

**પ્રથમ પ્રારંભ :**

- ✓ 8મી મે 1948ના રોજ આ દિવસ પ્રથમ વખત ઉજવવામાં આવ્યો હતો

**હેતુ:**

- ✓ “આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ આંદોલન” ઉજવણી કરવાનો.
- ✓ થેલેસેમીયાથી પીડાતા દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી આજે ઈન્ટરનેશનલ થેલેસેમીયા ડે પણ ઉજવાય છે.
- ✓ થેલેસેમિયા એ લોહીનો વારસાગત અને અસાધ્ય તેમજ અતિ ખર્ચાળ, પીડા દાયક, જાન લેવા રોગ.
- ✓ આ રોગો માતા-પિતાની અજાણતા રહી ગયેલી અજ્ઞાનતા તેમજ લગ્ન પહેલા ન કરાવેલા થેલેસેમીયા ટેસ્ટ ના હિસાબે બાળકોમાં જોવા મળે છે, જેથી બાળકો આ રોગ સાથે જ જન્મે છે.
- ✓ થેલેસેમીયા પીડીત બાળકોને જીવનભર (અતિ મર્યાદિત આયુષ્ય) દર મહિને બે થી ચાર વાર લોહી ચડાવવું પડે છે, મોંઘી દવાઓ લેવી પડે છે, ઇન્જેકશનો લેવા પડે છે.
- ✓ રેડક્રોસ સોસાયટીનું મિશન પ્રેરણા, પ્રોત્સાહન આપવાનું છે જેથી બધા સમયે અને બધી રીતે માનવતાવાદી પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય.

**રેડક્રોસ સોસાયટીના સાત સિદ્ધાંતો:**

1. માનવતા
2. નિષ્પક્ષતા
3. તટસ્થતા
4. સ્વતંત્રતા
5. સ્વૈચ્છિક સેવા
6. એકતા
7. સાર્વભૌમિકતા

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. જન્મ દિન વિશેષ : 8 મે

## (1) ઠુમરીની રાણી : ગિરિજા દેવી



**જન્મ : 8 મે 1929**

**અવસાન : 24 ઓક્ટોબર 2017**

- ✓ આજે ‘ઠુમરીના રાણી’ તરીકે પ્રસિદ્ધ થયેલાં શાસ્ત્રીય સંગીતકાર ગિરીજાદેવીનો જન્મદિવસ.
- ✓ યુપીના વારાણસીમાં જમીનદાર પરિવારમાં જન્મેલાં ગિરિજાદેવીને સંગીતપ્રેમી કુટુંબે સંગીત સાધના માટે સાનુકૂળ વાતાવરણ આપ્યું હતું.
- ✓ ગુરુ સરજુપ્રસાદ મિશ્ર પાસે સંગીતની તાલીમ લઇ 1949માં પહેલો કાર્યક્રમ અલ્હાબાદ રેડિયો પર આપ્યો. એ વખતે સ્ત્રીઓ જાહેર મંચ પર ગાઇન શકે જેવી જમાનાની રૂઢિચુસ્તતાનો તેમને સામનો કરવો પડ્યો.

- ✓ બનારસ ઘરાનાના આ ગાયિકાએ રાગ ધ્રુપદ, સદરા અને ઠુમરી તથા લોકસંગીતમાં હોરી, ચૈતી, કજરી અને ભજનમાં મહારથ હાંસલ કરી હતી.

**એવોર્ડ :**

પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, સંગીત અકાદમી પુરસ્કાર મહાસંગીત સન્માન એવોર્ડ, રાષ્ટ્રીય તાનસેન પુરસ્કાર વગેરેથી તેમનું સન્માન થયું હતું.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (2) ગુજરાતી સાહિત્યકાર : ધ્રુવ ભટ્ટ




- ✓ જન્મ તારીખ : 8, મે- 1947
- ✓ નિંગાળા, જિ. ભાવનગર

**કુટુંબ :**

- ✓ માતા – હરિસૂતા; પિતા – પ્રબોધરાય
- ✓ પત્ની – દિવ્યા ; પુત્ર – દેવવ્રત;
  પુત્રી – શિવાની

**વ્યવસાય :**

- ✓ એન્જિ. ઉદ્યોગમાં સેક્શન મેનેજર ( નિવૃત્ત)
- ✓ હાલમાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ, સંશોધન અને સર્જનાત્મક લખાણ

**સાહિત્ય સર્જન :**

- ✓ તેમની નવલકથાઓ 'સમુદ્રાન્તિકે', 'તત્વમસિ' અને 'અત્રપિ'ના વિવિધ ભાષાઓમાં અનુવાદ થયા છે અને તેમને વિવિધ એવોર્ડ મળ્યા છે.
- ✓ 'તત્વમસિ' નવલકથા ઉપરથી ગુજરાતીમાં બનેલી ફિલ્મ રેવાને રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ મળ્યો હતો (રેવા-નર્મદાનું બીજુ નામ)
- ✓ કવિતા સંગ્રહ 'ગાય તેનાં ગીત'ને ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મળ્યો છે.
- ✓ લેખન – કવિતા, વાર્તા, નાટક
- ✓ નવલકથા– ખોવાયેલું નગર, અગ્નિકન્યા, સમુદ્રાન્તિકે, તત્વમસિ, તિમીરપંથી, અત્રપિ, કર્મલોક, અકૂપાર, લવલી પાન હાઉસ
- ✓ કવિતા– શ્રુવન્તુ (ઓડિયો કેસેટ પણ ), ગાય તેનાં ગીત,
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (3) ચિન્મયાનંદ સરસ્વતી

**જન્મ : 8 મે 1916, એર્નાકુલમ (કેરળ)**




- ✓ સ્વામી ચિન્મયાનંદજીએ ભારત સહિત વિશ્વમાં ગીતા-ઉપનિષદનું જ્ઞાન વહેંચવા માટે ચિન્મય મિશનના 300થી વધુ કેન્દ્રની સ્થાપના કરી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (08-05-2021)

1. મે 2021માં શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, શિવાનંદ આશ્રમ-અમદાવાદના કયા પ્રમુખનું નિધન થયું - **ધ્યાન-યોગગુરૂ સ્વામી અધ્યાત્માનંદજી**
2. 'ગીતા નવનીતમ' પુસ્તકના લેખક જેને વર્ષ 2003માં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા મહર્ષિ અરવિંદ ગોલ્ડ મેડલ એવોર્ડ અપાયો હતો - **સ્વામી અધ્યાત્માનંદજી**
3. ભારતમાં ઓક્સિજનના સમાન વિતરણ અને વ્યવસ્થા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા મે 2021માં કઈ નવી વ્યવસ્થાની રચના કરવામાં આવી છે - **નેશનલ ટાસ્ક ફોર્સ**
4. ઓક્સિજનના વિતરણ માટેની નેશનલ ટાસ્ક ફોર્સમાં કુલ કેટલા સભ્યોની ભારતભરમાંથી પસંદગી કરવામાં આવી છે - **10 નિષ્ણાત તબીબો અને 2 IAS, કુલ- 12**
5. ઓક્સિજનના વિતરણ માટેની નેશનલ ટાસ્ક ફોર્સમાં કયા કયા નિષ્ણાતોનો સમાવેશ થાય છે – **ડો. ભાબાતોષ બિશ્વાસ, ડો. દેવિન્દર સિંહ રાણા, ડો. દેવીપ્રસાદ શેટ્ટી, ડૉ. ગગનદીપ કાંગ, ડો. જે વી પીટર, ડો. નરેશ ત્રેહાન, ડો, રાહુલ પંડિત, ડો. સૌમિત્ર રાવત, ડો. શિવકુમાર સરિન, ડો. ઝરિર ઉદવાડિયા, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ અને કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવ**
6. મે 2021માં નેપાળની કઈ મહિલા પર્વતારોહકે સૌથી વધુ 25 વખત માઉન્ટ એવરેસ્ટ સર કરવાનો પોતાનો જ વિશ્વ રેકોર્ડ બ્રેક કર્યો - **કામી રીતા શેરપા**
7. મે 2021માં DRDO દ્વારા શોધાયેલી કોરોનાની કઈ દવાની ભારતમાં ઈમરજન્સી ઉપયોગની DCGIએ મંજૂરી આપી છે - **2 DG**
8. 2 DG દવાનું વિસ્તૃત નામ જણાવો- **ટુ ડીઓક્સિ-ડી-ગ્લુકોઝ**
9. 2 DG દવા કોરોનાના દર્દીઓને કઈ રીતે મદદરૂપ થાય છે - **વાયરસની રોકીને ઓક્સિજનમાં વધારો કરે છે**
10. 2 DG દવાના ઉત્પાદનની કઈ કંપનીને જવાબદારી અપાઇ છે - **ડૉ.રેડ્ડી લેબોટરીઝ- હૈદરાબાદ**
11. મે 2021માં ભારત અને EUના 27 દેશ વચ્ચે 8 વર્ષ બાદ કયા ક્ષેત્રે સફળ વાટાઘાટોનો પ્રારંભ થયો છે - **મુક્ત વેપાર**
12. ભારત અને EUના 27 દેશ વચ્ચે મુક્ત વેપાર સમજૂતી સૌપ્રથમ કયા વર્ષે થઈ હતી - **2007**
13. 'વર્લ્ડ થેલેસેમિયા ડે' ક્યારે ઉજવાય છે - **8 મે**
14. વર્લ્ડ થેલેસેમિયા ડે-2021ની થીમ જણાવો- **'ADDRESSING HEALTH INEQUALITIES ACROSS THE GLOBAL THALASSEMIA COMMUNITY'**
15. વર્લ્ડ થેલેસેમિયા ડે ક્યા વર્ષથી ઉજવાય છે - **1994**
16. દર વર્ષે 8મી મેના રોજ કોની યાદમાં રેડક્રોસ દિવસ ઉજવાય છે - **રેડક્રોસના સ્થાપક હેનરી ડ્યૂનાના જન્મદિનની યાદમાં**
17. રેડક્રોસ ડેનો પ્રથમ પ્રારંભ જણાવો – **તા. 8 મે 1948**
18. 'કયા પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર 'ઠુમરીના રાણી' તરીકે ઓળખાય છે – **ગિરીજા દેવી**
19. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર ગિરીજા દેવીનો જન્મ દિવસ જણાવો - **8 મે 1929**
20. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર ધ્રુવ ભટ્ટનો જન્મ દિવસ જણાવો – **8 મે 1947**
21. ગુજરાતી ભાષાની 'સમુદ્રાન્તિકે', 'તત્વમસિ' અને 'અત્રપિ' નવલકથાના લેખકનું નામ જણાવો–**ધ્રુવ ભટ્ટ**
22. ગુજરાતી ફિલ્મ રેવાને કયો મહત્વનો એવોર્ડ મળ્યો હતો - **રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ**
23. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ રેવા કઈ નવલકથા પરથી બનાવવામાં આવી છે - **'તત્વમસિ'**
24. ગુજરાતી કવિ ધ્રુવ ભટ્ટના કયા કવિતા સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મળ્યો છે - **'ગાય તેનાં ગીત'**
25. ભારત સહિત વિશ્વમાં ગીતા-ઉપનિષદનું જ્ઞાન વહેંચવા માટે ચિન્મય મિશનના 300થી વધુ કેન્દ્રની સ્થાપના કોણે કરી હતી - **સ્વામી ચિન્મયાનંદજી**
26. સ્વામી ચિન્મયાનંદજીનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો – **તા. 8મી મે-1916 અને કેરળના એર્નાકુલમ**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# રાષ્ટ્રીય બાબતો

## 1. ISRO : કોરોના દર્દીઓ માટે માત્ર રૂપિયા એક લાખની કિંમતના ઓક્સિજન કોન્સન્ટ્રેટરવાળા વેન્ટિલેટર વિકસાવાયા (સંશોધન)




- ✓ **ત્રણ પ્રકારના વેન્ટિલેટર : પ્રાણ, વાયુ અને સ્વસ્થ**

**વિગત :**

- ✓ વ્યાપારી ઉત્પાદન માટે ત્રણ પ્રકારની વેન્ટિલેટરની ટેકનોલોજી ટ્રાન્સફર કરાશે.
- ✓ તેમાંથી એક વેન્ટિલેટર પ્રાણ ઓક્સિજન કોન્સન્ટ્રેટર સાથેનું હશે. વેન્ટિલેટર માત્ર 1 લાખ રૂપિયાની કિંમતે મળશે. અત્યારે મળતા વેન્ટિલેટર પાંચ લાખની કિંમતે મળે છે. આ વેન્ટિલેટરો આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબના હોવાની ખાતરી કરી લેવામાં આવી છે.
- ✓ **વિકસાવનાર સંસ્થા : વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર VSSC (ISRO), થિરુવનંતપુરમ્**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. WHO : ભારતમાં કોરોનાની બીજી લહેરમાં નવો વેરિએન્ટ B.1.617 જવાબદાર (આરોગ્ય)




**વિગત :**

- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાના અધિકારી સૌમ્યા સ્વામીનાથને ચેતવણી ઉચ્ચારી હતી કે ભારતમાં

આજે જે રીતે કોરોના સંક્રમણ વધી રહ્યું છે તે સંકેત આપે છે કે નવો વેરિઅન્ટ અત્યંત ઝડપથી ફેલાઈ રહ્યો છે.

- ✓ B.1.617 વેરિઅન્ટ સૌથી પહેલાં ઓક્ટોબર 2020માં મળી આવ્યો હતો.
- ✓ ભારતમાં કોરોનાના પ્રસારને વેગ આપવા માટે ઘણા પરિબળો જવાબદાર છે. જેમાં આ વેરિઅન્ટની સૌથી મોટી ભૂમિકા છે.
- ✓ સ્વામીનાથને જણાવ્યું હતું કે, ભારતમાં કોરોના વિસ્ફોટ માટે એકલા વેરિઅન્ટને જવાબદાર ગણાવી શકાય નહીં.
- ✓ ભારતમાં જનતા અને સરકારે અત્યંત લાપરવાહી વર્તવાની શરૂ કરી દીધી હતી. સત્તાધારી અને વિપક્ષો દ્વારા ચૂંટણી સભાઓમાં મોટી સંખ્યામાં લોકો એકઠાં કરાયાં હતાં. કુંભમેળા જેવા મહાકાય ધાર્મિક આયોજનો કરાયાં હતાં. જનતામાં પણ બેદરકારી વધી ગઈ હતી.
- ✓ ભારતની સરકાર અને જનતા એમ માનવા લાગ્યા હતા કે મહામારીનો અંત આવી રહ્યો છે. તેથી તેમણે માસ્ક પહેરવા સહિતના સંરક્ષણાત્મક પગલાં લેવાનું બંધ કર્યું હતું.
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાએ હજુ આ વેરિઅન્ટને ચિંતાજનક જાહેર કર્યો નથી. વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેને ફક્ત વેરિઅન્ટ ઓફ ઇન્ટરેસ્ટ ગણાવ્યો છે.
- ✓ જો કે અમેરિકા અને બ્રિટન સહિતના સંખ્યાબંધ દેશો B.1.617ને ચિંતાજનક વેરિઅન્ટ જાહેર કરી ચૂક્યા છે. B.1.617ને ચિંતાજનક જાહેર કરાય તેવી સંભાવના છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### 3. નિધન : ઓડિશાના પ્રખ્યાત મૂર્તિકાર પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી અને રાજ્યસભાના સાંસદ રઘુનાથ મોહપાત્રાનું નિધન



- ✓ સારવાર : AIIMS, ભુવનેશ્વર
- ✓ અવસાન : ભુવનેશ્વર
- ✓ જન્મ વર્ષ : 1943
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

### 4. લા શોફરેર જ્વાળામુખી (કુદરતી આપત્તિ)

- ✓ વેસ્ટ ઇન્ડિઝના સેન્ટ વિન્સેટ ટાપુ પર લા શોફરેર જ્વાળામુખી ફાટ્યો
- ✓ સલ્ફર વાયુ રાખ સાથે સોનુ પણ વરસ્યું




**જ્વાળામુખી વિશે :**

- ✓ વેસ્ટ ઇન્ડિઝ ટાપુ સમુહના સેન્ટ વિન્સેન્ટ ટાપુ પર ઘણા દિવસથી લા શોફરેર જ્વાળામુખી ભભૂકી રહ્યો છે.
- ✓ સેન્ટ વિન્સેન્ટ નાનકડો ટાપુ હોવાથી જ્વાળામુખીની વિપરિત અસર સમગ્ર ટાપુ પર જોવા મળી રહી છે.

- ✓ રાખ સાથે સોનાના કણો-ગઠ્ઠા હોવાની વાત ખુદ અહીના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર મોન્ટગોમરી ડેનિયલે કરી હતી.
- ✓ ડેનિયલે કહ્યું હતું કે એ વાત સાચી છે કે રાખ સાથે સનાના કણો પણ મળ્યાં છે.
- ✓ જ્વાળામુખીની રાખ સાથે સોનાના કણો વરસે એ અચરજ પ્રેરક વાત છે, પણ વિજ્ઞાનીઓને તેની કોઈ નવાઈ નથી.
- ✓ કેમ કે ધરતીના પેટાળમાં રહેલી ધાતુઓ જ્વાળામુખી વખતે બહાર ફેકાંતી હોય છે.
- ✓ ભૂતકાળમાં પણ આ રીતે જ્વાળામુખીની રાખ-ધૂળ સાથે સોનુ-હીરા બહાર ફેંકાયા પ્રસંગો બન્યા
- ✓ <u>ફ્રેન્ચ ભાષામાં શોફરેર એટલે સલ્ફર</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>5. ખેલકૂદ : મેડ્રિડ ઓપન 2021</u>



### <u>વિજેતા ખેલાડી અને દેશ :</u>

- ✓ <u>મહિલા ટેનિસ સ્ટાર એલેના સબાલેન્કા - બેલારુસ</u>
- ✓ **ઉપ વિજેતા :** <u>અશ્લેગ બાર્ટી - ઓસ્ટ્રેલિયા</u>
- ✓ **યજમાન :** <u>મેડ્રિડ, સ્પેન</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>6. દિન વિશેષ :</u>
## <u>વિશ્વ માતૃત્વ દિવસ (વર્લ્ડ મધર્સ ડે)</u>




### <u>ખાસ : મે માસનો બીજો રવિવાર 'મા' દિવસ તરીકે</u>

<u>મધર્સ ડે–માતૃ સ્મૃતિ અને માતૃ વંદનાનો દિવસ</u>

- ✓ આ દિવસે સંતાનો પોતાની પ્રિય માતાને યાદ કરે છે અને અવનવા ગ્રીટિંગ કાર્ડ તેમ જ એને ગમતી કોઈ ભેટ-સોગાદ ખરીદીને આપવાનો રીવાજ છે.
- ✓ અન્ય પ્રકારે પણ આ દિવસે સંતાનો માતા પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે.

### <u>મધર્સ ડેનો ટૂંકો ઇતિહાસ</u>

- ✓ મધર્સ ડેનો ટૂંકમાં ઇતિહાસ એવો છે કે 1909ની સાલમાં 9મી મેના દિવસે અમેરિકાની મિસ એના જાર્વીસે જ્યારે એની વ્હાલી માંદી માતા ઘણાં વર્ષ પથારીવશ રહ્યા પછી મૃત્યું પામી ત્યારે મનમાં નક્કી કર્યું કે હું એવું કંઇક કરું કે આખું વિશ્વ મારી માતાને યાદ કરે.
- ✓ એના આ વિચારને સમર્થન મેળવવાના એના અથાક પ્રયત્નો પછી 1913માં સૌપ્રથમવાર પેન્સીલ્વેનીયા સ્ટેટમાં મધર્સ ડે ઉજવાયો હતો.
- ✓ <u>1914માં અમેરિકાના એ વખતના પ્રમુખ વુડ્રો વિલ્સને મે મહિનાની 9મી તારીખે કાયદો પસાર કરી દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે નેશનલ મધર્સ ડે તરીકે</u> ઉજવવા માટે કાયદેસર રીતે જાહેરાત બહાર પાડી હતી. ત્યારથી સમગ્ર અમેરિકામાં આ તારીખે મધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ ભારતમાં પણ હવે મધર્સ ડે ની ઉજવણી શરુ થઇ ચુકી છે.

- ✓ ગુજરાતી સાહિત્યમાં સૌથી નાનો પણ સૌથી સુંદર શબ્દ જો કોઇ હોય તો એ છે "મા".
- ✓ આ શબ્દમાં કેટલા અર્થ સમાયા છે ! સ્વ.હરીન્દ્ર દવે એ સરસ કહ્યું છે. "મા કદી મરતી નથી. મા નો દેહ ન હોય ત્યારે એનું વ્હાલ હવાના કણમાં વીખરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ધારેલા પત્રનો જવાબ વંચાય તે મા."
- ✓ મા શોકમાં આશ્વાસન છે, દુઃખ અને દુર્બળતામાં એ આપણી આશા અને શક્તિપુંજ છે. પ્રેમ,કરુણા,સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે.
- ✓ શિવાજીની માતા જીજીબાઇ અને મોહનદાસ ગાંધીની માતા પુતળીબાઈની જેમ દરેક માતા પોતાના સંતાનના જીવનમાં સંસ્કારોનું સિંચન કરીને અવિસ્મરણીય ભાગ ભજવતી હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. જન્મ દિન વિશેષ : 9 મે

## (1) ભારત સેવક : ગોપાલ કૃષ્ણ ગોખલે




### જન્મ – 9 મે - 1866

### અવસાન – 19 ફેબ્રુઆરી - 1915

- ✓ 'ભારતનો નાયક, મહારાષ્ટ્રનું ઘરેણું, શ્રમિકોનો રાજકુમાર અહીં પરલૌકિક વિશ્રામ ફરમાવી રહ્યો છે. તેઓ તરફ જુઓ અને તેમના જેવું આચરણ કરવાનો પ્રયાસ કરો" આ વિધાનો વૈચારિક મતભેદો હોવા છતાં લોકમાન્ય તિલકે ગોપાલકૃષ્ણ ગોખલે વિશે કહ્યા હતા.
- ✓ આજે ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મદિવસ. મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના કોથાપુર ગામે જન્મેલા ગોખલેએ કોથાપુર અને મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ મુંબઈમાં ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં શિક્ષક થયા, ફર્ગ્યુસન કોલેજમાં પ્રધાનાચાર્ય વગેરે તેઓની વ્યવસાયી કારકિર્દી હતી.
- ✓ 1905માં કોંગ્રેસના પ્રમુખ પણ થયા હતા પણ તેમણે 1904માં 'ભારત સેવક સમાજ' સંસ્થા સ્થાપી.
- ✓ આ સંસ્થાના આશ્રયે સેંકડોની સંખ્યામાં ભારત સેવકો તૈયાર કર્યા.
- ✓ ભારત વિકાસની ચાવી શિક્ષણમાં જોતા ગોખલે ગુણવત્તાવાળા અંગ્રેજી પુસ્તકો પુષ્કળ વાંચતા.
- ✓ તેમના વિષે કહેવાતું કે ગોખલેએ જે પુસ્તક ન વાંચ્યું હોય તે પુસ્તક વાંચવા જેવું નહિ જ હોય.
- ✓ 19 ફેબ્રુઆરી 1915ના રોજ તેમનું અવસાન.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## (૨) ગુજરાતી સાહિત્યકાર : ઈશ્વર પેટલીકર



- ✓ જન્મ તારીખ: 9-5-1916
- ✓ જન્મ સ્થળ : પેટલી, તા. પેટલાદ
- ✓ વતન : આણંદ
- ✓ મૃત્યુ: 22-11-1983
- ✓ નામ : ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ,
- ✓ ઉપનામ : 'ઈશ્વર પેટલીકર'

✓ નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર, પત્રકાર તરીકેની ઓળખ.

**પ્રદાન-સાહિત્ય સર્જન :**

✓ આણંદથી પ્રકાશિત થતા 'પાટીદાર' અને 'આર્યપ્રકાશ'નું સંપાદન તથા લગ્નસહાયક કેન્દ્રનું સંચાલન.

✓ 'લોકનાદ', 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સ્ત્રી', 'નિરીક્ષક' વગેરે પત્રો-સામયિકોમાં સામાજિક અને રાજકીય વિષયો ઉપર નિયમિત કટારલેખન.

✓ 1960થી અમદાવાદમાં સ્થાયી નિવાસ. પત્રકારત્વની સાથે સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધુ સક્રિય.

✓ રણજિતરામ સુવર્ણચંદ્રક - 1961

✓ 'જન્મટીપ' નવલકથા અને 'લોહીની સગાઈ' ટૂંકીવાર્તાના લેખક તરીક જાણીતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (3) મહારાણા પ્રતાપ




**જન્મ : 9 મે 1540**

**અવસાન : 19 જાન્યુઆરી 1597**

✓ ગુજરાતી સાહિત્યને એક નવા શબ્દ, ટેકની ઓળખાણ કરાવનાર ભારતીય ઇતિહાસનું અમર અને ક્વિંદતી રૂપ પાત્ર મેવાડના મહારાણા પ્રતાપસિંહનો જન્મ કુભલગઢ-રાજસ્થાનમાં થયો હતો.

✓ મોગલ શહેનશાહ અકબરની વિસ્તારવાદી નીતિઓ અને અનેક પ્રલોભનો છતાં તાબે ન થનારા મહારાણા તેમના જીવનકાળ દરમ્યાન બે યુદ્ધો માટે ઇતિહાસમાં અને લોકજીભે અમર થઈ ગયેલા છે.

✓ **એક-**હલ્દીઘાટીની લડાઇ જે 18 જૂન 1576નાં રોજ મહારાણાના પરંપરાગત શસ્ત્રોથી સજ્જ એવાં 3000 સૈનિકો અને અકબરનાં 10,000 સૈનિકો વચ્ચે લડાઇ હતી.

✓ મહારાણા એ લડાઇ હારી જતાં તેમણે ટેક લીધી હતી કે જ્યાં સુધી હું મોગલોને હરાવીશ નહીં ત્યાં સુધી ભોંય પથારી સૂઇશ અને કોઇ સુખ નહીં માણું.

✓ **બીજું-** 1582માં મોગલો અને મહારાણા વચ્ચે લડાયેલી દેવારની લડાઇ, જેમાં મહારાણાનો વિજય થયો હતો. એ પછી અકબર 12 વર્ષ સુધી લાહોર ચાલી ગયો હતો.

✓ અકબરને તાબે ન થનાર ગુમાવેલા પ્રદેશો પાછા મેળવનાર અને હરાવનાર મહારાણા પ્રતાપ એકમાત્ર શાસક હતા.

✓ પોતાની નવી રાજધાની ચાવંડની સ્થાપના કરનાર, ચેતકના અસવાર મહારાણા પ્રતાપનું ઇજાઓના કારણે 19-1-1597નાં રોજ મૃત્યુ થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (09-05-2021)

1. મે 2021માં કોરોના દર્દીઓ માટે કઇ સંસ્થા દ્વારા માત્ર રૂપિયા એક લાખની કિંમતના ઓક્સિજન કોન્સન્ટ્રેટરવાળા વેન્ટિલેટર વિકસાવાયા - **VSSC (ISRO), થિરુવનંતપુરમ્**
2. VSSCનું વિસ્તૃત નામ જણાવો - **વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટર**
3. મે 2021માં વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટર VSSC (ISRO) દ્વારા કોરોના દર્દીઓ માટે રૂપિયા એક લાખની કિંમતના ઓક્સિજન કોન્સન્ટ્રેટરવાળા વેન્ટિલેટર વિકસાવાયા તેના નામ જણાવો - **પ્રાણ, વાયુ અને સ્વસ્થ**

4. એપ્રિલ-મે 2021માં WHO દ્વારા ભારતભરમાં બીજી લહેર માટે કયા વેરિએન્ટને જવાબદાર ગણાવ્યો છે - **B.1.617**
5. B.1.617 વેરિઅન્ટ સૌથી પહેલાં કયારે જોવા મળ્યો હતો - **ઓક્ટોબર 2020**
6. અમેરિકા અને બ્રિટન સહિતના સંખ્યાબંધ દેશોએ કયા વેરિઅન્ટને ચિંતાજનક વેરિઅન્ટ જાહેર કર્યો છે - **B.1.617**
7. મે 2021માં ઓડિશાના ક્યા પ્રખ્યાત મૂર્તિકાર, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી તેમજ રાજ્યસભાના સાંસદનું નિધન થયુ હતુ - **રઘુનાથ મોહપાત્રા**
8. ઓડિશાના પ્રખ્યાત મૂર્તિકાર રઘુનાથ મોહપાત્રાનો જન્મ ક્યારે થયો હતો - **1943**
9. મે 2021માં વેસ્ટ ઈન્ડિઝના કયા ટાપુ પર જ્વાળામુખી ફાટ્યો હતો જેમાં સલ્ફર વાયુ-રાખ સાથે સોનું પણ વરસ્યું હતું - **સેન્ટ વિન્સેટ**
10. મે 2021માં વેસ્ટ ઈન્ડિઝના સેન્ટ વિન્સેટ ટાપુ પર જ્વાળામુખી ફાટ્યો હતો તેનું નામ જણાવો – **લા શોફરેર**
11. ફ્રેન્ચ ભાષામાં શો ફરેરનો શો અર્થ થાય છે - **સલ્ફર**
12. મે 2021માં મેડ્રિડ ઓપન 2021 વિજેતા ખેલાડી-દેશનું નામ જણાવો - **એલેના સબાલેન્કા તથા બેલારુસ**
13. મે 2021માં મેડ્રિડ ઓપન 2021 ઉપવિજેતા ખેલાડી-દેશનું નામ જણાવો - **અશ્લેગ બાર્ટી, ઓસ્ટ્રેલિયા**
14. મેડ્રિડ ઓપન 2021ના યજમાનનું નામ જણાવો - **મેડ્રિડ, સ્પેન**
15. સમગ્ર વિશ્વમાં મે માસના બીજા રવિવારને કયા દિવસ તરીકે ઉજવાય છે - **મધર્સ ડે**
16. "મધર્સ ડે"ની સૌપ્રથમ ઉજવણીનો પ્રારંભ કયા વર્ષે કયા દેશમાં થયો હતો- 1914- **અમેરિકા**
17. ભારત સેવક એવા "ગોપાલ કૃષ્ણ ગોખલે"નો જન્મદિવસ જણાવો- **9 મે 1866**
18. ભારતના નાયક એવા ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ ક્યાં થયો હતો- **કોથાપુર, મહારાષ્ટ્ર**
19. ગોપાલ કૃષ્ણ ગોખલે "ભારત સેવક સમાજ"ની સ્થાપના કયા વર્ષે કરી હતી- **1904**
20. ગુજરાતી સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મદિવસ જણાવો- **09.05.1916**
21. ગુજરાતી સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મ કયાં થયો હતો - **પેટલાદ તાલુકાના પેટલી ગામે**
22. ગુજરાતી સાહિત્યકાર ઇશ્વરભાઇ મોતીભાઇ પટેલનું ઉપનામ જણાવો- **"ઈશ્વર પેટલીકર"**
23. જન્મટીપ- નવલકથા અને લોહીની સગાઈ જેવી ટૂંકી વાર્તાના લેખક જણાવો- **ઈશ્વર પેટલીકર**
24. સાહિત્યકાર ઈશ્વર પેટલીકરને કયા વર્ષે "રણજિતરામ સુવર્ણચંદ્રક" એવોર્ડ અપાયો હતો- **1961**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. BS-6 : ગુજરાતમાં પ્રથમવાર BS-6 એમિશન નોર્મ્સ ધરાવતી 101 એસટી બસોનુ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઈ-લોકાર્પણ (વાહન વ્યવહાર)




**વિગત :**

- ✓ જાન્યુઆરી-21માં BS-6 એમિશન નોર્મ્સ ધરાવતી 1,000 એસટી બસો સેવામાં મૂકવાની જાહેરાત કરી હતી, તે પૈકી પ્રથમ લોટમાં 101 બસ નરોડના સેન્ટ્રલ વર્કશોપમાં તૈયાર થઇ છે. જે રાજ્યના 16 એસ.ટી. ડિવિઝનના વિસ્તારોમાં મુકાઈ છે.
- ✓ BS-6 : પર્યાવરણ પ્રિય બસ
- ✓ એમિશન નોર્મ્સ એટલે ઓછી માત્રામાં પ્રદુષણ ફેલાવતી બસ
- ✓ વાહન વ્યવહાર મંત્રી : આર.સી. ફળદુ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નિધન : કવિ, વિવેચક, નિબંધકાર, વાર્તાકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ ધીરુભાઇ પરીખનું કોરોનાની સારવાર દરમિયાન અવસાન




- ✓ જન્મ : 31 ઓગસ્ટ 1933
- ✓ જન્મ સ્થળ : વિરમગામ.
- ✓ 1967માં પીએચ.ડી.નો અભ્યાસ કર્યો હતો.

**કારકિર્દી :**

- ✓ 1955થી સી. યુ. શાહ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા.
- ✓ 1967થી 1969 સુધી તેમણે એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં સેવા આપી અને વઢવાણની મહિલા આર્ટસ કૉલેજમાં આચાર્ય તરીકે ફરજ બજાવી. પછી તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયા.

**સાહિત્ય સર્જન :**

- ✓ તેઓ **ગુજરાતી કવિતાના દ્વિમાસિક "કવિલોક" તેમજ "કુમાર" સામયિકનાં તંત્રી** હતા.
- ✓ તેઓ લોકડાઉનના વખતમાં પણ ઓનલાઈન બુધસભાનું અધ્યક્ષપદ નિભાવતા રહ્યા હતા.
- ✓ પ્રથમ કૃતિ : 1951માં પ્રગટ થયેલી વાર્તા 'પહેલું રુદન'.
- ✓ વાર્તાસંગ્રહ : 'કંટકની ખુશબો' (1964)માં બાવીસ વાર્તાઓ .
- ✓ કાવ્યસંગ્રહ : 'ઉઘાડ' (1979).
- ✓ 'અંગ પચીસી' (1982)માં છપ્પાશૈલીનાં પચીસ કટાક્ષકાવ્યો છે.
- ✓ છપ્પાની મધ્યકાલીન પરંપરાનો સ્વીકાર કરીને કવિએ 'આચાર્ય અંગ', 'અધ્યાપક અંગ', 'વિદ્યાર્થી અંગ' વગેરે પર નર્મમર્મપૂર્ણ છપ્પા રચ્યાં છે. 'આગિયા' (1982) એમનો હાઇકુસંગ્રહ છે.
- ✓ ગુજરાતી ગ્રંથાકાર શ્રેણી અંતર્ગત એમણે 'રાજેન્દ્ર શાહ' (1977) પુસ્તક લખ્યું છે.
- ✓ 'રાસયુગમાં પ્રકૃતિનિરૂપણ' (1978) એમનો શોધપ્રબંધ છે.
- ✓ 'અત્રત્ય તત્રત્ય' (1978)માં ગુજરાતી કવિઓની સાથે સી. કે. લૂઈ અને ઑડેન જેવા અંગ્રેજી કવિઓ, પાબ્લો નેરુદા જેવા ચીલી કવિ, મોન્તાલે જેવા ઇટાલિયન કવિ તથા યેવતુશેન્કો જેવા રશિયન કવિ વિશેના પરિચયલેખો છે.
- ✓ 'નરસિંહ મહેતા' (1981)માં નરસિંહના જીવનકવનનું વિસ્તૃત અવલોકન છે.
- ✓ 'ક્ષરાક્ષર' (1982)માં એમણે દયારામ, દલપતરામ, નર્મદથી માંડી પ્રિયકાંત મણિયાર, જગદીશ જોષી, મણિલાલ દેસાઈ સુધીના દિવંગત ગુજરાતી કવિઓનાં જીવનકવનનો મિતાક્ષરી પરિચય કરાવ્યો છે.
- ✓ 'સમકાલીન કવિઓ' (1983)માં લાભશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચન્દ્ર, રાજેન્દ્ર શુક્લ, રાવજી પટેલ, આદિલ મન્સુરી વગેરે આધુનિક કવિઓની કવિતાને મૂલવી છે.
- ✓ 'તુલનાત્મક સાહિત્ય' (1984)માં સાહિત્ય-અભ્યાસી તુલના, ભૂમિકાનો ઇતિહાસ અને પરિચય છે.
- ✓ 'ઉભયાન્વય' (1986)માં વિવેચનલેખો છે.
- ✓ 'કાળમાં કોર્યાં નામ' (1977)માં કાવાબાતા, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ચાર્લ્સ ડિકન્સ, દલપતરામ, પૂ. મોટા જેવા મહાનુભાવોનાં પ્રેરક ચરિત્રો આલેખાયાં છે.
- ✓ 'નિષ્કુળાનંદ પદાવલી' (1981), 'સાત મહાકાવ્યો' (1983), 'પંચ મહાકાવ્યો' (1984) અને 'ટી. એસ. એલિયટ' (1989) એમના સંપાદનગ્રંથો છે.
- ✓ 'તુલનાત્મક સાહિત્ય (1984) એ ધીરુ પરીખનો ગ્રંથ છે. અહીં નવા વિષયને લગતી સામગ્રી ગુજરાતીમાં ઉપલબ્ધ થાય અને વિષયને સહાય અને પ્રોત્સાહન મળે એનો ખ્યાલ મુખ્યત્વે રાખવામાં આવ્યો છે. તુલનાત્મક સાહિત્યની અર્થચર્ચા અને સ્વરૂપચર્ચાથી માંડી સાદૃશ્ય, પરંપરા, અનુવાદ, પુરાણસંદર્ભ વગેરે પાસાંઓનો સદૃષ્ટાંત સ્પર્શ કરવામાં આવ્યો છે.
- ✓ **એવોર્ડ :** કુમાર ચંદ્રક, 1971
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3. કોરોના વેક્સિનેશન : રસીકરણ કરવામાં સમગ્ર વિશ્વમાં ભારત સૌથી ઝડપી દેશ



## ભારતમાં ફક્ત 114 દિવસમાં 17 કરોડથી વધુ લોકોને રસી અપાઈ

**વિગત :**

- ✓ અમેરિકામાં 17 કરોડને વેક્સિન આપતા 115 દિવસ લાગ્યા હતા જ્યારે ચીનમાં 119 દિવસ લાગ્યા હતા.
- ✓ અહેવાલ : આરોગ્ય મંત્રાલય, ભારત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. આસામ : આસામના 15માં મુખ્યમંત્રી તરીકે હેમંત બિશ્વા સરમાની નિમણૂક




- ✓ મુખ્ય પક્ષ : ભાજપ અને સાથી પક્ષો
- ✓ રાજ્યપાલ : જગદીશ મુખી
- ✓ રાજધાની : દિસપુર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. ખેલકૂદ : મેડ્રિડ ઓપન-2021 (મેન્સ)




**વિજેતા ખેલાડી અને દેશ :**

- ✓ ટેનિસ સ્ટાર એલેક્ઝાન્ડર ઝ્વેરેવ-જર્મની
- ✓ **ઉપ વિજેતા :** માતિયો બેરેટીની, ઈટાલી
- ✓ **યજમાન :** મેડ્રિડ, સ્પેન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. દિન વિશેષ : 8 મે
## વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ




- ✓ **થીમ 2021 :** **Sing, Fly, Soar-Like a bird !**
- ✓ માઈગ્રેટરી એટલે કે પ્રવાસી પંખીઓનો પર્યાવરણની જાળવણીમાં બહુ મોટો ફાળો છે.
- ✓ ગુજરાત તો આવા ઋતુપ્રવાસી પંખીઓ માટે મોટુ મથક છે. સાબરમતી નદીના પટથી માંડીને નળ સરોવર સહિતના વિવિધ સ્થળોએ શિયાળામાં માઈગ્રેટરી બર્ડ્સ આવી પહોંચે છે.
- ✓ ધરતીના ઉત્તર ગોળાર્ધમાં રહેતા આ પક્ષીઓ ત્યાંનો આકરો શિયાળો સહન કરી શકતા નથી. એટલે દર વર્ષે શિયાળો શરૂ થાય ત્યારે ભારત સહિતના દક્ષિણ ગોળાર્ધમાં આવેલા દેશોમાં ઉપડી જતાં હોય છે.

**હેતુ :**

- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ આ પક્ષીઓ અંગે જાગૃતિ વધે એ માટે દર વર્ષે આઠમી મે વર્લ્ડ માઈગ્રેટરી બર્ડ ડે તરીકે ઉજવાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (10-05-2021)

1. મે 2021માં ગુજરાતમાં પ્રથમવાર કયા એમિશન નોર્મ્સ ધરાવતી 101 એસટી બસોનુ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ઇ-લોકાર્પણ કરાયું હતુ - **BS-6**
2. ઓછી માત્રામાં પ્રદુષણ ફેલાવતી પર્યાવરણ પ્રિય બસને કયા નોર્મ્સ ધરાવતી બસ તરીકે ઓળખવામાં આવે છે - **BS-6 એમિશન નોર્મ્સ**
3. ગુજરાતના વર્તમાન વાહન વ્યવહાર મંત્રીનું નામ જણાવો - **આર.સી. ફળદુ**
4. મે 2021માં કયા ગુજરાતી કવિ, વિવેચક, નિબંધકાર, વાર્તાકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખનું નિધન થયું હતુ - **ધીરુભાઇ પરીખ**
5. ગુજરાતી સાહિત્યકાર ધીરુભાઇ પરીખનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા. 31 ઓગસ્ટ 1933 તથા વિરમગામ**
6. ગુજરાતી સાહિત્યકાર ધીરુભાઇ પરીખ ક્યા સામયિકના તંત્રી પદે સેવા આપી હતી - **ગુજરાતી કવિતાના દ્વિમાસિક "કવિલોક"' તથા "કુમાર" સામયિક**
7. ગુજરાતી સાહિત્યકાર ધીરુભાઇ પરીખને કયા વર્ષે કુમાર ચંદ્રક એવોર્ડથી સન્માનિત કરાયા હતા - **1971**
8. તા. 10 મે 2021ની સ્થિતિએ ફક્ત 114 દિવસમાં કેટલા લોકોને કોરોના રસીકરણ મામલે સમગ્ર વિશ્વમાં ભારત સૌથી ઝડપી દેશ બન્યો હતો - **17 કરોડ**
9. તા. 10 મે 2021ની સ્થિતિએ 17 કરોડ લોકોને કોરોના રસી આપવા માટે અમેરિકા તથા ચીનને કેટલા દિવસો લાગ્યા હતા – **115 તથા 119**
10. મે 2021માં આસામના 15માં મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા હતા - **હેમંત બિશ્વા સરમા**
11. આસામના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - **જગદીશ મુખી**
12. આસામના વર્તમાન રાજધાનીનું નામ જણાવો - દિસપુર
13. મેન્સ મેડ્રિડ ઓપન-2021 વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **એલેક્ઝાન્ડર ઝેવરેવ તથા જર્મની**
14. મેન્સ મેડ્રિડ ઓપન-2021 ઉપ વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **માતિયો બેરેટીની, ઇટાલી**
15. વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ ક્યારે મનાવવામાં આવે છે – **8 મે**
16. વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ 2021ની થીમ જણાવો - **Sing, Fly, Soar-Like a bird !**
17. કઇ વૈશ્વિક સંસ્થા દ્વારા પક્ષીઓ અંગે જાગૃતિ વધે એ માટે વિશ્વ પ્રવાસી પક્ષી દિવસની ઉજવણી કરાઇ છે - **સંયુક્ત રાષ્ટ્રસંઘ**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# રાષ્ટ્રીય બાબતો

## 1. WHO : WHO દ્વારા કોરોના વાયરસના ભારતીય વેરિઅન્ટ B.1.617 ગ્લોબલ કન્સર્ન એટલે કે વૈશ્વિક ચિંતાના વિષય તરીકે વર્ગીકૃત જાહેર (આરોગ્ય)




### વેરિઅન્ટની અસરો

- ✓ ભારતમાં સૌપ્રથમ વેરિઅન્ટ B.1.617ની ઓળખ : ઓક્ટોબર 2020
- ✓ કોરોનાનો ભારતીય વેરિઅન્ટ B.1.617 વધુ ચેપી છે અને ઘણી સહેલાઈથી પ્રસરી રહ્યો છે.
- ✓ ભારતીય વેરિઅન્ટ પર એન્ટિબોડીઝની અસર ઓછી થઈ રહી છે પરંતુ તેનો અર્થ એ નથી કે આ વેરિઅન્ટમાં કોરોનાની રસી સામે વધુ પ્રતિરોધક ક્ષમતા છે.
- ✓ કોરોનાની બધી રસી ભારતીય વેરિઅન્ટને રોકવા અને સંક્રમિત લોકોના જીવ બચાવવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન
- ✓ વડુ મથક : જિનિવા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 2. ચીન : વસ્તી ગણતરી-2020નાં આંકડા જાહેર (વૈશ્વિક બાબતો)

### ચીનની કુલ વસતી 141 કરોડથી વધુ : વસતી વૃદ્ધિદર શૂન્યની નજીક



**આંકડાકીય વિગતો :**

- ✓ ગત 10 વર્ષમાં ચીનની વસતીમાં 5.38 ટકાનો વધારો થયો છે. વર્ષ 2010ની તુલનાએ ચીનની વસતીમાં આશરે 7 કરોડ 20 લાખનો વધારો.
- ✓ ચીનના રાષ્ટ્રીય વસતીગણતરીના રિપોર્ટ અનુસાર ચીનની વસતીમાં સરેરાશ દર વર્ષે 0.53 ટકાનો વધારો.
- ✓ વર્ષ 2017થી સતત ચીનના રાષ્ટ્રીય જન્મદરમાં ઘટાડો થઇ રહ્યો છે. આ કારણે ચીનમાં વસતીનો એક મોટો હિસ્સો ઝડપથી વૃદ્ધ થઇ રહ્યો છે જેનાથી ચીનની વસતીમાં વિવિધતા ઝડપથી ઓછી થઇ રહી છે જે ચિંતાની વાત છે.
- ✓ તેને સુધારવા સરકારે વન ચાઇલ્ડ પોલિસી પણ હટાવી દીધી છે અને લોકોને બે બાળકોને જન્મ આપવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે પણ હજુ સુધી સરકારને સફળતા મળી નથી.
- ✓ ચીનની સરકારે જન્મદર વધારવા માટે અનેક પ્રકારના કાર્યક્રમ ચલાવ્યા છે પણ સફળતા મળી નથી.
- ✓ 70 વર્ષમાં પહેલીવાર ચીનનો વસતીદર ઘટીને 1953ના સ્તરે પહોંચી ગયો છે.
- ✓ આ કારણે ભારત વસતી મામલે આગામી દસ વર્ષમાં ચીનને પડકારી શકે છે.
- ✓ વર્ષ 2026 વૈશ્વિક જીડીપીમાં કુલ વૃદ્ધિના પાંચમા હિસ્સાનું યોગદાન આપશે
- ✓ દુનિયાનું આર્થિક ઉત્પાદન ગત અમુક દાયકામાં ચીન દ્વારા સંચાલિત થઇ રહ્યું છે. ખાસ કરીને 2007-09ના નાણાકીય સંકટ બાદથી.
- ✓ 2000 બાદથી તેનો જીડીપી સરેરાશ 8 ટકાના વાર્ષિક દરે વધ્યો છે.
- ✓ ભારત અને જાપાન ક્રમશઃ 3.4 અને 3.5 ટકા યોગદાન આપશે. તેમાં અમેરિકાનું યોગદાન 14 ટકા રહી શકે છે.

**ભારત 2027 સુધીમાં ચીનને પાછળ છોડી સૌથી વધુ વસતીવાળો દેશબને તેવો અંદાજ**

- ✓ સંયુક્ત રાષ્ટ્રના જૂન 2019માં જારી કરાયેલા એક રિપોર્ટ મુજબ ચીનમાં જ્યાં વસતીમાં ઘટાડો થશે ત્યાં 2019માં 136 કરોડની વસતી ધરાવતા ભારતના 2027 સુધી દુનિયાના સૌથી વધુ વસતીવાળા દેશ તરીકે ચીનથી આગળ નીકળી જવાનું અનુમાન.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. દિન વિશેષ : 11 મે
## રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ




**થીમ 2021 : "Science and Technology for a Sustainable Future"**

**કોની યાદમાં ?**

- ✓ તત્કાલીન વડાપ્રધાન-શ્રી અટલ બિહારી બાજપેઇના નેતૃત્વમાં ભારતે વર્ષ-1998માં પોખરણમાં કરેલું બીજું અણુ પરીક્ષણ
- ✓ **નામ- ઓપરેશન શક્તિ**
- ✓ **મુખ્ય વૈજ્ઞાનિક - ડૉ. અબ્દૂલ કલામ**
- ✓ મંત્રાલય: સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ, ભારત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. દિન વિશેષ : 11 મે 1951
## આઝાદ ભારતમાં સોમનાથ મંદિર નિર્માણના 70 વર્ષ પૂર્ણ



- ✓ તા. 11 મે 1951ના રોજ સવારે પોણા દસ વાગ્યે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ દ્વારા સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. જન્મ દિન વિશેષ : 11 મે
## તસવીરકળાના કસબી : જગન મહેતા



**જન્મ : 11 મે - 1909**

**અવસાન : 10 ફેબ્રુઆરી - 2003**

- ✓ આજે પ્રસિદ્ધ દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ અને તસવીરકળાના કસબી એવા જગન મહેતાનો જન્મદિવસ.
- ✓ વિરમગામમાં જન્મેલા જગન મહેતાએ કલાગુરુ રવિશંકર રાવળના સાંનિધ્યમાં તસવીર કળામાં પ્રસ્થાન કર્યું.
- ✓ ફોટોગ્રાફીનું કામ શીખવા જર્મની પણ ગયા હતા પણ નાદુરસ્ત તબિયતને કારણે સ્વદેશ પરત આવ્યા.
- ✓ જર્મનીમાં સુભાષચંદ્ર બોઝને પણ મળ્યા હતા.
- ✓ સ્વદેશ પરત ફરી અહીં જ વિવિધ સંસ્થા અને જાત અનુભવોના આધારે ફોટોગ્રાફીમાં પારંગત થયા હતા.
- ✓ જગનભાઈએ ભારતભરના તીર્થસ્થાનો અને કુદરતી સૌંદર્યવાળા સ્થાનોને પોતાની આગવી સૂઝ અને સમજથી કેમેરામાં કેદ કર્યા હતા.
- ✓ તેઓએ ગાંધીજીની બિહાર શાંતિયાત્રાથી લઈ ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી જનજીવનની તસવીરો કચકડે કંડારી હતી.
- ✓ જગન મહેતાએ 1978થી 1986 દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ગુજરાતી સારસ્વતોના ફોટોગ્રાફ્સ તૈયાર કર્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 11 મે
## શાસ્ત્રીય નૃત્યકાર મૃણાલિની વિક્રમ સારાભાઈ




**જન્મ : 11 મે 1918, જન્મ સ્થળ : કેરળ**

**અવસાન : 21 જાન્યુઆરી 2016**

**પરિચય :**

- ✓ 18 હજારથી વધુ વિદ્યાર્થીઓને ભરતનાટ્યમ, કથકલી શાસ્ત્રીય નૃત્યોની દીક્ષા આપનાર, 300થી વધુ નૃત્યનાટિકા રજૂ કરનાર મૃણાલિની વિક્રમ સારાભાઈનો જન્મ કેરળમાં 11 મે 1918ના રોજ બેરિસ્ટર પિતા અને સામાજિક કાર્યકર માતાને ઘેર થયો હતો.

- ✓ આઝાદ હિંદ ફોજનાં કેપ્ટન લક્ષ્મી સહગલ તેમનાં બહેન થાય.
- ✓ ભારતના અવકાશ વિજ્ઞાનના પિતામહ તરીકે જાણીતા પદાર્થ વિજ્ઞાની વિક્રમ સારાભાઈ તેમના પતિ થાય.

**પ્રદાન :**

- ✓ તેઓ શાસ્ત્રીય નૃત્યકાર ઉપરાંત નૃત્ય નિર્દેશક હતાં.
- ✓ અમદાવાદમાં તેમણે દર્પણ એકેડેમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ સ્થાપી હતી, જેના તેઓ ડિરેક્ટર હતાં. જ્યાં નૃત્ય, નાટક, સંગીત અને કઠપૂતળીની આજે પણ તાલીમ અપાય છે.
- ✓ નહેરુ ફાઉન્ડેશનના ચેરપર્સન તરીકે સેવા આપી ચૂક્યા છે.
- ✓ **એવોર્ડ :** પદ્મશ્રી તથા પદ્મ ભૂષણ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (11-05-2021)

1. મે 2021માં WHO દ્વારા કોરોના વાયરસના ક્યા ભારતીય વેરિઅન્ટને ગ્લોબલ કન્સર્ન એટલે કે વૈશ્વિક ચિંતાના વિષય તરીકે વર્ગીકૃત જાહેર કરાયો - **B.1.617**
2. કોરોના વાયરસના ભારતીય વેરિઅન્ટ B.1.617ની ભારતમાં સૌપ્રથમ કયારે ઓળખ થઇ હતી - **ઓક્ટોબર 2020**
3. વૈશ્વિક સંસ્થા WHOનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન**
4. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું વડુ મથક ક્યાં આવેલુ છે - **જિનિવા**
5. તાજેતરના ચીનની વસ્તી ગણતરી-2020નાં આંકડા અનુસાર ચીનની અંદાજે કુલ વસતી જણાવો - **141 કરોડથી વધુ**
6. તાજેતરના ચીનની વસ્તી ગણતરી-2020નાં આંકડા અનુસાર ચીનનો વસતી વૃદ્ધિદર કેટલો રહ્યો - **શૂન્યની નજીક**
7. તાજેતરના ચીનની વસ્તી ગણતરી-2020નાં આંકડા અનુસાર ગત 10 વર્ષમાં ચીનની વસતીમાં કેટલા ટકાનો વધારો થયો - **5.38**
8. તાજેતરના ચીનની વસ્તી ગણતરી-2020નાં આંકડા અનુસાર વર્ષ 2010ની તુલનાએ ચીનની વસતીમાં આશરે કેટલો વધારો થયો - **7 કરોડ 20 લાખ**
9. તાજેતરના ચીનની વસ્તી ગણતરી-2020નાં આંકડા અનુસાર 70 વર્ષમાં પહેલીવાર ચીનનો વસતીદર ઘટીને કયા વર્ષના સ્તરે પહોંચ્યો - **1953**
10. સંયુક્ત રાષ્ટ્રના જૂન 2019ના રિપોર્ટ મુજબ ભારત ક્યા વર્ષ સુધીમાં દુનિયાના સૌથી વધુ વસતીવાળા દેશ તરીકે ચીનથી આગળ નીકળી જશે - **2027**
11. તા. 11 મેના રોજ ભારતમાં કયો દિવસ ઉજવવામાં આવ્યો - **રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ**
12. રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ 2021ની થીમ જણાવો - **"Science and Technology for a Sustainable Future"**
13. ભારતમાં કઇ ઘટનાની યાદમાં "રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ"ઉજવવામાં આવે છે - **ભારતે વર્ષ 1998માં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં પોખરણ ખાતે કરેલું બીજું અણુ પરીક્ષણ**
14. ભારતે વડાપ્રધાન અટલ બિહારી બાજપેયી અને વૈજ્ઞાનિક ડોક્ટર અબ્દુલ કલામના નેતૃત્વમાં કરેલા બીજા અણુ પરીક્ષણને કયું નામ આપવામાં આવ્યું હતું - **ઓપરેશન શક્તિ**
15. તા. 11 મે 2021ના રોજ આઝાદ ભારતમાં સોમનાથ મંદિર નિર્માણના કેટલા વર્ષ પૂર્ણ થયા - **70**
16. તા. 11 મે 1951ના રોજ કોના દ્વારા સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી - **ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ**
17. પ્રસિદ્ધ ગુજરાતી જગન મહેતાનો જન્મદિવસ જણાવો- **11 મે 1909**
18. ગુજરાતી જગન મહેતાનું ક્ષેત્ર જણાવો – **તસવીર કળાના કસબી**
19. શાસ્ત્રીય નૃત્યકાર મૃણાલિની વિક્રમ સારાભાઈનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા. 11 મે 1918 તથા કેરળ**
20. ભારતના અવકાશ વિજ્ઞાનના પિતામહ તરીકે જાણીતા પદાર્થ વિજ્ઞાની વિક્રમ સારાભાઇના પત્ની તથા આઝાદ હિંદ ફોજનાં કેપ્ટન લક્ષ્મી સહગલનાં બહેનનું નામ જણાવો - **મૃણાલિની સારાભાઈ**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. નિર્ણય : ગુજરાત સરકાર



### (1) મા-અમૃતમ, મા-વાત્સલ્ય અને આયુષ્યમાન ભારત કાર્ડધારકોને હવે કોરોના માટે ખાનગી સારવારનો લાભ

**વિગત :**

- ✓ રાજ્યના જે ગરીબ અને મધ્યમવર્ગી પરિવારો મા-અમૃતમ્-, મા-વાત્સલ્ય કે આયુષ્યમાન ભારતનું કાર્ડ ધરાવે છે તે પરિવારોમાં જો કોઇ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થાય તો તેમને ખાનગી હોસ્પિટલમાં દરરોજના રૂ. 5 હજાર સુધી અને 10 દિવસ લેખે કુલ રૂ. 50 હજાર સુધીની મર્યાદામાં સારવાર વિનામૂલ્યે મળશે.
- ✓ આ નિર્ણયને પરિણામે રાજ્યના 80 લાખથી વધુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને કોરોનાની સારવારના ખર્ચમાં રાહત મળશે.
- ✓ **સમયમર્યાદા :** આ લાભ 10મી જુલાઈ-2021 સુધી આવા કાર્ડધારકોને અપાશે.

### (2) કોરોનામાં મૃત્યુ પામેલા સ્મશાન ગૃહના કર્મીના વારસને રૂ. 25 લાખનું વળતર




**વિગત :**

- ✓ પહેલી એપ્રિલ, 2020ની અસરથી અપાશે.
- ✓ સ્મશાનગૃહમાં ફરજ બજાવતો કર્મચારી કોરોનાના જાન ગુમાવે તો તેમના વારસને રૂ. 25 લાખની સહાય-વળતર પણ રાજ્ય સરકાર તરફથી અપાશે.
- ✓ આ નિર્ણયને કારણે કોરોનાના કપરા સમયમાં મૃતદેહોના અંતિમ સંસ્કાર કરતા સ્મશાનગૃહોના કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને લાભ થશે.

## (3) 'મારું ગામ કોરોનામુક્ત ગામ' વધુ પાંચ દિવસ લંબાવાયુ : તા. 1 થી 20 મે

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નિર્ણય : ગુજરાત સરકાર

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં "મારૂ કુંભાર" જાતિનો સમાવેશ




- ✓ **લાભ :** હવે સમસ્ત "મારૂ કુંભાર" જાતિના નાગરિકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર અને અન્ય લાભો વધુ સરળતાથી મેળવી શકશે
- ✓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ યાદીમાં ક્રમાંક:૯૯ ઉપર "કુંભાર" તથા તેની પેટા જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ ગીર સોમનાથ જિલ્લાના કુંભાર જ્ઞાતિની પેટા શાખ "મારૂ કુંભાર" જાતિના કેટલાક અરજદારોને તેઓના દસ્તાવેજોમાં "મારૂ કુંભાર" દર્શાવેલ હોવાના કારણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડતી હતી જે અંતર્ગત આ નિર્ણય કરાયો
- ✓ **સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી :** શ્રી ઇશ્વરભાઇ પરમાર
- ✓ **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કલ્યાણના રાજ્ય મંત્રી :** શ્રી વાસણભાઇ આહીર
- ✓ **વિભાગ :** સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. તૌકતે (TAUKTAE) વાવાઝોડુ (કુદરતી આપત્તિ)

- ✓ **ઉદભવ :** લક્ષદ્વીપ-અરબ સાગર
- ✓ **સંભવિત અસરગ્રસ્ત વિસ્તાર :** કચ્છ અને સૌરાષ્ટ્રનો દરિયાકિનારો
- ✓ **વાવાઝોડાનું નામ આપનાર દેશ :** મ્યાનમાર
- ✓ **ભાષા :** બર્મીઝ
- ✓ **અર્થ :** ગરોળીનું નામ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 4. ભારત બાયોટેક : હૈદરાબાદ

## દેશમાં પ્રથમવાર ભારત બાયોટેકની સ્વદેશી કોરોના વેક્સિનને 2 થી 18 વર્ષના બાળકો ઉપર ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી




**વિગત :**

- ✓ ભારતમાં પહેલીવાર બાળકો માટેની કોરોના રસીની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવામાં આવી રહી છે.
- ✓ ભારત બાયોટેકની કોરોના રસી કોવેક્સિનની બે થી 18 વર્ષ વચ્ચેના બાળકો પર બીજા અને ત્રીજા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલ માટે નિષ્ણાતોની પેનલે ભલામણ કરી છે.

- ✓ દિલ્હીની એમ્સ, પટણાની એમ્સ, નાગપુરની મેડિટ્રિના ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિઝ સહિતની વિવિધ સાઇટ પર 525 બાળકો પર ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરાશે.
- ✓ મંજૂરી : ડ્રગ્સ રેગ્યુલેટરી, ભારત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. કેન્દ્ર સરકાર : બેટરી ઇક્વિપમેન્ટ ઉત્પાદન માટે રૂ. 18100 કરોડની PLI સ્કીમને મંજૂરી (પર્યાવરણ)




**ફાયદા :**

- ✓ આ મંજૂરીને પગલે આયાત ખર્ચ ઘટાડવામાં તેમ જ ઘરેલુ ઇંધણને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.
- ✓ તેને પગલે દેશમાં ઇલેક્ટ્રીક મોબિલિટીને પણ વેગ મળશે.
- ✓ તેને કારણે બે થી અઢી લાખ કરોડ રૂપિયાના તેલ બીલની બચત થશે, નેશનલ પ્રોગ્રામ ઓન એડવાનસ્ડ કેમિસ્ટ્રી સેલ (એસીસી) બેટરી સ્ટોરેજ હેઠળ આ યોજનાને મંજૂરી મળી છે.
- ✓ કેન્દ્ર સરકારે ગયા વર્ષે કોરોના કાળમાં પીએલઆઇ સ્કીમની શરૂઆત કરી હતી.
- ✓ PLI : પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 6. UNO : વર્લ્ડ ઇકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ રિપોર્ટ-2021 (આર્થિક)

### વર્ષ 2021માં ભારતનો ગ્રોથ રેટ 7.5 ટકા રહેવાની સંભાવના




**રિપોર્ટના મહત્વના તથ્યો :**

- ✓ સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ 2021ના ભારતના જીડીપી ગ્રોથરેટના અંદાજમાં 0.2 ટકાનો વધારો કર્યો છે.
- ✓ વર્ષ 2021માં ભારતનો જીડીપી ગ્રોથેરેટ 7.5 ટકા રહેવાની સંભાવના છે પરંતુ ભારતનો ગ્રોથરેટ વર્ષ 2021 માટે ઘણો નાજુક રહેશે.
- ✓ કોરોના સંક્રમણમાં થઇ રહેલા વધારાના કારણે ઘણા દેશોની આર્થિક રિકવરી સામે પડકારો યોજાયા છે.
- ✓ વર્ષ 2022માં ભારતનું અર્થતંત્ર 10.1 ટકાના દરે વૃદ્ધિ પામશે.
- ✓ ભારતે વેક્સિનની યોગ્યતામાં વિસ્તાર કર્યો છે અને પૂરવઠો વધારી રહ્યો છે તેમ છતાં વ્યાપક માગને પહોંચી વળવા વેક્સિનની ઉપલબ્ધતા

અસમાન અને અપુરતી છે. આ પ્રવાહી સ્થિતિના કારણે વર્ષ 2021માં ભારતના વિકાસનું ચિત્ર ઘણું નાજૂક જણાઇ રહ્યું છે.

**વૈશ્વિક અર્થતંત્ર વિશે :**

- ✓ <u>વર્ષ 2021માં વૈશ્વિક અર્થતંત્ર 5.4 ટકાના દરે વિકાસ</u> કરશે.
- ✓ વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે <u>વૈશ્વિક અર્થતંત્રના ગ્રોથરેટમાં 3.6 ટકાનો મોટો ઘટાડો</u> નોંધાયો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વિવાદ (વૈશ્વિક બાબતો)

- ✓ **<u>વિવાદનું મૂળ કારણ :</u>** જેરુસલેમને લઈને 100 વર્ષથી બંને દેશો વચ્ચે વિવાદ-લોહિયાળ સંઘર્ષ




**ઇતિહાસ અને વર્તમાન :**

- ✓ ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચેના આ સંઘર્ષનું કારણ વર્ષો જુનું છે. 1948માં ઇઝરાયેલની આઝાદી પછી આરબ દેશો અને ઇઝરાયેલ ઘણી વખત સામસામે આવી ચુક્યા છે. પેલ્સ્ટાઇનના પ્રદર્શનકારીઓ અને ઇઝરાયેલ પોલીસ વચ્ચે અવારનવાર જેરુસલેમ અને આસપાસના વિસ્તારોમાં ઘર્ષણ થતું રહે છે.
- ✓ શેખ જર્રાહ પૂર્વ જેરુસલેમનો વિસ્તાર છે જ્યાંથી ઇઝરાયેલ પેલેસ્ટાઇનના પરિવારોને કાઢીને યહુદી પરિવારોને વસાવી રહ્યું છે. ઇઝરાયેલ દ્વારા શેખ જર્રાહને ખાલી કરાવવામાં આવતા પેલેસ્ટાઇન દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો.
- ✓ ગયા શુક્રવારે રમઝાન મહિનાનો છેલ્લો શુક્રવાર હતો જેના કારણે જેરુસલેમની મસ્જિદ અલ અક્સામાં મોટી સંખ્યામાં મુસ્લિમો નમાજ માટે એકઠા થયા હતા. નમાજ બાદ આ લોક શેખ જર્રાહને ખાલી કરાવવા માટે વિરોધ પ્રદર્શન કરવા લાગ્યા હતા. આ વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ લીધું અને જોતજોતામાં ઇઝરાયેલની સેના અને પેલ્સ્ટાઇન વચ્ચે અથડામણ થઇ ગઇ.
- ✓ <u>વિવાદનું કારણ 10મેના રોજ મનાવવામાં આવેલા જેરુસલેમ ડેને પણ ગણાવવામાં આવે છે. હકિકતે જેરુસલેમ જે 1967ના અરબ-ઇઝરાયેલ યુદ્ધમાં ઇઝરાયેલની જીતની ખુશીમાં મનાવવામાં આવે છે. ઇઝરાયેલે આ યુદ્ધને 6 દિવસની અંદર જ જીતી લીધું હતુ. અને પૂર્વ જેરુસલેમ પર કબજો કરી લીધો હતો.</u>
- ✓ <u>જેરુસલેમ મુસ્લિમ, ઇસાઇ અને યહૂદી ત્રણે ધર્મના લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. અહીં અલ-અક્સા મસ્જિદ છે. મુસ્લિમોનું માનવું છે કે પયગંબર મોહમ્મદ મક્કાથી અહીં આવ્યા હતા. આ મસ્જિદની પાસે ‘ડોમ ઓફ રોક’ પણ છે. મુસ્લિમોની માન્યતા અનુસાર આ જગ્યાએથી જ પયગંબર મોહમ્મદે સ્વર્ગની યાત્રા કરી હતી. મક્કા અને મદીના બદા મુસ્લિમો માટે આ ત્રીજી સૌથી પવિત્ર જગ્યા છે.</u>
- ✓ <u>જેરુસલેમમાં ઇસાઇઓનું પવિત્ર ‘ધ ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર’</u> પણ છે. દુનિયાભરના ઇસાઇઓનું માનવું છે કે ઇસા મસીહાને આ જગ્યા પર સુલી પર ચઢાવવામાં આવ્યા હતા અને આ જ સ્થળ છે જ્યાં ઇશુ ફરીથી જીવીત થયા હતા.
- ✓ <u>જેરુસલેમમાં એક વેસ્ટર્ન વોલ</u> છે. યહુદીઓનું કહેવું છે કે અહીં એક સમયે તેઓનું પવિત્ર મંદીર હતું અને આ દિવાલ તેની બચેલી નિશાની છે. અહીં જ યહુદીઓની સૌથી પવિત્ર જગ્યા ‘હોલી ઓફ હોલીઝ’ છે. યહુદીઓ માને છે કે આ

જગ્યાએ જ ઇબ્રાહિમે તેમના દિકરા ઇસાકની કુરબાની આપી હતી. યહુદીઓ એવું પણ માને છે કે આ જગ્યાએથી જ સમગ્ર વિશ્વનું નિર્માણ થયું.

- ✓ જેરુસલેમ ત્રણે ધર્મોના પવિત્ર સ્થળોની સાથે સાથે વિવાદનું પણ કારણ છે. 1967ના યુદ્ધમાં જીત પછી ઇઝરાયેલે સમગ્ર પૂર્વ જેરુસલેમ પર કબજો કરી લીધો છે જેના કારણે તે આ સમગ્ર જગ્યાને તેમની રાજધાની માને છે. જો કે આંતરરાષ્ટ્રીય સમુદાય તેની આ વાતને નથી માનતો તો પેલેસ્ટાઇનના લોકોનું કહેવું છે કે જ્યારે પેલેસ્ટાઇન એક સ્વતંત્ર રાષ્ટ્ર બનશે ત્યારે આ તેમની રાજધાની બનશે.
- ✓ <u>પેલેસ્ટાઇની માગ છે કે ઇઝરાયેલ 1967 પહેલાની આંતરરાષ્ટ્રીય સરહદ સુધી પાછા ચાલ્યા જાય અને વેસ્ટ બેંક તથા ગાઝા પટ્ટીમાં સ્વતંત્ર પેલેસ્ટાઇન રાષ્ટ્રની સ્થાપના થાય</u>. આ સિવાય ઇઝરાયેલ પૂર્વ જેરુસલેમ પરનો તેમનો દાવો છોડે. આ તરફ ઇઝરાયેલ પેલેસ્ટાઇનની આ માંગોને ફગાવે છે અને જેરુસલેમ પરથી દાવો છોડવા તે રાજી નથી.
- ✓ ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે 100 વર્ષોથી આ ઘર્ષણ ચાલી રહ્યું છે. હાલમાં જ્યાં ઇઝરાયેલ છે ત્યાં એક સમયે તુર્કીનું શાસન હતું જેને ઓટોમાન સામ્રાજ્ય કહેવાય છે.
- ✓ 1914માં પહેલું વિશ્વ યુદ્ધ શરૂ થયું જેમાં તુર્કીએ મિત્ર રાષ્ટ્રો સામેના દેશોને સાથ આપ્યો હતો. મિત્ર રાષ્ટ્રોમાં બ્રિટન પણ સામેલ હતુ. આથી તુર્કી અને બ્રિટન સામ સામે આવી ગયા અને બ્રિટને આ યુદ્ધ જીતીને ઓટોમાન સામ્રાજ્યને બ્રિટનના કબજામાં લઇ લીધું.
- ✓ 1917માં બ્રિટનના વિદેશ સચિવ જેમ્સ બેલફ્રેરે એક ઘોષણા કરી જેમાં કહેવામાં આવ્યું કે બ્રિટન પેલેસ્ટાઇનના યહુદીઓની માતૃભૂમિ બનાવવા માટે કટીબદ્ધ છે. 1945માં બીજુ વિશ્વયુદ્ધ પુરૂ થયું જેમાં બ્રિટનને ઘણું નુકશાન થયું હતુ. તો આ તરફ યહુદીઓ પેલેસ્ટાઇનમાં આવતા રહ્યા અને બીજા દેશોએ બ્રિટન પર યહુદીઓના પુર્નવસન માટે દબાણ નાખવાનું શરૂ કર્યું. છેવટે બ્રિટને પોતાને આ મામલાથી અલગ કરી અને આ મામલે યુએનને સોંપી દીધો.
- ✓ <u>તા. 29 નવેમ્બર 1947માં યુએન દ્વારા પેલેસ્ટાઇનને બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યુ એક અરબ રાજ્ય બન્યુ અને બીજુ બન્યુ ઇઝરાયેલ. આ વર્ષે જ ઇઝરાયેલે પોતાને એક સ્વતંત્ર રાષ્ટ્રઘોષિત કરી કરી દીધું. અમેરિકાએ તાત્કાલિક એક દેશના રૂપમાં ઇઝરાયેલને માન્યતા આપી</u> દીધી હતી.
- ✓ ત્યારથી લઇને આરબ રાષ્ટ્રો અને ઇઝરાયેલ વચ્ચે ઘણા યુદ્ધો થયા જેમાં ઇઝરાયેલ દરેક યુદ્ધમાં આરબ રાષ્ટ્રોને પરાજય આપ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 8. ઘંઉ ઉત્પાદનની વૈશ્વિક સ્થિતિ-2021 (કૃષિ)



**વિશ્વના પ્રથમ ત્રણ દેશો :**

- ✓ ચીન : 1.32 કરોડ ટન
- ✓ ભારત : 1.10 કરોડ ટન
- ✓ USA

**ભારતના અગ્રેસર રાજ્યો :**

1. ઉત્તરપ્રદેશ
2. મધ્યપ્રદેશ
3. પંજાબ
4. હરિયાણા
5. રાજસ્થાન

6. બિહાર
7. ગુજરાત
8. મહારાષ્ટ્ર

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 9. દિન વિશેષ : 12 મે
## આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ




✓ **થીમ 2021:** 'A Vision for Future healthcare '

✓ **પ્રથમ નર્સ:** ફ્લોરેન્સ નાઇટિંગલની જન્મ દિવસની યાદમાં

**ફ્લોરેન્સ નાઇટિંગલ વિશે :**

✓ ફ્લોરેન્સ નાઇટિંગલે નર્સિંગને આધુનિક રૂપ આપ્યું, ચેપી રોગનો ડેટા એકઠો કરવો તેમની પહેલ

✓ આધુનિક નર્સિંગના ફાઉન્ડર ફ્લોરેન્સ નાઇટિંગલનો જન્મ ઇટાલીના ફ્લોરેન્સમાં થયો.

✓ તેઓ ગણિત અને ડેટામાં જીનિયસ હતા. આ ખાસિયતનો ઉપયોગ તેમણે હોસ્પિટલોની સ્થિતિ અને લોકોનું આરોગ્ય સુધારવા માટે કર્યો.

✓ 1853માં ક્રીમિયા યુદ્ધ દરમિયાન તેમને તુર્કીની સૈન્ય હોસ્પિટલમાં મોકલાયા.

✓ આ પહેલી વાર બ્રિટને મહિલાઓને સૈન્યમાં સામેલ કરી હતી.

✓ સૈનિકો માટે સારા ભોજન અને ચોખ્ખા કપડાંની વ્યવસ્થા કરી. પહેલી વાર સૈનિકો તરફ આટલું ધ્યાન અપાયું.

✓ તેમની માગ પર બનેલી સમિતિએ નોંધ્યું કે તુર્કીમાં 18 હજાર પૈકી 16 હજાર સૈનિકના મોત ગંદકી અને ચેપી રોગોથી થયા હતા.

✓ ફ્લોરેન્સના પ્રયાસો થકી જ બ્રિટિશ સૈન્યમાં મેડિકલ, સેનિટરી સાયન્સ અને સ્ટેટિસ્ટિકલ વિભાગ બન્યા. હોસ્પિટલોમાં સાફસફાઈનું ચલણ તેમની જ દેન છે.

✓ આ હોસ્પિટલમાં નાઇટ શિફ્ટમાં તેઓ હાથમાં મશાલ પકડીને દર્દીઓની સેવા કરતા હતા. તેથી 'લૅડી વીથ ધ લેમ્પ' નામથી મશહૂર થયા.

✓ આજે પણ તેમના માનમાં નર્સિંગની પ્રતિજ્ઞા હાથમાં લેમ્પ રાખીને લેવાય છે. આને નાઇટિંગલ પ્લેજ કહે છે.

✓ 1860માં બ્રિટનમાં તેમના નામથી નર્સિંગ સ્કૂલની સ્થાપના થઈ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 10. જન્મ દિન વિશેષ : 12 મે
## યુગમૂર્તિ સાહિત્યકાર : ર.વ.દેસાઈ




**જન્મ : 12 મે-1892**

**અવસાન : 20 સપ્ટેમ્બર-1954**

- ✓ ગુજરાતી સમાજમાં ર.વ. દેસાઈના ટૂંકા નામે પંકાયેલા રમણલાલ વસંતલાલ દેસાઈનો આજે જન્મદિવસ છે.
- ✓ ર.વ.દેસાઈનું મૂળગામ કાલોલ (પંચમહાલ)
- ✓ વડોદરા જિલ્લાના શિનોર ગામે રમણલાલ બી.એ, એમ.એ થયા પછી વડોદરામાં શિક્ષક અને પછી ગાયકવાડીમાં હજૂર કામદાર તરીકે જોડાયા હતા.
- ✓ ર.વ દેસાઈએ નાટક, નવલકથા, વાર્તા, કવિતા, આત્મકથા અને જીવનચરિત્રો ઉપરાંત ઈતિહાસ અને સંસ્કૃતિ જેવા વિષયોને કુશળતાપૂર્વક ખેડ્યા છે. છતાં એકંદરે તેમની છબી નવલકથાકાર તરીકેની રહી છે.

**સાહિત્યિક પ્રદાન :**

- ✓ 100 ઉપરાંત પુસ્તકોના રચયિતા ર.વ દેસાઈની 32 જેટલી નવલકથાઓ"માં 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત વગેરે જાણીતી નવલકથાઓ" છે.
- ✓ ગુજરાતમાં ઈતિહાસના વિષયવસ્તુની સજ્જતા સાથે નવલકથાઓ" લખનારા સર્જકોમાં દેસાઈ શીર્ષસ્થ સ્થાને છે.

**આત્મકથા :**

- ✓ 'ગઈકાલ' (1950)
- ✓ 'મધ્યાહનના મૃગજળ' (1956)
- ✓ 1932મા તેમને ગુજરાતી સાહિત્યનો માનવંતો રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.
- ✓ નવલકથાના ક્ષેત્રે મળેલી લોકપ્રિયતાને કારણે તેઓ" 'યુગમૂર્તિ' સ્વભાવને લીધે સૌજન્ય મૂર્તિ અને અંગત વર્તુળોમાં 'ભાઈસાહેબ' તરીકે જાણીતા થયા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (12-05-2021)

1. મે 2021માં ગુજરાત સરકારે કયા કાર્ડધારકોને કોરોના માટે રૂ. 50 હજાર સુધીની મર્યાદામાં ખાનગી હોસ્પિટલમાં સારવારનો લાભ આપવાનો નિર્ણય કર્યો હતો - **મા-અમૃતમ, મા-વાત્સલ્ય અને આયુષ્યમાન ભારત**
2. મે 2021માં ગુજરાત સરકારે કોરોનામાં મૃત્યુ પામેલા સ્મશાન ગૃહના કર્મીના વારસને કેટલુ વળતર આપવાનો નિર્ણય કર્યો - **રૂ. 25 લાખ**
3. મે 2021માં ગુજરાત સરકારે કોરોના સંદર્ભે ક્યા અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યા બાદ વધુ પાંચ દિવસ લંબાવાયુ હતુ - **'મારું ગામ કોરોના મુક્ત ગામ'**
4. મે 2021માં ગુજરાત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં કઈ નવી જાતિનો સમાવેશ કર્યો હતો - **"મારૂ કુંભાર"**
5. ગુજરાતના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીનું નામ જણાવો - **ઈશ્વરભાઇ પરમાર**
6. ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કલ્યાણના રાજ્ય મંત્રીનું નામ જણાવો - **વાસણભાઇ આહીર**
7. મે 2021માં લક્ષદ્વીપ-અરબ સાગરમાં ઉદભવેલા વાવાઝોડાનું નામ જણાવો - **તૌકતે (TAUKTAE)**
8. મે 2021માં લક્ષદ્વીપ-અરબ સાગરમાં ઉદભવેલા વાવાઝોડાને તૌકતે નામ ક્યા ભાષાનું છે – **બર્મીઝ**
9. તૌકતે વાવાઝોડાનું નામ કયા દેશે આપ્યું હતુ - **મ્યાનમાર**
10. બર્મીઝ ભાષાના શબ્દ તૌકતેનો અર્થ જણાવો - **ગરોળીનું નામ**
11. મે 2021માં ભારતમાં પ્રથમવાર કઈ સ્વદેશી કોરોના વેક્સિનને 2 થી 18 વર્ષના બાળકો ઉપર ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી અપાઈ - **ભારત બાયોટેકની કોવેક્સિન**
12. મે 2021માં ભારતમાં પ્રથમવાર ભારત બાયોટેકની સ્વદેશી કોરોના વેક્સિન કોવેક્સિનને 2 થી 18 વર્ષના બાળકો ઉપર ક્લિનિકલ ટ્રાયલને કોના દ્વારા મંજૂરી અપાઈ - **ડ્રગ્સ રેગ્યુલેટરી, ભારત સરકાર**
13. મે 2021માં કેન્દ્ર સરકાર દ્વારા બેટરી ઇક્વિપમેન્ટ ઉત્પાદન માટે કેટલા રૂપિયાની PLI સ્કીમને મંજૂરી આપી - **રૂ. 18100 કરોડ**
14. PLIનું વિસ્તૃત નામ જણાવો - **પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ**
15. UNOના વર્લ્ડ ઇકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ રિપોર્ટ-2021 મુજબ વર્ષ 2021માં ભારતનો ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાની સંભાવના છે - **7.5**
16. મે 2021માં સંયુક્ત રાષ્ટ્રે વર્ષ 2021ના ભારતના જીડીપી ગ્રોથરેટના અંદાજમાં કેટલા ટકાનો વધારો કર્યો - **0.2**
17. મે 2021માં સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ વર્ષ 2021માં વૈશ્વિક અર્થતંત્ર કેટલા ટકાના દરે વિકાસ કરશે - **5.4**
18. ઇઝરાયેલ-પેલેસ્ટાઇન બંને દેશો વચ્ચે 100 વર્ષથી ચાલતા વિવાદનું મૂળ કારણ જણાવો – **જેરુસલેમ**
19. જેરુસલેમ કયા ધર્મના લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે - **મુસ્લિમ, ઇસાઇ અને યહૂદી**
20. મુસ્લિમોની માન્યતા અનુસાર કઈ જગ્યાએથી પયગંબર મોહમ્મદે સ્વર્ગની યાત્રા કરી હતી - **જેરુસલેમની અલ-અક્સા મસ્જિદ**
21. કયા દેશે 1967ના યુદ્ધમાં જીત પછી સમગ્ર પૂર્વ જેરુસલેમ પર કબજો કરી જેને તેમની રાજધાની માને છે – **ઇઝરાયેલ**
22. હાલમાં જ્યાં ઇઝરાયેલ છે ત્યાં એક સમયે તુર્કીનું શાસન હતું જેને કયુ સામ્રાજ્ય કહેવાય છે - **ઓટોમાન**

23. યુએન દ્વારા કયારે પેલેસ્ટાઇનને અરબ રાજ્ય તથા ઇઝરાયેલ એમ બે ભાગમાં વહેચ્યું હતુ - **તા. 29 નવેમ્બર 1947**
24. ઘઉં ઉત્પાદનની વૈશ્વિક સ્થિતિ-2021 અંતર્ગત સૌથી વધુ ઘઉં ઉત્પાદિત કરતા વિશ્વના પ્રથમ ત્રણ દેશોના નામ જણાવો - **ચીન : 1.32 કરોડ ટન, ભારત : 1.10 કરોડ ટન તથા USA**
25. ઘઉં ઉત્પાદનની વૈશ્વિક સ્થિતિ-2021 સૌથી વધુ ઘઉં ઉત્પાદિત કરતા ભારતના રાજ્યો જણાવો – **ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, બિહાર, ગુજરાત તથા મહારાષ્ટ્ર**
26. સમગ્ર વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **12 મે**
27. "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ 2021ની થીમ જણાવો - **A Vision for Future healthcare**
28. સમગ્ર વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ" કોના યાદમાં ઉજવવામાં આવે છે - **પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલ**
29. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલનો જન્મ કયા દેશમાં થયો હતો – **ઇટાલી (ફ્લોરેન્સ શહેર)**
30. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઇટિંગલ કયા નામથી કયા નામથી પ્રખ્યાત હતા - **" લૅડી વીથ ધ લેમ્પ"**
31. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈનો જન્મદિવસ જણાવો - **12 મે 1892**
32. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈનું આખું નામ જણાવો - **રમણલાલ વસંતલાલ દેસાઈ**
33. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈની આત્મકથાનું નામ જણાવો - **'ગઈકાલ' (1950) અને 'મધ્યાહનના મૃગજળ' (1956)**
34. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈને કયા વર્ષે "રણજિતરામ સુવર્ણચંદ્રક" એવોર્ડ અપાયો હતો- **1932**
35. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈની જાણીતી નવલકથાઓના નામ જણાવો - **'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. નિર્ણય : ગુજરાત સરકાર

### (1) કોરોનાના કારણે ધોરણ 10ના રેગ્યુલર વિદ્યાર્થીઓને આ વર્ષે માસ પ્રમોશન




- ✓ ગુજરાતના અંદાજે 8.53 લાખ વિદ્યાર્થીઓને રાહત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. કોરોનામા અનાથ બાળકોને ગુજરાત સરકાર માસિક રૂ. 4000ની નિભાવ સહાય આપશે




**વિગત :**

- ✓ કોરોનામાં માતા-પિતા ગુમાવનાર આવા બાળકોને 18 વર્ષના થાય ત્યાં સુધી માસિક રૂપિયા 4000 તેમના નિભાવ માટે આપશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નિધન : ગુજરાતી સાહિત્યકાર ડો.રશીદ મીરનું 71 વર્ષની વયે નિધન




**પરિચય- કારકિર્દી :**

- ✓ પુરૂ નામ : ડો.રશીદ કમાલુદ્દીન મીર
- ✓ જન્મ : 1 જૂન 1950

- ✓ **જન્મ સ્થળ :** પડાલ, બાલાશિનોર જિ. ખેડા.
- ✓ **કર્મભૂમિ :** વડોદરા
- ✓ બાલાશિનોરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાંથી બી.એનો અભ્યાસ. 1975માં નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ પટેલ કોલેજમાંથી એમ.એ અને ઈ.સ.1980માં એમ.એસ.યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી કર્યું. .
- ✓ એમઈએસ ગર્લ્સ અને એમઈએસ બોયઝ હાઈસ્કૂલમાં ગુજરાતીના શિક્ષક અને પ્રિન્સિપાલ તરીકે સેવા આપી હતી.

**પ્રદાન-સન્માન :**

- ✓ ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ ગુજરાતી ગુજરાતી ગઝલ પર PHD કરનાર તેઓ પ્રથમ રિસર્ચ સ્કોલર હતાં!
- ✓ એમ.એસ.યુનિવર્સિટીમાંથી ગુજરાતી ગઝલ પર પહેલી-વહેલી પી.એચ.ડી કરી તેમને ગુજરાતી સાહિત્ય જગતમાં પોતાની એક આગવી ઓળખ બનાવી હતી.
- ✓ ગુજરાતી ગઝલ સમ્રાટ તરીકે ઓળખાતા ડો.રશીદ મીરના ઘણાં ગઝલ સંગ્રહો, વિવેચન પુસ્તકો તેમજ શોધ નિબંધો પ્રકાશિત થયાં છે.
- ✓ સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યાં હતા. તેઓ પ્રેમાનંદ સાહિત્ય સભાના ટ્રસ્ટી ઉપરાંત બુધસભા વડોદરાના સંચાલક હતા. તેમજ છેલ્લાં 30 વર્ષોથી 'ધબક' નામથી ગઝલનું ત્રૈ-માસિક ચલાવતાં હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 4. નિમણૂક : ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે રમેશ પવારની નિમણૂક

- ✓ BCCI : મુંબઈ



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. નિધન : દેશના ટોચના અખબાર જૂથ ટાઈમ્સ ગ્રૂપના ચેરપર્સન-પદ્મભૂષણ ઈન્દુ જૈનનું દિલ્હી ખાતે 84 વર્ષની વયે નિધન



- ✓ વિઝનરી, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ ધરાવતાં તથા સખાવતી કાર્યોમાં અગ્રેસર એવા પદ્મભૂષણથી સન્માનિત ઈન્દુ જૈન મહિલાઓ અધિકારોના પ્રબળ સમર્થક હતાં.
- ✓ 1999માં ટાઈમ્સ જૂથના ચેરપર્સન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તેમણે પોતાની સંવેદનશીલ અને સમાવેશક નેતૃત્વશક્તિથી જૂથને નવી ઊંચાઈએ પહોંચાડ્યું હતું.
- ✓ વર્ષ 2000માં તેમણે ટાઈમ્સ ફાઉન્ડેશન નામની સંસ્થાની સ્થાપના કરી હતી, જે મુખ્યત્વે સાતત્યપૂર્ણ વિકાસના ક્ષેત્રમાં કાર્યરત છે.

- ✓ તેમણે સ્થાપેલા ટાઈમ્સ રિલીફ ફંડ દ્વારા વાવાઝોડું, ભૂકંપ, પૂર તથા મહામારી જેવી આપત્તિઓ દરમિયાન મોટા પાયે સામુદાયિક સેવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- ✓ 1983માં સ્થાપિત ફિક્કી લેડીઝ ઓર્ગેનાઈઝેશન(એફએલઓ)ના તેઓ સ્થાપક અધ્યક્ષ હતાં.
- ✓ સાહિત્યમાં રૂચી ધરાવતાં ઈન્દુ જૈન 1999થી ભારતીય જ્ઞાનપીઠ ટ્રસ્ટના ચેરપર્સન તરીકે કાર્યરત હતાં.

**સન્માન :**

- ✓ પદ્મભૂષણ : 2016
- ✓ ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિયેશન દ્વારા લાઈફટાઈમ કોન્ટ્રિબ્યુશન ટુ મીડિયાનો એવોર્ડ : 2018
- ✓ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ : 2019
- ✓ ઈન્ડિયન કોંગ્રેસ ઓફ વીમેન દ્વારા લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અપાયો હતો.
- ✓ વર્ષ 2000માં તેમણે સંયુક્ત રાષ્ટ્ર ખાતે યોજાયેલી મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટને સંબોધન કર્યું હતું.
- ✓ બેનેટ, કોલમેન એન્ડ કંપનીના ચેરપર્સન તરીકે તેમણે ભારતના સૌથી મોટા મીડિયા હાઉસને ટોચના સ્થાને સ્થાપિત કર્યું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 6. ખેલકૂદ : ફોર્બ્સ મેગેઝીન 2021 માર્શલ આર્ટ ફાઈટર કોનોર મેકગ્રિગોર વર્ષ 2021માં સૌથી વધુ રૂ. 1324 કરોડની કમાણી કરનાર હાઈએસ્ટ પેઈડ એથ્લેટ

- ✓ વતન : આયર્લેન્ડ
- ✓ અમેરિકન બિઝનેસ મેગેઝીન ફોર્બ્સ દ્વારા હાઈએસ્ટ કમાણી કરનારની યાદી જાહેર કરાઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. ઈઝરાયેલ-હમાસની લડાઈનું કારણ (વૈશ્વિક બાબતો)



- ✓ સામાન્ય રીતે લડાઈ બે દેશ-પ્રદેશ વચ્ચે ચાલતી હોય.. ઈઝરાયેલ અને હમાસની લડાઈમાં ઈઝરાયેલ દેશ છે તો હમાસ સંગઠન છે. એટલે લડાઈ દેશ અને સંગઠન વચ્ચે ચાલી રહી છે.

**ઈઝરાયેલ તો જાણે દેશ તરીકે જાણીતો છે, પણ હમાસ શું છે?**

- ✓ તેનો જવાબ ઈતિહાસમાં બહુ પાછળ છૂપાયેલો છે. પણ આપણે ટૂંકમાં એટલું જાણીએ કે 'હમાસ એ હરકત અલ મુકામાહ અલ ઈસ્લામિયા' નામક સંગઠનનું ટૂંકુ નામ છે.
- ✓ આ સંગઠન પેલેસ્ટાઈનની આઝાદી માટે કામ કરે છે

**પેલેસ્ટાઈન શું છે?**

- ✓ એ માની લેવાયેલો દેશ છે, જ્યાં એક સમયે આરબોની વસતી હતી. 1947માં જ્યારે બીજું વિશ્વયુદ્ધ પુરૂ થયું ત્યારે આ વિસ્તાર બ્રિટિશરોના કબજામાં હતો. બીજી તરફ યહુદીઓ યુરોપથી હિજરત કરી રહ્યા હતા. એટલે એમને વસાવવા આ ભૂમિ આપી દેવાનું નક્કી થયું. રાષ્ટ્રસંઘમાં તેનું મતદાન થયું જેમાં ઈઝરાયેલની સ્થપના ઉપરાંત જેરૂસલેમ શહેર આરબ-ઈઝરાયેલીઓ બન્ને પાસે રહે એવો ચૂકાદો આવ્યો.

- ✓ યહુદીઓએ ચૂકાદો સ્વિકારી લીધો, આરબોએ ન સ્વિકાર્યો. યહુદીઓ પોતાને મળેલી ભૂમિ પર ઈઝરાયેલ દેશ બનાવી વસવા લાગ્યા અને ત્યારથી આરબો સાથે તેમને સંઘર્ષ શરૂ થયો. યહુદીઓ ભેગા મળીને આરબોને સાવ તો હાંકી કાઢી ન શકયા પણ આરબોની વસતી મર્યાદિત કરી દેવાઈ.
- ✓ એ મર્યાદિત વસતી આજે વેસ્ટ બેન્ક, ગાઝા પટ્ટી અને ઈસ્ટ જેરૂસલેમ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. આ વિસ્તારને આંતરરાષ્ટ્રીય સ્તરે કેટલાક દેશો 'ઓક્યુપાઈડ પેલેસ્ટાઈન ટેરેટરી' પણ કહે છે. ત્યાંજ હમાસ અને હિઝબુલ્લા સહિતના સંગઠનો આવેલા છે અને તક મળ્યે ઈઝરાયેલ પર હુમલા કરતા રહે છે.
- ✓ ગાઝા પટ્ટી, વેસ્ટ બેન્ક અને જેરૂસલેમ શહેરનો ઈસ્ટ ભાગ એમાં આરબો રહે ત્યાં સુધી ઈઝરાયેલને વાંધો નથી. પરંતુ એ પ્રદેશોમાં રહીને ઈઝરાયેલમાં આતંક ફેલાતો રહે છે.
- ✓ હવે અત્યારની માથાકૂટનું કારણ વળી સાવ નવું છે. પેલેસ્ટાઈન ઈઝરાયેલની સરહદ પર શેખ જર્રાહ નામની નાનકડી વસાહત આવેલી છે. 6 મેના દિવસે ઈઝરાયેલની કોર્ટ એ ફેંસલો સંભળાવવાની હતી કે એ પેલેસ્ટાઈન વાસીઓ રહી શકે કે નહીં.
- ✓ પેલેસ્ટાઈનવાસીઓ નહીં જ રહી શકે એમ માનીને ચૂકાદો આવે એ પહેલા વિરોધ પ્રદર્શન શરૂ થયું એટલે ઈઝરાયેલે એક મહિનાની મુદત પાડી દીધી. પણ ત્યાં સુધીમાં વિરોધ તો ચાલુ થઈ જ ગયો હતો, જે હવે મોટો બની ચૂક્યો છે.
- ✓ ઈરાન સહિત ઘણા દેશોનો હમાસ-હિઝબુલ્લા કે અન્ય ઈઝરાયેલ વિરોધી સંગઠનોને સાથ મળતો રહે છે. હમાસ તેને આઝાદ કરાવી ત્યાં પેલેસ્ટાઈન સ્થાપવા માંગે છે. એટલે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે આ માથાકૂટ ચાલતી રહે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 8. જન્મ દિન વિશેષ : 13 મે

## ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ:નીલમ સંજીવ રેડ્ડી




## જન્મ : 13 મે 1913

## અવસાન : 1 જૂન 1996

- ✓ આજે ભારતના બે પૂર્વ રાષ્ટ્રપતિઓ, અનુક્રમે ફકરુદીન અલી એહમદ અને નીલમ સંજીવ રેડ્ડીનો જન્મદિવસ છે.
- ✓ નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ જુના મદ્રાસ પ્રાંતના અનંતપુરમાં થયો હતો. શરૂનું શિક્ષણ અને કોલેજ અનંતપુરમાં કરી.
- ✓ 1929મા મહાત્મા ગાંધીની અનંતપુરની મુલાકાત પછી ભણતર છોડી સત્યાગ્રહમાં જોડાયા.
- ✓ 1942ના હિન્દ છોડો અન્દોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ દરમિયાન નીલમ સંજીવ રેડ્ડીની રાજકીય વિકાસયાત્રા પણ ચાલુ હતી.
- ✓ 1946મા મદ્રાસ લેજીસ્લેટીવ એસેમ્બલીના સભ્ય બન્યા.
- ✓ આન્ધ્રપ્રદેશના પહેલા મુખ્યમંત્રી (1962-64), બે વાર લોકસભાના સ્પીકર(1967-69), કેન્દ્ર સરકારમાં મંત્રી, કોંગ્રેસના પ્રમુખ(1960-62) અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રેડ્ડીનો પોલીટીકલ ગ્રાફ હતો.
- ✓ મોરારજી સરકારમાં સ્પીકર અને 25 જુલાઈ 1977 થી 25 જુલાઈ 1982 દરમિયાન જનતા પક્ષના ઉમેદવાર તરીકે ભારતના છઠા રાષ્ટ્રપતિ બન્યા

- ✓ તેમના રાષ્ટ્રપતિકાળ દરમિયાન મોરારજી દેસાઈ, ચરણસિંહ અને ઇન્દિરા ગાંધી એમ ત્રણ વડાપ્રધાનો આવ્યા હતા. તે સમયે તેઓ ભારતના સૌથી યુવા રાષ્ટ્રપતિ હતા.
- ✓ રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીનું 1 જુન 1996ના રોજ 83 વર્ષે બેંગ્લોરમાં અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (13-05-2021)

1. મે 2021માં અવસાન પામનાર ડૉ. રશીદ મીરનું ક્ષેત્ર જણાવો - **સાહિત્ય-ગઝલ**
2. ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાતી ગુજરાતી ગઝલ પર PHD કરનાર પ્રથમ રિસર્ચ સ્કોલરનું નામ જણાવો - **ડૉ. રશીદ મીર**
3. મે 2021માં અવસાન પામનાર પદ્મભૂષણ ઈન્દુ જૈન કયા ગ્રુપના ચેરપર્સન તરીકે સેવારત હતા - **ટાઈમ્સ ગ્રૂપ**
4. મે 2021માં ફોર્બ્સ બિઝનેસ મેગેઝિન દ્વારા કયા ખેલાડીને વર્ષ 2021માં હાઈએસ્ટ પેઇડ એથ્લેટ જાહેર કરવામાં આવ્યો છે અને તેની કમાણી જણાવો - **માર્શલ આર્ટ ફાઈટર કોનોર મેકગ્રિગોર અને રૂ. 1324 કરોડ**
5. વર્ષ 2021માં હાઈએસ્ટ પેઇડ એથ્લેટ કોનોર મેકગ્રિગોર કયા દેશનો વતની છે - **આયર્લેન્ડ**
6. ફોર્બ્સ બિઝનેસ મેગેઝિન કયા દેશમાંથી પ્રસિદ્ધ થાય છે - **USA**
7. કોરોનાના કારણે ગુજરાત સરકાર દ્વારા મે 2021માં કયા ધોરણના બોર્ડના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો નિર્ણય કરવામાં આવ્યો છે - **10th**
8. કોરોનામાં માતા-પિતા ગુમાવનાર નિરાધાર બાળકોને ગુજરાત સરકાર દ્વારા માસિક કેટલો નિભાવ ખર્ચ આપવાનો તાજેતરમાં નિર્ણય કરાયો છે - **રૂ. 4000/-**
9. કોરોનામાં માતા-પિતા ગુમાવનાર નિરાધાર બાળકોને ગુજરાત સરકાર દ્વારા તેમની કેટલી ઉંમર સુધી માસિક નિભાવ ખર્ચ આપવાનો નિર્ણય કરાયો છે - **18 વર્ષ**
10. મે 2021માં BCCI દ્વારા ભારતીય મહિલા ક્રિકેટ ટીમના નવા કોચ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **રમેશ પવાર**
11. BCCIનું વડુ મથક જણાવો – **મુંબઈ**
12. પેલેસ્ટાઈનની આઝાદી માટે કાર્યરત હમાસ સંગઠનનું વિસ્તૃત નામ જણાવો - **હરકત અલ મુકામાહ અલ ઈસ્લામિયા**
13. તા. 13 મે ભારતના કયા બે પૂર્વ રાષ્ટ્રપતિઓ જન્મદિવસ છે - **ફકરુદીન અલી એહમદ અને નીલમ સંજીવ રેડ્ડી**
14. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નીલમ સંજીવ રેડ્ડી કેટલીવાર લોકસભાના સ્પીકર બન્યા હતા - **બે વાર**

# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 14-05-2021**




# રાષ્ટ્રીય બાબતો

## 1. PM કિસાન સન્માન નિધિ યોજના (કૃષિ સહાય)

**ભારતના 9.5 કરોડ ખેડૂતના ખાતામાં વડાપ્રધાન દ્વારા PM કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત આર્થિક સહાયનો આઠમો હપ્તો જમા**




**વિગત :**

**9.5 કરોડ ખેડૂતોને રૂ. 20,000 કરોડથી વધુની રોકડ સહાય**

- ✓ વડાપ્રધાનશ્રી દ્વારા અક્ષય તૃતિયાના પવિત્ર પ્રસંગે 9.5 કરોડ ખેડૂતોના બેન્ક ખાતામાં રૂપિયા 20,000 કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરાઇ.
- ✓ પહેલીવાર પશ્ચિમ બંગાળના યોગ્યતા ધરાવતા 7.03 લાખ ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો.

**યોજનાનો પ્રથમ પ્રારંભ :**

- ✓ 24 ફેબ્રુઆરી, 2019 પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની શરૂઆત
- ✓ 1.35 લાખ કરોડ રૂપિયા અત્યાર સુધી ખેડૂતોનાં ખાતામાં જમા કરાયા
- ✓ 60 હજાર કરોડ રૂપિયા કોરોનાકાળમાં ખેડૂતોને અપાયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. IBRD : વર્લ્ડ બેંક - રેમિટેન્સ અંગે અહેવાલ (આર્થિક)

**પ્રવાસી ભારતીયોએ વર્ષ 2020માં વિશ્વમાં સૌથી વધુ 83 બિલિયન ડોલર (રૂ. 6.10 લાખ કરોડ) ભારત મોકલ્યા**

**આંકડાકીય વિગતો :**

- ✓ વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ કોરોનાથી પ્રભાવિત રહેવા છતાં 2019ની સરખામણીમાં તેમાં 0.2 ટકાનો સામાન્ય ઘટાડો જોવા મળ્યો.

✓ ભારતમાં સૌથી વધુ રેમિટેન્સ USAથી મોકલવામાં આવ્યું
✓ 2019માં ભારતને રેમિટન્સના રૂપમાં 83.3 બિલિયન ડોલર એટલે કે અંદાજે 6.13 લાખ કરોડ રૂપિયાની રકમ મળી હતી.

**વર્ષ 2020માં રેમિટેન્સ મેળવનારા વિવિધ દેશોનો ક્રમ :**

1. ભારત : 83 બિલિયન ડોલર
2. ચીન : 59.9 બિલિયન ડોલર
3. મેક્સિકો : 42.8 બિલિયન ડોલર
4. ફિલીપાઇન્સ : 34.9 બિલિયન ડોલર
5. ગ્રીસ : 29.9 બિલિયન ડોલર
6. પાકિસ્તાન : 26 બિલિયન ડોલર
7. ફ્રાન્સ : 24.4 બિલિયન ડોલર
8. બાંગ્લાદેશ : 21 બિલિયન ડોલર

**રેમિન્ટેસ વિશે :**

✓ બીજા દેશોમાં કામ કરનારા પ્રવાસીઓ તરફથી બેન્ક, પોસ્ટ ઓફિસ અથવા ઓનલાઇન ટ્રાન્સફર મારફતે પોતાના દેશમાં મોકલવામાં આવતા નાણાને રેમિટન્સ કહેવામાં આવે છે.

**IBRD – વર્લ્ડ બેંક વિશે :**

✓ IBRD : ઇન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ
✓ **વડુમથક :** વોશિંગ્ટન (DC) USA
✓ **સ્થાપના :** 1944
✓ **સભ્ય :** 189 દેશો
✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### 3. ગહિરમાથા સમુદ્રી અભયારણ્ય – ઓડિશા માસ નેસ્ટિંગમાં કાચબાના 60 લાખથી વધુ બચ્ચાં જન્મ્યા

✓ માસ નેસ્ટિંગ : મોટાપાયે ઈંડા મૂકવાની પ્રક્રિયા



✓ રાજધાની : ભૂવનેશ્વર
✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

### 4. નેપાળ : કે.પી. શર્મા ઓલીના ત્રીજીવાર નેપાળના PM તરીકે શપથ (વૈશ્વિક રાજકારણ)

✓ રાષ્ટ્રપતિ : વિધાદેવી ભંડારી
✓ રાજધાની : કાઠમંડુ



✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### 5. પેઈન્ટર પાબ્લો પિકાસો (કલા)

પ્રખ્યાત પેઇન્ટિંગ 'વુમન સીટિંગ નિયર વિન્ડો' (મેરી થેરેસી)ની રૂ.750 કરોડમાં હરાજી



**વિગત :**

- ✓ વિખ્યાત પેઈન્ટર પાબ્લો પિકાસોની 1932ની અત્યંત જાણીતું પેઈન્ટિંગ 'વુમન સીટિંગ નિયર વિન્ડો' (મેરી થેરેસી) રૂ.750 કરોડમાં લિલામ થયું.
- ✓ **લિલામી :** ન્યૂયોર્ક, USA
- ✓ પાબ્લો પિકાસો વતન : સ્પેન
- ✓ **જન્મ :** 1881
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. દિન વિશેષ : 14 મે, વૈશાખ સુદ ત્રીજ

## (1) અક્ષય તૃતીયા (અખાત્રીજ)

**મહત્વ :**

**1.** ભગવાન શ્રીવિષ્ણુના છઠા અવતાર, ભગવાન શ્રી પરશુરામનું પ્રાગટ્ય આજના જ દિવસે થયું હતું.

**2.** મહારાજા ભગીરથ પરમ પવિત્ર માં ગંગાને આજના દિવસે જ આ ધરતી પર લાવ્યા હતા.

**3.** આજના દિવસથી જ સતયુગનો મંગલ પ્રારંભ થયો હતો.

4. મહર્ષિ વેદવ્યાસજીએ આજના દિવસથી જ મહાભારત લખવાનો પ્રારંભ કર્યો હતો.

**5.** સુદામાએ એના પરમ સખા દ્વારકાધીશ ભગવાન શ્રી કૃષ્ણને આજના દિવસે જ તાંદુલ(પૌવા)ની ભેટ ધરી હતી.

**6.** ભગવાન શ્રીકૃષ્ણએ આજના દિવસે જ દ્રૌપદીને અક્ષયપાત્ર(જેમાં ક્યારેય અન્ન ન ખૂટે એવું પાત્ર) ભેટમાં આપ્યું હતું.

**7.** જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવજીએ લાંબા ઉપવાસ બાદ આજના દિવસે જ શેરડીનો રસ પીને પારણા કર્યા હતા.

**8.** વૃંદાવનમાં બાંકે બિહારિજીના ચરણના દર્શન વર્ષમાં માત્ર એકવાર આજના દિવસે જ થાય છે.

**9.** કુબેરજી વર્ષમાં માત્ર એકવાર આજના દિવસે જ એના ધનના ભંડાર ભરેલા રહે તે માટે લક્ષ્મી-નારાયણની પૂજા કરે છે.

**10.** ભગવાન જગન્નાથજીની પવિત્ર રથયાત્રા માટેનો રથ તૈયાર કરવાનો પ્રારંભ આજના દિવસથી થાય છે.

**11.** હિન્દૂ મંદિરોમાં ભગવાનને આજથી ચંદનનો લેપ (પંચ ધાતુ ની મૂર્તિ ) કરવાની શરૂઆત થાય છે.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## (2) દિન વિશેષ : 14 મે, વૈશાખ સુદ ત્રીજ

## પરશુરામ જયંતિ

## છત્રપતિ સંભાજી મહારાજ જન્મ દિવસ



✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (14-05-2021)

1. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા અખાત્રીજ- અક્ષય તૃતિયાના દિવસે કઈ યોજના અંતર્ગત ખેડૂતોના ખાતામાં આર્થિક સહાયનો આઠમો હપ્તો જમા કરાવ્યો - **<u>પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના</u>**
2. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ચાલુ વર્ષે અક્ષય તૃતિયાના દિવસે ભારતના કુલ કેટલા ખેડૂતોના ખાતામાં કુલ કેટલી રકમ જમા કરાઇ - **<u>9.5 કરોડ અને રૂ.20,000 કરોડ</u>**
3. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પ્રારંભ ક્યારે થયો હતો - **<u>24 ફેબ્રુઆરી 2019</u>**
4. મે 2021ના IBRDના અહેવાલ મુજબ વર્ષ 2020માં વિશ્વમાં સૌથી વધુ કયા દેશના લોકોએ વિદેશમાંથી પોતાના દેશમાં નાણા મોકલ્યા છે - **<u>ભારત</u>**
5. મે 2021ના IBRDના અહેવાલ મુજબ વર્ષ 2020માં વિશ્વમાં સૌથી વધુ ભારતીયોએ કેટલા બિલિયન ડોલર ભારતમાં મોકલ્યા છે - **<u>83</u>**
6. મે 2021ના IBRDના અહેવાલ મુજબ વર્ષ 2020માં રેમિટેન્સ મેળવનાર વિશ્વના અગ્રણી દેશોના નામ અને રકમ જણાવો - **<u>ભારત : 83 બિલિયન ડોલર, ચીન : 59.9 બિલિયન ડોલર, મેક્સિકો : 42.8 બિલિયન ડોલર, ફિલીપાઇન્સ : 34.9 બિલિયન ડોલર, ગ્રીસ : 29.9 બિલિયન ડોલર, પાકિસ્તાન : 26 બિલિયન ડોલર, ફ્રાન્સ : 24.4 બિલિયન ડોલર તથા બાંગ્લાદેશ : 21 બિલિયન ડોલર</u>**
7. 'રેમિટેન્સ' એટલે શું - **<u>અન્ય દેશોમાં કામ કરતા પ્રવાસીઓ તરફથી પોતાના મૂળ દેશમાં વિવિધ માધ્યમોથી મોકલવામાં આવતા નાણા</u>**
8. IBRD-વર્લ્ડ બેંકનું વિસ્તૃત નામ જણાવો - **<u>ઇન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ</u>**
9. IBRDનું વડુ મથક જણાવો - **<u>વોશિંગ્ટન DC,USA</u>**
10. ભારતમાં 'ગહિરમાથા સમુદ્રી અભયારણ્ય' ક્યાં આવેલું છે - **<u>ઓડિશા</u>**
11. 'ગહિરમાથા સમુદ્રી અભયારણ્ય' કયા દરિયાઇ જીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે - **<u>કાચબાના માસ નેસ્ટિંગ માટે (તાજેતરમાં 60 લાખ કાચબાના બચ્ચાનો જન્મ)</u>**
12. મે 2021માં કે.પી. શર્મા ઓલીએ ત્રીજીવાર કયા દેશના PM તરીકે શપથ લીધા - **<u>નેપાળ</u>**
13. નેપાળના રાષ્ટ્રપતિનું નામ જણાવો - **<u>વિધાદેવી ભંડારી</u>**
14. નેપાળની રાજધાનીનું નામ જણાવો - **કાઠમંડુ**
15. મે 2021માં પ્રખ્યાત પેઈન્ટર પાબ્લો પિકાસોનું પેઇન્ટિંગ 'વુમન સીટિંગ નિયર વિન્ડો' (મેરી થેરેસી)ની કેટલા રૂપિયામાં હરાજી થઈ હતી - **<u>રૂ.750 કરોડ</u>**
16. વિખ્યાત પેઈન્ટર પાબ્લો પિકાસોની કયા વર્ષનું જાણીતું પેઇન્ટિંગ 'વુમન સીટિંગ નિયર વિન્ડો' (મેરી થેરેસી)ની તાજેતરમાં ન્યૂયોર્ક, USAમાં હરાજી થઇ હતી - **<u>1932</u>**
17. વિખ્યાત પેઈન્ટર પાબ્લો પિકાસોનુ વતન જણાવો - **<u>સ્પેન</u>**
18. વિખ્યાત પેઈન્ટર પાબ્લો પિકાસોનુ જન્મ ક્યા વર્ષે થયો હતો - **<u>1881</u>**
19. અક્ષય તૃતીયા અથવા અખાત્રીજ ક્યારે ઉજવવામાં આવે છે - **<u>વૈશાખ સુદ ત્રીજ</u>**
20. ભગવાન શ્રીવિષ્ણુના છઠા અવતાર પરશુરામનો પ્રાગટ્ય દિવસ(પરશુરામ જયંતિ) જણાવો – **<u>વૈશાખ સુદ ત્રીજ</u>**
21. છત્રપતિ સંભાજી મહારાજનો જન્મ દિવસ જણાવો – **<u>વૈશાખ સુદ ત્રીજ</u>**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 15-05-2021




# સ્થાનિક બાબતો

## 1. વાવાઝોડાના નામકરણ વિશે

- ✓ તાઉ'તે/તોક'તે નો અર્થ મોટો અવાજ કરતી જંગલી ગરોળી
- ✓ તાઉતે-તોકતે વર્ષ 2021નું પ્રથમ વાવાઝોડુ
- ✓ નામ આપનાર દેશ : મ્યાંમાર




- ✓ ભારત સહિત 13 દેશ દ્વારા અલગ-અલગ વાવાઝોડા માટે કુલ 64 નામ અપાયા
- ✓ વિશ્વમાં જે પણ કોઇ વાવાઝોડું આવે છે તેને એક ચોક્કસ નામ આપવામાં આવતું હોય છે.
- ✓ અરબી સમુદ્ર અને પશ્ચિમ બંગાળની ખાડીમાં આવતાં દરિયાઇ વાવાઝોડાંનું નામ રાખવાની પ્રથમ શરૂઆત વર્ષ 2004થી થઇ હતી. જેના માટે એક યાદી બનાવવામાં આવી હતી.

**આઠ દેશના ક્રમાનુસાર આઠ નામ આપવામાં આવે છે.**

- ✓ જ્યારે જે પણ દેશનો ક્રમ આવે ત્યારે તે દેશ દ્વારા આપવામાં આવેલા નામથી વાવાઝોડાનું નામકરણ કરવામાં આવે છે.
- ✓ આ વાવાઝોડાંનું નામ શક્ય તેટલું ટૂંકુ હોવું એ તેની પૂર્વશરત છે. જે 13 દેશ દ્વારા વાવાઝોડાના કુલ 64 નામ આપવામાં આવેલા છે.
- ✓ અત્યારસુધી બાંગલાદેશે આપેલું નિસર્ગ, ભારતે આપેલું ગતિ, ઈરાને આપેલું નિવાર, માલ્દિવ્સે આપેલું નિવાર નામનું વાવાઝોડું આવી ચૂક્યું છે.
- ✓ હવે પછીના વાવાઝોડાને 'યાસ'નામ ઓમાન દ્વારા અપાયું છે.

**8 દેશોએ વાવાઝોડાના આપેલા 64 નામ**

| દેશ | લિસ્ટ 1 | લિસ્ટ 2 | લિસ્ટ 3 | લિસ્ટ 4 | લિસ્ટ 5 | લિસ્ટ 6 | લિસ્ટ 7 | લિસ્ટ 8 |
|---|---|---|---|---|---|---|---|---|
| બાંગ્લાદેશ | Onil | Ogni | Nisha | Giri | Helen | Chapala | Ockhki | Fani |
| ઇન્ડિયા | Agni | Aakash | Bijli | Jal | Lehar | Megh | Sagar | Vaayu |
| માલદીવ્સ | Hibaru | Gonu | Alia | Keela | Maadi | Ronu | Makunu | Hikka |
| મ્યાનમાર | Pyaar | Yemyin | Phyan | Thane | Nanauk | Kyant | Daye | Kyarr |
| ઓમાન | Baaz | Sidr | Ward | Murjan | Hudhud | Nada | Luban | Maha |
| પાકિસ્તાન | Fanoos | Nargis | Laila | Nilam | Nilofar | Vardah | Titli | Bulbul |
| શ્રીલંકા | Mala | Rashmi | Bandu | Viyaru | Ashobaa | Maarutha | Gaja | Pawan |
| થાઇલેન્ડ | Mukda | Khaimuk | Phet | Phailin | Komen | Mora | Phethai | Amphan |

## ગુજરાતમાં વાવાઝોડાની તવારીખ

**જુન-1998 :**

- ✓ અરબી સમુદ્રમાં અતિ સિવીઅર સાયકલોનીક સ્ટોર્મ સ્પીડ 167 કિ.મી. વાવાઝોડાની ગુજરાત અને રાજસ્થાનને અસર થઈ હતી.

- ✓ સૌથી વધુ અસર પોરબંદરમાં થઈ હતી. અંદાજે રૂ.1855 કરોડનું નુકશાન થયુ હતુ. દેશભરમાં 10,000થી વધુ લોકોએ જાન ગુમાવ્યા હતા.
- ✓ ગુજરાતમાં 1100 માણસોના મોત અને 1700 લાપતા જણાયા હતા.

**મે-1999 :**

- ✓ અરબી સમુદ્ર પર વેરી સિવિયર સાયકલોનીક સ્ટોર્મ સ્પીડ 102 કિ.મી. એનાથી કચ્છ અને જામનગર જિલ્લામાં 453 માણસોના મોત સાથે ભારે નુકશાન થયુ હતુ. પ્રોપર્ટીને 85 કરોડના નુકશાનનો અંદાજ હતો.

**જૂન-2010 :**

- ✓ ફેટ વાવાઝોડા છે. ઓમાન, પશ્ચિમ ભારત અને પાકિસ્તાનમાં લેન્ડફોલ કર્યો હતો. સ્પીડ 155 કિ.મી. કચ્છમાંથી 8 હજાર લોકોને બચાવી લેવાયા હતા. વીજળી, કરંટ અને ડુબી જવાથી ગુજરાતમાં પાંચના મોત થયા હતા.

**ઓક્ટોબર -2014**

- ✓ અરબી સમુદ્રમાં સૌથી ત્રીજુ ભયાનક નીલોફર એકસ્ટ્રીબ્લી સીવીયર સાયકલોનીક સ્ટ્રોમ હતુ. પરંતુ એ નબળુ પડી ડિપ્રેશનમાં ફેરવાયુ હતુ. અને નલિયામાં જમીન પર ત્રાટકયુ હતુ. એનાથી હળવો વરસાદ અને ભારે પવન ફુંકાયો હતો. સ્પીડ 205 કિ.મી.ની હતી. ગુજરાતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

**નવેમ્બર -2017 :**

- ✓ શ્રીલંકા અને ભારતના અમુક વિસ્તારોને ધમરોળનાર જોરદાર ટ્રોપીકલ વાવાઝોડુ હતુ . 2015માં મેઘ નામના વાવાઝોડા પછી અરબી સમુદ્રમાં એ તીવ્ર ટ્રોપીકલ સ્ટોર્મ હતુ. અરબી સમુદ્રમાં આખરી તબક્કા એ ઝડપથી નબળુ પડયુ હતુ. સ્પીડ હતી 155 કિ.મી. એનાથી દક્ષિણ ગુજરાતના અમુક ભાગમાં વરસાદ થયો હતો. જેને કારણે શાકભાજી-ખેતીવાડીને નુકશાન પહોંચાડ્યુ હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નિધન : જાણીતા રંગકર્મી, દિગ્દર્શક લેખક નાટ્યકાર અને વિવેચક ગુજરાતી શ્રી ભરત દવેનું 72 વર્ષની વયે નિધન




**પુરસ્કાર-પ્રદાન :**

- ✓ તેમને 1990માં રંગભૂમિમાં પ્રદાન બદલ ગુજરાત સરકારનો "ગૌરવ પુરસ્કાર"
- ✓ ટી.વી. શ્રેણી 'ભલાભૂસાના ભેદભરમ (1987),
- ✓ નાટક "માનવીની ભવાઈ"(1988) માટે ક્રિટીકલ સંધાન એવોર્ડ
- ✓ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પુસ્તક "મહાન પાશ્ચાત્ય ચિંતકોને પુરસ્કાર
- ✓ શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ (2018)
- ✓ ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા રામપ્રસાદ બક્ષી પારિતોષિક અને નર્મદ ચંદ્રક (2016-17) પણ અર્પણ થયા હતા.
- ✓ તેમના જાણીતા નાટકોમાં સોદો, બરી ધ ડેડ, પિયો ગોરી, અંતિમ અધ્યાય હતા.
- ✓ જાણીતા આર.જે. દેવકીના તેઓ પિતા અને જાણીતા નાટ્યકાર જશવંત ઠાકરના જમાઇ થાય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 3. BRICS વિશે

- ✓ BRICS : બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા
- ✓ BRICS વિશ્વના પાંચ મુખ્ય દેશોનું જૂથ




- BRICS વિશ્વના પાંચ મુખ્ય દેશોનું જૂથ છે. આ જૂથમાં ભારત ઉપરાંત બ્રાઝિલ, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે
- વિશ્વની 42 ટકા વસતી આ પાંચ દેશોમાં વસે છે . એટલું જ નહીં વિશ્વની 23 ટકા જીડીપી, 30 ટકા ભૌગોલિક ક્ષેત્ર અને લગભગ 18 ટકા વ્યાપાર પણ આ પાંચ દેશોની અંદર સમેટાઇ જાય છે.
- વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. CNSA : ચીનમાં માનવરહિત રોવર ઝુંરોગનું મંગળ પર સફળ ઉતરાણ (અવકાશ સંશોધન)



- US પછી ચીન મંગળ પર રોવરનું ઉતરાણ કરાવનાર વિશ્વનો બીજો દેશ
- **ઝુરોંગ :** અગ્નિ અને યુદ્ધના દેવતાના નામ
- **કામગીરી :** ત્રણ માસ સુધી મંગળની ભૂમિ અને હવામાન વિશે સંશોધન કરશે

**રોવર યાનની લાક્ષણિકતા**

- રોવર યાનનું વજન 240 કિલો.
- રોવર યાનને 6 પૈડા રાખવામાં આવ્યા.
- રોવર યાન 4 સૌર પેનલથી સજ્જ.
- કલાકનાં 200 મીટર સુધી તે ફરી શકે છે.
- 6 વૈજ્ઞાનિક સાધનોમાં હાઇ ડેફિનેશન કેમેરા, રડાર અને હવામાન માટેનાં સાધનોનો સમાવેશ.

**ચીની યાન તિઆનવેન-1નું 23 જુલાઈ 2020નાં રોજ પ્રક્ષેપણ કરાયું હતું**

- ચીન દ્વારા અંતરિક્ષ યાન તિઆનવેન -1નું 23 જુલાઈ 2020નાં રોજ પ્રક્ષેપણ કરાયું હતું.
- સૌર મંડળમાં સંશોધનનાં હેતુથી આ મિશન હાથ ધરાયું છે જેમાં ઓર્બિટિંગ, લેન્ડિંગ અને રોવિંગની કામગીરી પૂરી કરાશે.
- મંગળ ગ્રહ પર અવકાશયાન અને રોવરનું સફળ ઉતરાણ કરનાર તે અમેરિકા પછી બીજો દેશ છે.
- મંગળનો એક દિવસ પૃથ્વીનાં એક દિવસ કરતા 40 મિનિટ વધુ લાંબો છે.
- રોવરને લઈ જનાર ઓર્બિટર 687 દિવસ મંગળની આસપાસ ચક્કર લગાવતું રહેશે.
- **CNSA :** ચાઈના નેશનલ સ્પેશ એડમિનિસ્ટ્રેશન
- વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. નિયુક્તિ : ભારતીય મૂળના નીરા ટંડનની US પ્રમુખના વરિષ્ઠ સલાહકાર તરીકે નિયુક્તિ



- **જવાબદારી:** વ્હાઈટ હાઉસના વરિષ્ઠ સલાહકાર
- US પ્રમુખ : જો બાઈડેન

- ✓ રાજધાની : વોશિંગ્ટન (DC)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. નિમણૂક : પેમ્પા સેરિંગ તિબેટની ચૂંટાયેલી સરકારના નવા વડાપ્રધાન બન્યા




- ✓ હિમાચલપ્રદેશના ધર્મશાલામાં તિબેટની ચૂંટાયેલી સરકારના મુખ્ય મથકમાંથી ચૂંટણીના પરિણામો જાહેર
- ✓ તિબેટની રાજધાની : લ્હાસા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. દિન વિશેષ : 15 મે
## વિશ્વ પરિવાર દિવસ




## ભારતીય વૃક્ષ દિવસ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 8. જન્મ દિન વિશેષ : 15 મે
## અમર શહિદ સુખદેવ થાપર
## જન્મ : 15-5 1907
## અવસાન : 23 3-1931




- ✓ વતનની આઝાદી વાસ્તે જે કેટલાક ઇન્કલાબી દૂધમલ જવાનિયાએ પોતાની જિંદગીને હિન્દુસ્તાનના નામ પર કુરબાન કરી દીધી છે એમાંના એક ભગતસિંહના સાથીદાર અને એમની સાથે જ ફાંસીએ ચઢી બલિદાન આપી દેશ માટે ખપી જનાર અમર શહીદ સુખદેવ થાપરનો જન્મ લુધિયાણામાં થયો હતો.
- ✓ ક્રાન્તિકારી સુખદેવ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનના સભ્ય અને પંજાબ તેમ જ ઉત્તર ભારતમાં બ્રિટિશ વિરોધી અને સ્વતંત્રતા તરફી ક્રાન્તિકારી પ્રવૃતિઓના મુખ્ય સંચાલક હતા.
- ✓ નાનપણમાં પિતાના અવસાનને કારણે તેઓ કાકાના ઘેર રહી મોટા થયા હતા.
- ✓ ભગતસિંહ સાથે રહી તેમણે પોલિસ અધિકારી સોન્ડર્સની હત્યા કરી હતી, એ લાહોર કાવતરા કેસમાં તેમને જેલની સજા થઇ હતી, જ્યાં તેમણે કેદીઓ સાથે માનવીય વ્યવહારની માગ સાથે આમરણ ઉપવાસ કર્યા હતા.

- ✓ નવી દિલ્હીની કેન્દ્રીય ધારાસભામાં તેમણે બોમ્બ ફેંક્યા હતા. એ આરોપસર ભગતસિંહ અને શિવરામ રાજગુરુ અને તેમના પર એક તરફી ખટલો ચલાવી ફાંસીની સજા ફરમાવાઈ હતી અને 23-3-1931ના રોજ ત્રણેયને ફાંસી અપાઈ હતી.
- ✓ તેમની યાદમાં પંજાબમાં સ્મારક, કોલેજ અને બસસ્ટેન્ડ બનાવાયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721




- ✓ **હિન્દી સાહિત્યકાર આચાર્ય મહાવીર પ્રસાદ દ્વિવેદીનો જન્મદિવસ**
- ✓ **ભારતીય તત્વજ્ઞાન દેવેન્દ્રનાથ ઠાકુર જન્મદિવસ**
- ✓ **ભારતના પ્રથમ લશ્કર પ્રમુખ ફિલ્ડ માર્શલ કે એમ કરિઅપ્પા નિર્વાણ દિવસ**
- ✓ **સંત જનાબાઈ નિર્વાણ દિવસ**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (15-05-2021)

1. તાઉ'તે/તોકતે વાવાઝોડાનો અર્થ જણાવો - **મોટો અવાજ કરતી જંગલી ગરોળી**
2. વર્ષ 2021ના પ્રથમ વાવાઝોડાનું નામ જણાવો- **તાઉ'તે /તોકતે**
3. મે-2021માં નિધન પામેલ ગુજરાતી ભરત દવેનું ક્ષેત્ર જણાવો – **રંગકર્મી, દિગ્દર્શક લેખક નાટ્યકાર અને વિવેચક**
4. BRICSનું વિસ્તૃત નામ જણાવો - **બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા**
5. મે-2021માં ચીનમાં કયા માનવરહિત રોવરનું મંગળ પર સફળ ઉતરાણ કરાવાયું - **ઝુરોંગ**
6. મંગળ ઉપર માનવરહિત રોવરનું સફળ ઉતરાણ કરાવનાર પ્રથમ દેશ – **USA (બીજો ચીન)**
7. ચીનની અવકાશ વિજ્ઞાન સંસ્થાનું નામ જણાવો - **CNSA**
8. CNSAનું વિસ્તૃત નામ જણાવો - **ચાઈના નેશનલ સ્પેશ એડમિનિસ્ટ્રેશન**
9. ઝુરોંગ રોવર યાનની કામગીરી જણાવો - **મંગળની ભૂમિ અને હવામાન વિશે સંશોધન**
10. મે 2021માં ભારતીય મૂળના કયા મહિલાની US પ્રમુખના વરિષ્ઠ સલાહકાર તરીકે નિયુક્તિ કરાઈ - **નીરા ટંડન**
11. મે 2021માં તિબેટની ચૂંટાયેલી સરકારના નવા વડાપ્રધાનનું નામ જણાવો - **પેમ્પા સેરિંગ**
12. તિબેટની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **લ્હાસા**
13. વિશ્વ પરિવાર દિવસ અને ભારતીય વૃક્ષ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **15 મે**
14. અમર શહિદ સુખદેવ થાપરનો જન્મ દિવસ જણાવો - **15 મે**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# રાષ્ટ્રીય બાબતો

## 1. કોરોના મહામારી : ભારતના ગ્રામીણ-આદિવાસી વિસ્તારો માટે કેન્દ્ર સરકારની નવી ગાઈડલાઈન (આરોગ્ય)

- ✓ મુખ્ય : નવી ગાઈડલાઈન સર્વેલન્સ અને સ્ક્રીનિંગ પર ભાર મૂકાશે
- ✓ નવી ગાઈડલાઈન મુજબ નર્સ અને હેલ્થ વર્કર્સ નોડલ પર્સન તરીકે કામ કરશે જ્યારે આશા વર્કર્સ તાવ અને શરદીનું મોનિટરિંગ કરશે.

**ગ્રામીણ વિસ્તારો માટે કેન્દ્રની કોરોના ગાઈડલાઈન**

- ✓ દરેક ગામડાઓમાં ઈન્ફ્લૂએન્ઝા જેવા તાવ અને શરદીના રોગો પર સતત દેખરેખ રાખવા અને આશા વર્કર્સ દ્વારા સિવિયર એક્યુટ રેસ્પિરેટરી ઈન્ફેક્શન (SARI) પર સતત તપાસ રાખવામાં આવે, જેમાં વિલેજ હેલ્થ સેનિટેશન એન્ડ ન્યુટ્રીશન કમિટી (VHSNC)ની મદદ લેવામાં આવે.
- ✓ ટેલિકન્સલ્ટેશન દ્વારા કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) દ્વારા ઈન્ફેક્શનની ગંભીરતા નક્કી કરવા તેમજ કોમોર્બિડિટીઝ કેસોમાં યોગ્ય ભલામણ કરવા અને ઓછું ઓક્સિજન ધરાવતા કેસ નજીકના મોટા હેલ્થ સેન્ટરો ખાતે મોકલવા પગલાં લેવા સૂચવાયું છે.

**ગ્રામીણ વિસ્તારો માટે**

- ✓ કોન્યુનિટી હેલ્થ ઓફિસરને રેપિડ એન્ટિજન ટેસ્ટ (RAT)ની તાલીમ આપવા તેમજ તમામ પબ્લિક હેલ્થ કેન્દ્રો ખાતે ટેસ્ટિંગ કિટ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચના અપાઈ છે.
- ✓ ટેસ્ટનું પરિણામ ન આવે ત્યાં સુધી દર્દીઓને અન્યોથી જાતે જ અલગ આઈસોલેશનમાં રહેવા સૂચના આપવી. કોરોનાનાં લક્ષણો ન હોય પણ કોરોનાનું વધુ જોખમ હોય તેવા દર્દીને ક્વોરન્ટાઈન કરવા અને ICMR પ્રોટોકોલ મુજબ ટેસ્ટ કરવા.
- ✓ કોન્ટેક્ટ ટ્રેસિંગ કરવું અને જેઓ કોરોના પોઝિટિવ જણાય તેમને હોમ ક્વોરન્ટાઈન કરવા.
- ✓ દરેક દર્દીનું વખતોવખત ઓક્સિજન લેવલ તપાસવું. આ માટે જરૂરી મેડિકલ સાધનો દરેક કેન્દ્રો ખાતે સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી.
- ✓ થર્મોમિટર, પલ્સ ઓક્સિમિટર તમામ પરિવારોને લોન પર આપવા તેમજ ફ્રન્ટલાઈન વર્કર્સ તથા વોલ્યુન્ટિયર્સ તેમજ શિક્ષકોને આ કાર્યમાં સાથે રાખવા અને તેમને કોરોના વકરે નહીં તેવા પગલાં લેવાની તાલીમ આપવી. ઘરે ઘરે જઈને તપાસ કરવી.
- ✓ દરેક કોરોનાગ્રસ્તોને હોમ આઈસોલેશન કિટ આપવી તેમજ પેરાસિટામોલ ૫૦૦ mg, આઈવરમેક્ટિન, કફ સિરપ, મલ્ટિવિટામિન્સ

આપવા. દર્દીએ કેવી તકેદારી રાખવી તે દર્શાવતા પ્રિન્ટેડ પેમ્ફલેટ્સ આપવા, કઇ કઇ સાવચેતી રાખવી તેની માહિતી આપવી, મેડિકેશનની વિગતો આપવી.

- ✓ હોમ આઇસોલેશન વખતે દર્દીની સ્થિતિ પર સતત દેખરેખ રાખવી, કોઇ ગંભીર અસરો દેખાય કે દર્દીની સ્થિતિ બગડે તો હેલ્થ ઓફિસરનો સંપર્ક સાધવો. દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવાનાં ધોરણોનું પાલન કરવું.
- ✓ હોમ આઇસોલેશન વખતે દર્દીને શ્વાસ લેવામાં તકલીફ હોય અને ઓક્સિજન લેવલ ૯૪થી ઓછું હોય તેમજ છાતીમાં દુખાવાની ફરિયાદ હોય તો ડોકટરનો સંપર્ક સાધીને તાત્કાલિક સારવાર આપવી.
- ✓ ઓક્સિજનનું પ્રમાણ ૯૪થી ઓછું હોય તો ઓક્સિજન બેડ આપવી.
- ✓ હોમ આઇસોલેશનમાં રહેનાર દર્દીનો ૧૦ દિવસનો સમય પૂરો થાય એટલે રજા આપવી.
- ✓ કોવિડ કેર સેન્ટરમાં ૩૦ બેડની વ્યવસ્થા કરવી. સામાન્ય લક્ષણો ધરાવનારને કોવિડ હેલ્થ કેર સેન્ટરમાં દાખલ કરવા.
- ✓ પ્રાઇમરી હેલ્થ સેન્ટર, કમ્યુનિટી હેલ્થ સેન્ટર કે સ્કૂલો કે કોમ્યુનિટી હોલ કે મેરેજ હોલ, પંચાયત ભવનમાં કોવિડ કેર સેન્ટર બનાવવા
- ✓ બે બેડ વચ્ચે યોગ્ય અંતર જાળવવું. યોગ્ય વેન્ટિલેશન રાખવું.
- ✓ <u>મંત્રાલય : હેલ્થ એન્ડ ફેમેલી વેલ્ફર, નવી દિલ્હી</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>2. જગન્નાથજીની રથયાત્રા : પુરી-ઓડિશા</u>

- ✓ નરેન્દ્ર સરોવરથી 21 દિવસની ચંદન યાત્રા શરૂ

### <u>વિવિધ રથ વિશે :</u>

- ✓ ભગવાન જગન્નાથજીની રથયાત્રા માટે દર વર્ષે 3 રથ બનાવાય છે. આ રથોમાં પૈડાથી લઇને શિખરના ધ્વજદંડ સુધી 34 અલગ અલગ ભાગ હોય છે.
- ✓ ત્રણેય રથના નિર્માણમાં 4000 લાકડાના હિસ્સા તૈયાર કરવામાં આવે છે. તેમાં 8-8 ફૂટના 865 લાકડાના જાડા થડ એટલે કે 13000 ક્યૂબિક ફૂટ લાકડાનો વપરાશ થાય છે.
- ✓ આ લાકડું નયાગઢ, ખુર્દા, બૌધ વિસ્તારના જંગલોથી 1000 વૃક્ષો કાપીને એકઠું કરવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# <u>આંતરરાષ્ટ્રીય બાબતો</u>

## <u>3. પ્લુટોનિયમ-244 આઇસોટોપ (ભૂસ્તરશાસ્ત્ર)</u>

### <u>સંશોધન : પ્રશાંત મહાસાગરમાં 5000 ફૂટ ઊંડેથી અબજો વર્ષ જૂના પ્લુટોનિયમ-244ના આઇસોટોપ મળ્યા</u>

### <u>વિગત :</u>

- ✓ <u>પૃથ્વીના સૌથી વિશાળ અને સૌથી ઊંડા પ્રશાંત મહાસાગરમાં 5,000 ફૂટ ઊંડેથી વિજ્ઞાનીઓને 4.5 અબજ વર્ષ જૂના પ્લૂટોનિયમ-244 આઇસોટોપ મળી આવ્યા.</u>

### <u>આઇસોટોપ વિશે :</u>

- ✓ **<u>વિજ્ઞાનીઓની મતે:</u>** બે ન્યૂટ્રોન સ્ટારની અથડામણથી આ ધાતુના આઇસોટોપ અવકાશમાં ફેલાયા હશે.
- ✓ આપણા સૂર્ય અને પૃથ્વીનો જન્મ એ પછી થયો છે. એટલે પૃથ્વીના ખૂબ ઊંડાણમાં આ ધાતુના આઇસોટોપ ધરબાઇ ગયા હશે.
- ✓ એસ્ટ્રોફિઝિકલ વિજ્ઞાન કહે છે કે ધાતુઓની યાદી દર્શાવતા પીરીઓડિક ટેબલમાં લોખંડ પછી આવનારી હેવી મેટલ આપણી પૃથ્વી ઉપર સામાન્ય સંજોગોમાં બનતી જ નથી. તે અવકાશી

ઘટનાઓ થકી જ પૃથ્વી પર આવી હશે. આવા આઇસોટોપની વય 8 કરોડ વર્ષની હોય છે.

- ✓ આ શોધ કરનાર અણુવિજ્ઞાન સંસ્થા ઓસ્ટ્રેલિયન ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઓર્ગેનાઈઝેશન દ્વારા મળી આવેલા આઇસોટોપની ઉંમર અલ્ટ્રાસેન્સિટીવ સિસ્ટમથી માપી હતી. તે 4.5 અબજ વર્ષ જૂના જણાયા હતા.
- ✓ આ એ સમય છે જ્યારે બે ખૂબ મોટા ન્યૂટ્રોન સ્ટાર વચ્ચે અથડામણ સર્જાઇ હતી. એ વિસ્ફોટમાં ચારેબાજુ વ્યાપેલા વાયુઓ અને ધાતુના આઇસોટોપ એકબીજામાં વલોવાઈને કરોડો વર્ષમાં ધીમે ધીમે ઘન થયા હતા. એમાંથી જ આપણા સૂર્ય અને બધા ગ્રહોની રચના થઇ હતી.
- ✓ આ શોધ પછી આખા વિશ્વના વિજ્ઞાનીઓ સામે મૂંઝવણ ઊભી થઇ છેકે પૃથ્વી ઉપર સોનું, યુરેનિયમ અને એવી બીજી હેવી ધાતુઓ અહીં બની છે કે આ રીતે બહારથી આવી હશે?
- ✓ આ શોધ બાદ યુરેનિયમ આઇસોટોપ ક્યાંથી આવ્યું તેના જવાબની એક દિશા ખૂલી ગઈ છે.
- ✓ **<u>શોધ કરનાર અણુવિજ્ઞાન સંસ્થા :</u>** <u>ઓસ્ટ્રેલિયન ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઓર્ગેનાઈઝેશન</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>4. દિન વિશેષ : 16 મે</u>

## <u>રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ</u>

- ✓ **<u>પ્રભાવિત દેશો :</u>** 129
- ✓ **<u>રોગનો વાહક:</u>**<u>એડિસ ઈજીપ્તી માદા મચ્છર</u>

**<u>હેતુ :</u>**

- ✓ ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતતા લાવવા તથા ટ્રાન્સમિશન સીઝન શરૂ થાય તે પહેલાં દેશમાં રોગના નિયંત્રણ માટે નિવારક પગલાંને વેગ આપવા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ સાથે 16મી મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' ઉજવાય છે.
- ✓ ડેન્ગ્યુ ફિવર (ડીએફ) એ વિષાણું (વાયરસ) થી થતો અને મચ્છર દ્વારા ફેલાતો રોગ છે.
- ✓ ડેન્ગ્યુ ફિવરના ગંભીર પ્રકારને ડેન્ગ્યુ હેમરેજીક ફિવર (ડી.એચ.એફ.) અને ડેન્ગ્યુ શોક સીન્ડ્રોમ (ડીએસએસ) તરીકે ઓળખાય છે.
- ✓ ડેન્ગ્યુ તાવના વાયરસ : સીરોટાઇપ 1, 2, 3 અને 4 (ડેન્ગ્યુ 1, 2, 3 અને 4 ) તરીકે ઓળખાય છે.
- ✓ ડેન્ગ્યુનો મચ્છર (એડિસ) ચોખ્ખા પાણીમાં ઘરની અંદર રહેલ નાના-નાના પાત્રોમાં ઈંડા મુકે છે. તેના પોરા પાણીમાં ખુણો બનાવીને, જાણે ઊંધે માથે લટકતી સ્થિતિમાં તરે છે. તેને નરી આંખે સહેલાઈથી જોઈ શકાય છે.
- ✓ <u>આ મચ્છર ટાઇગર મચ્છર તરીકે જાણીતો</u> છે. રંગે કાળો અને શરીરના પ્રુષ્ઠ ભાગ પર સફેદ રંગના ટપકા ધરાવે છે, અને આ મચ્છર ચેપી હોય તો ડેન્ગ્યુનો રોગ ફેલાવે છે. જયાં ઉત્પન્ન થાય છે. ત્યાં જ રોગ ફેલાવે છે.
- ✓ તેની ઉડ્ડયન ક્ષમતા ઓછી, આશરે 100 મીટર હોવાથી, આ મચ્છર ઘર કે કાર્યસ્થળે પાણીના સંગ્રહસ્થાનોમાં ઈંડા મુકતા જોવા મળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721



**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (16-05-2021)

1. કોરોના મહામારીથી બચવા ભારતના ગ્રામીણ-આદિવાસી વિસ્તારો માટે કેન્દ્રના કયા મંત્રાલય દ્વારા નવી ગાઈડલાઈન જાહેર કરાઈ - **હેલ્થ એન્ડ ફેમેલી વેલ્ફર**
2. કોરોના મહામારીથી બચવા ભારતના ગ્રામીણ-આદિવાસી વિસ્તારો માટે જાહેર કરાયેલી નવી ગાઈડલાઈનમાં મુખ્ય કઈ બાબતો પર ભાર મૂકાયો છે – **ગામલોકોનું સર્વેલન્સ અને સ્કનિંગ**
3. કોરોના મહામારીથી બચવા ભારતના ગ્રામીણ-આદિવાસી વિસ્તારો માટે જાહેર કરાયેલી નવી ગાઈડલાઈન મુજબ નોડલ પર્સન તરીકે કોણ કામ કરશે – **નર્સ અને હેલ્થ વર્કસ**
4. કોરોના મહામારી સંદર્ભે SARIનું વિસ્તૃત નામ જણાવો - **સિવિયર એક્યુટ રેસ્પિરેટરી ઈન્ફેક્શન**
5. ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય માટેની કમિટી-VHSNCનું વિસ્તૃત નામ જણાવો - **વિલેજ હેલ્થ સેનિટેશન એન્ડ ન્યુટ્રીશન કમિટી**
6. ભારતની સૌથી મોટી જગન્નાથજીની રથયાત્રા ક્યાં યોજાઈ છે – **પુરી (ઓડિશા)**
7. જગન્નાથજીની રથયાત્રા અગાઉ નરેન્દ્ર સરોવરથી કેટલા દિવસની ચંદન યાત્રા યોજાઈ છે – **21**
8. મે 2021માં કયા મહાસાગરમાંથી 5,000 ફૂટ ઊંડેથી અબજો વર્ષ જૂના પ્લુટોનિયમ-244 આઈસોટોપ મળી આવ્યા - **પ્રશાંત મહાસાગર**
9. મે 2021માં 5,000 ફૂટ ઊંડેથી મળી આવેલા અંદાજે 4.5 અબજ વર્ષ જૂના પ્લુટોનિયમ-244 આઈસોટોપ કઈ સંસ્થા દ્વારા શોધાયા - **ઓસ્ટ્રેલિયન ન્યૂક્લિયર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઓર્ગેનાઈઝેશન**
10. ભારતમાં "રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ" ક્યારે મનાવવામાં આવે છે- **16 મે**
11. ડેન્ગ્યૂ રોગનો વાહક જણાવો - **એડીસ ઈજિપ્ત માદા મચ્છર**
12. એડીસ ઈજિપ્ત માદા મચ્છર અન્ય કયા નામથી ઓળખાય છે - **ટાઈગર**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. તાઉ'તે/તૌકતે : ગુજરાત (કુદરતી આપત્તિ)

**તૌકતે વાવાઝોડુ 165 કિ.મી.ની તીવ્રતા સાથે રાત્રે 9.30 કલાકે દીવથી 20 કિ.મી. પૂર્વ દિશા તરફ ઉનામાં જમીન પર ટકરાયું**

- ✓ પવનની ગતિ : 155થી 165 કિ.મી. પ્રતિ કલાક




**સૌથી વધુ પ્રભાવિત જિલ્લા :**

- ✓ ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગિર સોમનાથ અને કેન્દ્ર શાસિત પ્રદેશ-દીવ

**પ્રભાવિત રાજ્યો :**

- ✓ કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત.

**વાવાઝોડાનો વ્યાપ :**

- ✓ વાવાઝોડાની આંખનો વિસ્તાર 30 કિ.મી. અને વ્યાપ અંદાજે 40 કિ.મી.
- ✓ રાજ્યના 450 કિ.મી. અને 100 કિ.મી.ના ઘેરાવમાં અસર
- ✓ વિવેકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2.હવામાન ખાતુ : વાવાઝોડા સામે બંદરો પરના અલગ અલગ પ્રકારના સિગ્નલ

વાવાઝોડાના વિવિધ સિગ્નલ વિશે :

- ✓ પવનની ઝડપ પ્રમાણે બંદરો પર નં.1થી 12 સુધીના સિગ્નલ લાગે છે
- ✓ વાવાઝોડા વખતે બંદર પર વિવિધ નંબરના સિગ્નલની સિસ્ટમ
- ✓ **બ્રિટિશ નૌકાદળના અધિકારી ફ્રાન્સિસ બ્યુફોર્ટે 1805માં પવનની ઝડપ મુજબ 1થી 12 સુધી પ્રકાર પાડ્યા હતા**
- ✓ ગુજરાત પાસે 1660 કિલોમીટર લાંબો દરિયા કિનારો છે.
- ✓ વિવિધ નંબરના સિગ્નલ (ધ્વજ-વાવટા) ફરકાવવામાં આવે છે.

✓ આ સિગ્નલને બ્યુફોર્ટ સ્કેલ કહેવાય છે. કેમ કે બ્રિટિશ નૌકા અધિકારી ફ્રાન્સિસ બ્યુફર્ટે 1805માં પવનની ઝડપ પ્રમાણે ક્રમ નક્કી કર્યો હતો. અત્યારે સૌરાષ્ટ્રના કેટલાક બંદર પર બે નંબરના સિગ્નલ ફરકતાં કરાયા છે. આગામી દિવસોમાં એ સિગ્નલો વધતા જશે, જેમ જેમ વાવાઝોડું આક્રમક બનશે.

**ક્યા નંબરના સિગ્નલનો શો અર્થ**

✓ નંબર-1 : પવનની ઝડપ - 1-5 કિલોમીટર
✓ અસર - સાવ સામાન્ય હવા, ધૂમાડો પવનની દિશામાં ફેંકાય એટલી અસર
✓ નંબર-2 : પવનની ઝડપ - 6-12 કિલોમીટર
✓ અસર - ધ્વજ પર હવાની અસર દેખાય, ચહેરા પર લહેરખી અનુભવાય
✓ નંબર-3 : પવનની ઝડપ - 13-20 કિલોમીટર
✓ અસર - ધ્વજ ફરફર થવા લાગે
✓ નંબર-4 : પવનની ઝડપ - 21-29 કિલોમીટર
✓ અસર – રૂ-કાગળ હવામાં ઉડતો થાય
✓ નંબર-5 : પવનની ઝડપ - 30-39 કિલોમીટર
✓ અસર - નાના વૃક્ષો આમ-તેમ હલવા માંડે
✓ નંબર-6 : પવનની ઝડપ - 40-49 કિલોમીટર
✓ અસર - છત્રી કાગડો થઈ જાય, વૃક્ષની મોટી ડાળીઓ હલવા લાગે
✓ નંબર-7 : પવનની ઝડપ - 50-61 કિલોમીટર
✓ અસર - પવનમાં ચાલવું મુશ્કેલ થાય.
✓ નંબર-8 : પવનની ઝડપ - 62-74 કિલોમીટર
✓ અસર -વૃક્ષોની ડાળીઓ તૂટવાની શરૂઆત થાય.
✓ નંબર-9 : પવનની ઝડપ - 75-88 કિલોમીટર
✓ અસર - મકાનની છત, નળિયા ઉડવા લાગે
✓ નંબર-10 : પવનની ઝડપ - 89- 102 કિલોમીટર
✓ અસર - વૃક્ષો ઉખડવા લાગે
✓ નંબર-11 : પવનની ઝડપ - 103- 118 કિલોમીટર
✓ અસર - જમીન પર ઘણી સામગ્રી ઉડવા લાગે, સમુદ્રમાં વિઝિબિલિટી ઝીરો થાય
✓ નંબર-12 : પવનની ઝડપ - 119- 220 કિલોમીટર
✓ અસર - હેરિકેન અથવા ટોર્નેડો જેમાં અકલ્પનિય નુકસાન થઈ શકે.

✓ મોટે ભાગે 12 નંબર સુધી જ વપરાય છે. પણ વાવાઝોડાની આક્રમકતા વધતા 1946માં 17 નંબર સુધીના સિગ્નલો નક્કી કરાયા છે. પરંતુ મોટે ભાગે વપરાશ 12 સુધીનો વપરાશ કરવાનો થતો હોય છે.
✓ ભારતમાં સામાન્ય રીતે 11 નંબર સુધીના જ સિગ્નલનો વપરાશ કરવામાં આવે છે.
✓ 1864માં બંગાળના અખાતમાંથી પેદા થઈને કલકતા પર ત્રાટકેલા ભયાનક વાવાઝોડા પછી બ્રિટિશ સરકારે ભારતના હવામાનનો પણ વિગતવાર અભ્યાસ શરૂ કર્યો હતો.
✓ વાવાઝોડાની ઝડપ તો ક્યારેક કલાકના 150થી 250 કિલોમીટર સુધીની હોય છે.
✓ પરંતુ એ ઝડપ જમીન પર ફૂંકાતા પવનની નથી હોતી. હકીકતે એ ઝડપ વાવાઝોડાના કેન્દ્ર આસપાસ ઘૂમરાતા પવનની હોય છે. વાવાઝોડાના કેન્દ્ર જેટલી ઝડપે જમીન પર પવન ફૂંકાય તો તમામ પ્રકારના બાંધકામોના સ્થળે થોડી વારમાં મેદાન થઈ જાય.
✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. DRDO : કોરોના વિરોધી દવા 2 DG જૂનથી તમામ હોસ્પિટલોમાં ઉપલબ્ધ

✓ સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને દવા લોન્ચ કરી




હાલ એઈમ્સ, ડીઆરડીઓ, સૈન્યની હોસ્પિટલમાં જ આ દવા ઉપલબ્ધ થશે.

- ✓ જ્યાં અત્યંત જરૂરી હશે ત્યાં આ દવા ઉપલબ્ધ કરાવાશે.
- ✓ સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય સ્વાસ્થમંત્રી ડૉક્ટર હર્ષવર્ધને આ દવાની પહેલી બેચનો ઉપયોગ માટે જારી કરી.
- ✓ 2D દવા વિકસાવનાર સંસ્થા : DRDO
- ✓ DRDO અધ્યક્ષ : જી.સતીશ રેડી
- ✓ ઉત્પાદક કંપની : ડૉ. રેડ્ડીઝ લેબ, હૈદરાબાદ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 4. મિસ યુનિવર્સ-2020 (કલા)

- ✓ વિજેતા અને દેશ : 26 વર્ષિય એન્ડ્રિયા મેઝા, મેક્સિકો




**પ્રથમ દસ સુંદરીઓ અને દેશ**

| ક્રમ | નામ | દેશ |
|---|---|---|
| 1. | એન્ડ્રિયા મેઝા | મેક્સિકો |
| 2. | જુલિયા ગેમા | બ્રાઝિલ |
| 3. | જેકા મેકેટા | પેરુ |
| 4. | એડલિન કેસ્ટીલિનો | ભારત |
| 5. | મારિયા થાટ્ટી | ઓસ્ટ્રેલિયા |
| 6. | એસ્ટેફેનિયા સોટો | પ્યુર્ટોરિકો |
| 7. | એમેન્ડા ઓબડમ | કોસ્ટારિકા |
| 8. | કિમ્બર્લી જિમેન્ઝ | ડોમેનિકન રિપબ્લિક |
| 9. | મિશેલ વિલિયમ્સ | જમૈકા |
| 10. | રાબિયા માટેઓ | ફિલિપાઇન્સ |

- ✓ ભાગ લેનાર દેશો : 73
- ✓ સ્પર્ધા : 69મી
- ✓ યજમાન : ફ્લોરિડા, USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (17-05-2021)

1. ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડુ કઇ તારીખે જમીન પર ટકરાયું હતુ – **તા. 17 મે 2021**
2. ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડુ સૌપ્રથમ કયા વિસ્તારમાં જમીન પર ટકરાયુ હતુ – **દીવથી 20 કિ.મી. પૂર્વ દિશા તરફ ઉનામાં**
3. ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડાની પવનની અંદાજે પ્રતિ કલાક ઝડપ કેટલી હતી - **155થી 165 કિ.મી. પ્રતિ કલાક**
4. ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડાથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાના નામ જણાવો - **ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગિર સોમનાથ અને કેન્દ્ર શાસિત પ્રદેશ-દીવ**
5. તાઉ'તે/તૌકતે વાવાઝોડાથી પ્રભાવિત રાજ્યોના નામ જણાવો - **કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત**
6. હવામાન ખાતાના જણાવ્યા મુજબ પવનની ઝડપ પ્રમાણે બંદરો ઉપર કુલ કેટલા સિગ્નલો લગાવવામાં આવે છે – **12**
7. બ્રિટિશ નૌકાદળના કયા અધિકારીએ વર્ષ 1805માં પવનની ઝડપ મુજબ બંદરો ઉપર સિગ્નલની સિસ્ટમ વિકસાવી હતી - **ફ્રાન્સિસ બ્યુફોર્ટે**
8. પવનની ઝડપ પ્રમાણે બંદરો પરના સિગ્નલોને કયા નામે ઓળખવામાં આવે છે - **બ્યુફોર્ટ સ્કેલ**
9. તા. 17 મે 2021ના રોજ DRDO દ્વારા કોરોના વિરોધી કઇ દવા લોન્ચ કરાઇ - **2 DG**
10. DRDO દ્વારા વિકસાવાયેલી 2 DG દવાનું ઉત્પાદન કઇ કંપની દ્વારા કરાશે - **ડૉ. રેડ્ડીઝ લેબ, હૈદરાબાદ**
11. DRDOના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **જી.સતીશ રેડી**
12. મે 2021માં કેટલામી મિસ યુનિવર્સ સ્પર્ધા યોજાઇ - **69**
13. મિસ યુનિવર્સ-2020 વિજેતા અને દેશનું નામ જણાવો - **એન્ડ્રિયા મેઝા, મેક્સિકો**
14. મિસ યુનિવર્સ-2020માં ભાગ લેનાર ભારતીય સુંદરી અને તેનો ક્રમ જણાવો - **એડલિન કેસ્ટીલિનો તથા 4**
15. મિસ યુનિવર્સ-2020 સ્પર્ધા ક્યાં યોજાઇ હતી અને કેટલા દેશોએ ભાગ લીધો હતો - **ફ્લોરિડા, USA તથા 73**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**

# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 18-05-2021




# રાષ્ટ્રીય બાબતો

### 1. ભારતીય સેના : જમ્મુ-કાશ્મીર સરહદ પર "મોટિવેશનલ ટૂર"નો પ્રારંભ (પ્રવાસન-દેશભક્તિ)




**ટૂર વિશે :**

- ✓ દેશવાસીઓ ઉરીમાં બનેલા અમન સેતુ પર જઈને દેશની શાનનો નજારો જોઈ શકે છે. આ કમાન્ડ પોસ્ટને ભારતીય સેનાએ જબરદસ્ત લડાઈ પછી 1947માં પાકિસ્તાની હુમલાખોરોના કબજામાંથી છોડાવી હતી. ભારતીય સેનાના જવાનો તેને શહાદતનું પ્રતીક માને છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### 2. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય : મુંબઈ સહિત વિવિધ શહેરોમાં નવા રડાર આપવાનો નિર્ણય (હવામાન શાસ્ત્ર)




**મુખ્ય હેતુ :**

- ✓ ચક્રવાત અને વરસાદની માહિતી મળી રહે તે માટે

**શહેરો અને રડારનો પ્રકાર :**

- ✓ મુંબઈ : 1 સીબેન્ડ અને 4 એક્સ બેન્ડના રડાર
- ✓ અમદાવાદ : 1 રડાર
- ✓ મેંગ્લોર : 1 રડાર
- ✓ ગુરૂગ્રામ : 1 રડાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

### 3. ભારતમાં છેલ્લાં 12 વર્ષમાં આવેલા ભયાનક વાવાઝોડા (કુદરતી આપત્તિ)



- ✓ તાઉ'તે : અરબી સમુદ્રમાંથી ઉદભવેલું આ વર્ષ 2021ના સિઝનનું પ્રથમ વાવાઝોડુ
- ✓ તાઉ'તે વાવાઝોડુ : વેરી સિવિયર સાયક્લોનિક સ્ટોર્મ
- ✓ અસરગ્રસ્ત રાજ્યોમાં રાજસ્થાનનો પણ સમાવેશ
- ✓ ગુજરાતમાંથી રાજસ્થાનમાં તરફ જતા વાવઝોડાની ઝડપ 50 કિ.મી.

### છેલ્લાં 12 વર્ષમાં આવેલા મુખ્ય વાવાઝોડા

| નામ | વર્ષ | વિસ્તાર |
|---|---|---|
| નિશા | 2008 | તમિલનાડુનો કાંઠા વિસ્તાર |
| થાણે | 2011 | તમિલનાડુ અને પોંડિચેરી |
| નિલમ | 2012 | તમિલનાડુનો કાંઠા વિસ્તાર |
| મહાસેન | 2013 | તમિલનાડુ અને કેરળ |
| ફેલિન | 2013 | ઓડિશા અને આંધ્રપ્રદેશ |
| હુડહુડ | 2014 | ઓડિશા અને આંધ્રપ્રદેશ |
| તિતલી | 2018 | ઓડિશા અને આંધ્રપ્રદેશ |
| ગાજા | 2018 | તમિલનાડુનો કાંઠા વિસ્તાર |
| ફૉની | 2019 | ઓડિશા કાંઠા વિસ્તાર |
| વાયુ | 2020 | ગુજરાતથી ઓમન તરફ ફંટાયું |
| તાઉ'તે | 2021 | ગુજરાતનો કાંઠા વિસ્તાર |

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. દિન વિશેષ-18 મે
## વર્લ્ડ મ્યુઝિયમ ડે

**થીમ 2021 : 'The Future of Museums: Recover and Reimagine'.**




### ઉજવણીનો પ્રથમ પ્રારંભ :

- ✓ દર વર્ષે 1977થી 18મેના રોજ વર્લ્ડ મ્યુઝિયમ ડેની ઉજવણી કરવામાં આવે છે.

### હેતુ :

- ✓ મ્યુઝિયમ આપણા માટે કેટલા મહત્વના છે તે અંગે જાગૃતતા ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ મ્યુઝિયમ એક એવું સ્થળ છે જ્યાં ભૂતકાળનું મિલન વર્તમાન સાથે થાય છે. જે તે માનવ સંસ્કૃતિના ભવ્ય વારસાની નિશાનીઓ સમાયેલી છે. મ્યુઝિયમ ભૂતકાળને શબ્દો વિના વર્ણવે છે, તેને જીવંત કરે છે. મ્યુઝિયમમાં ઘણી વાર્તાઓ સંગ્રહાયેલી પડી છે.
- ✓ ઉજવણી : યુનેસ્કો (UNO)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. જન્મ દિન વિશેષ : 18 મે
## કવિ-વિવેચક નિરંજન ભગત




**જન્મ : 18 મે 1926**

**અવસાન : 1 ફેબ્રુઆરી 2018**

- ✓ અમદાવાદમાં જન્મેલા નિરંજન ભગતે અમદાવાદ અને મુંબઈથી શિક્ષણ લીધું હતું.
- ✓ 1942ના હિન્દ છોડો આંદોલનના જુવાળમાં અભ્યાસ છોડ્યો, 1944માં મેટ્રિક, 1949માં વિનયન સ્નાતક અને 1950માં અમદાવાદથી અનુસ્નાતક થયા.
- ✓ 1950થી 1986 સુધી અમદાવાદની કોલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું.

**સાહિત્ય સર્જન :**

- ✓ છંદોલય, કિન્નરી, અલ્પવિરામ, આધુનિક કવિતાઃ કેટલાક પ્રશ્નો, સ્વાધ્યાયલોક, યંત્ર વિજ્ઞાન અને મંત્ર કવિતા, ન્હાનાલાલની ઊર્મિ કવિતા, મીરાંબાઇ, સુન્દરમ્ કેટલાક કાવ્યો, ચિત્રાંગદા, ઓડેનનાં કાવ્યો વગેરે તેમના કવિતા, વિવેચન, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પ્રદાનો.

**સન્માન-એવોર્ડ**

- ✓ નિરંજન ભગતના યોગદાનનું કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક, પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, નરસિંહ મહેતા પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર, સાહિત્ય અકાદમી દિલ્હીના સલાહકાર સમિતિના સભ્ય અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ એમ સન્માન થયું.
- ✓ પ્રસિદ્ધિની ઝાકમઝોળથી જોજનો દૂર રહી માત્ર સાહિત્ય પદાર્થની ખેવનામાં મસ્ત રહેલા આપણી ભાષાના શ્રેષ્ઠતમ સાહિત્યકાર ભગત સાહેબનું 1 ફેબ્રુઆરી 2018ના 91 વર્ષની વયે અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 18 મે

## આદિલ મન્સૂરી




**જન્મ : 18 મે 1936**

**અવસાન : 6 નવેમ્બર 2008**

- ✓ વતન વિછોયાની કારમી વેદના રજૂ કરતી જેમની ગઝલ, 'વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ, અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે' અતિ લોકપ્રિય થઇ છે, જેના ગઝલકાર આદિલ મન્સુરીનો જન્મ 18-5-1936ના રોજ અમદાવાદમાં થયો હતો.
- ✓ પ્રાથમિક શિક્ષણ અમદાવાદ અને કરાચીમાં અને ત્યાં જ બાપીકા કાપડના વ્યવસાયમાં જોડાયા. ટોપિક અંગ્રેજી અને અંગના જેવા ગુજરાતી સામયિકોમાં પત્રકારત્વ કર્યા પછી એક જાહેરાતની કંપનીમાં કોપી રાઇટર અને છેલ્લે અમેરિકામાં સ્થાયી વસવાટ કર્યો.
- ✓ નવીન પ્રયોગશીલ ગઝલના ભેખધારી તેમની ગઝલોની ભાષા, ભાવપ્રતીકો અને રચના નાવીન્યથી અને વર્ણન ભિન્નતાથી તેઓ અલાયદા તરી આવે છે.

**સાહિત્ય સર્જન :**

- ✓ પગરવ', "સંભવ', 'પાલવ', 'ભડકો', 'લહિયો' અને 'મૂંગો' કાફિયામાં અને 'વરસાદમાં', 'ભીંડીબજારમાં', 'અ', 'સૂર્યમાં', 'પરંતુ ' જેવી તેમની જાણીતી રચનાઓ રદીફમાં રચી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (18-05-2021)

1. મે 2021માં ભારતીય સેનાએ કયા રાજ્યની સરહદ પર "મોટિવેશનલ ટૂર"નો પ્રારંભ કર્યો હતો - **જમ્મુ કાશ્મીર**
2. કઈ કમાન્ડ પોસ્ટને ભારતીય સેનાએ 1947માં પાકિસ્તાની હુમલાખોરોના કબજામાંથી છોડાવી હતી જેને ભારતીય સેનાના જવાનો શહાદતનું પ્રતીક માને છે - **અમન સેતુ, ઉરી**
3. મે 2021માં ક્યા કેન્દ્રીય મંત્રાલયે મુંબઇ સહિત વિવિધ શહેરોમાં નવા રડાર આપવાનો નિર્ણય કર્યો હતો - **પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય**
4. મે 2021માં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે કયા હેતુસર મુંબઈ સહિત વિવિધ શહેરોમાં નવા રડાર આપવાનો નિર્ણય કર્યો હતો - **ચક્રવાત અને વરસાદની માહિતી મળી રહે તે માટે**
5. મે 2021માં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે દેશના કયા શહેરોમાં કેટલા નવા રડાર આપવાનો નિર્ણય કર્યો – **મુંબઈ-5, અમદાવાદ, મેંગ્લોર અને ગુરૂગ્રામમાં 1-1 રડાર**
6. મે 2021માં ગુજરાતમાં તબાહી મચાવનાર તાઉ'તે વાવાઝોડુ કયા સમુદ્રમાંથી ઉદભવ્યું હતું - **અરબી**
7. મે 2021માં ગુજરાતમાં તબાહી મચાવનાર તાઉ'તે વાવાઝોડુ કયા પ્રકારનું સાયક્લોનિક સ્ટોર્મ હતુ - **વેરી સિવિયર**
8. "વિશ્વ મ્યુઝિયમ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે – **18 મે**

9. "વિશ્વ મ્યુઝિયમ દિવસ" 2021ની થીમ જણાવો – **The Future of Museums: Recover and Reimagine**
10. વર્લ્ડ મ્યુઝિયમ ડે ઉજવણીનો પ્રથમ પ્રારંભ કયા વર્ષે થયો હતો – **1977**
11. કવિ-વિવેચક નિરંજન ભગતનો જન્મદિવસ જણાવો - **18 મે 1926**
12. કવિ-વિવેચક નિરંજન ભગતનુ ઉપનામ જણાવો - **ભગત સાહેબ**
13. પ્રખ્યાત ગુજરાતી ગઝલકાર આદિલ મન્સૂરીનો જન્મ કયારે-ક્યાં થયો હતો – **તા. 18-5-1936 તથા અમદાવાદ**
14. પ્રસિદ્ધ કાવ્ય પંક્તિ ‘નદીની રેતમાં રમતુ નગર મળે ના મળે’ના સર્જકનું નામ જણાવો – **આદિલ મન્સૂરી**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. તાઉ'તે/તૌકતે વાવાઝોડુ(કુદરતી આપત્તિ)

- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા વાવાઝોડા પ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરાયું



### વિવિધ રાહત પેકેજ

- ✓ કેન્દ્ર સરકાર ગુજરાતને 1000 કરોડની સહાય કરશે

### મૃતકોના પરિવાર માટે સહાય

- ✓ કેન્દ્ર સરકાર : રૂ. 2 લાખ
- ✓ રાજ્ય સરકાર : રૂ. 4 લાખ
- ✓ કુલ રૂ. 6 લાખ

### ઈજાગ્રસ્તોને સહાય

- ✓ કેન્દ્ર સરકાર : રૂ. 50,000/-
- ✓ રાજ્ય સરકાર : રૂ. 50,000/-
- ✓ કુલ રૂ. 1 લાખ

### કેશડોલ : દૈનિક રાહતુ ભથ્થું

- ✓ પુખ્ત વયના લોકો માટે - પ્રતિ દિવસ રૂ. 100
- ✓ બાળકો માટે - પ્રતિ દિવસ રૂ. 60
- ✓ તા. 16 અને 17 મે એ સ્થળાંતર કરેલા બે લાખથી વધુ નાગરિકોને અંદાજે સાત દિવસનું ભથ્થુ અપાશે
- ✓ વર્ષ 1998માં કંડલામાં આવેલા વાવાઝોડાની તબાહી પછી ગુજરાતના 12 જિલ્લામાં તાઉ'તે થી ભારે નુકસાન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. ખેલકૂદ : કોરોનાને કારણે જૂન 2021માં યોજાનાર એશિયા ક્રિકેટ કપ રદ કરાયો




- ✓ યજમાન : શ્રીલંકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. કેન્દ્ર સરકાર : DAP ખાતર પર સબસિડી રૂ. 500થી વધારી રૂ. 1200 કરાઈ (કૃષિ)

- ✓ હવે પ્રતિ બેગ જૂનથી જ કિંમત રૂ. 1200 રહેશે



**વિગત :**

- ✓ પ્રથમવાર સબસિડીમાં 140 ટકાનો વધારો
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે રાસાયણિક ખાતરની સબસિડી પાછળ રૂ. 80,000 કરોડનો ખર્ચ

**ભાવ વધારાનું કારણ :**

- ✓ ફોસ્ફરિક એસિડ, એમોનિયા વગેરેની આંતરરાષ્ટ્રીય કિંમત 60 થી 70 % સુધી વધવાથી ડીએપી ખાતરની કિંમત વધી ગઈ હતી.
- ✓ ખેડૂતોને જૂની કિંમતે ખાતર મળે તે માટે સબસિડીમાં 140% નો વધારો કરાયો છે.
- ✓ મૂલ્યવૃદ્ધિનો તમામ ભાર કેન્દ્ર સરકાર ઉઠાવશે.
- ✓ આંતરરાષ્ટ્રીય કિંમતમાં વધારા છતાં ખેડૂતોને જૂના દરે જ ખાતર મળવું જોઈએ.
- ✓ સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. સરકાર સુનિશ્ચિત કરશે કે, ખેડૂતોએ મૂલ્ય વૃદ્ધિનો દુષ્પ્રભાવ ના ભોગવવો પડે.
- ✓ DAP : Diammonium phosphate
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. IIT-બોમ્બે : બીગલેઝ ઉપકરણની શોધ (સંશોધન)

**સ્ફોટક પદાર્થ શોધી કાઢવા હાથમાં પકડી શકાય તેવું ઉપકરણ બીગલેઝ વિકસાવાયુ**




**વિગત**

- ✓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (આઇ આઈટી), બોમ્બેના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ટેકનોલોજી ફોર ઈન્ટરનલ સેક્યુરિટી (એનસીઈટીઆઈએસ)ના સંશોધકોએ સ્ફોટક પદાર્થો શોધી કાઢવા હાથમાં પકડી શકાય એવા ઉપકરણની ડીઝાઈન તૈયાર કરી છે.

**બીગલેઝ ઉપકરણ વિશે**

- ✓ બીગલેઝ હાથમાં પકડી શકાય એવું હળવું ઉપકરણ છે જે ટ્રિનિટ્રોટોલ્યુએન (ટીએનટી), હેક્સાહાઈડ્રો-1, 3, 5- ટ્રાયાઝાઈન (આરડીએક્સ), પેન્ટીરીથ્રીટોલ ટેટ્રાનિટ્રેટ (પીઈટીએન), સેમ્ટેક્સ અને અન્ય સ્ફોટક પદાર્થો તેમજ ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડેવાઈસ (આઈઈડી)ને શોધી કાઢે છે.
- ✓ આ ઉપકરણ લોકોની ચકાસણી કરવામાં, ચેકપોઈન્ટ્સ પર તેમજ બોમ્બ બ્લાસ્ટ થયા બાદ કરાતી ચકાસણીમાં વાહનો, મકાનો, આતંકવાદીના અડ્ડામાં મહત્વની ઈમારતોમાં ઉપયોગમાં લઈ શકાય.

**શોધ કરનાર સંસ્થા :**

- ✓ નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ટેકનોલોજી ફોર ઈન્ટરનલ સેક્યુરિટી-IIT
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. USA : હાઈપરસોનિક મિસાઈલ વિકસાવનાર US વિશ્વનો ત્રીજો દેશ (સંરક્ષણ)

### હાઈપરસોનિક મિસાઈલ વિશે

- ✓ રશિયા અને ચીન પછી હવે અમેરિકાએ હાયપરસોનિક મિસાઇલ તૈયાર કરી.



- ✓ આ અમેરિકી મિસાઇલ અવાજની ગતિથી 17 ગણી વધુ ગતિથી વાર કરીને શત્રુ દેશ પર તબાહી મચાવવા સક્ષમ.
- ✓ રડારની નજરમાં ના આવનારી આ અમેરિકી મિસાઇલની મારક ક્ષમતા 2,700 કિ.મી.
- ✓ મિસાઇલ તૈયાર થતાંની સાથે જ અમેરિકા હવે - રશિયા અને ચીન પર ભીષણ હુમલો કરવાની ક્ષમતા ધરાવતો દેશ થઇ ગયો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. મ્યૂકરમાઈકોસિસ /બ્લેક ફંગસ

## મ્યુકરમાઈકોસિસને મહામારી જાહેર કરનાર પ્રથમ રાજ્ય-હરિયાણા (આરોગ્ય)

- ✓ સારવાર માટે વપરાતા ઈન્જેક્શન : એમ્ફોટેરિસન-B
- ✓ ઉત્પાદનની પ્રક્રિયા : 15થી 30 દિવસનો સમય
- ✓ ખાસ : કોરોનાથી સાજા થયેલા દર્દીઓમાં જોવા મળતો બ્લેક ફંગસ રોગ

### બ્લેક ફંગસ થવાના કારણો અને ઉપાય

- ✓ ફંગસ શરીરમાં પ્રવેશ્યાના 3 થી 4 અઠવાડિયામાં ચેપ ફેલાય છે
- ✓ મ્યુકર માઇકોસિસ (ફંગસ) જ્યાં સુધી શરીરમાં પ્રવેશે નહીં ત્યાં સુધી રોગ થતો નથી.
- ✓ ફેસ માસ્ક, નઝલ કેન્યુલા અને ટ્યૂબ નાખવાથી ચામડી તૂટી શકે છે.
- ✓ ફંગસ દરેક વ્યકિતના શરીરની બહાર હોય જ છે, ત્યારે ઓક્સિજનના ઉપકરણોની યોગ્ય સફાઈને અભાવે તેમજ કોવિડના દર્દીમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી શરીર તેનો પ્રતિકાર કરી શકતું નથી.
- ✓ ફંગસ શરીરમાં પ્રવેશ્યા પછી 3-4 અઠવાડિયા લાગે છે. જેથી દર્દીને રજા આપ્યા બાદ મ્યુકર માઇકોસિસ થયાનું જણાય છે.

### ઓક્સિજનનાં સાધનો જંતુરહિત કરવાં જરૂરી

- ✓ ઓક્સિજન, બાયપેપ કે વેન્ટિલેટર પર રહેલાં દર્દી જાતે ઓરલ હાઇજીન જાળવી શકતા નથી. જેથી નર્સિંગ સ્ટાફે જ્યારે દર્દી સારવાર લીધા બાદ ઘરે જાય ત્યારબાદ પણ સગાએ ઓરલ હાઇજીનનું ધ્યાન રાખવું જોઇએ.

### મોઢાની સ્વચ્છતાથી રોગને રોકી શકાય છે

- ✓ ડાયાબિટીસ, એચઆઇવી, કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યું હોય, સ્ટીરોઇડ આપ્યા હોય ત્યારે શરીરની ઓટો ઈમ્યુન સિસ્ટમ નબળી પડે છે.
- ✓ હોસ્પિટલમાં અને ઘરે બિટાડીનના કોગળા કરાવીને દર્દીના મોઢાની સફાઇ કરવી જરૂરી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. જન્મ દિન વિશેષ : 19 મે

## ભાવનગરના પ્રજાવત્સલ શાસક મહારાજા : કૃષ્ણકુમારસિંહ

**જન્મ : 19 મે 1912**

**અવસાન : 2 એપ્રિલ 1965**

- ✓ જન્મ : ભાવનગર
- ✓ વંશ : ગોહિલ.
- ✓ 7 વર્ષની સગીર વયે ભાવનગરના શાસક બન્યા.

- ✓ પુખ્તવયે સ્વતંત્ર શાસક બન્યા પછી ઉદારવાદી અને પ્રજા વત્સલ શાસક તરીકેની છબી ઊભી કરી હતી.




## શાસનની સિદ્ધિઓ :

- ✓ 1919 થી 1948 દરમિયાન કૃષિ સુધારા, ગ્રામ સુધારણા, વીજળીઘર, શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, બંદરનું નિર્માણ, નવી મિલો અને કારખાનાઓની સ્થાપના, ભૂગર્ભ ગટરયોજનાઓ, રસ્તાઓનું નિર્માણ, ચિકિત્સાલયોની સ્થાપના.
- ✓ લોકશાહી સંસ્થાઓની શરૂઆત માટે પણ કૃષ્ણકુમારસિંહજી આદર્શ.
- ✓ આઝાદી પછી નવા સૌરાષ્ટ્ર રાજ્યના તેઓ ઉપરાજ્ય પ્રમુખ બન્યા હતા.
- ✓ સૌરાષ્ટ્રના રજવાડાંઓને ભારત સંઘમાં જોડવામાં પણ તેમની ભૂમિકા હતી.
- ✓ ભારતસંઘમાં જોડાનાર પ્રથમ રજવાડુ : ભાવનગર
- ✓ 1948માં મદ્રાસના ગવર્નર બન્યા હતા, ગવર્નર તરીકે માત્ર 1 રૂપિયો પગાર લેતા.
- ✓ અનેક એવોર્ડોથી સન્માનિત, ભાવનગર યુનિ.સાથે જેમનું નામ જોડાયેલું છે તેવા કૃષ્ણકુમારનું 2 એપ્રિલ 1965ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (19-05-2021)

1. મે 2021 વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ક્યા વાવાઝોડાથી પ્રભાવિત ગુજરાતના વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતુ - **તાઉ'તે/તૌકતે**
2. મે 2021માં ગુજરાતમાં તબાહી મચાવનાર તાઉ'તે/તૌકતે વાવાઝોડા સંદર્ભે કેન્દ્ર સરકારે કેટલી સહાય જાહેર કરી – **રૂ. 1000 કરોડ**
3. મે 2021માં ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડામાં મૃતકોના પરિવાર માટે કેન્દ્ર-રાજ્ય સરકાર કેટલી સહાય કરશે - **રૂ. 2 લાખ તથા રૂ. 4 લાખ**
4. મે 2021માં ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડામાં ઈજાગ્રસ્તોને કેન્દ્ર-રાજ્ય સરકાર કેટલી સહાય કરશે - **રૂ. 50,000 - રૂ. 50,000/-**
5. મે 2021માં ગુજરાતમાં તાઉ'તે/તૌકતે વાવાઝોડાના અસગરગ્રસ્ત પરિવારો માટે પુખ્ત વ્યક્તિ તથા બાળકોને સાત દિવસ માટે પ્રતિ દિન કેટલું રાહત ભથ્થુ આપશે - **રૂ. 100 તથા રૂ. 60**
6. મે 2021માં BCCI દ્વારા કોરોનાને કારણે જૂન 2021માં યોજાનાર ક્રિકેટની કઈ મહત્વપૂર્ણ સિરિઝ રદ કરી હતી - **એશિયા કપ**
7. મે 2021માં BCCI દ્વારા કોરોનાને કારણે જૂન 2021માં કયા સ્થળે યોજાનાર એશિયા ક્રિકેટ કપ રદ કરાયો હતો - **શ્રીલંકા**
8. મે 2021માં કેન્દ્ર સરકાર દ્વારા DAP ખાતર પર સબસિડી રૂ. 500થી વધારી કેટલી કરાઈ - **રૂ. 1200**
9. મે 2021માં કેન્દ્ર સરકાર દ્વારા DAP ખાતર પર પ્રથમવાર સબસિડીમાં કેટલા ટકાનો વધારો કરાયો હતો - **140**
10. DAPનું વિસ્તૃત નામ જણાવો - **Diammonium phosphate**
11. મે 2021માં IIT, બોમ્બેની કઈ સંસ્થાના સંશોધકોએ સ્ફોટક પદાર્થો શોધી કાઢવા હાથમાં પકડી શકાય એવા ઉપકરણની ડીઝાઈન તૈયાર કરી - **NCETIS**
12. NCETISનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ટેકનોલોજી ફોર ઈન્ટરનલ સેક્યુરિટી**
13. મે 2021માં IIT, બોમ્બેના NCETIS સંશોધકોએ સ્ફોટક પદાર્થો શોધી કાઢવા હાથમાં પકડી શકાય એવા ઉપકરણની ડીઝાઈન તૈયાર કરી તેનું નામ જણાવો - **બીગલેઝ**
14. મે 2021માં હાઈપરસોનિક મિસાઈલ વિકસાવનાર US વિશ્વનો કેટલામો દેશ બન્યો હતો – **ત્રીજો**
15. હાઈપરસોનિક મિસાઈલ વિકસાવનાર દેશના નામ જણાવો – **રશિયા, ચીન અને US**
16. મે 2021માં USએ વિકસાવેલી હાઈપરસોનિક મિસાઈલ અવાજની ગતિથી કેટલા ગણી વધુ ગતિથી વાર કરી શકવાની ક્ષમતા ધરાવે છે – **17**

17. મે 2021માં USએ વિકસાવેલી રડારની નજરમાં ના આવનારી હાઈપરસોનિક મિસાઈલની મારક ક્ષમતા જણાવો - **2,700 કિ.મી.**
18. મે 2021માં ભારતમાં કયા રાજ્ય દ્વારા મ્યૂકરમાઈકોસિસ (બ્લેક ફંગસ)ને મહામારી જાહેર કરાઈ – **હરિયાણા**
19. ભાવનગરના પ્રજાવત્સલ શાસક મહારાજા કૃષ્ણકુમારસિંહનો જન્મદિવસ જણાવો - **19 મે 1912**
20. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહના નામ સાથે ગુજરાતની કઈ યુનિવર્સિટીનું નામ જોડાયેલું છે – **ભાવનગર યુનિવર્સિટી**
21. લોકશાહી સંસ્થાઓની શરૂઆત માટે ક્યા મહારાજાને યાદ યાદ કરાય છે - **મહારાજા કૃષ્ણકુમારસિંહ**
22. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ આઝાદી પછી કયા રાજ્યના ઉપરાજ્ય પ્રમુખ બન્યા હતા - **નવા સૌરાષ્ટ્ર**
23. મહારાજા કૃષ્ણકુમારસિંહ ક્યારે અને કયા રાજ્યના ગવર્નર બન્યા હતા અને ગવર્નર તરીકે માત્ર 1 રૂપિયો પગાર લેતા – **વર્ષ-1948માં મદ્રાસ**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. ગુજરાત સરકાર : મ્યુકરમાઈકોસિસ/ બ્લેક ફંગસને ગુજરાતમાં મહામારી જાહેર




**બ્લેક ફંગસને મહામારી જાહેર કરનારા રાજ્યો : (તા. 20 મે 2021ની સ્થિતિએ)**

1. હરિયાણા
2. રાજસ્થાન
3. તામિલનાડુ
4. તેલંગણા
5. ગુજરાત

**મહામારીમાં રાજ્યોએ ધ્યાન રાખવાની બાબતો :**

- ✓ દેશના સંખ્યાબંધ રાજ્યમાં બ્લેક ફંગસના વધી રહેલા કેસને ધ્યાનમાં લેતાં કેન્દ્ર સરકારે બ્લેક ફંગસ (મ્યુકરમાઈકોસિસ)ને એપીડેમિક ડીસીઝ એક્ટ 1897 અંતર્ગત મહામારી જાહેર કરવા સૂચના આપી.
- ✓ આ રોગની સારવાર કરતી સરકારી અને ખાનગી હોસ્પિટલો અને મેડિકલ કોલેજોએ સ્ક્રિનિંગ ડાયગનોસિસ અને ટ્રીટમેન્ટ માટે ભારત સરકારના આરોગ્ય વિભાગ તેમજ ICMR દ્વારા આ રોગ માટે નક્કી કરવામાં આવેલી ગાઈડ લાઇન્સનું પાલન કરવાનું રહેશે.
- ✓ આ રોગના શંકાસ્પદ તેમજ કન્ફર્મ કેસોની વિગતો ભારત સરકારને સમયાંતરે મોકલવાની રહેશે.
- ✓ મહામારી જાહેર કરવાને કારણે હવે આ રોગની સારવાર માટેના ઈન્જેક્શનોના કાળાબજાર કરનારા સામે પણ કડક કાર્યવાહી કરી શકાશે.
- ✓ ડોક્ટરને પણ મ્યુકરના દર્દીઓની સારવાર કરવાની ફરજ પાડી શકાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. કેરળ : કેરળના નવા મુખ્યમંત્રી તરીકે પિનારાઈ વિજયનના સતત બીજીવાર શપથ

- ✓ રાજ્યપાલ : આરિફ મોહમ્મદ ખાન
- ✓ રાજધાની : તિરુવનંતપુરમ



- ✓ શાસક પક્ષ : CPIM
- ✓ CPIM : Communist Party of India (Marxist)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. ICMR : ઘેર બેઠા કોરોનાનો રેપિડ એન્ટિજન ટેસ્ટ માટેની ટેસ્ટિંગ કિટ 'કોવિસેલ્ફ'ને મંજૂરી (આરોગ્ય)




**વિગત :**

- ✓ ICMRએ ઘેરબેઠા કોરોનાનો રેપિડ એન્ટિજેન ટેસ્ટની પરવાનગી આપી.
- ✓ હવે કોરોનાના લક્ષણ ધરાવતી વ્યક્તિ આરોગ્ય કર્મીની હાજરી વિના જાતે જ કોરોનાનો ટેસ્ટ કરી શકશે.
- ✓ ટેસ્ટની એડવાઇઝરી આઇસીએમઆર દ્વારા જારી કરાઇ હતી.
- ✓ ICMRએ જણાવ્યું કે, કોવિસેલ્ફ નામની ટેસ્ટિંગ કિટને મંજૂરી આપવામાં આવી છે. ફક્ત નાકમાંથી સ્વેબ લઇને કોઇપણ વ્યક્તિ રેપિડ એન્ટિજેન ટેસ્ટ કરી શકશે.
- ✓ પૂણે સ્થિત માયલેબ ડિસ્કવરી સોલ્યુશન લિમિટેડ કંપની દ્વારા તૈયાર કરાયેલી ટેસ્ટ કિટ આગામી સપ્તાહમાં રૂ. 250માં ઉપલબ્ધ થશે. આ કિટ 15 મિનિટમાં જ કોરોના ટેસ્ટનું રિઝલ્ટ આપી દે છે. કિટ દવાની દુકાનમાંથી પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકાશે.

### અન્ય RTPCR ટેસ્ટને પણ મંજૂરી

- ✓ NEERI - નેશનલ એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા વિકસાવેલી ટેકનિકમાં દર્દીએ કરેલા કોગળાને સેમ્પલ તરીકે ઉપયોગમાં લઇ આરટી-પીસીઆર ટેસ્ટ કરાશે. ICMR દ્વારા આ માટેની મંજૂરી આપી દેવાઇ છે.

### ટેસ્ટ કરવા માટેની ICMRની ગાઇડલાઇન

- ✓ કોરોનાના લક્ષણ ધરાવનાર અને પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવેલી વ્યક્તિઓને જ ટેસ્ટ કરવાની સલાહ
- ✓ ઉત્પાદકે સૂચવેલી પ્રક્રિયાને અનુસરીને કોરોના ટેસ્ટ કરવો
- ✓ કિટનો ઉપયોગ કરનાર દરેકે ગૂગલ પ્લે અને એપલ સ્ટોરમાં ઉપલબ્ધ હોમ ટેસ્ટિંગ મોબાઇલ એપ ડાઉનલોડ કરવાની રહેશે
- ✓ મોબાઇલ એપ દ્વારા પ્રક્રિયા અને ટેસ્ટ રિઝલ્ટ ઉપલબ્ધ થશે
- ✓ રજિસ્ટ્રેશન અને એપ ડાઉનલોડ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા મોબાઇલ દ્વારા જ ટેસ્ટ પ્રોસિજર કર્યા પછી ટેસ્ટ સ્ટ્રીપનું પિક્ચર ક્લિક કરવાનું રહેશે
- ✓ મોબાઇલમાં રહેલી એપનો ડેટા આઇસીએમઆરના ટેસ્ટિંગ પોર્ટલ સાથે કનેક્ટ કરાયેલ સર્વરમાં સંગ્રહ કરાશે

- ✓ પોઝિટિવ આવનારી વ્યક્તિઓને કોરોના સંક્રમિત ગણાશે અને તેમણે ફરી ટેસ્ટ કરાવવાનો રહેશે નહીં
- ✓ પોઝિટિવ આવેલી વ્યક્તિએ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે
- ✓ લક્ષણ હોવા છતાં ટેસ્ટ નેગેટિવ આવે તો વ્યક્તિને આરટીપીસીઆર ટેસ્ટ કરાવી લેવાની સલાહ આપવામાં આવે છે, તે શંકાસ્પદ દર્દી ગણાશે
- ✓ ઉત્પાદકની સૂચનાઓ અનુસાર જ ટેસ્ટ કિટ, સ્વેબ અને અન્ય મટિરિયલનો કચરામાં નિકાલ કરવો.

## ટેસ્ટિંગની પ્રક્રિયા :




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. દિન વિશેષ : 20 મે

## વિશ્વ મધમાખી દિવસ




- ✓ થીમ 2021 : Bee Engaged - Build Back Better for Bees
- ✓ સ્લોવેનિયામાં મધમાખી પાલક અને આધુનિક મધમાખી ઉછેરના પાયોનિયર એવા "એન્ટોન જેસના"નો આજના દિવસે તા.20-05-1734ના રોજ જન્મ થયો હતો.
- ✓ આ દિવસ મનાવવા માટેના સ્લોવેનીયા દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્રોના સભ્ય રાષ્ટ્રો દ્વારા ડિસેમ્બર 2017માં સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- ✓ સૌપ્રથમવાર તા.20-05-2018ના રોજ આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (20-05-2021)

1. મે 2021માં ગુજરાત સરકાર દ્વારા કયા રોગને મહામારી જાહેર કરાઈ - **મ્યુકરમાઇકોસિસ/ બ્લેક ફંગસ**
2. તા. 20 મે 2021ની સ્થિતિએ દેશના કયા રાજ્યોએ બ્લેક ફંગસને મહામારી જાહેર કરી હતી – **હરિયાણા, રાજસ્થાન, તામિલનાડુ, ગુજરાત અને તેલંગણા**

3. મે 2021માં કેન્દ્ર સરકારે કયા એક્ટ અંતર્ગત બ્લેક ફંગસ (મ્યુકરમાઈકોસિસ)ને મહામારી જાહેર કરવા સૂચના આપી છે - **એપીડેમિક ડીસીઝ એક્ટ 1897**
4. બ્લેક ફંગસની સારવાર કરતી સરકારી-ખાનગી હોસ્પિટલો અને મેડિકલ કોલેજોએ સ્ક્રિનિંગ ડાયગનોસિસ અને ટ્રીટમેન્ટ માટે કોના દ્વારા નક્કી કરાયેલી ગાઈડ લાઇન્સનું પાલન કરવાનું રહેશે – **કેન્દ્રીય આરોગ્ય વિભાગ તથા ICMR**
5. મે 2021માં પિનારાઇ વિજયને કયા રાજયના મુખ્યમંત્રી તરીકે સતત બીજીવાર શપથ લીધા – **કેરળ**
6. કેરળની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **તિરુવનંતપુરમ**
7. કેરળના વર્તમાન રાજયપાલનું નામ જણાવો - **આરિફ મોહમ્મદ ખાન**
8. મે 2021માં કોના દ્વારા ઘેરબેઠા કોરોનાનો રેપિડ એન્ટિજેન ટેસ્ટની પરવાનગી અપાઈ - **ICMR**
9. મે 2021માં ICMR દ્વારા ઘેર બેઠા કોરોનાનો રેપિડ એન્ટિજન ટેસ્ટ માટેની ટેસ્ટિંગ કિટને મંજૂરી આપી તેનું નામ જણાવો - **'કોવિસેલ્ફ'**
10. ઘેર બેઠા કોરોનાનો રેપિડ એન્ટિજન ટેસ્ટ માટેની ટેસ્ટિંગ કિટ 'કોવિસેલ્ફ' કઈ કંપની દ્વારા તૈયાર કરાઈ છે – **માયલેબ ડિસ્કવરી સોલ્યુશન લિમિટેડ કંપની, પૂના**
11. ઘેર બેઠા કોરોનાનો રેપિડ એન્ટિજન ટેસ્ટ માટેની ટેસ્ટિંગ કિટ 'કોવિસેલ્ફ' કેટલા સમયમાં કોરોના ટેસ્ટનું રિઝલ્ટ આપી દે છે - **15 મિનિટ**
12. ઘેર બેઠા કોરોનાનો રેપિડ એન્ટિજન ટેસ્ટ માટેની ટેસ્ટિંગ કિટ 'કોવિસેલ્ફ'નો ઉપયોગ કરનાર દરેકે ગૂગલ પ્લે અને એપલ સ્ટોરમાં ઉપલબ્ધ કઈ મોબાઇલ એપ ડાઉનલોડ કરવાની રહેશે - **હોમ ટેસ્ટિંગ**
13. "વિશ્વ મધમાખી દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **20 મે**
14. વિશ્વ મધમાખી દિવસ 2021ની થીમ જણાવો - **Bee Engaged - Build Back Better for Bees**
15. યુનાઇટેડ નેશન્સ દ્વારા વિશ્વ મધમાખી દિવસ સૌપ્રથમ ક્યારે ઉજવવાનો પ્રારંભ કરાયો - **20.05.2018**
16. કોના જન્મદિવસની યાદમાં 20 મે વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **એન્ટોન જેસના (સ્લોવેનિયા)**
17. વિશ્વમાં મધમાખી પાલક અને આધુનિક મધમાખી ઉછેરના પાયોનીયર તરીકે કોણ ઓળખાય છે - **એન્ટોન જેસના (સ્લોવેનિયા)**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. શૈક્ષણિક નિર્ણય : ગુજરાત સરકાર રાજ્યમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના 9.50 લાખ વિદ્યાર્થીઓને મેરીટ બેઝ્ડ પ્રોગેશન અપાશે



**કોને લાગુ પડશે :**

- ✓ બીજા, ચોથા અને છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને પ્રોગેશન અપાશે

**વિગત :**

- ✓ રાજ્ય સરકારે આ વર્ષે કોવિડ-19 કોરોના સંક્રમણની વ્યાપક પરિસ્થિતીમાં શાળા-કોલેજોમાં શિક્ષણકાર્યને પડેલી અસરને ધ્યાનમાં લઇને આ મેરિટ બેઇઝ્ડ પ્રોગ્રેશન માત્ર આ વર્ષ પૂરતું આપવાનો નિર્ણય કર્યો.
- ✓ રાજ્ય સરકારે કરેલા આ મેરિટ બેઇઝ્ડ પ્રોગ્રેશનના નિર્ણયનો લાભ સરકારી અને ખાનગી યુનિવર્સિટી તથા કોલેજોના મેડીકલ-પેરામેડીકલ સિવાયના તમામ અભ્યાસક્રમો માટે ઇન્ટરમિડીયેટ સેમેસ્ટર 2, 4 અને જ્યાં સેમેસ્ટર 6 પણ ઇન્ટરમિડીયેટ હોય તેવા વિદ્યાર્થીઓને મળશે.

**માસ પ્રમોશન અને મેરિટ બેઝ્ડ પ્રોગેશન વચ્ચેનો તફાવત**

- ✓ **માસ પ્રમોશન**માં કોઈપણ પરીક્ષા વગર વિદ્યાર્થીને સીધા જ ઉત્તીર્ણ જાહેર કરીને ઉપરના વર્ગમાં ચડાવાય છે.
- ✓ **મેરિટ બેઝ્ડ પ્રોગ્રેશન** એટલે કન્ટીન્યુઅસ ઇવેલ્યુશનના આધારે વિદ્યાર્થીને આગળના સેમેસ્ટરમાં જવા મળે છે અને માર્કશીટમાં ક્યાંય માસ પ્રમોશન લખાતું નથી.

**માર્કસની ગણતરી કેવી રીતે થશે :**

- ✓ માર્કસની ગણતરી માટે 50 ટકા ગુણ આંતરિક મૂલ્યાંકનના આધારે અને બાકીના 50 ટકા ગુણ તૂરતના અગાઉના-પ્રિવીયસ-સેમિસ્ટરના આધારે આપવામાં આવશે.
- ✓ જો યુનિવર્સિટી-કોલેજો દ્વારા પ્રાયોગિક પરીક્ષા લેવામાં નહિં આવી હોય તો ત્યાં 50 ટકા ગુણ આંતરિક મુલ્યાંકનના આધારે અને બાકીના 50 ટકા ગુણ તુરતના અગાઉના પ્રિવીયસ સેમિસ્ટરના આધારે ગણાશે. જે કિસ્સાઓમાં પ્રાયોગિક પરીક્ષા લેવાઇ હશે તેવા કિસ્સામાં પરીક્ષામાં મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. RBI : RBI કેન્દ્ર સરકારને સરપ્લસ સ્વરૂપમાં રૂ. 99,122 કરોડ ટ્રાન્સફર કરશે



**વિગત :**

- ✓ RBI દ્વારા નાણાકીય વર્ષમાં ફેરફાર : જુલાઇ 2020થી માર્ચ 2021 સુધીના નવ માસમાં ડિવિડન્ડ પેટે રૂ. 99,122 ચૂકવવાનો નિર્ણય
- ✓ ભારતીય રિઝર્વ બેન્કે 31 માર્ચ 2021ના રોજ પૂરા થતા નવ મહિનાની હિસાબી મુદત માટે કેન્દ્ર સરકારને સરપ્લસ સ્વરૂપમાં રૂ. 99,122 કરોડ ટ્રાન્સફર કરવા મંજૂરી આપી.
- ✓ ઉપરાંત આકસ્મિક જોખમ બફર (કન્ટિજન્સી રિસ્ક બફર) ભંડોળને બેલેન્સશીટની 5.5 થી 5.6 ટકાની સપાટીએ જાળવવા પણ નિર્ણય લીધો હતો.'

**2019માં રૂ.1,23,414 કરોડ ટ્રાન્સફર કર્યા હતા**

- ✓ રિઝર્વ બેન્ક પ્રત્યેક નાણાકીય વર્ષમાં સમીક્ષા કરીને પોતાના સરપ્લસ કે નફામાંથી સરકારને ડિવિડન્ડરૂપે ચુકવણી કરતી હોય છે. ગયા વર્ષે રિઝર્વ બેન્કે પોતાની પાસેના સરપ્લસના 44 ટકા એમ સૌથી ઓછા એવા રૂ. 57,128 કરોડ કેન્દ્ર સરકારને ટ્રાન્સફર કર્યા હતા.
- ✓ વીતેલા સાત વર્ષમાં રિઝર્વ બેન્ક દ્વારા કેન્દ્ર સરકારને ટ્રાન્સફર થયેલી આ સૌથી ઓછી રકમ હતી.
- ✓ વર્ષ 2019માં રિઝર્વ બેન્કે કેન્દ્ર સરકારને રૂપિયા રૂ.1,23,414 કરોડ ટ્રાન્સફર કર્યા હતા.
- ✓ RBI ગવર્નર : શક્તિકાન્ત દાસ
- ✓ મુખ્ય મથક : મુંબઈ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નિધન : પદ્મવિભૂષણ - ચિપકો આંદોલનના પ્રણેતા અને પર્યાવરણવિદ સુંદરલાલ બહુગુણાનું કોરોનાથી 94 વર્ષે નિધન




- ✓ જન્મ : 9 જાન્યુઆરી 1927
- ✓ જન્મ સ્થળ : ટિહરી જિલ્લો, ઉત્તરાખંડ
- ✓ નિધન : એમ્સ ઋષિકેશ

**પરિચય :**

- ✓ પર્વતીય નવજીવન મંડળની સ્થાપના
- ✓ હિમાલયના રક્ષક સુંદરલાલ બહુગુણાની સૌથી મોટી ઉપલબ્ધિ ચીપકો આંદોલન હતી.
- ✓ તેઓ ગાંધી બાપૂના પાક્કા અનુયાયી હતા અને જીવનનો એકમાત્ર ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા હતો.
- ✓ સુંદરલાલે 13 વર્ષની ઉંમરે રાજકીય કેરિયરની શરૂઆત કરી હતી. 1956માં લગ્ન થયા બાદ

રાજકીય જીવનથી તેમણે સંન્યાસ લીધો હતો. ત્યારબાદ તેમણે ગામમાં રહેવાનો નિર્ણય કર્યો અને પહાડીઓમાં એક આશ્રમ ખોલ્યો.

- ✓ ટિહરીની આસપાસના વિસ્તારોમાં દારૂની વિરૂદ્ધ મોરચો ખોલ્યો. 1960ના દાયકામાં તેમણે પોતાનું ધ્યાન વન અને વૃક્ષો તરફ કેન્દ્રિત કર્યું.

**ચિપકો આંદોલન વિશે :**

- ✓ પર્યાવરણ સુરક્ષા માટે 1970માં શરૂ થયેલું આંદોલન આખા ભારતમાં ફેલાવા લાગ્યું. તેના જ એક ભાગ રૂપે તા. 26 માર્ચ 1974માં તેમણે વૃક્ષો કાપવાના વિરોધમાં ચિપકો આંદોલનની શરૂઆત કરી હતી.
- ✓ ગઢવાલ હિમાલયમાં વૃક્ષોને કાપવાથી લઇને શાંતિપૂર્ણ આંદોલન ચાલી રહ્યું હતુ. 26 માર્ચ, 1974ના જયારે ઠેકેદારના લોકો વૃક્ષો કાપવા આવ્યા ત્યારે ચમોલી જિલ્લાની ગ્રામીણ મહિલાઓ વૃક્ષને બાથ ભરીને ઊભી રહી ગઈ. આ વિરોધ પ્રદર્શન ત્યારબાદ આખા દેશમાં ફેલાઈ ગયું.
- ✓ 1980ની શરૂઆતમાં બહુગુણાએ હિમાલયની 5,000 કિમી યાત્રા કરી. ગામોની મુલાકાત કરી અને લોકોની વચ્ચે પર્યાવરણ સુરક્ષાનો સંદેશ ફેલાવ્યો.

ટિહરી ડેમ આંદોલન વિશે

- ✓ બહુગુણાએ ટિહરી ડેમ વિરુદ્ધ પણ આંદોલનમાં મહત્વની ભૂમિકા નીભાવી હતી. તેમણે અનેકવાર ભૂખ હડતાળ કરી.
- ✓ તત્કાલીન પ્રધાનમંત્રી પી.વી. નરસિંહા રાવના શાસનકાળ દરમિયાન તેમણે દોઢ મહિના સુધી ભૂખ હડતાળ કરી હતી.
- ✓ વર્ષો સુધી શાંતિપૂર્ણ પ્રદર્શન બાદ 2004માં ડેમ પર ફરીથી કામ શરૂ કરવામાં આવ્યું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. DRDO : DIPCOVAN એન્ટિબોડી ડિટેક્શન કિટ વિકસાવાઇ (આરોગ્ય- સંશોધન)




**DIPCOVAN વિશે :**

- ✓ DRDO સંસ્થાએ DIPCOVAN એન્ટિબોડી ડિટેક્સન કિટ તૈયાર કરી છે. આ કીટ 97%ની ઉચ્ચ સંવેદનશીલતા અને 99%ની વિશિષ્ટતા સાથે વાયરસનાં મ્યૂટેશન તથા ન્યુક્લિયોકેપ્સિડ પ્રોટીનને પણ શોધી શકે છે.
- ✓ દિલ્હી સ્થિત વંગાર્ડ ડાયગ્નોસ્ટિક્સ પ્રા.લિ.ના સહયોગથી આ કિટ તૈયાર કરવામાં આવી છે.
- ✓ તેને વૈજ્ઞાનિકો દ્વારા સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવી હતી, ત્યારબાદ દિલ્હીની વિવિધ કોવિડ હોસ્પિટલોમાં 1000થી વધુ દર્દીઓનાં સેમ્પલ અંગે વિસ્તૃત ટેસ્ટીંગનાં આધારે વેરિફિકેશન કરવામાં આવી.

**મુખ્ય હેતુ :**

- ✓ માનવ શરીરમાં કોરોના સામે લડવા માટે જરૂરી એન્ટિબોડીઝ અથવા પ્લાઝ્મા શોધી કાઢવું એ DIPCOVAN કીટ તૈયાર કરવાનો હેતુ છે. આ કીટની વેલીડીટી 18 મહિનાની હશે.
- ✓ છેલ્લા એક વર્ષમાં આ એન્ટિબોડી ટેસ્ટ કીટ DIPCOVANની ત્રણ બેચને માન્યતા આપવામાં આવી છે.
- ✓ DRDO : સંગઠન સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન, ભારત સરકાર.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. ખેલકૂદ : વિમેન્સ FIFA વર્લ્ડકપ-2023 કાર્યક્રમ જાહેર




**FIFA વર્લ્ડકપ-2023 વિશે :**

- ✓ <u>પ્રથમવાર કુલ ટીમો :</u> 32
- ✓ <u>સંયુક્ત યજમાન :</u> ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ
- ✓ <u>કુલ સ્ટેડિયમ :</u> 10
- ✓ <u>સમયગાળો :</u> 20મી જુલાઇથી 20મી ઓગસ્ટ 2023
- ✓ <u>ઓપનિંગ મેચ :</u> ઇડન પાર્ક, ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)
- ✓ <u>ફાઇનલ મેચ :</u> સિડની (ઓસ્ટ્રેલિયા)
- ✓ <u>FIFA :</u> ફૂટબોલની વિશ્વ સંચાલક સંસ્થા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. દિન વિશેષ : 21 મે

## આતંકવાદ વિરોધી દિવસ

## પૂર્વ PM રાજીવ ગાંધીની 30મી પૂણ્યતિથિ

**21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ કેમ મનાવવામાં આવે છે?**

- ✓ રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિવસની સત્તાવાર જાહેરાત 21 મે, 1991ના રોજ ભારતના સાતમાં વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા થયા બાદ કરવામાં આવી હતી.




- ✓ તેઓની હત્યા તમિલનાડુમાં એક અભિયાન દરમિયાન એક આતંકવાદી દ્વારા કરવામાં આવી હતી.
- ✓ ત્યારબાદ, વી.પી સિંહ સરકારે 21 મેને આતંકવાદી વિરોધી દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારથી આ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ આ સાથે જ તમામ સરકારી કાર્યલય, સાર્વજનિક સંસ્થાઓમાં આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

**<u>હેતુ :</u>**

- ✓ આતંકવાદ વિશે લોકોને માહિતગાર કરવા, લોકોની વેદના અને લોકોના જીવન પર થતી આતંકવાદની અસર વિશે જાગરૂકતા ફેલાવવા માટે દર વર્ષે 21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (21-05-2021)</u>

1. ગુજરાતમાં કોરોનાના કારણે ચાલુ વર્ષ માટે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના કયા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને મેરીટ બેઇઝ્ડ પ્રોગેશન અપાશે- **<u>બીજા, ચોથા અને છઠ્ઠા</u>**
2. મેરીટ બેઇઝ્ડ પ્રોગેશન એટલે શું - **<u>કન્ટીન્યુઅસ ઈવેલ્યુશન આધારે વિદ્યાર્થીને આગળના સેમેસ્ટરમાં જવા મળે છે અને માર્કશીટમાં ક્યાંય માસ પ્રમોશન લખાતું નથી</u>**
3. મે 2021માં RBI દ્વારા કેન્દ્ર સરકારને સરપ્લસ સ્વરૂપમાં-ડિવિડન્ડ પેટે કેટલા નાણા ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવામાં આવી છે – **<u>રૂ.99,122 કરોડ</u>**

4. મે 2021માં RBI દ્વારા નાણાકીય વર્ષમાં કયો નવો ફેરફાર કરવામાં આવ્યો છે- **જુલાઈ 2020 થી માર્ચ 2021**
5. RBI નું નાણાકીય વર્ષ જણાવો – **જુલાઈથી જૂન**
6. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્ત દાસ**
7. 21 મે 2021ના રોજ કયા પર્યાવરણવિદ અને ચિપકો આંદોલનના પ્રણેતાનું 94 વર્ષની વયે અવસાન થયું - **સુંદરલાલ બહુગુણા**
8. સુંદરલાલ બહુગુણાનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - **09 જાન્યુઆરી 1927,ટિહરી જિલ્લો, ઉત્તરાખંડ**
9. ગઢવાલ હિમાલયન રેન્જમાં વૃક્ષો કાપવાના વિરોધમાં નોંધપાત્ર ચિપકો આંદોલનનો સૌપ્રથમ પ્રારંભ ક્યારે થયો હતો - **26 માર્ચ 1974**
10. સુંદરલાલ બહુગુણાએ પર્વતોની રક્ષા કરવા કઈ સંસ્થાની સ્થાપના કરી હતી - **પર્વતીય નવજીવન મંડળ**
11. હિમાલયન રેન્જમાં સુંદરલાલ બહુગુણાએ કયા એક ડેમની વિરુદ્ધમાં પણ આંદોલન કર્યું હતું - **ટિહરી ડેમ**
12. મે 2021માં DRDO સંસ્થા દ્વારા કઈ એન્ટિબોડી ડિટેક્સન કિટ તૈયાર કરાઈ – **DIPCOVAN**
13. DIPCOVAN કીટ તૈયાર કરવાનો હેતુ જણાવો - **માનવ શરીરમાં કોરોના સામે લડવા માટે જરૂરી એન્ટિબોડીઝ અથવા પ્લાઝ્મા શોધી કાઢવા**
14. વિમેન્સ FIFA વર્લ્ડકપ-2023માં કેટલા સ્ટેડિયમમાં પ્રથમવાર કુલ કેટલી ટીમો ભાગ લેશે – **32 તથા 10**
15. વિમેન્સ FIFA વર્લ્ડકપ-2023ના યજમાન દેશનું નામ જણાવો - **ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ**
16. વિમેન્સ FIFA વર્લ્ડકપ-2023 કયા સમયગાળા દરમિયાન યોજાશે – **તા. 20મી જુલાઇથી તા. 20મી ઓગસ્ટ**
17. FIFA એ શું છે - **ફૂટબોલની વિશ્વ સંચાલક સંસ્થા**
18. આતંકવાદ વિરોધી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે – **21 મે**
19. પ્રત્યેક વર્ષ તા. 21 મેના રોજ કોની યાદમાં આતંકવાદ વિરોધી દિવસ ઉજવવામાં આવે છે – **પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી**
20. આતંકવાદ વિરોધી દિવસ ઉજવવાનો હેતુ જણાવો - **આતંકવાદ વિશે લોકોને માહિતગાર કરવા, લોકોની વેદના અને લોકોના જીવન પર થતી આતંકવાદની અસર વિશે જાગરૂકતા ફેલાવવા**
21. તા. 21મી મે-2021ના રોજ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની કેટલામી પૂણ્યતિથિ હતી – **30મી પૂણ્યતિથિ**
22. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનું અવસાન ક્યારે થયુ હતું - **21 મે 1991**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. ગુજરાત : વર્ષ 2016 થી વર્ષ 2020 દરમિયાન પુરુષોના સરેરાશ આયુષ્ય કરતાં મહિલાના આયુષ્ય વર્ષમાં વધારો




Health & Family Welfare Department
Government of Gujarat

### આરોગ્ય વિભાગના માપદંડ:

- ✓ રાજયના આરોગ્યના માપદંડના આધારે વર્ષ 2016 થી વર્ષ 2020ના ગાળા દરમ્યાન પુરૂષનું આયુષ્ય 70.7 અને મહિલાનું આયુષ્ય 73.7 નિયત કરવામાં આવ્યું છે, એટલે કે પુરૂષના આયુષ્યમાં ત્રણ વર્ષ અને મહિલાના આયુષ્યમાં બે વર્ષનો વધારો જોવા મળ્યો છે.
- ✓ 10 વર્ષ પહેલા મહિલાનું સરેરાશ આયુષ્ય 71 અને પુરુષનું 67.2 વર્ષ હતુ.
- ✓ એકમાત્ર ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં આરોગ્ય સેવાઓમાં 100 ટકા કવરેજ પ્રાપ્ત થાય છે.

### વર્ષ 2006થી વર્ષ 2010ની સ્થિતિ :

- ✓ વર્ષ 2006થી વર્ષ 2010 સુધીના વર્ષમાં પુરૂષનું આયુષ્ય 67.2 વર્ષનું ગણવામાં આવ્યું હતું જયારે મહિલાનું આયુષ્ય 71 વર્ષ નોંધવામાં આવ્યું હતું.
- ✓ વર્ષ 2011 થી 2015 સુધીમાં પુરૂષના આયુષ્યમાં બે વર્ષનો અને મહિલાના આયુષ્યમાં 1.5 વર્ષનો વધારો જોવા મળ્યો હતો.
- ✓ **અહેવાલ :** આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. ગુજરાત વિધાનસભાની 2020-21ના વર્ષ માટેની સમિતિઓની રચના



- ✓ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ 2020-21ના વર્ષ માટેની જુદી જુદી

નાણાકીય અને બિન - નાણાકીય સમિતિઓની રચનાની જાહેરાત કરી.

| પ્રમુખનું નામ | સમિતિનું નામ |
|---|---|
| રાજેન્દ્ર ત્રિવેદી | નિયમો માટેની સમિતિ અને ગ્રંથાલય સમિતિ હોદ્દાની રૂએ |
| બાબુ બોખીરીયા | અંદાજ સમિતિ |
| પુંજાભાઇ વંશ | જાહેર હિસાબ સમિતિ |
| નીમાબેન આચાર્ય | જાહેર સાહસો માટેની સમિતિ |
| કિરીટસિંહ રાણા | પંચાયતીરાજ સમિતિ |
| ઝંખનાબેન પટેલ | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ |
| દુષ્યતભાઇ પટેલ | ગૌણ વિધાન સમિતિ |
| વલ્લભભાઇ કાકડીયા | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ |
| નરેશભાઇ પટેલ | અનુસૂચિત જનજાતીઓના કલ્યાણ માટેની સમિતિ |
| અર્જુનસિંહ ચૌહાણ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ |
| પિયુષભાઇ દેસાઇ | સદસ્ય નિવાસ સમિતિ |
| બાબુભાઇ પટેલ | સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો માટેની સમિતિ |
| પ્રવિણભાઇ ઘોઘારી | અરજી સમિતિ |
| રાકેશભાઇ શાહ | વિશેષાધિકાર સમિતિ |
| જીતેન્દ્ર સુખડીઆ | સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ |
| મનીષાબેન વકીલ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ |
| શંભુજી ઠાકોર | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ |

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3. કેન્દ્ર સરકાર : શ્રમિકો માટેના વેરિએબલ ડિયરનેસ અલાઉન્સ-VDAમાં વધારો (આર્થિક)

सत्यमेव जयते

MINISTRY OF LABOUR AND EMPLOYMENT

GOVERNMENT OF INDIA

- ✓ **વધારો :** દૈનિક રૂ. 105થી વધારી રૂ. 210ની વચ્ચે વધશે જેનો આધાર શ્રમિકની કામગીરીના પ્રકાર અને સ્થળ ઉપર આધાર રાખશે

**કોને કોને લાભ મળશે :**

- ✓ ખાણ, બંદર, ઓઇલ, રેલ્વે એડમિનિસ્ટ્રેશન વગેરેમાં કામ કરતા શ્રમિકો
- ✓ **કેટલા શ્રમિકોને લાભ મળશે :** અંદાજે 1.5 કરોડ
- ✓ **અમલ :** તા. 1 એપ્રિલ 2021થી

**VDA વિશે :**

- ✓ VDA કેન્દ્રીય કર્મચારીઓના ડિયરનેસ એલાઉન્સની જેવું હોય છે. આ વધારો તમામ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ અને કેઝ્યુઅલ વર્કર્સને પણ સમાન રીતે લાગુ થશે.
- ✓ આ વધારાથી કર્મચારીનો માસિક પગાર રૂ. 2,000-5,000ની રેન્જમાં વધશે.
- ✓ વીડીએને ઇન્ડસ્ટ્રિયલ વર્કર્સ માટેના સરેરાશ કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (CPI-IW)ના આધારે સુધારવામાં આવ્યો છે.
- ✓ **મંત્રાલય :** શ્રમ અને રોજગાર,ભારત સરકાર

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. વાઈટ ફંગસ શું છે (આરોગ્ય)

- ✓ **અન્ય નામ :** કેન્ડડાઇસિસ
- ✓ ભારતમાં વાઈટ ફંગસનો પ્રથમ કેસ : બિહાર

✓ બિહારમાં વાઇટ ફંગસના કેસીઝ જોવા મળી રહ્યા છે. જેમ મ્યુકરમાઇકોસિસ છે એમ વાઇટ ફંગસ એટલે કેન્ડીડાઇસીસ.




✓ વાઇટ ફંગસના લક્ષણ કોવિડ-19 જેવા જ હોય છે. તેની ભાળ જ્યારે સિટી સ્કેન કરવામાં આવે ત્યારે મળે છે.

✓ તે ફેફસાંને ચેપ લગાડે છે અને બ્લેક ફંગસ કરતા પણ વધારે ઘાતક નીવડી શકે છે.
વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. ખેલકૂદ : આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનના અધ્યક્ષ તરીકે ભારતીય નરેન્દ્ર બત્રા બીજી વાર ચૂંટાયા



✓ **કાર્યકાળ :** વર્ષ 2024

**વર્તમાન દાયિત્વ :**

✓ **અધ્યક્ષ**-ભારતીય ઓલિમ્પિક સંઘ

✓ **સભ્ય -** આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટી
વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. દિન વિશેષ : 22 મે
## આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (બાયો ડાયવર્સિટી ડે)




✓ થીમ-2021 : "We're part of the solution".

✓ વિશ્વ જૈવ વિવિધતા દિવસ 22 મી મે ના દિવસને દુનિયાભરમાં જૈવિક વિવિધતા દિન તરીકે ઉજવવામાં આવે છે. જૈવિક વિવિધતામાં પક્ષીઓ, પ્રાણીઓ, દરીયાઇ જીવો, વિવિધ પ્રકારની વનસ્પતીઓ, વૃક્ષો, ઔષધીઓ વગેરે કુદરતી સંપતિનો સમાવેશ થાય છે.

✓ વર્ષ : 2021 થી 2030 The UN ડીકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેનિબલ ડેવલપમેન્ટ એન્ડ ધ UN ડીકેડ ઓન ઈકો સિસ્ટમ રીસ્ટોરેશન

✓ વધુમાં UN બાયોડાયવર્સિટી સમિટનું આગામી સમયમાં આયોજન

✓ અમેરીકાની વર્ષ 1993 થી વર્ષ 2000 દરમિયાન નક્કી કરાયેલી જનરલ એસેમ્બલી દ્વારા 29 મી ડીસેમ્બરને બાયોલોજીકલ ડાયર્વસીટી ડે ઉજવવાનું અમલી કરણ કરાયું હતું. પરંતુ રીયો અર્થ સમિટ બાદ 22 મી મે ના દિવસને જૈવિક વિવિધતા દિન તરીકે ઉજવવાનું અમલીકરણ કરાયું.

- ✓ આ દિવસે જે તે દેશો પોતાનાં રાષ્ટ્રની જૈવિક વિવિધતા બાબતે કાર્યક્રમો યોજી નાગરીકોને આ કુદરતી સંપતીનું જતન કરવા જાગૃત કરે છે.
- ✓ જેના અનુસંધાને અમેરીકાની જનરલ એસેમ્બલી દ્વારા વર્ષ 2011 થી 2020 ના દાયકાને યુનાઇટેડ નેશન્સ ડીકેડ ઓફ બાયોડાવર્સિટી જાહેર કરી તેની જાળવણી માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે.
- ✓ ભારત પાસે પણ જૈવિક વિવિધતા બાબતે અમુલ્ય ખજાનો છે. ગુજરાતમાં આવેલા જુદી જુદી ઋતુના જંગલો તથા 1600 કિલોમિટર લાંબાં દરીયા કિનારાનાં કારણે જૈવિક વિવિધતાની તેની જાળવણી અંગે પુરતી જાગૃતિ સરકાર કેળવી શકી નથી.
- ✓ કુદરતી સંશાધનોના દુરૂપયોગ અને પર્યાવણની જાળવણીની ઉપેક્ષાના કારણે પૃથ્વીનું તાપમાન વધતા ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન ઉભો થયો છે.
- ✓ માનવ વસ્તીની વિવિધ પ્રવૃતિઓને કારણે અમુક પ્રજાતિઓ પૃથ્વી પરથી લુપ્ત થઇ રહી છે. તેમજ પૃથ્વી પર જંગલોનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે.
- ✓ એક અહેવાલ મુજબ છેલ્લી 5 શતાબ્દી દરમિયાન 800થી વધારે વન્યજીવો અને વનસ્પતિની પ્રજાતિઓ લુપ્ત થઇ ગઇ છે અને 17,000થી વધુ પ્રજાતિઓ વિનાશના આરે ઉભી છે.
- ✓ જૈવિક વિવિધતા દિનના દિવસે આપણી આ જૈવિક કુદરતી સંપતિની જાણવણી માટે જાગૃત બનીએ.

  વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. જન્મ દિન વિશેષ : 22 મે

**ભારતીય નવજાગરણ : રાજા રામમોહનરાય**

**જન્મ : 22 મે-1772**

**અવસાન : 27 સપ્ટેમ્બર-1833**




- ✓ ભારતીય ઉપખંડમાં સામાજિક કુરિવાજો દૂર કરવાની શરૂઆત કરનારા રાજા રામમોહન રાયનો જન્મ બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામે થયો હતો.
- ✓ તેમણે પ્રાથમિક શિક્ષણ ગામમાં એ પછી પટના અને બનારસમાં સંસ્કૃત અને વેદોનો અભ્યાસ કર્યો હતો. તેઓ 8 ભાષાઓ જાણતા હતા. પર્શિયન અને અરેબિક ભાષાના અભ્યાસે તેમને એકેશ્વરવાદમાં માનતા કર્યાં.

**સામાજિક સુધારક તરીકે :**

- ✓ બાળલગ્નો, બહુપત્નીત્વ, સતીપ્રથા, જાતિવાદ અને કર્મકાંડો વિરુદ્ધ વિચારો વ્યક્ત કર્યાં.
- ✓ તેમના પ્રયત્નો અને ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેંટિકના માનવતાવાદી અભિગમથી 4 ડિસે.1829ના રોજ ઉચ્ચ વર્ણીય સ્ત્રીઓમાં પ્રચલિત સતીપ્રથા કાયદા દ્વારા નાબૂદ થઇ.
- ✓ ઇંગ્લેન્ડની રાણીને પત્ર લખી સંસ્કૃત અને ઉર્દૂને બદલે અંગ્રેજીમાં શિક્ષણ આપવાની વકીલાત કરી.
- ✓ વર્ષો પહેલાં કનોજથી બંગાળમાં આવી વસેલા તેમના પરિવારને મુગલ બાદશાહ અક્બર બીજા એ રાજાની પદવી આપી હતી.
- ✓ સતી પ્રથા અને બાળવિવાહની નાબુદી માટેનાં તેમના પ્રયાસોના લીધે જ તેમને બંગાળનાં નવસર્જનના પિતા કહેવામાં આવે છે.
- ✓ બંગાળના 10 સર્વોત્તમ વ્યક્તિઓની યાદીમાં બીબીસીએ તેમને 2004માં સમાવ્યા હતા.
- ✓ અંગ્રેજી શિક્ષણ પ્રથાના ચાહક એવા રાજા રામમોહનરાયનું મૃત્યુ 27-9-1833ના રોજ

સ્ટેપલ્ટન ઇંગ્લેન્ડમાં થયું હતું. ત્યારે તેમનો છેલ્લો શબ્દ ઓમ હતો. ત્યાં તેમની યાદમાં એક પાર્ક, એક રસ્તો અને ત્યાંના ટાઉનહોલમાં તેમની તામ્ર પ્રતિમા મુકાઇ છે.

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (22-05-2021)

1. તાજેતરમાં ગુજરાતના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષ 2016 થી 2020ના સમયગાળા દરમિયાન મહિલાઓનું સરેરાશ આયુષ કેટલુ નક્કી કરવામાં આવ્યું છે - **73.7**
2. તાજેતરમાં ગુજરાતના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષ 2016 થી 2020ના સમયગાળા દરમિયાન પુરુષોનું સરેરાશ આયુષ કેટલુ નક્કી કરવામાં આવ્યું છે - **70.7 વર્ષ**
3. ગુજરાતમાં વર્ષ 2020ની સ્થિતિએ 10 વર્ષ પહેલા મહિલા અને પુરુષોનું સરેરાશ આયુષ કેટલુ નક્કી કરવામાં આવ્યું હતું - **71 અને 67.2 વર્ષ**
4. મે 2021માં ગુજરાત વિધાનસભાની વર્ષ 2020-21માટેની વિવિધ સમિતિઓની રચના કોના દ્વારા કરવામાં આવી હતી - **વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી**
5. મે 2021માં ગુજરાત વિધાનસભાની વર્ષ 2020-21માટેની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી જેમાં સમિતિના અધ્યક્ષ- પ્રમુખ પદે કોની નિમણૂક કરવામાં આવે છે - **ધારાસભ્યો**
6. ગુજરાત વિધાનસભામાં નિયમો માટેની સમિતિ અને ગ્રંથાલય સમિતિના હોદ્દાની રૂએ કોની નિમણૂક કરવામાં આવી છે - **વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી**
7. તાજેતરમાં ગુજરાત વિધાનસભાની વર્ષ 2020-21 માટેની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિના પ્રમુખ તરીકે કોની નિમણૂક કરાઇ છે - **બાબુ બોખીરીયા, પુંજાભાઇ વંશ, નીમાબેન આચાર્ય તથા કિરીટસિંહ રાણા**
8. મે 2021માં કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિકો માટેના VDAમાં દૈનિક કેટલો વધારો કરવાનો નિર્ણય કરાયો છે – **રૂ. 105 થી રૂ. 210 સુધી**
9. શ્રમિકો માટેના VDAનું વિસ્તૃત નામ જણાવો - **વેરિયેબલ ડિયરનેસ એલાઉન્સ**
10. નવા VDAનો લાભ કયા કયા ક્ષેત્રના શ્રમિકોને કોને મળશે - **ખાણ, બંદર, ઓઇલ, રેલવે એડમિનિસ્ટ્રેશન વગેરે**
11. નવા VDAનો અમલ કઇ તારીખથી કરવામાં આવશે - **01 એપ્રિલ 2021થી**
12. શ્રમિકો માટેના VDAની જાહેરાત કયા મંત્રાલય દ્વારા કરવામાં આવે છે- **શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર**
13. ભારતમાં વાઇટ ફંગસનો પ્રથમ કેસ ક્યા રાજ્યમાં નોંધાયો હતો – **બિહાર**
14. મે 2021માં આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનના અધ્યક્ષ તરીકે કયા ભારતીય બીજી વાર ચૂંટાયા - **નરેન્દ્ર બત્રા**
15. આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (બાયો ડાયવર્સિટી ડે) ક્યારે ઉજવવામાં આવે છે – **22 મે**
16. આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ-2021ની થીમ જણાવો - **"We're part of the solution"**
17. જૈવ વૈવિધ્ય સંદર્ભે યુનાઇટેડ નેશન્સ દ્વારા વર્ષ-2021-2030 કયા વિષયને લઈને દશક ઉજવાશે- **"ધ યુ.એન. ડીકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ એન્ડ ધ યુ.એન. ડીકેડ ઓન ઈકો સિસ્ટમ રીસ્ટોરેશન"**
18. ભારતીય નવજાગરણના પિતા રાજા રામમોહનરાયનો જન્મ દિવસ જણાવો - **22 મે-1772**
19. ભારતીય નવજાગરણના પિતા રામમોહનરાયને રાજાનું બિરુદ કોણે આપ્યું - **મુઘલ બાદશાહ અકબર બીજાએ**
20. રાજા રામમોહનરાયનો જન્મ ક્યાં થયો હતો - **બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામે**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. આયુષ કોવિડ-19 કાઉન્સેલિંગ હેલ્પલાઇન ટોલ ફ્રી નં - 14443 કાર્યરત (આરોગ્ય)




**હેલ્પલાઇનની સુવિધા :**

- ✓ સપ્તાહના સાતેય દિવસ સવારે 6.00થી રાત્રે 12.00 કલાક સુધી કાર્યરત.
- ✓ આ ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર 14443 દ્વારા આયુષના તમામ અલગ અલગ વિષય નિષ્ણાતો નાગરિકોના સામાન્ય પ્રશ્નોના ઉકેલ માટે ઉપલબ્ધ રહેશે. જેમાં નાગરીકો HELPLINE થકી આયુર્વેદ, હોમિયોપેથી, યોગ, નૈસર્ગિક ઉપચાર (નેચરોપેથી), યુનાની અને સિદ્ધા માટે માર્ગદર્શન મેળવી શકશે.
- ✓ જેમાં નિષ્ણાતો દ્વારા નાગરીકો તેમજ દર્દીઓને માત્ર ઉપાય કે અનુકૂળ ઇલાજ ની સાથે સાથે તેમની નજીકમાં ઉપલબ્ધ આયુષ કેન્દ્રોની માહિતી પણ પૂરી પાડશે.

**હેતુ :**

- ✓ કોવિડ-19ને કારણે સર્જાયેલી સમસ્યાઓ, પોસ્ટ કોવિડ માટે આયુષ આધારિત ઉપાય માટે કેન્દ્રના આયુષ મંત્રાલય દ્વારા સમાજને મદદરૂપ વિશેષ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી.

**હેલ્પલાઇન કઈ રીતે કામ કરશે ?**

- ✓ આ હેલ્પલાઇન આઇવીઆર (ઇન્ટરએક્ટિવ વોઇસ રિસ્પોન્સ)થી સજ્જ છે અને હાલમાં તે હિન્દી તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં અન્ય ભાષાઓનો પણ તેમાં સમાવેશ કરાશે.
- ✓ પ્રારંભમાં આ હેલ્પલાઇન એક સાથે 100 કોલ લઈ શકશે અને ભવિષ્યમાં જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ સંખ્યામાં વધારો કરાશે.
- ✓ આ હેલ્પલાઇન મારફતે આયુષ મંત્રાલય દેશમાં કોવિડ-19ના ફેલાવાને નિયંત્રણ રાખવાના યોગદાનમાં મદદરૂપ થશે આ હેલ્પલાઈનને સ્ટેપવન એનજીઓ પ્રોજેક્ટની મદદથી કાર્યરત કરાઈ છે.

**AYUSH વિશે પ્રાથમિક માહિતી**

- ✓ આયુષ સિસ્ટમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ઉપયોગમાં લેવાતી દેશની સૌથી જૂની

મેડિકલ સિસ્ટમ છે અને સમગ્ર દેશમાં તેને આવકાર મળેલો છે.

- ✓ કોરોના સામે ઘરમાં જ રહીને સારવાર કરી શકાય અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય તે હેતુથી કોરોનાની મહામારીના વર્તમાન સમયમાં AYUSH ની સારવાર અને ઉપાયોના ઉપયોગમાં વધારો જોવા મળ્યો છે.
- ✓ આ AYUSH SYSTEM કોવિડ-19ના મેનેજમેન્ટમાં ઉપયોગી, અસરકારક, સુરક્ષિત અને વાજબી છે. આ ઉપરાંત તેની PREVENTIVE અને CURETIVE TREATMENT ની શક્યતાને પણ ચકાસવામાં આવી છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. આસામ : સૈન્ય ઓપરેશન નેશનલ લિબરેશન આર્મી (ઉગ્રવાદ)

**વિગત :**

- ✓ આસામના વેસ્ટ કારબી આંગલોંગ જિલ્લામાં સુરક્ષા જવાનોના એન્કાઉન્ટરમાં ડીએનએલએના આઠ ઉગ્રવાદીઓ માર્યા ગયા.



**શું છે દિમાસા નેશનલ લિબરેશન આર્મી ?**

- ✓ દિમાસા નેશનલ લિબરેશન આર્મી નામે બળવાખોર સંગઠનની રચના બે વર્ષ પહેલાં થઇ હતી.
- ✓ સંગઠન દિમાસા આદિવાસીઓ માટે એક સ્વતંત્ર દેશની રચના કરવા માંગે છે.
- ✓ ઉગ્રપંથી સંગઠનના પ્રમુખનું નામ નાઇસોદાઓ દિમાસા છે અને મંત્રીનું નામ ખારમિનદાઓ દિમાસા છે.
- ✓ આ સંગઠન આસામના દિમા હસાઓ અને પશ્ચિમ કારબી આંગલોંગ જિલ્લામાં સક્રિય છે.
- ✓ રાજધાની : ગુવાહાટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. 'પ્રોજેક્ટ મદદ' : ગ્રામીણ ભારતમાં કોરોનાના સંક્રમણને રોકવા વિદેશમાં વસતા ભારતીય તબીબો વ્યવસાયિકો દ્વારા 'પ્રોજેક્ટ મદદ' લોન્ચ (સેવા)



**હેતુ :**

- ✓ ગ્રામીણ ભારતમાં ફરજ બજાવતા સ્વાસ્થયકર્મીઓ અને આર.એમ.પી. (રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિસનર)ને તાલીમ આપવાના મૂળભૂત હેતુથી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો
- ✓ આ વિસ્તારોમાં કોવિડ પર અંકુશ મેળવવામાં આ કર્મીઓ જ પાયાના પરિબળો હશે.

**પ્રોજેક્ટ મદદ વિશે :**

- ✓ શરૂઆતમાં 'પ્રોજેક્ટ મદદ' તેલંગણા અને આંધ્રપ્રદેશના ગ્રામ્ય વિસ્તારોના સ્વાસ્થયકર્મીઓ અને આર.એમ.પી.ને તાલીમ આપવા સાથે શરૂ થયો છે અને ક્રમશઃ આ મોડેલ દેશભરમાં લાગુ કરવાની યોજના બનાવવામાં આવી છે.

- ✓ પ્રોજેક્ટ શરૂ કરનારા ભારતીય નિષ્ણાત તબીબો અને વ્યાવસાયિક તબીબોનું માનવું છે કે અત્યારે મેડિકલ ઇન્ફ્રાર્ક્ચર અને અન્ય સ્વાસ્થય સુવિધાઓ મોટેભાગે શહેરી વિસ્તારોને ધ્યાનમાં રાખીને ઉભુ કરવામાં આવે છે . અત્યારે શહેરી વિસ્તારોનું મેડિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લગભગ પડી ભાંગવાના આરે છે અને તબીબો કેસોના ભારણ નીચે ધરબાયેલા છે.
- ✓ ગ્રામ્ય વિસ્તારના સ્વાસ્થયકર્મીઓને યોગ્ય તાલીમ આપી આ વિસ્તારને બચાવવામાં આવે તે જરૂરી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 4. નીરાગોંગો જ્વાળામુખી - કોંગો (કુદરતી આપત્તિ)

**નીરાગોંગો જ્વાળામુખી 19 વર્ષ બાદ પુનઃ સક્રિય**

**જ્વાળામુખી વિશે :**

- ✓ આફ્રિકન દેશ કોંગોના ગોમા શહેર નજીક સ્થિત નીરાગોંગો જ્વાળામુખી 19 વર્ષ બાદ ફાટ્યો છે. તેના કારણે આખુ આકાશ લાલ થઇ ગયુ અને 10 કિ.મી. સુધી રાખ ફેલાઇ છે.
- ✓ તેના કારણે સ્થાનિક વિસ્તારમાં અફડાતફડીનો માહોલ છે.



- ✓ કોંગોમાં યુએનના મિશનના ભાગરૂપે તહેનાત ભારતીય સૈન્યએ હજારો નાગરિકોને બચાવીને સુરક્ષિત સ્થળોએ ખસેડયા
- ✓ અગાઉ 2002માં અહીં જ્વાળામુખી ફાટ્યો હતો ત્યારે 250 લોકો માર્યા ગયા હતા અને અંદાજે 1.20 લાખ લોકોએ સ્થળાંતર કરવુ પડ્યું હતુ.
- ✓ વિશ્વના સૌથી ખતરનાક જ્વાળામુખી પૈકીના એક - નીરાગોંગો જ્વાળામુખી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. દિન વિશેષ : 23 મે




**યા**

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (23-05-2021)

1. તાજેતરમાં આયુષ વિભાગ દ્વારા 'આયુષ Covid-19 કાઉન્સિલિંગ' માટે કઇ ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ કરાઇ - **14443**
2. 'આયુષ Covid-19 કાઉન્સિલિંગ'નો સમયગાળો દર્શાવો- **સવારે 6.00 થી રાત્રે 12.00 સુધી**
3. 'આયુષ Covid-19 કાઉન્સિલિંગ'નો મુખ્ય હેતુ જણાવો – **કોવિડ-19ને કારણે સર્જાયેલી સમસ્યાઓ અને પોસ્ટ કોવિડ માટે સમાજને મદદરૂપ થવા**
4. 'આયુષ Covid-19 કાઉન્સિલિંગ'માં મે 2021ની સ્થિતિએ કઇ ભાષાઓમાં સુવિધા ઉપલબ્ધ કરાવાઇ છે - **હિન્દી અને અંગ્રેજી**
5. ભારતના કયા રાજ્યમાં ઉગ્રવાદી સંગઠન 'દિમાસા નેશનલ લિબરેશન આર્મી ' સક્રિય છે - **આસામ**
6. ગ્રામીણ ભારતમાં કોરોનાના સંક્રમણને રોકવા મે 2021માં વિદેશી ભારતીયો દ્વારા કયો એક પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે- **પ્રોજેક્ટ મદદ**

7. 'પ્રોજેક્ટ મદદ' માટે પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે સૌપ્રથમ કયા બે રાજ્યો પસંદ કરવામાં આવ્યા છે- **<u>તેલંગણા અને આંધ્રપ્રદેશ</u>**
8. ક્યા હેતુસર મે 2021માં ભારતીય તબીબો વ્યવસાયિકો દ્વારા 'પ્રોજેક્ટ મદદ' લોન્ચ કરાયો હતો - **<u>ગ્રામીણ ભારતમાં ફરજ બજાવતા સ્વાસ્થયકર્મીઓ અને રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિસનરને તાલીમ આપવાના હેતુથી</u>**
9. મે 2021માં આફ્રિકન દેશ કોંગોના ગોમા શહેર નજીક કયો જ્વાળામુખી 19 વર્ષ બાદ પુન: સક્રિય થયો હતો - **<u>નીરાગોંગો</u>**
10. આફ્રિકન દેશ કોંગોમાં નીરાગોંગો જવાળામુખી ફરી સક્રીય થતા કોંગોમાં કયા મિશનના ભાગરૂપે તહેનાત ભારતીય સૈન્યએ હજારો નાગરિકોને બચાવીને સુરક્ષિત સ્થળોએ ખસેડયા હતા - **<u>UN</u>**
11. તા. 23 મે 1984ના રોજ માઉન્ટ એવરેસ્ટ પર પગ મુકનાર પ્રથમ ભારતીય મહિલાનું નામ જણાવો - **<u>બચેન્દ્રી પાલ</u>**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# રાષ્ટ્રીય બાબતો

## 1. ભારતીય નૌકાદળ : પ્રથમ વિનાશક જહાજ INS રાજપૂત વિશાખાપટ્ટનમ ખાતેથી સેવા નિવૃત (સંરક્ષણ)

**વિગત :**

- ✓ ભારતીય નૌકાદળનું પ્રથમ વિનાશક જહાજ આઇ.એન.એસ. રાજપૂતને વિશાખાપટ્ટનમ ખાતે પૂર્વીય નૌકાદળના કમાન્ડિંગ-ઇન-ચીફ અને વાઇસ એડમિરલ અજેન્દ્ર બહાદુર સિંઘની હાજરીમાં 41 વર્ષની અવિરત સેવા બાદ સેવા નિવૃત કરવામાં આવ્યું.




- ✓ આઇ.એન.એસ. રાજપૂત દ્વારા દેશને આપવામાં આવેલી સેવાની યાદગીરી રૂપે વિશેષ ટપાલ કવર બહાર પાડવામાં આવ્યું હતું.
- ✓ આઇ.એન.એસ. રાજપૂતને પ્રથમ કમાન્ડિંગ ઓફિસર તરીકે કેપ્ટન ગુલાબ મોહનલાલ હિરાનંદની આગેવાની હેઠળ 4 મે 1980ના રોજ જ્યોર્જિયા ખાતેથી સેવામાં કાર્યરત.

**INS રાજપૂતની વિશેષતા :**

- ✓ આઇ.એન.એસ. રાજપૂત જમીન થી જમીન અને જમીનથી હવામાં ફાયર કરી શકે તેવા મિસાઇલ, એન્ટી એરક્રાફ્ટ ગન, ટોરપીડો, એન્ટી સબમરીન રોકેટ લોન્ચર થી સુસજ્જ હતું.
- ✓ ઉપરાંત, સુપરસોનિક ક્રુઝ અને લાંબા અંતરની બ્રહ્મોસ મિસાઇલ ફાયર કરી શકાય તેવું પ્રથમ જહાજ હતું. ભારતીય આર્મી રેજિમેન્ટ 'રાજપૂત રેજિમેન્ટ' સાથે જોડાયેલું ભારતીય નૌકાદળનું - પ્રથમ જહાજ હતું.
- ✓ સેવામાં જોડાયા બાદથી લઈને સેવા નિવૃત થયા સુધીમાં આઇ.એન.એસ. રાજપૂતે 7,87,194 નોટીકલ માઇલ જેટલું અંતર કાપ્યું છે. આ અંતર સમગ્ર વિશ્વના કુલ સફરના 36.5 ગણું અને પૃથ્વીથી ચંદ્ર સુધીના અંતરનું ત્રણ ગણું થાય છે.

**વિવિધ ઓપરેશન**

- ✓ ઓપરેશન પવન, ઓપરેશન અમન સહિત અનેક દેશો સાથેની યુધ્ધાભ્યાસની કવાયતોમાં ભાગ લીધો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. હાલો રેઈનબો : બેંગલુરુમાં જોવા મળી કુદરતની કરામત સૂર્યની ફરતે સર્જાયું હાલો રેઈનબો (ખગોળકીય ઘટના)




**વિગત :**

- ✓ સૂર્યની આસપાસ ગોળાકાર મેઘધનુષ સર્જાયું હતું. હાલો રેઈનબો નામે ઓળખાતી આ ઘટના ભાગ્યે જ જોવા મળતી હોય છે. મોટાભાગે અર્ધગોળાકાર સ્વરૂપે જ મેઘધનુષ જોવા મળી છે. સૂર્યની આસપાસ રંગીન વલયો રૂપે મેઘધનુષ આંશિક જોવા મળે. સામાન્ય રીતે વાવાઝોડાની સ્થિતિમાં આવી રિંગ સર્જાતી હોય છે.
- ✓ દરેક દેશોમાં તેના વિશે જાતભાતની માન્યતા છે . નેપાળમાં આ હાલો રિંગને ઈન્દ્રસભાના નામે ઓળખાય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. FDI : ભારતમાં નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન FDI 10 ટકા વધીને 81.72 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટી પર (આર્થિક બાબતો)

### ગુજરાત FDIમાં સતત ચોથા વર્ષે પ્રથમ

**વિવિધ રાજયોમાં કુલ FDIનો હિસ્સો**

1. ગુજરાત : 37 ટકા
2. મહારાષ્ટ્ર : 27 ટકા
3. કર્ણાટક : 13 ટકા

**ગુજરાતની સ્થિતિ :**

**(1) સૌથી વધુ 37 ટકા રોકાણ સાથે ગુજરાત નંબર-1**

**(2) દેશભરમાં કમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર ક્ષેત્રમાં આવેલા કુલ વિદેશી રોકાણનો 78 ટકા હિસ્સા સાથે ગુજરાત નંબર-1**




**રોકાણની વિગત :**

- ✓ નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ઈક્વિટી, રિ-ઇન્વેસ્ટેડ અર્નિંગ્સ અને કેપિટલ સહિતનું કુલ એફડીઆઇ 10 ટકા વધીને અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી વધારે 81.72 અબજ ડોલર નોંધાયું હતું, જે નાણાકીય વર્ષ **2019-20 દરમિયાન 74.39 અબજ ડોલર નોંધાયું હતું.**
- ✓ 2020-21 દરમિયાન ઇક્વિટીમાં એફડીઆઈનો ઇનફ્લો 19 ટકા ઊછળીને 59.64 અબજ ડોલર નોંધાયો હતો, જે આગલા નાણાકીય વર્ષમાં 49.98 અબજ ડોલર નોંધાયો હતો.
- ✓ 2019-20માં મહારાષ્ટ્ર 30 ટકા સાથે ટોચના સ્થાને જ્યારે 18 અને 17 ટકા સાથે કર્ણાટક બીજા અને દિલ્હી ત્રીજા સ્થાને હતા.

**વિવિધ દેશોમાં FDI :**

- ✓ 29 ટકા હિસ્સા સાથે સિંગાપોર ટોચનો રોકાણકાર, અમેરિકા 23 ટકા હિસ્સા સાથે બીજા ક્રમે
- ✓ પાછલા નાણાકીય વર્ષમાં ટોચના રોકાણકાર દેશોના સંદર્ભમાં જોઈએ તો કુલ એફડીઆઈમાં 29 ટકા હિસ્સા સાથે સિંગાપોર ટોચનો રોકાણકાર દેશ હતો. તેના પછી અમેરિકા 23 ટકા હિસ્સા સાથે બીજા ક્રમે હતુ અને 9 ટકા હિસ્સા સાથે મોરેશિયસ ત્રીજા ક્રમ પર હતું.
- ✓ એફડીઆઈમાં સતત વધારો થઇ રહ્યો છે તે દર્શાવે છે કે વૈશ્વિક રોકાણકારોમાં ભારતે એક

પ્રિફર્ડ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકેનો દરજ્જો મેળવી લીધો છે.

- ✓ નાણાકીય વર્ષ 2019-20માં પણ ટોચના વિદેશી રોકાણકાર દેશોમાં નંબર એક પર 14.67 અબજ ડોલરના રોકાણ સાથે સિંગાપોર જ હતું. જો કે બીજા સ્થાન પર 8.24 અબજ ડોલરના રોકાણ સાથે મોરેશિયસ હતું જ્યારે ત્રીજા સ્થાન પર 6.5 અબજ ડોલરના રોકાણ સાથે નેધરલેન્ડ અને 4.22 અબજ ડોલરના રોકાણ સાથે ચોથા સ્થાન પર અમેરિકા નોંધાયું હતું. તેના પછી caymen, આઈલેન્ડ, જાપાન અને ફ્રાન્સનો ક્રમ હતો.

**સોફ્ટવેર અને હાર્ડવેર સેક્ટરમાં સૌથી વધારે FDI**

- ✓ પાછલા નાણાકીય વર્ષ દરમિયાન એફડીઆઈના કુલ પ્રવાહમાં આશરે 44 ટકા હિસ્સા સાથે દેશના સોફ્ટવેર અને હાર્ડવેર સેક્ટરમાં સૌથી વધારે FDI નોંધાયું હતું.
- ✓ 13 ટકા હિસ્સા સાથે બાંધકામ(ઇન્ફ્રાસ્ટ્રક્ચર) સેક્ટરનો બીજો ક્રમ હતો અને આઠ ટકા હિસ્સા સાથે સર્વિસ સેક્ટરનો ત્રીજો ક્રમ હતો.
- ✓ અહેવાલ : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર
- ✓ FDI- ફોરન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. દિન વિશેષ : 23 મે
## આંતરરાષ્ટ્રીય તિબેટ મુક્તિ દિવસ




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. જન્મ દિન વિશેષ : 24 મે
## શહિદ કરતારસિંઘ સરાભા




**જન્મ : 24 મે-1896**

**જન્મ સ્થળ : સરાભા, લુધીયાણા (પંજાબ)**

**અવસાન : 16 નવેમ્બર-1915**

- ✓ વિદેશી શાસન સામે દેશભરમાં આંદોલનો ચાલતાં જ હતાં, પરંતુ વિદેશોમાં રહીને પણ અનેક ભારતીય જુથોએ દેશને આઝાદ કરવા સક્રીય હતાં.
- ✓ એવું જ એક જુથ હતું ગદર પાર્ટી.
- ✓ 'ગદર' એટલે બળવો કે ક્રાંતિ.
- ✓ અમેરિકાની ધરતી પર સક્રીય એ પક્ષના અધ્યક્ષ હતા કરતાર સીંઘ સારાભા.
- ✓ શહીદ-એ-આઝમ ભગતસિંઘના એ આદર્શ અને પ્રેરણાસ્ત્રોત હતા.
- ✓ ભારતમાં સશસ્ત્ર અને હિંસક ક્રાંતિની યોજના બદલ અંગ્રેજ સરકારે 16 નવેમ્બર-1915ના રોજ એમને એમના સાથીઓ સાથે ફાંસીએ લટકાવી દીધા હતા. એ વખતે એ માત્ર 19 વર્ષના જ હતા.
- ✓ સરાભાએ અદાલત સમક્ષ પોતાનો 'અપરાધ' સ્વીકારતાં કહેલું કે, "હું ભારતમાં ક્રાંતિ લાવવાનો હિમાયતી અને સમર્થક છું.
- ✓ એ ઉદ્દેશને પાર પાડવા માટે જ અહીં આવ્યો છુ. હવે જો મને ફાંસી મળશે તો હું મારી જાતને ભાગ્યશાળી ગણીશ !"
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 24 મે એવરેસ્ટ વિજેતા મહિલા પર્વતારોહક બચેન્દ્રી પાલ

## જન્મ : 24 મે, 1954



- ✓ ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં પહેલી ભારતીય મહિલા પર્વતારોહક તરીકે નામ નોંધાવનાર બચેન્દ્રી પાલનો જન્મ 24 મે, 1954ના રોજ ઉત્તરકાશી, ઉત્તરાખંડમાં થયો હતો.
- ✓ માત્ર 12 વર્ષની ઉંમરે પર્વતારોહણ કરનાર બચેન્દ્રી 1982માં પહેલી મહિલા પર્વતારોહક હતી જેણે માઉન્ટ ગંગોત્રી અને માઉન્ટ રુદ્રગરી સર કર્યા હતા.
- ✓ પરિવારના ઉગ્ર વિરોધ વચ્ચે તેણે પર્વતારોહણની કારકિર્દી અપનાવી નહેરૂ ઇન્સ્ટિટ્યુટ ઑફ માઉન્ટેનિયરિંગમાં પ્રવેશ લીધો હતો.
- ✓ એવરેસ્ટ 84 માટે પસંદગી પામનાર બચેન્દ્રી તેના 10 સાથીઓ સાથે જ્યારે માઉન્ટ એવરેસ્ટ આરોહણ માટે નીકળ્યાં ત્યારે વાતાવરણ આદર્શ નહોતું.
- ✓ 15-16 મેના રોજ તેમને બરફનાં તોફાનનો સામનો કરવો પડ્યો પણ તેમાંથી બચ્યા પછી તેઓએ આરોહણ ચાલુ રાખ્યું આખરે 22-23 મેના રોજ તેઓ લક્ષ્યની સાવ નજીક હતા. પવન 100 કિલોમીટરની ઝડપે વાતો હતો અને તાપમાન -30 કે -40 સેલ્સિયસ વચ્ચે રહેતું . પણ બધી મુસીબતો વટાવી તેઓએ જ્યારે 23 મે, 1983ના રોજ બપોરે 1 અને 7 મિનિટે માઉન્ટ એવરેસ્ટ પર પગ મુક્યો ત્યારે એક ઈતિહાસ રચાયો.

**સન્માન/એવોર્ડ :**

- ✓ પદ્મશ્રી, પદ્મભૂષણ, અર્જુન સહિત અન્ય એવોર્ડથી સન્માનિત.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (24-05-2021)

1. તા. 24 મે 2021ના રોજ ભારતીય નૌકાદળના ક્યા પ્રથમ વિનાશક જહાજને 41 વર્ષ બાદ સેવા નિવૃત કરાયું - **INS રાજપૂત**
2. તા. 24 મે 2021ના રોજ INS રાજપૂતને ક્યા બંદરેથી સેવા નિવૃત કરાયું –**વિશાખાપટ્ટનમ**
3. INS રાજપૂતને સૌપ્રથમ ક્યારે અને ક્યાંથી ભારતીય નૌકાદળમાં સામેલ કરાયું હતુ – **તા. 4 મે 1980 તથા જ્યોર્જિયા**
4. તા. 24 મે 2021ના રોજ સોલાર 'હાલો રેઈનબો'ની ખગોળકીય ઘટના ભારતમાં ક્યાં જોવા મળી હતી – **બેંગ્લુરુ**
5. વાવાઝોડાની સ્થિતિમાં સૂર્યની આસપાસ ગોળાકાર મેઘધનુષ સર્જાઈ તેને કયા નામે ઓળખવામાં આવે છે - **હાલો રેઈનબો**
6. વાવાઝોડાની સ્થિતિમાં સૂર્યની આસપાસ ગોળાકાર મેઘધનુષ સર્જાઈ કે જે હાલો રેઈનબો તરીકે ઓળખાય છે તેને નેપાળમાં કયા નામે ઓળખવામાં આવે છે - **ઈન્દ્રસભા**
7. તા. 24 મે 2021ના રોજ વાણિજ્ય અને ઉધોગ મંત્રાલયના અહેવાલ મુજબ ભારતમાં નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન FDI કેટલા ટકા વધીને કેટલા અબજ ડોલરની સર્વોચ્ચ સપાટી પર નોંધાયુ છે – **10 ટકા તથા 81.72 અબજ ડોલર**
8. મે 2021ના અહેવાલ મુજબ ભારતમાં નાણાકીય વર્ષ 2020-21માં સૌથી વધુ FDI પ્રાપ્ત કરનાર રાજ્ય અને ટકાવારી જણાવો - **ગુજરાત અને 37 ટકા**
9. મે 2021ના અહેવાલ મુજબ નાણાકીય વર્ષ 2020-21માં ભારતમાં સૌથી વધુ FDI પ્રાપ્ત કરનાર રાજ્યો અને ટકાવારી જણાવો – **(1) ગુજરાત-37 ટકા (2) મહારાષ્ટ્ર-27 ટકા અને (3) કર્ણાટક-13 ટકા**
10. મે 2021ના અહેવાલ મુજબ ભારતમાં કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં આવેલા કુલ FDIમાં સૌથી વધુ કેટલા ટકા હિસ્સો કયા રાજ્યમાં આવ્યો છે – **78 તથા ગુજરાત**
11. વર્ષ 2020-21માં કયો દેશ 29 ટકા હિસ્સા સાથે FDIમાં પ્રથમ ક્રમે છે – **સિંગાપોર, અમેરિકા 23 ટકા સાથે બીજા ક્રમે**

12. ભારતમાં સૌથી વધુ FDI સાથે કયુ રાજ્ય સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમે છે – **<u>ગુજરાત</u>**
13. ગુજરાત બાંધકામ(ઇન્ફ્રાસ્ટ્રક્ચર) ક્ષેત્રે કેટલા ટકા હિસ્સા સાથે FDIમાં બીજા ક્રમે છે - **<u>13 ટકા</u>**
14. ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં પર્વતારોહક તરીકે નામ નોંધાવનાર પહેલી ભારતીય મહિલાનું નામ જણાવો - **<u>બચેન્દ્રી પાલ</u>**
15. એવરેસ્ટ વિજેતા મહિલા પર્વતારોહક બચેન્દ્રી પાલનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **<u>તા. 24 મે, 1954 તથા ઉત્તરકાશી (ઉત્તરાખંડ)</u>**
16. બચેન્દ્રી પાલે વર્ષ 1982માં માત્ર 12 વર્ષની ઉંમરે ક્યા પર્વતોને સર કર્યા હતા - **<u>માઉન્ટ ગંગોત્રી અને માઉન્ટ રુદ્રગરી</u>**
17. એવરેસ્ટ વિજેતા મહિલા પર્વતારોહક બચેન્દ્રી પાલને ક્યા મહત્વના એવોર્ડસથી સન્માનિત કરાયા હતા - **<u>પદ્મશ્રી, પદ્મભૂષણ તથા અર્જુન એવોર્ડ</u>**
18. આંતરરાષ્ટ્રીય તિબેટ મુક્તિ દિવસ કયારે મનાવવામાં આવે છે – **<u>23 મે</u>**
19. શહિદ કરતારસિંઘ સરાભાનો જન્મ દિવસ જણાવો - **<u>24 મે-1896</u>**
20. અમેરીકાની ધરતી પર ગદર પક્ષના અધ્યક્ષ કોણ હતા - **<u>કરતારસીંઘ સરાભા</u>**
21. શહિદ કરતારસિંઘ સરાભાનું જન્મ સ્થળ જણાવો - **<u>પંજાબના લુધીયાણા પાસેનું સરાભા ગામ</u>**
22. ભારતમાં સશસ્ત્ર અને હિંસક ક્રાંતિની યોજના બદલ અંગ્રેજ સરકારે કઇ તારીખે કરતારસિંઘ સરાભાને સાથીઓ સાથે ફાંસીએ લટકાવી દીધા હતા - **<u>16 નવેમ્બર-1915</u>**
23. શહિદ ક્રાંતિકારી કરતારસિંઘ સરાભાને અંગ્રેજ સરકારે ફાંસી આપી એ વખતે તેમની ઉંમર કેટલી હતી - **<u>19</u>**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

### 1. ગુજરાત સરકાર : નિર્ણય

### ગુજરાતના પાંચ શહેરોમાં આઇકોનિક સ્કાયક્રેપર્સ બિલ્ડીંગ માટે જાહેરનામું (શહેરી વિકાસ)




- ✓ પાંચ શહેરો : અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર

**સ્કાયકાયક્રેપર્સથી ફાયદો :**

- ✓ સ્કાયક્રેપર્સને કારણે બિલ્ડર્સ અને ડેવલપર્સને એફએસઆઈ વધુ મળશે. એ કારણસર ઓછી જમીનોમાં વધુ ઘર બની શકશે. જેથી સરવાળે મકાનની કિંમતો નીચી આવશે અને શહેરી નાગરિકોને સસ્તા ઘર મળી શકશે.
- ✓ ગુજરાત સરકારનો આ નિર્ણય રીઅલ એસ્ટેટ ક્ષેત્રમાં તેજી લાવશે અને તેની ઘણી હકારાત્મક અસર આ ઉધોગ અને સામાન્ય નાગરિકોને થશે
- ✓ હવે 50 થી 100 માળની ઇમારત બનશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

### 2. કેન્દ્ર સરકાર : સોશિયલ મીડિયાની નવી ગાઈડલાઈન્સ (ટેલીકોમ)




**નવી ગાઈડલાઈનની મહત્વની જોગવાઈઓ :**

- ✓ સરકારને વાંધાજનક ગણાય તે કન્ટેન્ટ સોશિયલ સાઈટ્સે ૩૬ કલાકમાં સાઈટ્સ પરથી

દૂર કરવી પડશે, અન્યથા તેની સામે ક્રિમિનલ પગલાં લેવાશે.

- ✓ તમામ સોશિયલ મીડિયાએ ભારતમાં તેનાં 3 અધિકારીઓ, ચીફ કમ્પલાયન્સ ઓફિસર અને નોડલ કોન્ટેક્ટ પર્સન, રેસિડેન્ટ ફરિયાદ નિવારણ ઓફિસરની નિયુક્તિ કરવી. આ લોકો ભારતમાં રહેતા હોવા જોઈએ. તેમના સંપર્ક નંબર એપ પર તેમજ વેબસાઇટ પર દર્શાવવાના રહેશે.
- ✓ ઓટોમેટેડ ટૂલ્સ અને ટેકનિકથી એવી સિસ્ટમ બનાવવી કે જેના દ્વારા રેપ, બાળકોનું યૌનશોષણ જેવી કન્ટેન્ટ અલગ તારવી શકાય અને પ્લેટફોર્મ પરથી હટાવવામાં આવે. આવા ટૂલ્સને કાર્યરત રાખવા સક્ષમ સ્ટાફ સતત હાજર હોવો જોઈએ.
- ✓ ફરિયાદ નોંધાવવા માટેની શું વ્યવસ્થા છે. અધિકારીઓએ ૨૪ કલાકમાં ફરિયાદ પર ધ્યાન આપવાનું રહેશે અને ૧૫ દિવસમાં ફરિયાદ નિવારણ માટે શું પગલાં લીધાં તે દર્શાવવાનાં રહેશે.
- ✓ પ્લેટફોર્મ દ્વારા માસિક રિપોર્ટ જાહેર કરવામાં આવે જેમાં ફરિયાદો નિવારણ માટે શું પગલાં લેવાયાં તેની જાણ કરવામાં આવે. જે લિન્ક કે કન્ટેન્ટ હટાવાઈ હોય તેની માહિતી આપવી.
- ✓ યૂઝર્સને પ્લેટફોર્મની એક્શન સામે અપીલ કરવાની તક આપવામાં આવે અને ફરિયાદ નિવારણ ઓફિસર સતત તેની પર નજર રાખે.

## યૂઝર્સને ફરિયાદ અને પગલાં લેવા છૂટ

- ✓ યૂઝર્સ સોશિયલ મીડિયા ઈન્ટરમીડિયરી સામે વિવાદિત મુદ્દે પગલાં લઈ શકશે. સોશિયલ મીડિયા કંપનીઓએ ત્રણ સ્તરીય સેલ્ફ રેગ્યુલેટરી ફ્રેમવર્ક ઊભું કરવાનું રહેશે. જે ઓવર ધ ટોપ પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ તેમજ ઓનલાઈન ન્યૂઝ મીડિયાને પણ લાગુ પડશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નિમણૂક : CBIના નવા ડાયરેક્ટર તરીકે IPS સુબોધ જયસ્વાલની નિમણૂક




- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની હાઈપાવર્ડ કમિટી દ્વારા નિર્ણય કરાયો
- ✓ કાર્યકાળ : નિમણૂકની તારીખ થી 2 વર્ષનાં સમયગાળા માટે

**પરિચય :**

- ✓ સુબોધકુમાર જયસ્વાલનો જન્મ 22 સપ્ટેમ્બર 1962ના રોજ થયો હતો.
- ✓ માત્ર 23 વર્ષની ઉંમરે આઈપીએસ અધિકારી બન્યા હતા. દેશની ગુપ્તચર એજન્સી રો માં ઘણા મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. આ પદ પર તેમણે દેશની બહાર ઘણા સફળ ઓપરેશન કર્યા છે.
- ✓ જયસ્વાલ 1985ની બેચની મહારાષ્ટ્ર કેડરના ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી છે અને તે અગાઉ મહારાષ્ટ્રનાં પોલીસ મહાનિર્દેશકનાં પદ પર રહી ચૂક્યા છે. હાલમાં તેઓ કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઈએસએફ) ના ડાયરેક્ટર જનરલ છે. ભૂતકાળમાં ઈન્ટેલિજન્સ બ્યુરો તેમજ રૉમાં પણ ઉચ્ચ પદો પર કામ કરવાનો અનુભવ ધરાવે છે.
- ✓ ઉલ્લેખનિય છે કે હાલમાં 1988 બેચના IPS અધિકારી અને CBIના એડિશનલ ડિરેક્ટર પ્રવીણ સિન્હા CBI ડિરેક્ટરનો હવાલો સંભાળી રહ્યા છે. ઋષિ કુમાર શુક્લાની નિવૃત્તિ પછી સિન્હાને આ ચાર્જ સોંપાયો હતો.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 4. પોર્ટ સિટી હંબનટોટા-શ્રીલંકા (વૈશ્વિક બાબતો)

## હંબનટોટા પર હવે ચીન સરકારનો સંપૂર્ણ કબજો




**વિગત :**

- ✓ <u>શ્રીલંકાની સંસદે પોર્ટ સીટી ઇકોનોમિક કમિશન બિલને મંજૂરી આપી</u>. આ અંતર્ગત <u>કોલંબોની બાજુમાં 269 હેક્ટર જમીન પર સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસઇઝેડ) બનાવવામાં આવશે.</u>
- ✓ સેવાલક્ષી ઉદ્યોગો માટે તે દેશનો પહેલો સ્પેશિયલ ઇકોનોમિક ઝોન હશે, બિલની તરફેણમાં 149, જ્યારે વિરૂધ્ધમાં 58 સાંસદોએ મતદાન કર્યું.
- ✓ આ સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં ચીન મોટા પ્રમાણમાં મુડી રોકાણ કરવાનું છે, અને ચીનનું મુડી રોકાણ તેના ચલણ યુઆનમાં થશે, આ રીતે ચીનનું સત્તાવાર ચલણ યુઆન શ્રીલંકામાં પણ પગપેસારો કરશે.
- ✓ શ્રીલંકા વડા પ્રધાન : મહિંદ્રા રાજપક્ષે
- ✓ રાજધાની : કોલંબો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. જન્મ દિન વિશેષ : 25 મે

## લોકપ્રિય સર્જક : હરકિશન મહેતા




**જન્મ : 25 મે-1928**

**અવસાન : 3 એપ્રિલ-1998**

- ✓ <u>હરકિશન મહેતાનો જન્મ મહુવામાં થયો. મહેતાએ ઇન્ટર સુધીનો અભ્યાસ કર્યો હતો.</u>

**સાહિત્યિક પ્રદાન :**

- ✓ ચિત્રલેખા સાપ્તાહિકના સામયિકના સંપાદક તરીકે અંદાજે ત્રણ દાયકા સુધી ખંતપૂર્વક કામ સામયિકને અત્યંત લોકપ્રિય બનાવ્યું. તેમની ધારાવાહિક નવલકથાઓ પણ તેમાં પ્રકટ થતી.




- ✓ જડ ચેતન, જગા ડાકુના વેરના વળામણાં, અમીર અલી ઠગના પીળા રૂમાલની ગાંઠ, અજંપો,

માણસ નામે ગુનેગાર, ભેદ ભરમ, દેવ દાનવ, અંત.. આરંભ, પાપ..પશ્ચાતાપ, જોગ.. સંજોગ, સંભવ .. અસંભવ, તરસ્યો સંગ્રામ, વંશ.. વારસ, મુકિત.. બંધન, લય.. પ્રલય, વગેરે જેવી તેમની અનેક નવલકથાઓ ગુજરાતી વાંચકોમાં અત્યંત લોકપ્રિય બની હતી.

✓ આ લોકપ્રિય નવલકથા પરથી ઘણી ટેલિવિઝન સિરિયલો પણ બની છે.

✓ હરકિશન મહેતાએ સ્વીડન સોનાનું પિંજર શીર્ષકથી પ્રવાસ વર્ણન લખ્યું છે.

✓ 3 એપ્રિલ 1998ના રોજ તેમનું અવસાન થયું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. ગુજરાતી સાહિત્યકાર : ધીરુબેન પટેલ

**જન્મ : 25 મે-1926**




**પરિચય :**

✓ ધીરુબેન ગોરધનભાઈ પટેલ : નવલકથાકાર, નાટકકાર, વાર્તાકાર, અનુવાદક.

✓ જન્મ - વડોદરા

✓ શાળા શિક્ષણ સાન્તાક્રુઝની પોદાર હાઈસ્કૂલમાં. ઉચ્ચ શિક્ષણ એલ્ફિન્સ્ટન કૉલેજમાં.

✓ 1945માં અંગ્રેજી વિષય સાથે બી.એ. 1948માં એમ.એ. 1949થી મુંબઈની ભવન્સ કૉલેજમાં અને પછી 1963-64માં દહિસરની કૉલેજમાં અંગ્રેજીનાં અધ્યાપક.

✓ 1963-64થી કલ્કિ પ્રકાશન શરૂ કર્યું. 1975 સુધી ‘સુધા’ સાપ્તાહિકનાં તંત્રી.

**સાહિત્યિક પ્રદાન :**

✓ એમની પાસેથી ‘વડવાનલ’ જેવી દળદાર તો ‘આંધળી ગલી’, ‘વાંસનો અંકુર’ જેવી લઘુનવલો મળે છે.

✓ નવલકથામાં વિશિષ્ટ વસ્તુ, પાત્ર અને પરિવેશ વડે તેઓ મનોવૈજ્ઞાનિક અભિગમથી માનવમનની સંકુલતાને તાગે છે. તેમની વાર્તાઓમાં પણ પ્રવાહી ભાષા, નારીહૃદયની ગૂઢ લાગણીઓનું આલેખન તથા માનવમનના ઊંડાણોને તાગવાની મથામણ વિશેષતા બની આવે છે.

✓ આ ઉપરાંત હાસ્ય સાહિત્ય, નાટકો, રેડિયો નાટકો, બાળ સાહિત્યક્ષેત્રે પણ તેમણે મહત્વનું પ્રદાન કર્યું છે.

✓ એમની આગંતુક નવલકથાને સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળેલું.

✓ રણજિતરામ સુવર્ણચંદ્રક-1980

✓ ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રમુખ : 2003

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (25-05-2021)**

1. મે 2021માં ગુજરાત સરકારે કેટલા શહેરમાં આઇકોનિક સ્કાયક્રેપર્સ બિલ્ડીંગ માટે જાહેરનામું બહાર પાડ્યુ હતુ - **5**
2. મે 2021માં ગુજરાત સરકારે કયા પાંચ શહેરમાં આઇકોનિક સ્કાયક્રેપર્સ બિલ્ડીંગ માટે જાહેરનામું બહાર પાડતા હવે 50 થી 100 માળની ઇમારત બની શકશે - **અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર**
3. મે 2021માં કેન્દ્ર સરકારે કયા મીડિયાની નવી ગાઇડલાઇન્સ અમલી બનાવી હતી - **સોશિયલ**
4. કેન્દ્ર સરકારની સોશિયલ મીડિયાની નવી ગાઇડલાઇન્સ અનુસાર સરકારને વાંધાજનક ગણાય તે કન્ટેન્ટ સોશિયલ સાઇટ્સે કેટલા સમયમાં સાઇટ્સ પરથી દૂર કરવી પડશે, અન્યથા તેની સામે ક્રિમિનલ પગલાં લેવાશે - **36 કલાક**

5. કેન્દ્ર સરકારની સોશિયલ મીડિયાની નવી ગાઈડલાઈન્સ અનુસાર તમામ સોશિયલ મીડિયાએ ભારતમાં કયા 3 અધિકારીઓની નિયુક્તિ કરવી પડશે જે ભારતમાં રહેતા હોવા જોઈએ અને તેમના સંપર્ક નંબર એપ પર તેમજ વેબસાઈટ પર દર્શાવવાના રહેશે - **ચીફ કમ્પલાયન્સ ઓફિસર, નોડલ કોન્ટેક્ટ પર્સન અને રેસિડેન્ટ ફરિયાદ નિવારણ ઓફિસર**
6. મે 2021માં વડાપ્રધાનના અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની હાઈપાવર્ડ કમિટી દ્વારા કોની CBIના નવા ડાયરેક્ટર તરીકે નિમણૂક કરાઈ - **સુબોધ જયસ્વાલ**
7. મે 2021માં CBIના નવા ડાયરેક્ટર તરીકે નિમણૂક પામનારા સુબોધ જયસ્વાલનો કાર્યકાળ જણાવો - **નિમણૂકની તારીખથી 2 વર્ષ**
8. સુબોધ જયસ્વાલ CBIના નવા ડાયરેક્ટર તરીકે નિમણૂક પામ્યા તે પહેલાં કયા દળના ડાયરેક્ટર જનરલ તરીકે સેવારત હતા - **કેન્દ્રિય ઔધોગિક સુરક્ષા દળ**
9. મે 2021માં શ્રીલંકાના પોર્ટ સિટી હંબનટોટા પર કયા દેશે સંપૂર્ણ કબજો જમાવ્યો હતો - **ચીન**
10. મે 2021માં શ્રીલંકાની સંસદે કયા બિલને મંજૂરી આપતા કોલંબોની બાજુમાં 269 હેક્ટર જમીન પર સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસઈઝેડ) બનાવવામાં આવશે - **પોર્ટ સીટી ઇકોનોમિક કમિશન**
11. ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સર્જક હરકિશન મહેતાનો જન્મ દિવસ જણાવો – **25 મે-1928**
12. ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સર્જક હરકિશન મહેતાએ કયા સાપ્તાહિકના સામયિકના સંપાદક તરીકે અંદાજે ત્રણ દાયકા સુધી ખંતપૂર્વક કામ કરી તે સમાયિકને અત્યંત લોકપ્રિય બનાવ્યું - **ચિત્રલેખા**
13. ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સાહિત્યકાર-પત્રકાર હરકિશન મહેતાએ કયા શીર્ષક હેઠળ પ્રવાસ વર્ણન લખ્યું છે - **સ્વીડન સોનાનું પિંજર**
14. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલનો જન્મ દિવસ જણાવો – **25 મે-1926**
15. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલે વર્ષ 1963-64માં કયુ પ્રકાશન શરૂ કર્યું - **કલ્કિ**
16. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલે વર્ષ 1975 સુધી કયા સાપ્તાહિકનાં તંત્રી રહ્યાં - **'સુધા'**
17. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલને ક્યા વર્ષમાં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો – **વર્ષ 1980**
18. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલને તેમની કઈ નવલકથા માટે સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યુ હતુ - **આગંતુક**
19. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલ કયા વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા – **વર્ષ 2003**
20. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલની જાણીતી નવલકથા-લઘુનવલોના નામ જણાવો – **'આગંતુક', 'વડવાનલ' 'આંધળી ગલી', 'વાંસનો અંકુર'**




# સ્થાનિક બાબતો

## 1. ગુજરાત સરકાર : તાઉ-તે વાવાઝોડામાં બાગાયતી અને ઉનાળુ પાકોને નુકસાન બદલ રૂ. 500 કરોડનું રાહત પેકેજ




### રાહત પેકેજની મહત્વની જોગવાઈ :

- ✓ આંબા, નાળિયેરી, ચીકુ, લીંબુ, જામફળ જેવા બહુ વર્ષાયુ વૃક્ષોના કાયમી નાશ સામે હેક્ટરદીઠ મહત્તમ રૂ.1 લાખની સહાય, બે હેક્ટરની મર્યાદામાં
- ✓ આવા બાગાયતી પાકોના વૃક્ષો ઊભા હોય પણ 33 ટકાથી વધુ નુકસાન હોય એટલે કે પાક ખરી પડ્યો હોય તેવા કિસ્સામાં હેક્ટરદીઠ રૂ.30 હજારની સહાય, બે હેક્ટરની મર્યાદામાં.
- ✓ તલ, બાજરી, મગ, અડદ, ડાંગર, મગફળી, ડુંગળી, કેળાં, પપૈયા જેવા ઉનાળુ પાકોમાં 33 ટકાથી વધુ નુકસાન થયું હોય તો હેક્ટરદીઠ રૂ.20 હજાર, બે હેક્ટરની મર્યાદામાં.

### રાહત પેકેજમાં સમાવિષ્ટ જિલ્લાઓ :

- ✓ ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, નવસારી, સુરત, વલસાડ અને ભરૂચ
- ✓ કુલ તાલુકા :86
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 2. યાસ વાવાઝોડુ : 140-145 કિલોમીટરની ઝડપે ઓડિશાના ધામરા નજીક લેન્ડ ફૉલ (કુદરતી આપત્તિ)




- ✓ **ઉદ્દભવ સ્થાન :** બંગાળનો અખાત

✓ **શ્રેણી :** ખતરનાક

✓ **પ્રભાવિત રાજ્યો :** ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, છતિસગઢ, ઉત્તરપ્રદેશ

**નામ આપનાર દેશ :** ઓમાન

**અર્થ :**

✓ 'યાસ' એક અરેબિયન શબ્દ છે જેનો અર્થ છે 'નિરાશા'.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. વર્ચ્યુઅલ વૈશાખ વૈશ્વિક સમારોહ : બુદ્ધ પૂર્ણિમા પર વિશેષ આયોજન




✓ PM મોદી દ્વારા રાષ્ટ્રને સંબોધન અને પ્રજાને બુદ્ધ પૂર્ણિમા, વૈશાખી પૂર્ણિમાની શુભેચ્છા

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. પુસ્તક વિમોચન : ઈન્ડિયા એન્ડ એશિયન જીયોપોલિટિક્સ : ધ પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ




✓ લેખક : શિવશંકર મેનન

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. સુપર ફ્લાવર બ્લડ મૂન

### વર્ષના પ્રથમ ચંદ્રગ્રહણની અલૌકિક ખગોળીય ઘટના




**વિગત :**

✓ વિશ્વભરમાં તા.26 મેના રોજ ચદ્રગ્રહણની અલૌકિક ખગોળિય ઘટના જોવા મળી હતી.

✓ ચંદ્રગ્રહણ શરૂઆત થઇ અને સંપૂર્ણ ક્રિયા પૂર્ણ થયાના <u>પાંચ કલાકની અવધિમાં ચંદ્ર 30 ટકા વધારે તેજસ્વી અને 14 ટકા વધારે મોટો</u> જોવા મળ્યો હતો.

✓ જાણકારો આ ઘટનાને સુપર ફ્લાવર બ્લડ મૂન તરીકે ઓળખે છે.

✓ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને સાઉથ અમેરિકા કેટલાક ભાગોમાં સંપૂર્ણ ચંદ્રગ્રહણ જોવા મળ્યું હતું. ભારતમાં ગ્રહણ માત્ર કેટલાક ભાગમાં આંશિક જોવા મળ્યું હતું.

✓ હવે <u>આ વર્ષ બીજું અને અંતિમ ચંદ્ર ગ્રહણ 19 નવેમ્બર 2021ના રોજ જોવા મળશે. આ ઉપરાંત 10મી જૂને સૂર્ય ગ્રહણ પણ જોવા મળશે</u>

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. કોલંબો પોર્ટ સિટી : ઈકોનોમિક કમિશન બિલને કારણે ભારત ઉપર થનારી ભાવિ અસરો




### વિગત :

✓ કોલંબોમાં ચીનને 153 એકર જમીન 99 વર્ષની લીઝ પર, એન્ટ્રી જુદાં પાસપોર્ટથી

### હમ્બનટોટામાં પણ ચીન હાજર, પરતુ હવે સ્થિતિ ગંભીર

✓ શ્રીલંકાએ 2017માં કોલંબો નજીક હમ્બનટોટા ટાપુ પર ચીની કંપનીને 99 વર્ષના લીઝ પર પોર્ટ સિટી આપ્યું હતું.

✓ ચાઈનીઝ કંપની ચાઈના હાર્બર એન્જિનિયરિંગ કંપનીને 99 વર્ષની લીઝ પર 153 એકર જમીન અપાઈ છે, જેના પર સ્પેશિયલ ઈકોનોમિક ઝોન બનાવાઈ રહ્યો છે.

✓ તેનું સંપૂર્ણ મેનેજમેન્ટ એક આયોગ કરશે. શ્રીલંકાના વિપક્ષોનું કહેવું છે કે, આ આયોગ શ્રીલંકા કાયદાથી ઉપર હશે. અહીં આયોગ થકી ચીનનું શાસન ચાલશે.

✓ ચાઈનીઝ કંપનીએ લીઝના બદલે પોર્ટ સિટી બનાવવા 1.4 બિલિયન ડૉલરનું રોકાણ કર્યું છે. આ સાથે આ કંપની કોલંબોમાં 17 કિમી ફ્રોરલેન હાઈવે પણ બનાવશે. આ યોજનાઓથી શ્રીલંકાની પ્રજામાં તેમની સ્વીકાર્યતા વધશે. ચીન અહીંથી ભારત માટે ખતરા ઊભા કરતું રહેશે.

## ચીન ભારત વિરુદ્ધ ચાર મોરચે મુશ્કેલી સર્જી રહ્યું છે, હવે હિન્દ મહાસાગરમાં પણ ખતરો :

### પાકિસ્તાન :

✓ ચાઈના પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર હેઠળ ચીન અહીં 62 બિલિયન ડૉલરના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. આ રોકાણના બદલે પાકિસ્તાનની વિદેશ નીતિમાં તેની દખલ સ્પષ્ટ દેખાય છે.

### નેપાળ :

✓ અહીંના રાજકારણમાં ચીનની દખલ વધી છે. માળખાગત રોકાણના નામે ચીને લોનની જાળ બિછાવી છે. પરિણામે ઓલી ભારત વિરોધી નિવેદનો કરે છે. રાજકીય સંકટમાં ચીન હંમેશા સાથ આપે છે.

### સિઆચેનઃ

✓ દુનિયાના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્રમાં આપણે સતત ચીનનો સામનો કરી રહ્યા છીએ. ચીનના કારણે જ સૌથી વિષમ પરિસ્થિતિમાં આપણા જવાન સતત અહીં 24 કલાક પહેરો ભરી રહ્યા છે.

### લદ્દાખ :

✓ અહીં હાલમાં બંને દેશ વચ્ચે સર્જાયેલો તણાવ તાજો છે. ગલવાન ઘાટીમાં લોહિયાળ સંઘર્ષ અને લાંબા તણાવ પછી ચીન પાછળ તો હટી ગયું છે, પરંતુ અહીં તે ફરી છેતરપિંડી કરે તેવી આશંકા યથાવત્ છે.

### કન્યાકુમારીઃ

✓ અહીંથી ચીનની હાજરી માંડ 290 કિ.મી. હશે. તેનું વ્યૂહાત્મક મહત્ત્વ વધારે હશે. અત્યાર સુધી અહીં કોઈ નૌસેના બેઝ ન હતો, પરંતુ કોચ્ચિ અને વિશાખાપટ્ટનમ સહિત અનેક બેઝ આ ક્ષેત્રમાં છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. નિમણૂક : આસામના નવા CM હેમંત બિસ્વા સરમા વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનના નવા અધ્યક્ષ



- ✓ ભારતીય બેડમિંટન એસોસિએશન (BAI)ના પ્રમુખ હેમંત બિસ્વા સરમાને વર્ષ 2021-25ના સમયગાળા માટે કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાયા છે.
- ✓ 22 મે, 2021ના રોજ, બીઆરડબલ્યુએફની વર્ચ્યુઅલ એજીએમ અને કાઉન્સિલની ચૂંટણીઓમાં 20 સભ્યોની બીડબ્લ્યુએફ કાઉન્સિલના 31 સ્પર્ધકોમાંથી સરમાની પસંદગી કરવામાં આવી હતી. જ્યાં તેમને 236 મત મળ્યા હતા. તેઓ બેડમિંટન એશિયાના ઉપાધ્યક્ષ અને આસામના મુખ્યમંત્રી પણ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 8. જૈવ વિવિધતા પુરસ્કાર-2021

- ✓ વિજેતા : શાજી એન. એમ.



- ✓ શાજી એન.એમ. જેને પ્રેમથી કેરળના 'ટ્યૂબર મેન' કહેવામાં આવે છે.

**એવોર્ડની કેટેગરી :**

- ✓ તેને 'પાલતુ પ્રાણીઓના સંરક્ષણ'ની વ્યક્તિગત કેટેગરીમાં જૈવ વિવિધતા પુરસ્કાર 2021થી સન્માનિત કરાયા.
- ✓ આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ (IDB) 2021 દરમિયાન રૂ.2 લાખનું ઇનામ અને પ્રશંસાપત્ર જાહેર કરાયું હતું.
- ✓ તેમને સાત વખત રાજ્યનો એવોર્ડ મળ્યો છે.
- ✓ તેમને પીપીવી અને એફઆર ઓથોરિટી, નવી દિલ્હી દ્વારા સ્થાપિત 'પ્લાન્ટ જિનોમ સેવિયર પુરસ્કાર 2015 પણ મળ્યો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 9. દિન વિશેષ : 25 મે
## આંતરરાષ્ટ્રીય ગૂમસુદા બાલ દિવસ

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 10. જન્મ દિન વિશેષ : 26 મે
## ભાષાવિજ્ઞાની : હરિવલ્લભ ભાયાણી
## જન્મ : 26-05-1917
## અવસાન : 11-11-2000




- ✓ મહુવામાં જન્મેલા હરિવલ્લભ ભાયાણીના માતાપિતાનું તેમની એક વર્ષની ઉંમરે જ અવસાન થતાં ઉછેર દાદીએ કર્યો હતો.

- ✓ પોતાને ઉછેરનાર દાદીને વૃદ્ધાવસ્થામાં તકલીફ ન પડે તે માટે ભાયાણી સાહેબે વિદેશ ભણવા જવાની તક પણ નકારી હતી.
- ✓ 1941માં મુંબઈ યુનિ.થી સંસ્કૃત અને માગધી વિષયો સાથે અનુસ્નાતક, 1951માં પીએચડી કર્યું.
- ✓ ભારતીય વિદ્યા ભવન, ગુજરાત યુનિ. અને એલ.ડી. ઇન્ડોલોજીમાં અધ્યાપન કર્યું.
- ✓ ભાયાણી સાહેબના સ્વાધ્યાય અને સંશોધનનું ઉત્તમ પ્રતિબિંબ વ્યુત્પત્તિ વિચાર, અનુસંધાન, અનુશીલનો, વાગવ્યાપાર, શોધ અને સ્વાધ્યાય, કાવ્યમાં શબ્દ, કાવ્યનું સંવેદન, ગુજરાતી ભાષાના ઇતિહાસની કેટલીક સમસ્યાઓ, ગુજરાતી ભાષાનું ઐતિહસિક વ્યાકરણ, લોકસાહિત્ય સંપાદન અને સંશોધનો જેવાં વિવેચન, ભાષા શાસ્ત્ર, અપભ્રંશ અને સંપાદન ગ્રંથોમાં જોવા મળે છે.

**પુરસ્કાર :**

- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક - 1963
- ✓ સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર-1981
- ✓ નર્મદ સુવર્ણચંદ્રક, સાહિત્ય ગૌરવ પુરસ્કાર વગેરેથી પુરસ્કૃત.
- ✓ તેઓએ અંગ્રેજીમાં પણ પુસ્તકો લખ્યાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (26-05-2021)

1. તાઉ'તે વાવાઝોડામાં બાગાયતી પાક અને ઉનાળુ પાકને નુકસાન બદલ ગુજરાત સરકાર દ્વારા કેટલા કરોડનું વાવાઝોડા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું – **રૂ. 500 કરોડ**
2. ગુજરાત સરકારના વાવાઝોડા કૃષિ રાહત પેકેજમાં બાગાયતી વૃક્ષોના કાયમી નાશ સામે હેક્ટર દીઠ મહત્તમ કેટલી સહાય બે હેક્ટરની મર્યાદામાં જાહેર કરી છે – **રૂ. 1 લાખ**
3. ગુજરાત સરકારના વાવાઝોડા કૃષિ રાહત પેકેજમાં બાગાયતી વૃક્ષોના 33 ટકાથી વધુ નુકસાન સામે હેક્ટર દીઠ મહત્તમ કેટલી સહાય બે હેક્ટરની મર્યાદામાં જાહેર કરી છે - **રૂ. 30 હજાર**
4. ગુજરાત સરકારના વાવાઝોડા કૃષિ રાહત પેકેજમાં ઉનાળુ પાકમાં 33 ટકાથી વધુ નુકસાન સામે હેક્ટર દીઠ મહત્તમ કેટલી સહાય બે હેક્ટરની મર્યાદામાં જાહેર કરી છે - **રૂ. 20 હજાર**
5. ગુજરાત સરકારના વાવાઝોડા કૃષિ રાહત પેકેજમાં કેટલા તાલુકા સમાવી લેવામાં આવ્યા છે - **86**
6. સૌથી વધુ પ્રભાવિત ઓડિસા અને પશ્ચિમ બંગાળમાં 26 મે 2021ના રોજ 140-145 કિ.મી.ની ઝડપે કયું ભયાનક વાવાઝોડું આવ્યું હતું - **યાસ**
7. 'યાસ' વાવાઝોડાનું નામ કયા દેશ દ્વારા અપાયું હતું - **ઓમાન**
8. 'યાસ' વાવાઝોડાનો અર્થ અને કઇ ભાષાનો શબ્દ છે - **નિરાશા અને અરેબિયન**
9. બુદ્ધ પૂર્ણિમાને અન્ય કયા નામથી ઓળખાય છે - **વૈશાખી પૂર્ણિમા**
10. તાજેતરમાં પ્રકાશિત થનાર 'ઇન્ડિયા એન્ડ એશિયન જીયોપોલિટિક્સ :ધ પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ' - **શિવશંકર મેનન**
11. ભારત સહિત વિશ્વભરમાં કઇ તારીખે વર્ષની પ્રથમ સુપર ફ્લાવર બ્લડ મૂનની ખગોળીય ઘટના બની હતી - **26 મે**
12. શ્રીલંકાએ કયા વર્ષે કોલંબો નજીક હમ્બનટોટા ટાપુ પર ચીનની ચાઇના હાર્બર એન્જિનિયરિંગ કંપનીને 99 વર્ષના લીઝ પર પોર્ટ સિટી આપ્યું હતું - **2017**
13. મે 2021માં વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનના નવા અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું હતુ - **આસામના CM હેમંત બિસ્વા સરમા**
14. મે 2021માં ભારતીય બેડમિંટન એસોસિએશનના પ્રમુખ હેમંત બિસ્વા સરમાને કયા સમયગાળા માટે કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાયા - **વર્ષ 2021-25**
15. મે 2021માં જૈવ વિવિધતા પુરસ્કાર-2021 માટે કોની પસંદગી કરવામાં આવી હતી - **શાજી એન. એમ.**
16. શાજી એન.એમ.ને પ્રેમથી ક્યાંના 'ટ્યૂબર મેન' કહેવામાં આવે છે - **કેરળ**
17. શાજી એન.એમ.ને કઇ વ્યક્તિગત કેટેગરીમાં જૈવ વિવિધતા પુરસ્કાર 2021થી સન્માનિત કરાયા હતા - **'પાલતુ પ્રાણીઓના સંરક્ષણ'**
18. આંતરરાષ્ટ્રીય ગૂમસુદા બાલ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **25 મે**
19. જાણીતા ગુજરાતી ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીનો જન્મ દિવસ જણાવો – **તા.26-05-1917**
20. ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીનો જન્મ કયાં થયો હતો – **મહુવા**
21. ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીને ક્યા વર્ષમાં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો – **વર્ષ 1963**
22. દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા ક્યા વર્ષે ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીને સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત કરાયા હતા – **વર્ષ 1981**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. ગૃહ વિભાગ – ગુજરાત સરકાર

**ગુજરાતના વિવિધ 10 જિલ્લાઓમાં નવા સાયબર પોલીસ સ્ટેશનને મંજૂરી**



**મુખ્ય હેતુ :**

- ✓ સાઇબર ક્રાઇમને સંબંધિત ગુનાઓને રોકવા અને આ ગુનાઓને ઉકેલવા માટે રાજય કક્ષાએ સીઆઇડી ક્રાઇમની કચેરીમાં કાર્યરત સ્ટેટ સાયબર સેલ હસ્તક 1 સાઈબર પોલીસ સ્ટેશન કાર્યરત છે. જ્યારે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પણ સાઇબર પોલીસ સ્ટેશન શરૂ કરાયા.

**10 જિલ્લા**

- ✓ આણંદ, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, વલસાડ, જામનગર, પોરબંદર, અમરેલી, કચ્છ-પૂર્વ (ગાંધીધામ) અને બનાસકાંઠા
- ✓ ગૃહ રાજ્ય મંત્રી : **પ્રદિપસિંહ જાડેજા**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. ગુજરાત બાયોટેક : ગુજરાતમાં કોવેક્સિનની રસી માટે 2 કંપની સાથે MOU

॥ विज्ञानं ब्रह्म ॥
GUJARAT BIOTECHNOLOGY UNIVERSITY

**વિગત :**

- ✓ રાજ્ય સરકારની સંશોધન સંસ્થા ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરે હેસ્ટર બાયોસાયન્સિઝ લિમિટેડ, ઓમ્નિBRx ટેકનોલોજીઝ સાથે મળીને ગુજરાતમાં વેક્સિન માટે જરૂરી ડ્રગ સબસ્ટાન્સના ઉત્પાદન માટે ભારત બાયોટિક લિમિટેડ સાથે એમઓયુ

**પ્રતિ માસ ઉત્પાદન :**

- ✓ ઓગસ્ટ મહિનાથી પ્રતિ માસ 2 કરોડ વેક્સિન ડોઝનું નિર્માણ થઈ શકે એટલી ક્ષમતાના મટિરિયલનું ઉત્પાદન રાજ્યમાં થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3. ITના નવા નિયમો – ભારત સરકાર (ટેલિકોમ)




**વર્તમાન નિયમો અને અસરો :**

**એટ-એ-ગ્લાન્સ :**

ભારત સરકાર ચેટને ટ્રેસ કરવા માગે છે પરંતુ વોટ્સએપ શા માટે તેના વિરોધમાં છે ?

- ✓ વોટ્સએપને ચિંતા છે કે સોશિયલ મીડિયા પર લાગુ કરવામાં આવતા આઇટી કાયદાના કારણે તેમના એન્ડ ટુ એન્ડ એનક્રિપ્શનને અસર થશે જેમાં તેઓ કહે છે કે અમે કોઇ મેસેજ વાંચતા નથી કે અમારા સર્વર પર સ્ટોર કરતાં નથી
- ✓ ભારત સરકારે આ માટે વોટ્સએપને મેસેજ માટે આલ્ફન્યૂમેરિકલ હેશીશ ફળવવા સુચન કર્યું છે જેથી દરેક ઓરિજનલ મેસેજને ફ્રી ટ્રેક કરી શકાય
- ✓ હેશિંગએ પ્રોસેસ છે જ્યાં ડેટાને એક ફિક્સ વેલ્યૂનું આવરણ લગાવવામાં આવે છે જેથી તેને જ્યારે જરૂર પડે ત્યારે ટ્રેક કરી શકાય

**સરકારને આ મેથેડોલોજી કઇ રીતે મદદરૂપ થઇ શકે**

- ✓ સરકાર ઇચ્છે છે કે વોટ્સએપ તેમના પ્લેટફોર્મ પરથી મોકલવામાં આવતા દરેક મેસેજનો કેટેલોગ મેઇનટેઇન કરે. આ માટે દરેક મેસેજ A-Z અને 0-9સાથેની એક યુનિક હેશ કી લેટર જનરેટ કરશે. જેમ કે તમે કોઇને Hi લખશો તો વોટ્સએપ તેને '97oagh' આ રીતે સ્ટોર કરશે. આ બધી હેશ કી વોટ્સએપ દ્વારા જાળવવામાં આવશે અને જ્યારે કોઇ એજન્સીને વાંધા જનક મેસેજની તપાસ માટે તેની જરૂર પડે અને તેઓ વો્ટસઅપને વિનંતી કરે ત્યારે વોટ્સએપે ઓરિજનલ સેન્ડરની ડીટેઇલ આપવાની રહેશે.

વોટ્સએપ શા માટે ટ્રેસેબીલીટીનો વિરોધ કરે છે ?

- ✓ વોટ્સએપનું કહેવું છે કે આનાથી લોકોની રાઇટ ટુ પ્રાઇવસીના હક પર તરાપ લાગે છે અને અમારી એન્ડ ટુ એન્ડ એનક્રિપ્શન પોલિસીનો ભંગ થાય છે. દરેક ચેટને ટ્રેક કરવી તે કરેક યૂઝરની ફિંગરપ્રિન્ટ માંગવા બરાબર છે.

**ઓનલાઈન ન્યુઝ પબ્લિસર્સ ડિજિટલ મીડિયા અને OTT પ્લેટફોર્મના નવા નિયમો**

- ✓ ઓનલાઇન ન્યૂઝ પબ્લિશર્સ એટલે કે ડિજિટલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મ દ્વારા સરકારના નવા આઇટી નિયમોનું પાલન કરવાની વિગતો 15 દિવસમાં સરકારને જણાવવામાં આવે.
- ✓ નવા નિયમો ડિજિટલ સામગ્રીને નિયમિત કરવા તેમજ આચારસંહિતાનું પાલન કરવા માટે ત્રિસ્તરીય ફરિયાદ નિવારણનું માળખું રજૂ કરે છે.
- ✓ આઇટી મંત્રાલયે વહેલામાં વહેલી તકે નિયમોનાં પાલનની જાણકારી આપવા તાકીદ કરી છે. જેમાં કંપનીનું નામ, ડિરેક્ટર, સરનામું, ફોન નંબર, ફરિયાદ નિવારણ અધિકારી, સ્વનિયમન સંસ્થાની વિગતો માગવામાં આવી છે.
- ✓ હાલ 60 ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મે નવા નિયમો હેઠળ સેલ્ફ રેગ્યુલેશન સંસ્થા રચવાનું શરૂ કર્યું છે. કેટલાકે રજિસ્ટ્રેશન માટે માગણી કરી છે.

## ગૂગલ નવા IT નિયમોનું પાલન કરશે

- ✓ ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું હતું કે ગૂગલ દ્વારા ભારતમાં નવા આઈટી નિયમોનું પાલન કરવામાં આવશે. કંપની સ્થાનિક કાયદાઓનું પાલન કરવા પ્રતિબદ્ધ છે. કંપનીના કાયદા નિષ્ણાતોની ટીમ આ મુદ્દે ભારત સરકાર સાથે સંપર્કમાં છે. સરકાર દ્વારા જ્યારે જ્યારે માગવામાં આવે ત્યારે તેને કાનૂની માહિતી આપવામાં આવે છે. કંપની વખતોવખત ટ્રાન્સપરન્સી રિપોર્ટ પણ પ્રસિદ્ધ કરે છે.
- ✓ કેન્દ્રીય IT મંત્રી : રવિશંકર પ્રસાદ

## 4. કેન્દ્ર સરકાર : આર્થિક સહાય

## કોરોનાને કારણે જીવ ગુમાવનારા દેશના 67 પત્રકારોના પરિવારજનોને કેન્દ્ર રૂ. 5 લાખની આર્થિક સહાય કરશે

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. સંરક્ષણ મંત્રાલય કર્મચારીઓ માટે OPD પોર્ટલ લોન્ચ (આરોગ્ય)




### વિગત :

- ✓ સર્વિસિસ ઈ-હેલ્થ આસિસ્ટન્ટ એન્ડ ટેલિ-કન્સલ્ટેશન ઓપીડી પોર્ટલ લોન્ચ

### હેતુ :

- ✓ સશસ્ત્ર દળને ટેલિ મેડિસિન સેવા પૂરી પાડવામાં તે મદદ કરશે. લોકો તજજ્ઞ ડોક્ટરોની ફોન કરીને સલાહ લઈ શકશે.
- ✓ અંદાજે 4 કરોડ લોકોને લાભ થશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. ન્યુટ્રાસ્યુટિકલ : હવે કેમિકલ વગરની દવા ક્ષેત્રે ભારત વિશ્વમાં અગ્રેસર (આરોગ્ય)




### ન્યુટ્રાસ્યુટિકલની વ્યાખ્યા :

- ✓ ન્યુટ્રિશિયન એટલે પોષક તત્વો ફાર્માસ્યુટિકલ એટલે દવા ઉદ્યોગ. એ બન્ને ભેગા મળીને હવે નવી ઈન્ડસ્ટ્રી ન્યુટ્રાસ્યુટિકલ અસ્તિત્વમાં આવી રહી છે. ભારત તેમાં અગ્રણી રાષ્ટ્ર સાબિત થશે એવા તારણો ન્યુટ્રીફાઇ ટુડેએ કરેલા સર્વેમાં જોવા મળ્યા હતા. ન્યુટ્રીફાઇ ટુડે ભારતની પ્રથમ ન્યુટ્રાસ્યુટિકલ સેક્ટરની એજન્સી છે.
- ✓ આગામી દિવસોમાં પણ આરોગ્ય સબંધિત વિવિધ પ્રશ્નો ઉભા થશે અને દવાનો સહારો લીધા વગર ચાલશે નહીં. સામે પક્ષે આપણે એ પણ જાણીએ છીએ કે દવામાં વિવિધ પ્રકારના કેમિકલ્સ હોય છે, જે શરીરને થોડી-ઘણી આડઅસર કર્યા વગર રહે નહીં.
- ✓ જેમ કે કોરોનાની સારવારમાં વપરાયેલા સ્ટીરોઈડના ડોઝથી હવે મ્યુકોરમાઈકોસિસ ફેલાઈ રહ્યો છે.

**ન્યુટ્રાસ્યુટિકલનો નવો યુગ :**

- ✓ હવે કેમિકલ વગરની દવાનો નવો યુગ શરૂ થયો છે. આવી દવાઓને ન્યુટ્રાસ્યુટિકલ હોય છે. રસોડામાં વપરાતી ખાવાની વિવિધ ચીજો, શાકભાજી, ફળ.. વગેરેમાં વિવિધ પોષક તત્વો હોય છે, એ આપણે જાણીએ છીએ. ન્યુટ્રસ્યુટિકલ દવા આવા તત્વોનો ઉપયોગ કરીને જ બને છે. જે રીતે કેમિકલ વગર થતી ખેત પેદાશો ઓર્ગેનિક પ્રોડક્ટ કહેવાય છે એમ આ ન્યુટ્રાસ્યુટિકલ દવાઓને ઓર્ગેનિક દવા કહી શકાય.
- ✓ ન્યુટ્રીફાઈ ટુડે ભારતમાં પ્રથમ એજન્સી છે જે આ પ્રકારની દવા પર કામ કરે છે. તેણે કરેલા સર્વેમાં જણાયુ કે આ દવાના ક્ષેત્રમાં ભારતની બોલબાલા વધશે. વળી આ દવાનો ઉપયોગ કરવામાં આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સનો પણ વ્યાપક ઉપયોગ થશે.

**ન્યુટ્રીફાઇ ટુડેનો સર્વે :**

- ✓ ન્યુટ્રીફાઇ ટુડેના સર્વેમાં અમેરિકા, ઈઝરાયેલ, સ્વિત્ઝરલેન્ડ, સિંગાપોર, જાપાન, હોંગકોંગ અને ભારતના ન્યુટ્રાસ્યુટિકલ નિષ્ણાતોએ ભાગ લીધો હતો.
- ✓ દવા લેવાથી આડઅસર થાય કે ક્યારેક રિએક્શન પણ આવે.
- ✓ ન્યુટ્રાસ્યુટિકલમાં એવુ ન થાય એટલા માટે વ્યક્તિની જરૂર મુજબ દવા બનાવાશે (કસ્ટમાઇઝ કે પર્સનલાઇઝ કરાશે). આ કામગીરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે કમ્પ્યુટર ટેકનોલોજીની મદદથી કરી શકાશે. દરેક વ્યક્તિની જરૂર મુજબ ન્યુટ્રાસ્યુકિલ દવા બનાવવી મુશ્કેલ છે, પણ અસંભવ નથી. એ સમય આવતા ત્રણેક વર્ષ લાગશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. AICTE : મહત્વનો નિર્ણય

## ગુજરાત સહિત વિવિધ નવ ભાષામાં એન્જનિયરીંગનો અભ્યાસ કરી શકાશે

Apporoved By
All India Council For Technical Education
AICTE(NEW DELHI)

**મુખ્ય હેતુ :**

- ✓ પ્રાદેશિક ભાષાઓમાં એન્જનિયરીંગ અભ્યાસક્રમની છૂટ આપવાથી ગ્રામ્ય તેમજ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના સપનાં પૂર્ણ થશે.
- ✓ ગુજરાતમાં મોટાભાગના વિદ્યાર્થીઓને અંગ્રેજી અભ્યાસક્રમ માફક આવતો નહીં હોવાથી તેઓ આ ક્ષેત્રથી દૂર ભાગી રહ્યા છે તેવા સંજોગોમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે હવે વિદ્યાર્થીઓ ગુજરાતીમાં પણ અભ્યાસક્રમ પસંદ કરી શકશે.

**નવ ભાષાઓ :**

- ✓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, તમિલ, તેલુગુ, કન્નડ, મરાઠી અને મલયાલમ
- ✓ **AICTE :** ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (27-05-2021)

1. મે-2021માં ગુજરાત સરકારના ગૃહ વિભાગે કેટલા જિલ્લાઓમાં નવા સાયબર પોલીસ સ્ટેશનને મંજૂરી આપી - **10**
2. મે-2021માં ગુજરાત સરકારના ગૃહ વિભાગે ક્યા 10 જિલ્લાઓમાં નવા સાયબર પોલીસ સ્ટેશનને મંજૂરી આપી - **આણંદ, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, વલસાડ,**

**જામનગર, પોરબંદર, અમરેલી, કચ્છ-પૂર્વ (ગાંધીધામ) અને બનાસકાંઠા**

3. ગુજરાતના વર્તમાન ગૃહ રાજ્ય મંત્રીનું નામ જણાવો - **પ્રદિપસિંહ જાડેજા**
4. મે-2021માં ગુજરાતની સંશોધન સંસ્થા ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરે કઇ કંપની સાથે મળીને ગુજરાતમાં વેક્સિન માટે જરૂરી ડ્રગ સબસ્ટાન્સના ઉત્પાદન માટે ભારત બાયોટિક લિમિટેડ સાથે એમઓયુ કર્યાં - **હેસ્ટર બાયોસાયન્સિઝ લિમિટેડ તથા ઓમ્નિBRx ટેકનોલોજીઝ**
5. મે-2021માં ગુજરાતની સંશોધન સંસ્થાએ બે કંપની સાથે મળીને ડ્રગ સબસ્ટાન્સના ઉત્પાદન માટે ભારત બાયોટિક લિમિટેડ સાથે એમઓયુ કર્યાં જેના થકી પ્રતિ માસ કેટલી વેક્સિન ડોઝનું નિર્માણ થઇ શકે એટલી ક્ષમતાના મટિરિયલનું ઉત્પાદન ગુજરાતમાં થશે - **2 કરોડ**
6. ભારતના વર્તમાન કેન્દ્રીય IT મંત્રીનું નામ જણાવો - **રવિશંકર પ્રસાદ**
7. મે-2021માં કેન્દ્ર સરકારે કોરોનાને કારણે જીવ ગુમાવનારા દેશના 67 પત્રકારોના પરિવારજનોને કેટલા રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી - **રૂ. 5 લાખ**
8. મે-2021માં કયા મંત્રાલયે કર્મચારીઓ માટે સર્વિસિસ ઈ-હેલ્થ આસિસ્ટન્ટ એન્ડ ટેલિ-કન્સલ્ટેશન ઓપીડી પોર્ટલ લોન્ચ કર્યું હતુ - **સંરક્ષણ મંત્રાલય**
9. મે-2021માં સંરક્ષણ મંત્રાલયે સશસ્ત્ર દળના કર્મચારીઓ માટે ટેલિ મેડિસિન સેવા પૂરી પાડવા માટે સર્વિસિસ ઈ-હેલ્થ આસિસ્ટન્ટ એન્ડ ટેલિ-કન્સલ્ટેશન ઓપીડી પોર્ટલ લોન્ચ કર્યું તેનાથી અંદાજે કેટલા લોકોને ફાયદો થશે - **4 કરોડ**
10. ન્યુટ્રીફાઇ ટુડેના તાજેતરના સર્વે મુજબ ન્યુટ્રાસ્યુટિકલ એટલે કે કેમિકલ વગરની દવા ક્ષેત્રે કયો દેશ વિશ્વમાં અગ્રેસર સાબિત થશે - **ભારત**
11. ન્યુટ્રિશિયન એટલે પોષક તત્વો, ફાર્માસ્યુટિકલ એટલે દવા ઉધોગ એ બન્નેના સંમિશ્રણથી કઇ નવી ઈન્ડસ્ટ્રી અસ્તિત્વમાં આવી છે - **ન્યુટ્રાસ્યુટિકલ**
12. ભારતની પ્રથમ ન્યુટ્રાસ્યુટિકલ સેક્ટરની એજન્સીનું નામ જણાવો - **ન્યુટ્રીફાઇ ટુડે**
13. મે-201માં AICTEએ ગુજરાત સહિત વિવિધ કેટલી ભાષામાં એન્જનિયરીંગના અભ્યાસક્રમની છૂટ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો - **નવ**
14. મે-201માં AICTEના નવા નિર્ણય અનુસાર દેશની કઇ નવ ભાષામાં એન્જનિયરીંગનો અભ્યાસ કરી શકાશે - **ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, તમિલ, તેલુગુ, કન્નડ, મરાઠી અને મલયાલમ**
15. મે-201માં AICTEએ કયા હેતુસર દેશની વિવિધ નવ ભાષામાં એન્જનિયરીંગના અભ્યાસક્રમની છૂટ આપવાનો નિર્ણય કર્યો હતો – **ગ્રામ્ય-આદિવાસી વિસ્તારના વિધાર્થીઓના સપનાં પૂર્ણ કરવા**
16. AICTEનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન**




# સ્થાનિક બાબતો

## 1. FDI-ગુજરાત : વર્ષ 2020-21 ગુજરાતમાં કોરોના કાળ છતાં ગુજરાતમાં 2,207 કરોડ યુએસ ડોલરનું વિદેશી રોકાણ




**વિગત :**

- ✓ કોરોનાકાળ હોવા છતાં વર્ષ 2020-21માં ગુજરાતમાં સૌથી વધુ 2,207 કરોડ યુએસ ડોલરનું વિદેશી સીધું રોકાણ આવ્યું અને અગાઉના વર્ષ 2019-20ની તુલનાએ ગુજરાતમાં વર્ષ 2020-21ની એફડીઆઇમાં 265 ટકાની વૃદ્ધિ.
- ✓ વર્ષ 2020-21માં ગુજરાત ખાતે કમ્પ્યૂટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રે એફડીઆઈ 94 ટકા આવ્યું હોવાનું તથા કન્સ્ટ્રક્શન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે માત્ર 2 ટકા એફડીઆઇ આવ્યું હોવાનું જણાવાઈ રહ્યું છે.
- ✓ કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા અપાયેલા આંકડા મુજબ ગુજરાતમાં જાન્યુઆરી-21 અને ફેબ્રુઆરી-21 દરમિયાન રૂ. 37,908 કરોડના મૂડીરોકાણ માટે આઇઇએમ ફાઇલ કરાયા છે, જે અગાઉના જાન્યુઆરી-ફેબ્રુઆરી-2020ની તુલનાએ આઇઇએમમાં 252 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નિધન : કચ્છના 19માં અને અંતિમ રાજવી મહારાઓ પ્રાગમલજી ત્રીજાનું 85 વર્ષે નિધન



✓ અવસાન : ભૂજ
✓ પેલેસ : રણજિત વિલાસ પેલેસ-ભૂજ
✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3. જીએસટી કાઉન્સિલની 43મી બેઠક- નવી દિલ્હી (આર્થિક)




**મહત્વના નિર્ણયો :**

(1) કોરોના સંદર્ભે :કેટલીક ચીજો પરની GSTમાં માફી

✓ કોરનાને લગતી આયાતી સામગ્રી પર 31 ઓગસ્ટ 2021 સુધી IGSTમાં માફી લંબાવાઇ
✓ કોરોના સંદર્ભે દાન પેટે ખરીદવામાં આવી હોય તેવી સામગ્રીની આયાતને પણ 31 ઓગસ્ટ 2021 સુધી IGSTમાં માફી

**(2) બ્લેક ફંગસ :**

✓ મ્યુકરમાઈકોસિસને લગતી દવા એમ્ફોટેરિસિન-બીને IGSTમાં કર મુક્તિની યાદીમાં સામેલ
✓ રાજ્યોને વેક્સિન વિનામૂલ્યે અપાશે

અન્ય નિર્ણયો :

✓ નાણાં પ્રધાને જુલાઇ 2022 પછી કમ્પન્સેશન સેસનો મુદ્દો ચર્ચવા સ્પેશિયલ સેશન બોલાવવા સભ્યોને ખાતરી આપી.
✓ બેઠકમાં કેટલાક સભ્યોએ મેડિકલ ગ્રેડ ઓક્સિજન, ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ તેમજ પલ્સ ઓક્સિમીટર અને ટેસ્ટિંગ કિટ પરનો GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવા માગણી કરી હતી. કોવિડ વેક્સિન પર પાંચ ટકા GST યથાવત રાખવા નિર્ણય લેવાયો.
✓ જીએસટીમાં રાહત આપવાથી ઉત્પાદકો ઇનપુટ ટેક્સ ક્રેડિટનો બોજ ગ્રાહકો ઉપર નાખી દેશે જેથી ભાવ વધી જશે.
✓ બેઠકમાં વાર્ષિક રિટર્ન ફાઇલ કરવાની સિસ્ટમ વધુ સરળ બનાવવા નિર્ણય લેવાયો.
✓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસેથી સર્ટિફિકેટ મેળવવાને બદલે સેલ્ફ સર્ટિફિકેશન રિકન્સિલિયેશન સ્ટેટમેન્ટ માટે મંજૂરી આપવા CGST એક્ટમાં સુધારો કરવા ભલામણ કરવામાં આવી.
✓ અધ્યક્ષ : કેન્દ્રીય નાણાંપ્રધાન નિર્મલા સીતારમણ
✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. યાસ વાવાઝોડુ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓડિશા અને પશ્ચિમ બંગાળનું હવાઈ નિરીક્ષણ કર્યું



**રાહત પેકેજ :**

✓ પીએમ મોદી દ્વારા કુલ રૂ. 1 હજાર કરોડ વળતરની જાહેરાત
✓ 500 કરોડ ઓડિશા માટે અને 500 કરોડ પશ્ચિમ બંગાળ-ઝારખંડ માટે આપવામાં આવ્યા.
✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. મોનસુન આગમનના ત્રણ માપદંડ (હવામાન)




### હવા-રેડિએશનના માપદંડ :

1. અંદાજે 3 કિ.મી.ની ઊંચાઈ સુધી પશ્ચિમી પવન ફૂંકાવા લાગે અને આવું 55 ડિગ્રી રેખાંશથી 80 ડિગ્રી રેખાંશ સુધી તથા વિષુવવૃત્તથી 10 ડિગ્રી અક્ષાંશની વચ્ચે થાય.
2. તેમાંથી 70 થી 80 ડિગ્રી રેખાંશ તથા 5 થી 10 ડિગ્રી અક્ષાંશ વચ્ચે સપાટી પર પવનની ઝડપ કલાકના 30-35 કિ.મી. હોય .
3. 70 થી 75 ડિગ્રી રેખાંશ અને 5 થી 10 ડિગ્રી અક્ષાંશ વચ્ચે વાદળ ઘેરાયેલાં હોવાથી ઉપર જતું લોન્ગ વૅવ રેડિયેશને દર ચો.મી. દીઠ 200 વોટથી ઓછું હોવું જોઇએ.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 6. સંયુક્ત રાષ્ટ્રસંઘ - UNHRC :

### ઇઝરાયલ-પેલેસ્ટાઇન યુધ્ધ સંદર્ભે ઠરાવ પસાર




### સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારત ઇઝરાયલની પડખે અન્ય 12 દેશોની જેમ મતદાનથી અળગું રહ્યું

### ઇઝરાયેલ વિરૂદ્ધ થયેલ ઠરાવને 24 દેશોનો ટેકો, નવનો વિરોધ

**વિગત :**

✓ રાષ્ટ્રસંઘની માનવાધિકાર પરિષદ ઇઝરાયલ-પેલેસ્ટાઇન વચ્ચેના સંઘર્ષને યુધ્ધ-અપરાધ ગણી તપાસ કરશે

✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ : સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થા માનવાધિકાર પરિષદ (યુએનએચઆરસી)માં ઇઝરાયલ - પેલેસ્ટાઇન વચ્ચે થયેલા યુધ્ધના સંદર્ભે પસાર થયેલા ઠરાવ મુજબ યુએન માનવાધિકાર પરિષદ, પેલેસ્ટાઇનના અંતિમવાદી સંગઠન હમાસ તથા ઇઝરાયલ વચ્ચે 11 દિવસો સુધી ચાલેલા હિંસક સંઘર્ષની તપાસ યુધ્ધ અપરાધના ધોરણે કરશે.

✓ ઇઝરાયેલે જો કે આ ઠરાવનો ભારે વિરોધ કર્યો છે. ભારતે ઇઝરાયલ-પેલેસ્ટાઇનને શાંતિની અપીલ કરી ઠરાવ પર મતદાન કર્યું નહિ. અન્ય 12 દેશોએ પણ આ મામલે મતદાન કર્યું નથી. અન્ય 24 દેશોએ ઠરાવને ટેકો આપ્યો, જ્યારે અન્ય 9 દેશોએ ઇઝરાયલને સાથ આપ્યો ભારતે ઇઝરાયલ પેલેસ્ટાઇન વચ્ચેના યુધ્ધવિરામને

આવકાર્યું. ભારતે એક નિવેદનમાં બંને રાષ્ટ્રોને શાંતિની અમલ કરી.

- ✓ ભારતે જણાવ્યું કે સુરક્ષા પરિષદ છેલ્લા પખવાડિયાથી પૂર્વ જેરૂસલેમ અને અન્ય પેલેસ્ટાઇની વિસ્તારો પર નજર રાખી રહી છે. પરિષદની આ બેઠકો દરમિયાન ભારતે જૂના શહેર જેરૂસલેમમાં રમઝાનના પવિત્ર માસ દરમિયાન થયેલી હિંસા બદલ ઘેરી ચિંતા વ્યક્ત કરી. ભારતે હરમ અલ શરીફ ટેમ્પલ માઉંટ અને પૂર્વ જેરૂસલેમમાં શેખ જર્રાહ દ્વારા સંભવિત બેદખલપણા બાબત ચિંતા વ્યક્ત કરી.
- ✓ જો કે ભારતનો ઝોક ઇઝરાયલ તરફી વધી રહ્યો હોવાનું એના વર્તમાન નિવેદનો પરથી કહેવાઇ રહ્યું છે. ઠરાવ પરના મતદાનમાં ભાગ નહિ લઇને પણ ભારતે બંને દેશો સાથે સંતુલન જાળવી રાખવાની નીતિ અપનાવી હોવાનું મનાય છે. ભૂતકાળમાં ભારત, ખુલ્લેઆમ પેલેસ્ટાઇન સાથે ઊભું રહ્યું છે.
- ✓ ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પસાર થયેલા ઉપરોક્ત ઠરાવને ફગાવી દીધો છે. એમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવધિકાર પરિષદમાં લેવાયેલા શરમજનક નિર્ણયથી એક વધુ ઉદાહરણ મળી રહે છે કે આ સંસ્થા કેવી ઇઝરાયલવિરોધી માનસિકતા ધરાવે છે. આ સંસ્થાએ ઇઝરાયલી નાગરિકોને નિશાન બનાવનાર અને ગાઝાના લોકોનો ઢાલની જેમ ઉપયોગ કરનાર હમાસના ગુન્હાઓને છાવરી લીધા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. જન્મ દિન વિશેષ : 28 મે ક્રાંતિવીર : વી.ડી. સાવરકર

## જન્મ – 28 મે-1883

## અવસાન – 26મી ફેબ્રુઆરી-1966

- ✓ જન્મ સ્થળ:ભગુર, જિલ્લો- નાસિક (મહારાષ્ટ્ર)




- ✓ આજે ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકર, અભિનેતા અને રાજનેતા એન. ટી. રામારાવનો જન્મદિવસ છે.
- ✓ ભારતની પ્રજાને હિંદુત્વ શબ્દની પહેલી ઓળખાણ કરાવનાર, સ્વાતંત્ર્ય સેનાની, વકીલ, રાજકારણી અને હિંદુ રાષ્ટ્રવાદી વિનાયક દામોદર સાવરકર પણ ભારતની પ્રજા જેમને વીર સાવરકર અથવા સ્વાતંત્ર્યવીર સાવરકરના નામે ઓળખે છે.
- ✓ નાનપણથી જ હિંદુવાદી વિચારસરણી ધરાવતા તેઓએ ઇંગ્લેન્ડનાં તેમનાં કાયદાના અભ્યાસ દરમિયાન 1857ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામને સિપાઇનો બળવો ગણવાનો ઇન્કાર કરતું પુસ્તક લખ્યું હતું જેને અંગ્રેજોએ પ્રતિબંધિત કરી તેમને ઇંગ્લેન્ડમાંથી ભારત મોકલ્યા હતા.
- ✓ ઇંગ્લેન્ડથી ભારત લાવતા હતા ત્યારે મોરિયા નામના જહાજમાંથી છલાંગ લગાવી દરિયામાં કૂદી પડ્યા, ફરી પકડાયા અને કાલાપાનીની સજા માટે અંદમાન નિકોબારની સેલ્યુલર જેલમાં મોકલાયા.
- ✓ જેલમાં કોલસાથી દીવાલો પર કવિતાઓ લખતા, સાવરકરે ગોમાન્તક નામથી મહાકાવ્ય, હિંદુ પદ પાદશાહી, મેરા આજન્મ કારાવાસ જેવા પુસ્તકો પણ લખ્યા છે.
- ✓ અંગ્રેજોએ તેમને ડબલ કાળા પાણીની (50 વર્ષની) સજા કરી પણ તેમની ખરાબ તબિયતને ધ્યાનમાં રાખી સરકારે તેમનો શરતી છુટકારો કર્યો.

- ✓ ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાની પરિકલ્પનાને કોંગ્રેસ સાથે મેળ ન પડતા તેઓ હિંદુ મહાસભા સાથે જોડાયા અને હિંદુત્વનો પ્રચાર તેમના જુસ્સાદાર ભાષણો દ્વારા કર્યો.
- ✓ 1948માં તેમની સંડોવણી એક કાવતરાખોર તરીકે ગાંધીજી હત્યા કેસમાં થઈ પણ પુરાવાના અભાવે નિર્દોષ છૂટ્યા.
- ✓ સાવરકર શરૂમાં લોકમાન્ય ટિળક અને તેમના કેસરી પત્રથી પ્રભાવિત હતા.
- ✓ મહારાષ્ટ્રમાં ચાફેકર બંધુઓની ફાંસી વખતે બાળ સાવરકરે ઉપવાસ કર્યો હતો.
- ✓ 1906માં કાયદાનો અભ્યાસ કરવા ગયા.
- ✓ 20 મે 1937ના રોજ અંદમાનથી સાવરકરની મુક્તિ થયા પછી હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા.
- ✓ "સ્વતંત્રતા અમારું ધ્યેય છે, આઝાદી અમારો રાષ્ટ્રધર્મ છે અને ગુલામીમાંથી મુક્તિ અમારો મોક્ષ છે" એ જીવન મંત્ર બનાવ્યું હતુ.
- ✓ અભિનવ ભારત નામની સંસ્થાની સ્થાપના કરી વિદેશોમાં ભારતની આઝાદી માટે જાગૃતિ લાવવાના પ્રયાસો બદલ સાવરકરની ધરપકડ કરવામાં આવી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (28-05-2021)

1. કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા અપાયેલા આંકડા મુજબ કોરોનાકાળ હોવા છતાં વર્ષ 2020-21માં ગુજરાતમાં સૌથી વધુ કેટલુ વિદેશી સીધું રોકાણ આવ્યું - **2,207 કરોડ યુએસ ડોલર**
2. વર્ષ 2019-20ની તુલનાએ ગુજરાતમાં વર્ષ 2020-21ની એફડીઆઇમાં કેટલા ટકાની વૃદ્ધિ થઇ - **265**
3. વર્ષ 2020-21માં ગુજરાતમાં કમ્પ્યૂટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રે કેટલા ટકા એફડીઆઇ આવ્યું હતુ – **94**
4. મે-2021માં કચ્છના 19માં અને ક્યા અંતિમ રાજવીનું 85 વર્ષે રણજિત વિલાસ પેલેસ-ભૂજ ખાતે નિધન થયુ - **મહારાઓ પ્રાગમલજી ત્રીજા**
5. મે-2021માં નવી દિલ્હી ખાતે નાણામંત્રી નિર્માલા સિતારામનની અધ્યક્ષતામાં જીએસટી કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઇ - **43**
6. જીએસટી કાઉન્સિલની 43મી બેઠકમાં કોરનાને લગતી આયાતી સામગ્રી તથા દાન પેટે ખરીદવામાં આવી હોય તેવી સામગ્રી પર કયાં સુધી IGSTમાં માફી લંબાવાઇ - **31 ઓગસ્ટ 2021**
7. જીએસટી કાઉન્સિલની 43મી બેઠકમાં મ્યુકરમાઇકોસિસને લગતી કઇ દવાને IGSTમાં કર મુક્તિની યાદીમાં સામેલ કરાઇ - **એમ્ફોટેરિસિન-બી**
8. મે-2021માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યાસ વાવાઝોડા પ્રભાવિત કયા રાજયોનું હવાઇ નિરીક્ષણ કર્યું - **ઓડિશા અને પશ્ચિમ બંગાળ**
9. પીએમ મોદી દ્વારા યાસ વાવાઝોડા પ્રભાવિત રાજયો માટે કેટલા વળતરની જાહેરાત કરી - **500 કરોડ ઓડિશા અને 500 કરોડ પશ્ચિમ બંગાળ-ઝારખંડ માટે**
10. મોનસુન આગમનના કેટલા માપદંડ છે - **ત્રણ**
11. મે-2021માં સંયુક્ત રાષ્ટ્રસંઘની UNHRC સંસ્થા દ્વારા કયા દેશના યુધ્ધ સંદર્ભે ઠરાવ પસાર કરાયો - **ઇઝરાયલ-પેલેસ્ટાઇન**
12. મે-2021માં સંયુક્ત રાષ્ટ્રસંઘની UNHRC સંસ્થાએ ઇઝરાયલ-પેલેસ્ટાઇન યુધ્ધ સંદર્ભે ઠરાવ પસાર કર્યો તેમાં ભારતે કોના પક્ષમાં મતદાન કર્યું - **મતદાનથી અળગું રહ્યું**
13. ઇઝરાયલના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **બેન્જામિન નેતાન્યાહૂ**
14. ક્રાંતિવીર વીર સાવરકરનો જન્મદિવસ જણાવો - **28 મે 1883**
15. વીર સાવરકરનું જન્મ સ્થળ જણાવો- **ભગુર, મહારાષ્ટ્ર**
16. સજાએ કાલાપાની દરમિયાન આંદામાનની જેલમાં વીર સાવરકર દ્વારા લખાયેલ પુસ્તકોના નામ જણાવો- **ગોમાન્તક મહાકાવ્ય, હિંદુ પદ પાદશાહી, મેરા આજન્મ કારાવાસ**
17. ક્રાંતિવીર વીર સાવરકરનું પુરૂ નામ જણાવો - **વિનાયક દામોદર સાવરકર**
18. વીર સાવરકરનું અવસાન ક્યારે થયું હતુ - **26 ફેબ્રુઆરી 1966**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# સ્થાનિક બાબતો

## 1. સાયન્સ સીટી : ભારતની સૌથી મોટી એક્વેટિક ગેલેરી નિર્માણ પામશે



### એક્વેટિક રોબોટિક ગેલેરી અને નેચર પાર્ક વિશે :

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણી અમદાવાદ સાયન્સ સિટી ખાતે એક્વેટિક રોબોટિક ગેલેરી અને નેચર પાર્કની મુલાકાતે.
- ✓ સાયન્સ સિટીમાં તૈયાર થનારા વિવિધ વિજ્ઞાન પ્રકલ્પો એ તરફના જ કદમ છે. સાયન્સ સીટીમાં 250 કરોડના ખર્ચે નિર્માણ પામનારી એક્વેટિક ગેલેરી મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.
- ✓ સાયન્સ સિટીમાં તૈયાર થઇ રહેલ મ્યુઝિકલ ફાઉન્ટેન, નવા થિયેટર, પ્લેનેટ અર્થ વિભાગ, એનર્જી પાર્ક, લાઇફ સાયન્સ વિભાગ આકર્ષણના કેન્દ્ર.
- ✓ વિભાગ : સાયન્સ એન્ડ ટેકનોલોજી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. ગુજરાત સરકાર : મુખ્યમંત્રી બાલ સેવા યોજના જાહેર (વહીવટ)




### મુખ્ય હેતુ :

- ✓ કોરોનાથી મૃત્યુ પામનારા માતા-પિતાના સંતાનોને દર માસે રૂ.4000 થી રૂ. 6000 સુધીની રોકડ સહાય

### યોજનાની મુખ્ય જોગવાઈ :

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં બાલ સેવા યોજનાની જાહેરાત કરી.
- ✓ વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર સાત વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે કોરોના

મહામારીમાં નિરાધાર બનેલા બાળકોનો વિચાર કરીને આ યોજનાનો તા.30 મે થી પ્રારંભ થશે.

- ✓ કોરોનામાં જેમના માતા અને પિતા બન્નેના મૃત્યુ થયા છે તેમના 18 વર્ષ સુધીના બાળકોને દર મહિને રૂ. 4 હજાર અપાશે. અભ્યાસ ચાલુ હોય તેવા પુખ્ત ઉંમરના બાળકો 21 વર્ષના થાય ત્યાં સુધી આફ્ટર કેર યોજનામાં દર મહિને રૂ. 6 હજાર અપાશે.
- ✓ 21 વર્ષની ઉંમર બાદ પણ જો તેમનો અભ્યાસ ચાલુ હોય તો તે 24 વર્ષનો થાય ત્યાં સુધી દર મહિને રૂ. 6,000 અપાશે.
- ✓ આ યોજનામાં તમામ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માન્ય ગણાશે.
- ✓ ઉચ્ચ અભ્યાસ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબનના લાભ કોઈપણ આવક મર્યાદા વગર અપાશે.
- ✓ વિદેશ અભ્યાસની લોન પણ કોઈપણ જાતની આવક મર્યાદા વગર પ્રાયોરિટીના ધોરણે અપાશે.
- ✓ માતા-પિતા બન્ને ગુમાવ્યા હોય તેવી કન્યાઓને શિક્ષણ માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અગ્રતાથી પ્રવેશ અપાશે. આવી કન્યાઓનો હોસ્ટેલ ખર્ચ પણ સરકાર આપશે.
- ✓ કોરોનામાં માતા-પિતા બન્ને ગુમાવ્યા હોય તેવા બાળકો મુખ્યમંત્રી અમૃતમ, મા કાર્ડ યોજના અંતર્ગત મળવાપાત્ર તબીબી સારવાર અગ્રતાને ધોરણે અપાશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3. PM કેર ફોર ચિલ્ડ્રન યોજના : કેન્દ્ર સરકાર, નવી દિલ્હી

**યોજનાનો મુખ્ય હેતુ :**

- ✓ કોરોનાથી અનાથ થયેલા બાળકોને 18 વર્ષથી સ્ટાઇપેન્ડ અને 23માં વર્ષે રૂ. 10 લાખની આર્થિક સહાય અપાશે
- ✓ PM કેર ફંડમાંથી આર્થિક સહાય કરાશે




**યોજનાની મુખ્ય જોગવાઈઓ :**

- ✓ દેશમાં કોરોનાની મહામારીમાં મોટાપાયે જાનહાની થઈ છે. અનેક બાળકો અનાથ થયા છે અને પરિવારજનોએ ઘરની એકમાત્ર કમાતી વ્યક્તિ ગુમાવી છે ત્યારે આ લોકોની જવાબદારી નિભાવવા માટે કેન્દ્ર સરકાર આગળ આવી છે.
- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ યોજાયેલી હાઈલેવલની બેઠકમાં મહત્ત્વના નિર્ણય લેવાયો હતો.
- ✓ કોરોનાના કારણે જે બાળકો અનાથ થયા છે તે તમામની જવાબદારી હવે કેન્દ્ર સરકાર દ્વારા નિર્વાહ કરવામાં આવશે.
- ✓ જે બાળકો કોરોનાના કારણે અનાથ થયા છે તેમને 18 વર્ષની ઉંમર થતાં જ ફેમિલિ સ્ટાઈપેન્ડ અપાશે તથા 23 વર્ષની ઉંમર થતાં તેમને સરકાર દ્વારા રૂ. 10 લાખની રકમ આપવામાં આવશે. આ તમામ ખર્ચ પીએમ કેર ફંડમાંથી કરવામાં આવશે.
- ✓ આ બાળકોને ભવિષ્યમાં ઉચ્ચ અભ્યાસ માટે પણ સરકાર લોનની વ્યવસ્થા કરી આપશે અને આ લોન ઉપરના વ્યાજની ચૂકવણી પીએમ કેર ફંડમાંથી કરવામાં આવશે
- ✓ કોરોનાથી મૃત્યુ પામનાર કુટુંબની મુખ્ય વ્યક્તિને ESIC હેઠળ પેન્શન.

**બાળકના નામે એફડી**

- ✓ પીએમ કેર દ્વારા કોરોનાથી અનાથ થયેલા દરેક બાળકની ઉંમર 18 વર્ષ થશે ત્યારે તેના નામે 10 લાખની રકમની એફડી કરવામાં આવશે. તેના દ્વારા તેને દર મહિને આર્થિક સહાય મળી રહે તે રીતે ફેમિલી સ્ટાઈપેન્ડ અપાશે.
- ✓ આગામી પાંચ વર્ષ સુધી તેની પ્રાથમિક જરૂરીયાતો સંતોષાતી રહે. આ યુવાન અથવા યુવતી 23 વર્ષના થશે ત્યારે તે એફડીની જે ઉચ્ચક રકમ આવશે તે તેના ભાવી ઉપયોગ માટે તેને આપવામાં આવશે.

**10 વર્ષથી નીચેના બાળકોનો શાળા અભ્યાસ**

- ✓ જે બાળકો 10 વર્ષથી નીચેના હશે તેમના અભ્યાસ માટે ઘરની નજીકની કેન્દ્રિય વિદ્યાલય અથવા તો ખાનગી સ્કૂલમાં અભ્યાસ માટે મોકલવામાં આવશે.
- ✓ જો બાળકને ખાનગી સ્કૂલમાં મોકલવામાં આવશે તો તેની ફી આરટીઈના નિયમો પ્રમાણે પીએમ કેરમાંથી આપવામાં આવશે.
- ✓ ઉપરાંત તેના પુસ્તકો, નોટબુક અને યુનિફોર્મ, પુસ્તકો અને અન્ય અભ્યાસકિય સામગ્રીનો ખર્ચ પણ ઉઠાવાશે.

**11 થી 18 વર્ષ સુધીના બાળકોનો અભ્યાસ**

- ✓ આ ઉંમરના બાળકોને સૈનિક સ્કૂલ અથવા તો નવોદય વિદ્યાલય જેવી નિવાસી સરકારી શાળાઓમાં એડમિશન અપાવાશે.
- ✓ જો બાળક પોતાના ગાર્ડિયન સાથે રહેવા માગે તો તેને ઘરની નજીકની કેન્દ્રીય વિદ્યાલય અથવા તો ખાનગી સ્કૂલમાં પ્રવેશ અપાવાશે.
- ✓ જો બાળકને ખાનગી સ્કૂલમાં મોકલવામાં આવશે તો તેની ફી આરટીઈના નિયમો પ્રમાણે પીએમ કેરમાંથી આપવામાં આવશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. ભારતમાં બેરોજગારીનો દર છેલ્લા ત્રણ દાયકાની ટોચે : વર્ષ 2020માં કોરોના કાળમાં ભારતમાં બેરોજગારીનો દર વધીને 7.11 ટકા થયો (રોજગારી)




**ટકાવારી :**

- ✓ ભારતમાં કોરોના સંક્રમણકાળમાં રોજગારી મોરચે ભારે ઘટાડો નોંધાયો.
- ✓ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અર્થાત આઇએલઓના જણાવ્યા મુજબ વર્ષ 2020માં ભારતનો બેરોજગારી દર વધીને 7.11 ટકા થયો હતો.
- ✓ આ બેરોજગારી દર વીતેલા ત્રણ દાયકાની સર્વોચ્ચ સપાટીએ રહ્યો હતો. વીતેલા એક દાયકા દરમિયાન ભારતનો બેરોજગારી દર પોતાના પાડોશી દેશોની તુલનામાં સૌથી ઊંચો રહ્યો છે.
- ✓ કોરોના સંક્રમણને કારણે દેશના ગ્રામીણ વિસ્તારોની સાથેસાથ શહેરોમાં પણ બેરોજગારી દર ઝડપથી વધતો રહ્યો હતો.
- ✓ 23મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં શહેરી બેરોજગારી દર 270 બેસિસ પોઇન્ટ ઘટીને 17.41 ટકા સુધી પહોંચી ગયો હતો.

**ગ્રામીણ કરતાં શહેરોમાં બેરોજગારી વધુ**

- ✓ લોકડાઉનને કારણે રોજગારી સર્જન નથી થઇ રહ્યું. એક સ્થાનથી બીજા સ્થાને જવા પર મનાઇ છે. તેને કારણે શહેરોમાં બેરોજગારી વધી ગઇ.
- ✓ કોવિડ-19ના બીજા મોજાની શરૂઆત પછી બેરોજગારી દરમાં વધારો નોંધાયો છે. 23 મે 2021ના રોજ પૂરા થતા સપ્તાહમાં બેરોજગારી દર

14.73 ટકાના સૌથી ઊંચા સ્તરે હતો. ચાર એપ્રિલે આ દર 8.16 ટકા હતો.

- ✓ તે અરસામાં ગ્રામીણ વિસ્તારમાં બેરોજગારી દર 8.58 ટકાથી વધી જઇને 13.52 ટકા પર પહોંચી ગયો. 16 મેના રોજ પૂરા થતા સપ્તાહમાં આ દર 14.34 ટકા નોંધાયો હતો.
- ✓ અહેવાલ : આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. ગૃહ મંત્રાલય : ભારત સરકાર (બંધારણ)

## ભારતના પાંચ રાજ્યોમાં વસતા ત્રણ દેશોના બિનમુસ્લિમ નિરાશ્રિતોને ભારતીય નાગરિકતાની ઓફર : અરજીઓ મંગાવાઇ



- ✓ **ત્રણ દેશ :** પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ
- ✓ **પાંચ રાજ્યો :** ગુજરાત રાજસ્થાન છત્તીસગઢ હરિયાણા અને પંજાબ

**અન્ય વિગત :**

- ✓ દેશમાં CAAના નિયમો હજું તૈયાર નથી ત્યારે જ પડોશના ત્રણ દેશોમાંથી ભારતમાં શરણાર્થી તરીકે આવેલા બિનમુસ્લિમ લોકોને ભારતીય નાગરિકતા આપવાનો નવો માર્ગ કેન્દ્ર સરકારે અમલમાં મુક્યો છે.
- ✓ ભારતના ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, હરિયાણા અને પંજાબના 13 જિલ્લામાં નિવાસ કરી રહેલા અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના હિંદુ, શીખ, જૈન અને બૌદ્ધ જેવા બિનમુસ્લિમ લોકોને ભારતીય નાગરિકત્વ માટે અરજી કરવા નિમંત્રણ આપ્યું છે.

**નવા આદેશ અંગે કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સ્પષ્ટતા**

- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નાગરિકત્વ અધિનિયમ 1955 અને તે કાયદા હેઠળ વર્ષ 2009માં ઘડાયેલા નિયમ હેઠળ થયેલા આદેશના અમલ માટે જાહેરનામુ બહાર પાડ્યું છે.
- ✓ નવા આદેશને વર્ષ 2019માં અમલી બનેલા નાગરિકત્વ સુધારા અધિનિયમ સાથે કોઇ સંબંધ નથી. સરકાર દ્વારા સીએએ નિયમ ઘડવાના બાકી છે.

**31 ડિસેમ્બર 2014 સુધીમાં ભારતમા આવેલાને ફાયદો**

- ✓ બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં નરસંહારનો ભોગ બનેલી બિન મુસ્લિમ લઘુમતી જેમ કે હિંદુ, શીખ, જૈન, પારસી અને ખ્રિસ્તી કે જે 31 ડિસેમ્બર 2014 સુધીમાં ભારત આવી ચુકી હશે તેમને ભારતીય નાગરિકત્વ આપવામાં આવશે.

**કયા જિલ્લાના લોકો અરજી કરી શકશે**

- ✓ **ગુજરાતના** મોરબી, રાજકોટ, પાટણ અને વડોદરા, **છત્તીસગઢના** દુર્ગ અને બલોદાબઝાર, **રાજસ્થાન**ના જાલોર, ઉદયપુર, પાલી, બારમેર અને સિરોહી, **હરિયાણા**ના ફરિદાબાદ તેમ જ **પંજાબ**ના લાલંધર જિલ્લામાં વસી રહેલા લોકો નાગરિકત્વ માટે અરજી કરી શકશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. કેન્દ્રીય નાણા મંત્રાલય-ભારત :

## કોવિડ રાહત-સામગ્રીના GST કરમાં છૂટછાટ આપવા GOMની રચના

**વિગત :**

- ✓ આઠ સભ્યોનાં મંત્રીઓનાં ગ્રુપનું વડપણ મેઘાલયનાં મુખ્યમંત્રી કોનરાડ સંગમા સંભાળશે. ગ્રુપ દ્વારા કોરોનાને લગતી તમામ આવશ્યક

સામગ્રી જેવી કે વેક્સિન, દવાઓ, હેન્ડ સેનિટાઇઝર્સ, માસ્ક, પીપીઇ કીટ તેમજ ઓક્સિજનને લગતા મેડિકલ ઉપકરણો તેમજ સાધનોને GSTમાં માફી આપવી કે કેમ અથવા તો GSTનાં દર ઘટાડવા કે કેમ તેનો નિર્ણય GoM દ્વારા લેવામાં આવશે.




**GOM કામનો પ્રકાર :**

- ✓ GoM દ્વારા એ નક્કી કરવામાં આવશે કે મેડિકલ ગ્રેડ ઓક્સિજન, પલ્સ ઓક્સિમીટર, હેન્ડ સેનિટાઇઝર્સ, ઓક્સિજન થેરાપીને લગતા સાધનો જેવા કે ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ, વેન્ટિલેટર્સ, પીપીઇ કીટ, N-95 માસ્ક તેમજ સર્જિકલ માસ્ક અને ટેમ્પરેચર ચેકિંગ સાધનો જેવી કોરોનાની સારવારમાં ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓને GSTમાં માફી આપવી કે GSTનાં દરમાં ઘટાડો કરવો કે કેમ.
- ✓ ગ્રુપ દ્વારા કોવિડ વેક્સિન, કોવિડની સારવાર માટેની દવાઓ તેમજ કોરોના થયો છે કે કેમ તે નક્કી કરવા માટેની ટેસ્ટિંગ કીટને માફી આપવી કે તેનાં જીએસટી દર ઘટાડવા કે કેમ તે અંગે પણ નિર્ણય લેવાશે.

**GOMના સભ્યો**

- ✓ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર, ગોવાના મૌવિન ગોડિન્હો, કેરળના નાણાં મંત્રી કે એન બાલાગોપાલ, ઓડિશાના નાણાં મંત્રી નિરંજન પુજારી, તેલંગણાના નાણાં મંત્રી ટી હરિશ રાવ, યુપીના નાણાં મંત્રી સુરેશ કુમાર ખન્નાનો સમાવેશ.
- ✓ આગામી 8મી જૂન સુધીમાં આ સમિતી અહેવાલ આપશે
- ✓ GOM : ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. દિન વિશેષ : 29 મે
## એવરેસ્ટ આરોહણ દિવસ
## તા.29મી મે-1953



**મહત્વ:**

- ✓ ભારતના શેરપા તેનસિંગે સૌપ્રથમ વિશ્વના સૌથી ઉંચા પર્વત હિમાલયના સર્વોચ્ચ શિખરે પહોંચીને ત્રિરંગો ફરકાવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (29-05-2021)**

1. ગુજરાતમાં ક્યા સ્થળે ભારતની સૌથી મોટી એક્વેટિક ગેલેરી બનશે - **સાયન્સ સીટી, અમદાવાદ**
2. કોરોનામાં અનાથ થનારા બાળકો માટે ગુજરાત સરકારે કઈ નવી યોજના અમલી બનાવી - **મુખ્યમંત્રી બાલ સેવા યોજના**
3. ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી બાલ સેવા યોજના અંતર્ગત કોરોનાથી મૃત્યુ પામનારા માતા-પિતાના 18 વર્ષ સુધીના બાળકો તેમજ અભ્યાસ ચાલુ હોય તેવા પુખ્ત ઉંમરના બાળકો 21 વર્ષના થાય ત્યાં સુધી દર માસે કેટલા રૂપિયા સુધીની રોકડ સહાય અપાશે - **રૂ.4000 અને રૂ. 6000**
4. કેન્દ્રમાં NDAના કેટલા વર્ષ પૂર્ણ થવાના દિવસે મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ મુખ્યમંત્રી બાલ સેવા યોજનાની જાહેરાત કરી હતી - **સાત**

5. ગુજરાત સરકારની મુખ્યમંત્રી બાલ સેવા યોજનાનો પ્રારંભ ક્યારથી થયો – **<u>તા. 30 મે 2021</u>**
6. કોરોનામાં અનાથ થનારા બાળકોની સંપૂર્ણ સારસંભાળ માટે મે 2021માં કેન્દ્ર સરકારે કઈ નવી યોજના જાહેર કરી - **<u>PM કેર ફોર ચિલ્ડ્રન યોજના</u>**
7. PM કેર ફોર ચિલ્ડ્રન યોજના અંતર્ગત કોરોનાથી અનાથ થયેલા બાળકોને 18 વર્ષથી સ્ટાઇપેન્ડ અને 23માં વર્ષે રૂ. 10 લાખની આર્થિક સહાય કયા ફંડમાંથી અપાશે - **<u>PM કેર ફંડ</u>**
8. ILOના મે-2021ના અહેવાલ અનુસાર ભારતમાં બેરોજગારીનો દર છેલ્લા કેટલા દાયકાની ટોચે પહોંચ્યો છે – **<u>ત્રણ</u>**
9. ILOના તાજેતરના રિપોર્ટ મુજબ વર્ષ 2020માં કોરોના કાળમાં ભારતમાં બેરોજગારીનો દર વધીને કેટલા ટકા થયો - **<u>7.11</u>**
10. વૈશ્વિક સંસ્થા ILOનું વિસ્તૃત નામ જણાવો - **<u>આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન</u>**
11. મે-2021માં ગૃહ મંત્રાલય દ્વારા ભારતના કેટલા રાજ્યોમાં વસતા કેટલા દેશોના બિનમુસ્લિમ નિરાશ્રિતોને ભારતની નાગરિકતાની ઓફર-અરજીઓ મંગાવવામાં આવી – **<u>પાંચ તથા ત્રણ</u>**
12. મે-2021માં ગૃહ મંત્રાલય દ્વારા ભારતના કયા રાજ્યોમાં વસતા ત્રણ દેશોના બિનમુસ્લિમ નિરાશ્રિતોને ભારતની નાગરિકતાની અરજીઓ મંગાવવામાં આવી – **<u>ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, હરિયાણા અને પંજાબ</u>**
13. મે-2021માં ગૃહ મંત્રાલય દ્વારા ભારતના પાંચ રાજ્યોમાં વસતા ક્યા ત્રણ દેશના બિનમુસ્લિમ નિરાશ્રિતોને ભારતની નાગરિકતાની અરજીઓ મંગાવવામાં આવી – **<u>પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ</u>**
14. બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં નરસંહારનો ભોગ બનેલા બિન મુસ્લિમ લઘુમતી લોકો કઈ તારીખ સુધીમાં ભારત આવી ચુક્યા હશે તેમને ભારતીય નાગરિકત્વ અપાશે – **<u>તા. 31 ડિસેમ્બર 2014</u>**
15. કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા કોવિડ રાહત-સામગ્રીના GST કરમાં છૂટછાટ આપવા રચાયેલી GOMના અધ્યક્ષ-સભ્યોના નામ જણાવો - **<u>કોનરાડ સંગમા, નીતિનભાઈ પટેલ, અજિત પવાર, મૌવિન ગોડિન્હો, કે એન બાલાગોપાલ, નિરંજન પુજારી, ટી હરિશ રાવ તથા સુરેશ કુમાર ખન્ના</u>**
16. કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા કોવિડ રાહત-સામગ્રીના GST કરમાં છૂટછાટ આપવા રચાયેલી GOM સમિતી પોતાનો અહેવાલ કયાં સુધીમાં આપશે - **<u>8 જૂન</u>**
17. GOMનું વિસ્તૃત નામ જણાવો - **<u>ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ</u>**
18. "એવરેસ્ટ આરોહણ" તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે - **<u>29 મે</u>**
19. કયા ભારતીય પર્વતારોહક દ્વારા સૌપ્રથમ એવરેસ્ટ આરોહણ કરીને વિશ્વના સૌથી ઉંચા શિખર ઉપર તિરંગો ફરકાવ્યો હતો- **<u>શેરપા તેનસિંગ</u>**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




# રાષ્ટ્રીય બાબતો

## 1. મન કી બાત : 77મી આવૃત્તિ




**મુખ્ય વિષય :**

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા NDA સરકારના સાત વર્ષ અને નારી શક્તિ સહિતના મુદ્દા
- ✓ **ખાસ :** દર માસના અંતિમ રવિવારે મન કી બાત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. કેન્દ્ર સરકાર : નાના વેપારીઓ, ઉદ્યોગો અને MSME માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી સ્કીમનો વ્યાપ વધારાયો (ઉદ્યોગ-આર્થિક)




**(1) આઉટ સ્ટેન્ડિંગ લોન :**

- ✓ આ સ્કીમમાં ચૂકવવાની બાકી રહેલી આઉટસ્ટેન્ડિંગ લોનની રૂ. 500 કરોડની મર્યાદા હટાવવામાં આવી છે. જો કે સરકારની ગેરંટીનું રૂ. 3 ટ્રિલિયનનું ગેરંટી કવર યથાવત રાખવામાં આવ્યું છે.
- ✓ હવે વેપારધંધા કે ઉદ્યોગો માટે લોન લેનારાઓ 40 ટકાની નાણાકીય સહાય કે રૂ. 200 કરોડ એ બંનેમાંથી જે ઓછું હોય તે પ્રમાણે લાભ લઈ શકશે.

**(2) ECLGS 1.0 :**

- ✓ ECLGS 1.0 હેઠળ લોનની મુદત 4 વર્ષની રહેશે અને પહેલા 12 મહિના વ્યાજની પુનઃ ચુકવણી કરી શકાશે અને બાકીના 36 મહિના મુદ્દલ રકમની પુનઃ ચુકવણી કરી શકાશે.
- ✓ જેમાં પહેલા 24 મહિના વ્યાજની ચુકવણી કરવાની છે તેવી લોનમાં લોનની ચુકવણીની મુદત 5 વર્ષની રહેશે.

- ✓ આમાં પહેલા 24 મહિના વ્યાજ અને પછીના 36 મહિના મુદ્દલ રકમ ચૂકવવાની રહેશે.
- ✓ ECLGS 2.0 તેમજ ECLGS 3.0 હેઠળની લોનમાં લોનની મુદત 12 મહિનાનાં મોરેટોરિયમ સાથે અનુક્રમે 5 વર્ષની અને 6 વર્ષની રહેશે.

**(3) કોને કોને લાભ :**

- ✓ ECLGS 1.0 હેઠળ લોન લેનારાઓને કુલ 30 ટકા વધારાની નાણાં સહાય
- ✓ આરબીઆઈની 5 મે 2021ની ગાઈડલાઈન મુજબ લોનનાં રિસ્ટ્રક્ચરિંગના મામલે ECLGS 1.0 હેઠળ આવરી લેવાયેલા લોન લેનારાઓને 29 ફેબ્રુઆરી 2020ના રોજ ચૂકવવાની બાકી રકમનાં 10 ટકા સુધી વધારાની સહાય આપવામાં આવશે.
- ✓ ECLGS 1.0 હેઠળ લોન લેનારાઓ 29 ફેબ્રુઆરીએ બાકી રહેલી રૂ. 25 કરોડ સુધીની લોનના 20 ટકા સુધી લોન મેળવી શકશે.
- ✓ આ માટે લોનની મુદત 4 વર્ષની રહેશે અને મુદ્દલ રકમ ચૂકવવા માટે વધુ 1 વર્ષ મોરેટોરિયમ આપવામાં આવશે.
- ✓ આમ તેઓ કુલ ચૂકવવાની બાકી રકમના કુલ 30 ટકા વધારાની નાણાં સહાય મેળવી શકશે.

**ECLGS 4.0 હેઠળ ઓક્સિજનનાં ઉત્પાદન માટે રૂ. 2 કરોડ સુધીની લોન પર 100 ટકા ગેરંટી કવર**

- ✓ સરકાર દ્વારા ECLGS 4.0 હેઠળ ઓનસાઈટ ઓક્સિજનનાં ઉત્પાદન માટે હોસ્પિટલો, નર્સિંગ હોમ, ક્લિનિક્સ, મેડિકલ કોલેજોને રૂ. 2 કરોડ સુધીની લોન પર 100 ટકા ગેરંટી કવર આપવામાં આવશે.
- ✓ ઉપરાંત રિસ્ટ્રક્ચર્ડ MSMEના ખાતેદારોને તેમજ સિવિલ એવિએશન સેક્ટર તથા અન્યોને પણ આ યોજનાના લાભ મળશે.
- ✓ આ સ્કીમ 30 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે જેમાં લોનની ફાળવણી 31 ડિસેમ્બર સુધી કરી શકાશે.
- ✓ જે હોસ્પિટલો ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટ નાખવા માગતી હોય તેને 7.5 ટકાનાં વ્યાજે રૂ. 2 કરોડ સુધી લોન ગેરંટી કવર આપવામાં આવશે.

**ECLGS 3.0 હેઠળ સિવિલ એવિએશન સેક્ટરને લાભ**

- ✓ સિવિલ એવિએશન સેક્ટર હવે ECLGS 3.0 હેઠળ લોનના લાભ લઈ શકશે. સરકારે આ માટે લોન આઉટસ્ટેન્ડિંગની રૂ. 500 કરોડની મહત્તમ મર્યાદા હટાવી છે. સરકારે માર્ચ મહિનામાં ECLGSનો વ્યાપ વિસ્તાર્યો હતો જેમાં ECLGS 3.0 હેઠળ હોસ્પિટાલિટી, ટ્રાવેલ અને ટૂરિઝ્મ, આનંદપ્રમોદ અને સ્પોર્ટ્સ સેક્ટરને આવરી લેવાયા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. ગૃહ મંત્રાલય : ભારત સરકાર

**ઓનલાઈન ફ્રોડ રોકવા ગૃહ મંત્રાલયની હેલ્પલાઇન નંબર : 155260**

- ✓ પ્રથમ પ્રારંભ વર્ષ 2019




**હેલ્પલાઇન વિશે :**

- ✓ હેલ્પલાઈન પર કોલ કરનાર વ્યક્તિ જ્યાં હોય તે રાજ્યના સાઇબર સેલને કોલ જાય છે
- ✓ કેન્દ્ર સરકારના એમએચએ દ્વારા સાઇબર ક્રાઈમનો ભોગ બનેલા નાગરિકોની મદદ માટે સમગ્ર દેશમાં હેલ્પલાઈન નંબર 155260 શરૂ કરવામાં આવ્યો છે.

- ✓ સાઇબર ક્રાઇમનો ભોગ બનનાર વ્યક્તિ જે સ્થળેથી કોલ કરે તે રાજ્યના સ્ટેટ સાઇબર સેલમાં ફોન જાય છે.
- ✓ સાઇબર સેલના અધિકારીઓ તમારી ફરિયાદ સાંભળી તરત જ હરકતમાં આવી જાય છે.
- ✓ નાણાકીય ફ્રોડના કેસમાં તુરંત હેલ્પલાઇન પર કોલ કર્યો હોય તો ઠગાઇના રૂપિયા જે બેંક એકાઉન્ટમાં જમા થયા હોય તે એકાઉન્ટ બ્લોક કરવાની કાર્યવાહી કરી સાઇબર સેલ ભોગ બનનારના નાણાંને સુરક્ષીત કરે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. દિન વિશેષ : 29 મે
## આંતરરાષ્ટ્રીય શાંતિ સેના દિવસ

- ✓ ઉજવણી : UNO(USA)

### શાંતિ મિશનમાં વિવિધ દેશના સૈનિકો :




- ✓ **વિશ્વશાંતિમાં ભારત :** 49 મિશનમાં 1.95 લાખ સૈનિકની ભૂમિકા
- ✓ વિશ્વશાંતિ મિશનોમાં ભારત બિગ બ્રધર છે. ચીનના સૈનિકો આપણાથી ત્રણ ગણા ઓછા છે. ભારતીય સૈન્યએ 73 વર્ષમાં 49 મિશનમાં 1.95 લાખથી વધુ સૈનિકો મોકલ્યા છે, જે સૌથી મોટું યોગદાન છે. આ મિશનોમાં 170 ભારતીય સૈનિક શહીદ થઇ ચૂક્યા છે. હાલ 10 મિશનમાં ભારતના 7,676 જવાન તહેનાત છે.

### છેલ્લા 73 વર્ષમાં 4 હજાર શાંતિ સૈનિક જીવ ગુમાવી ચૂક્યા છે

- ✓ 29 મે, 1948 થી અત્યાર સુધીમાં 72 શાંતિ મિશનોમાં 10 લાખ સૈનિક પોતાની સેવાઓ આપી ચૂક્યા છે.
- ✓ વિશ્વના 89 હજાર શાંતિ સૈનિક 16 મિશન પર તહેનાત છે.
- ✓ છેલ્લા 73 વર્ષમાં 4 હજારથી વધુ સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સૈનિક આં.રા. મિશનોમાં શહીદ થયા છે.
- ✓ 2020માં સૌથી વધુ 130 જવાને જીવ ગુમાવ્યો હતો.
- ✓ કોંગોમાં 14 હજાર શાંતિ સૈનિકમાંથી 20 ટકા ભારતીય
- ✓ ખાસ : કોંગોમાં ફાટેલા નીરોગોંગા જ્વાળામુખીના 1100 ડિગ્રી સે. તાપમાનથી 6 લાખ લોકોને બચાવવા ભારતીય જવાનોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની -વિશ્વભરમાં પ્રશંસા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 5. દિન વિશેષ : 30 મે
## હલ્દી ઘાટીનું યુદ્ધ

**તા. 30મી મે-1576**






### વિગત :

- ✓ આ દિવસે અકબરના પુત્ર સલીમ અને મહારાણા પ્રતાપ વચ્ચે ભીષણ યુદ્ધ થયું.

**महाराणा प्रताप**

*मेवाड़ के १३वें महाराणा*



राजा रवि वर्मा द्वारा चित्रित महाराणा प्रताप

- ✓ ચેતક ઘોડાએ રાણાનો અદ્દભૂત બચાવ કર્યો.
- ✓ આજે પણ હલ્દીઘાટીમાં ચેતકનું સ્મારક પ્રેરણા આપે છે.
- ✓ સાથે સાથે મહારાણા પ્રતાપની શૌર્યગાથાની યાદ પણ અપાવે છે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 30 મે

## સાહિત્યનો નવોન્મેષ : સુરેશ જોશી

**જન્મ : 30 મે-1921**

**અવસાન : 6 ઓગસ્ટ-1986**




- ✓ વિવેચક, નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર અને અનુવાદક સુરેશ હરિપ્રસાદ જોશીનો આજે જન્મદિવસ છે.
- ✓ <u>બારડોલી તાલુકાના વાલોડ ગામે જન્મેલા સુરેશ જોષીએ શરૂઆતનું શિક્ષણ વાલોડ, સોનગઢ અને નવસારીમાં મેળવ્યું હતું.</u>
- ✓ 1943માં એલ્ફિન્સ્ટન કૉલેજ મુંબઈથી સ્નાતક અને 1945માં અનુસ્નાતક થયા.
- ✓ કરાચીની ડી. જે. સિંધ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા
- ✓ 1947માં વલ્લભ વિદ્યાનગર અને 1951 થી એમ. એસ. યુનિ. વડોદરામાં અધ્યાપક બન્યા, ત્યાંથી 1981માં નિવૃત્ત થયા.

**<u>સાહિત્યિક પ્રદાન :</u>**

- ✓ ઉપજાતિ, પ્રત્યંચા, ઇતરા, તથાપિ, કિંચિત્, ગુજરાતી કવિતાનો આસ્વાદ, કાવ્ય ચર્ચા, છિન્નપત્ર, વિદૂલા, કથાચક્ર, ઇદમ્ સર્વમ્, અમેરિકી સાહિત્યનો અનુવાદ જેવાં કવિતા, લઘુનવલ, વિવેચન, સંપાદન અને અનુવાદના પુસ્તકો કર્યા.
- ✓ સર્જનાત્મક ઉપરાંત ફાલ્ગુની, વાણી, મનીષા, ક્ષિતિજ, ઊહાપોહ અને એતદ્ જેવાં સામયિકોના સંપાદન દ્વારા પણ તેમની આધુનિકતાનો ઉન્મેષ દેખાયો હતો.

**<u>સુરેશ જોષીને મળેલા એવોર્ડ્સ :</u>**

- ✓ નર્મદ સુવર્ણચંદ્રક – 1971
- ✓ 1983માં મળેલા સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કારની એમના દ્વારા અસ્વીકૃતિ.
- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક
- ✓ ગુજરાતી સાહિત્યસર્જન અને વિવેચનમાં સીમાસ્તંભ સમા સુરેશ જોષીનું 6 ઓગસ્ટ 1986ના રોજ નડિયાદમાં અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (30-05-2021)

1. તાજેતર મે-2021માં વડાપ્રધાન દ્વારા કેટલામી મન કી બાત યોજાઈ – **77**
2. દર માસના કયા રવિવારે મન કી બાતનું આયોજન કરવામાં આવે છે – **અંતિમ**
3. મે-2021માં કેન્દ્ર સરકાર દ્વારા નાના વેપારીઓ, ઉદ્યોગો અને MSME માટે કઈ સ્કીમનો વ્યાપ વધારાયો – **ECLGS -1.0**
4. ECLGSનું વિસ્તૃત નામ જણાવો - **ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી**
5. ECLGS -1.0 હેઠળ લોનની મુદ્દત કેટલા વર્ષ રહેશે – **4 વર્ષ**
6. ECLGS 4.0 હેઠળ ઓક્સિજનનાં ઉત્પાદન માટે રૂ. 2 કરોડ સુધીની લોન પર કેટલા ટકા ગેરંટી કવર અપાશે - **100**
7. ઓનલાઈન ફ્રોડ રોકવા ગૃહ મંત્રાલય દ્વારા કયો હેલ્પલાઇન નંબર જાહેર કરાયો છે – **155260**
8. UNO દ્વારા આંતરરાષ્ટ્રીય શાંતિ સેના દિવસ ક્યારે ઉજવવામાં આવે છે – **29 મે**
9. આંતરરાષ્ટ્રીય શાંતિ સેનામાં સૌથી વધુ કયા દેશના કેટલા સૈનિકો સેવા આપી રહ્યાં છે – **ભારત અને અંદાજે 7676**
10. તાજેતરમાં કોંગોમાં ફાટેલા નીરોગોંગા જ્વાળામુખીના 1100 ડિગ્રી સે. તાપમાનથી 6 લાખ લોકોને બચાવવા કયા દેશના જવાનોની ભૂમિકા સૌથી મહત્વની હતી – **ભારત**
11. ભારતમાં હલ્દીઘાટીનું યુદ્ધ ક્યારે થયું હતું - **30/05/1576**
12. ભારતમાં રાજસ્થાન પ્રદેશમાં હલ્દીઘાટીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું- **મહારાણા પ્રતાપ અને અકબરના પુત્ર સલીમ વચ્ચે**
13. આધુનિક ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીનો જન્મદિવસ જણાવો – **30 મે 1921**
14. ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીને નર્મદ સુવર્ણ ચંદ્રક કયા વર્ષમાં મળ્યો હતો – **1971**
15. ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીએ તેમને વર્ષ-1983માં મળેલા ક્યા પ્રતિષ્ઠિત એવોર્ડનો અસ્વિકાર કર્યો હતો- **દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર**
16. સાહિત્યકાર સુરેશ જોષીનું જન્મ શતાબ્દિ વર્ષ જણાવો – **2020**
17. હિન્દી પત્રકારિતા દિવસ કયારે ઉજવાય છે - **30 મે**




# સ્થાનિક બાબતો

## 1. નિર્ણય : ગુજરાત સરકાર ગુજરાતની સાત ખાનગી યુનિવર્સિટીઓને "સેન્ટર ઓફ એકસલન્સ" તરીકે સૈદ્ધાંતિક મંજૂરી (શિક્ષણ)




**હેતુ :**

- ✓ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ, રિસર્ચ, ઈનોવેશન અને સ્ટાર્ટઅપને વધુ બળ મળશે અને વિશ્વના શૈક્ષણિક જગતમાં પોતાનું આગવુ સ્થાન પ્રસ્થાપિત કરશે

**સાત યુનિવર્સિટીના નામ :**

- ✓ નિરમા યુનિવર્સિટી, ચારુસેટ યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, પીડીપીયુ, સેપ્ટ યુનિવર્સિટી તેમજ ધીરુભાઇ અંબાણી યુનિ. (DAIICT)




**લાભ :**

- ✓ આ દરજ્જો મળતા 7 યુનિ.માં વૈશ્વિકકક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરાશે, જેમાં હાઇટેક અને સ્ટુડન્ટ ફ્રેન્ડલી ક્લાસરૂમ, ફેકલ્ટીઝ લેબ, લાઇબ્રેરી, હોસ્ટેલ જેવી સુવિધા થશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. નલ સે જલ યોજના (પાણી પુરવઠા) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને નલ સે જલ યોજના હેઠળ વર્ષ 2021-22 માટે રૂ 3410.61 કરોડ ફાળવાયા




**વિગત :**

- ✓ ગુજરાતમાં દરેક ઘરને પાઇપલાઇનથી પીવાનું પાણી આપવાની 'નલ સે જલ' યોજના માટે કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે રાષ્ટ્રીય જળજીવન મિશન હેઠળ 2021-22ના વર્ષ માટે રૂ. 3,410.61 કરોડ આપવાનું નક્કી કર્યું છે અને આ પેટે પ્રથમ હપતા સ્વરૂપે રૂ. 852.65 કરોડની ગ્રાન્ટ આપી છે. ગયા વર્ષે 2020-21માં રાજ્યને કુલ રૂ. 988.78 કરોડ ફાળવાયા હતા.

**હાલની સ્થિતિ અને લક્ષ્યાંક :**

- ✓ ગુજરાત સરકાર દ્વારા 2020-21માં કુલ 10.94 લાખ ઘરોને નળજોડાણ અપાયું હતું અને 2021-22ના નવા નાણાકીય વર્ષમાં વધુ 10 લાખ ઘરોને નળજોડાણથી આવરી લેવાનો ટાર્ગેટ નક્કી કરાયો છે. અત્યારે રાજ્યના ગ્રામીણ ક્ષેત્રમાં કુલ 92.92 ટકા ઘરો છે, જે પૈકી 83 ટકા યાને 77.21 લાખ ઘરોમાં નળ દ્વારા પાણી અપાય છે.
- ✓ આ યોજના દ્વારા રાજ્યમાં અત્યાર સુધીમાં 29,754 ગ્રામીણ શાળાઓ તથા 42,279 આંગણવાડી કેન્દ્રોમાં પાણીનું જોડાણ અપાયું છે. રાજ્યમાં 98.5 ટકા શાળાઓ અને 91 ટકા આંગણવાડી કેન્દ્રોમાં અત્યારે નળજોડાણ અસ્તિત્વમાં છે.

**યોજના વિશે :**

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા નલ સે જલ યોજના 15મી ઓગસ્ટ 2019ના રોજ જાહેર કરાઈ હતી, જેમાં 2024 સુધીમાં પ્રત્યેક ઘરને નળજોડાણથી આવરી લેવાનું નક્કી કરાયું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# રાષ્ટ્રીય બાબતો

## 3.GDP : નાણાકીય વર્ષ 2020-21 ભારતના GDPમાં ચાર દાયકાનો સૌથી મોટો 7.3 ટકાનો ઘટાડો (અર્થતંત્ર)




- ✓ આવક અને ખર્ચનાં આંકડા મુજબ નાણાકીય વર્ષના અંતે મહેસૂલી ખાધ 7.42 ટકા રહી
- ✓ મુખ્ય કારણ : કોરોના મહામારી
- ✓ અગાઉ વર્ષ 1979-80માં દુષ્કાળના કારણે ભારતમાં GDPમાં 5.29 ટકાનો ઘટાડો નોંધાયો હતો

**આંકડાકીય વિગતો :**

- ✓ નાણાકીય વર્ષ 2020-21માં દેશના GDPમાં 7.3 ટકાનો ઘટાડો થયો છે જેના લીધે દેશનાં 40 વર્ષનાં ઇતિહાસમાં ઇકોનોમીએ મોટામાં મોટો ઝટકો સહન કરવો પડયો છે.
- ✓ અગાઉ નાણાકીય વર્ષ 2021માં જીડીપીમાં 8 ટકાનો ઘટાડો થવાની ધારણા રજૂ કરાઈ હતી. મૂલ્યનાં સંદર્ભમાં જીડીપી ગ્રોથ અગાઉનાં રૂ. 145.69 લાખ કરોડની સરખામણીમાં રૂ. 135.13 લાખ કરોડ રહ્યો હતો.

- ✓ આમ GDPનાં અંદાજ કરતા વાસ્તવિક આંકડા ઇકોનોમીમાં નજીવો સુધારો દર્શાવે છે. અલબત્ત FY21નાં ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ રેટ સ્હેજ વધીને 1.6 ટકા રહ્યો હતો. જે એવા સંકેત આપે છે કે કોરોનાની બીજી લહેર પછી રિકવરી શરૂ થઇ હતી.
- ✓ નાણાકીય વર્ષ 2019-20માં જીડીપી ગ્રોથ 4 ટકા નોંધાયો હતો. જે 11 વર્ષમાં સૌથી ઓછામાં ઓછો હતો.
- ✓ FY21માં રાજકોષીય ખાધ વધીને રૂ. 18,21,461 કરોડ થઇ હતી. ગયા નાણાકીય વર્ષમાં ગ્રોસ વેલ્યૂ એડેડ આંકમાં 6.2 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## એપ્રિલમાં 8 કોર સેક્ટરનો વૃદ્ધિ દર 56.1 ટકા

- ✓ એપ્રિલમાં દેશનાં 8 કોર સેક્ટરનો વૃદ્ધિ દર 56.1 ટકા રહ્યો હતો જે માર્ચમાં 11.4 ટકા જ હતો. મહત્વના 8 ઉધોગોમાં કોલસા સેક્ટર, ક્રૂડ, કુદરતી ગેસ, રિફાઇનરી પ્રોડક્ટ, ફર્ટીલાઇઝર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.
- ✓ કોરોનાની બીજી લહેરને કારણે એપ્રિલમાં કોર સેક્ટરનાં ઉત્પાદનમાં સિકવન્સની રીતે ઘટાડો થયો હતો અને તે 15 ટકા રહ્યું હતું.
- ✓ એપ્રિલ 2020માં 8 કોર સેક્ટરનો વૃદ્ધિ દર 37.9 ટકા ઘટયો હતો. લો બેઝ ઇફેક્ટને કારણે કોર સેક્ટરની કામગીરીમાં વધારો નોંધાયો હતો.
- ✓ કોમર્સ મંત્રાલયનાં આંકડા મુજબ કુદરતી ગેસનું ઉત્પાદન 25 ટકા, રિફાઇનરી પ્રોડક્ટનું 30.9 ટકા, સ્ટીલનું 400 ટકા, સિમેન્ટનું 548.8 ટકા અને વીજળીનું ઉત્પાદન વધીને 38.7 ટકા રહ્યું હતું. ક્રૂડનું ઉત્પાદન 2.1 ટકા ઘટયું હતું.

## રાજકોષિય ખાધ જીડીપીના 9.3 ટકા રહી

- ✓ 2020-21માં રાજકોષીય ખાધ જીડીપીનાં 9.3 ટકા રહી હતી. જે અગાઉ 9.5 ટકા અંદાજવામાં આવી હતી. હ્લરૂ 21માં રાજકોષીય ખાધ વધીને રૂ. 18.21 લાખ કરોડ થઇ હતી. ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોષીય ખાધ જીડીપીનાં 3.5 ટકા કે રૂ. 7.96 લાખ કરોડ અંદાજવામાં આવી છે.

## છેલ્લાં પાંચ વર્ષના જીડીપી ઉપર એક નજર

| નાણાકીય વર્ષ | GDPની ટકાવારી |
|---|---|
| 2015-16 | 8 % |
| 2016-17 | 8.26 % |
| 2017-18 | 7.04 % |
| 2018-19 | 6.12 % |
| 2019-20 | 4.2 % |

- ✓ અહેવાલ : કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ, દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. મહારાષ્ટ્ર સરકાર (બંધારણ)

## મરાઠા સમુદાયને EWS કેટેગરીમાં 10 ટકા અનામતની જાહેરાત




**વિગત :**

- ✓ રાજ્ય સરકારે આર્થિક રૂપથી નબળા વર્ગ (EWS)ના વિધાર્થીઓ અને નોકરીવાંચ્છુઓને 10 ટકા અનામતનો લાભ મરાઠા સમુદાયને આપવાનો નિર્ણય કર્યો.
- ✓ આર્થિક રીતે નબળા મરાઠા યુવાનોને શિક્ષણ સંસ્થાઓમાં 10 ટકા અનામત મળશે અને સીધી સેવા ભરતીમાં પણ 10 ટકા અનામતનો લાભ મળશે.
- ✓ હાલમાં રાજ્યમાં એસસી-એસટી અને ઓબીસી માટે 49.5 ટકા અનામત લાગુ છે. તે ઉપરાંત તમામ માટે 10 ટકા અનામતનો કાયદો

બનાવવામાં આવ્યો હતો. આ આદેશ 2019માં લાગુ કરવામાં આવ્યો હતો.

**મરાઠા યુવકોને SEBC સાથે Ewsનો ફાયદો મળશે**

- ✓ મહારાષ્ટ્રમાં અગાઉના આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના 10 ટકાના અનામતનો લાભ ફક્ત એ જાતિના લોકોને જ ઉપલબ્ધ થશે કે જેઓ અનામતની યાદીમાં સમાવિષ્ટ નથી.
- ✓ જો કે મરાઠા સમુદાય SEBCમાં સામેલ હોવાના કારણે તેમને રાજ્યમાં 10 ટકા અનામતનો લાભ નહી મળે.
- ✓ રાજ્ય સરકારે આ નિર્ણયને ઉલટાવી દીધો છે. હવે મરાઠા યુવકોને આ વધારાના 10 ટકા અનામતનો લાભ મળશે.
- ✓ **મુખ્યમંત્રી : શ્રી ઉદ્ધવ ઠાકરે**
- ✓ **રાજધાની : મુંબઇ**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

# આંતરરાષ્ટ્રીય બાબતો

## 5. ચીન : સરકારની વર્ષો જૂની વસ્તી નિયંત્રણ નીતિમાં બદલાવ (વૈશ્વિક બાબતો) હવે ત્રણ બાળકોને જન્મ આપવાની છૂટ

**અન્ય બાબતો :**

- ✓ ચીનમાં વર્ષ 1979માં એક બાળક જ્યારે વર્ષ 2016માં બે બાળકોની નીતિ અને હવે ત્રણ બાળકોની નીતિ

**જન્મ દર :**

| વર્ષ | વસતી | બાળજન્મ | પ્રતિ હજારે દર |
|---|---|---|---|
| 1979 | 96.90 કરોડ | 17.82 | 3.58 |
| 2016 | 137.87 કરોડ | 7.09 | 1.70 |
| 2020 | 141.17 કરોડ | 8.5 | 1.30 |

- ✓ રાજધાની : બેઇજિંગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 6. જન્મ દિન વિશેષ : 31 મે વિશ્વ તમાકુ નિષેધ દિવસ




- ✓ **થીમ -2021 : "Commit to Quit"**

**તમાકુ સેવન કરનારની સ્થિતિ :**

- ✓ વિશ્વની દર વર્ષે તમાકુના વ્યસન સંબંધિત થનારા રોગથી 60 લાખ લોકો મૃત્યુ પામે છે, જ્યારે આ આંકડો ભારત દેશમાં 10 લાખ જેટલો છે અને આગામી આઠ- નવ વર્ષમાં તેમાં 30 ટકા જેટલો મૃત્યુનો વધારો થવાની શક્યતા દર્શાવાઈ.
- ✓ દેશમાં દર ત્રણમાંથી એક વ્યક્તિ તમાકુનું કોઈના કોઈ પ્રકારનું વ્યસન કરે છે. એક અભ્યાસ મુજબ વર્ષે એક વ્યક્તિ તમાકુના વ્યસન પાછળ લાખ રૂપિયા ખર્ચ કાઢે છે. દેશમાં દર વર્ષે તમાકુના વ્યસનના કારણે રૂ. 1,04,500 કરોડનો ખોટો ખર્ચ થાય છે.
- ✓ તમાકુમાં ચારથી પાંચ હજાર પ્રકારના અલગ અલગ કેમિકલ હોય છે. જે પૈકી લગભગ 70 પ્રકારના કેમિકલ એવા છે, જે કેન્સર નામના મહાભયાનક રોગને જન્મ આપે છે.

**ઉજવણીનો પ્રારંભ :**

**હેતુ :**

- ✓ તમાકુના વ્યસનને લીધે થતાં મૃત્યુ ઓછા કરવા

**ઈતિહાસ :**

- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ 1987થી લોકોને જાગૃત કરવા માટે દર વર્ષે 31 મેના રોજ ' વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ✓ પહેલીવાર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વર્ષ 1987માં વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- ✓ તમાકુના સેવનથી થતી બીમારીઓને કારણે મૃત્યુદરમાં અણધાર્યો વધારો નોંધાતા વર્ષ 1987માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)એ તેને એક મહામારી જાહેર કરી દીધી હતી.

## તમાકુથી આરોગ્ય પર થતી અસરો

- ✓ ભારતમાં હેરોઈન, દારૂ અને સિગારેટ વિશે ચિંતા થતી રહે છે પરંતુ ચ્યૂઇંગ ટોબેકો સૌથી ખતરનાક
- ✓ જીભ, ગલોફા અને ગળાના કેન્સરના દર વર્ષે 85,000 નવા કેસમાંથી 90%નું મૂળ તમાકુ છે.
- ✓ ભારતમાં 15 વર્ષથી વધુ વયની 7 કરોડ મહિલાઓ તમાકુનું સેવન કરે છે તેવું ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વેક્ષણમાં બહાર આવ્યું છે.
- ✓ દેશમાં 20 % લોકો કોઈ ને કોઈ પ્રકારના તમાકુના વ્યસની છે જેમાં 33% પુરુષો અને 18 % મહિલા છે.
- ✓ વિશ્વમાં સ્મોકલેસ તમાકુ એટલે કે ચાવવાની તમાકુથી દર વર્ષે અઢી લાખ લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં ત્રણ ચતુર્થાંશ ભારતમાં છે.
- ✓ તમાકુ અનેક બીમારીઓ નોતરે છે, શ્વાસનળી, ફેફસાં, હૃદય, મગજ માટે ઘાતક આ વ્યસનથી 85 % મૃત્યુ દક્ષિણ-પૂર્વ એશિયામાં નોંધાય છે, જેમાં એકલા ભારતમાં 74% મૃત્યુ થાય છે.

## તમાકુ ઉત્પાદનમાં ભારત :

- ✓ ભારત તમાકુના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે.
- ✓ દેશમાં 15 રાજ્યોમાં 4.5 લાખ હેક્ટર જમીનમાં તમાકુનું ઉત્પાદન થાય છે.

## તમાકુ ઉત્પાદનમાં રાજ્યોની ટકાવારી :

- ✓ આંધ્રપ્રદેશ - 45%
- ✓ કર્ણાટક - 26 %
- ✓ ગુજરાત - 14 %
- ✓ ઉત્તરપ્રદેશ - 5 %
- ✓ તમિલનાડુ-બિહાર - 2-2 %
- ✓ પશ્ચિમ બંગાળ - 1 %

## ખેતી અને આર્થિક હિસ્સો :

- ✓ ભારતમાં બીડી, હુક્કા, ચીરૂટ, ચાવવા સહિતના ભાતભાતના ફોર્મેટમાં તમાકુ વપરાય છે.
- ✓ બીડી ઉદ્યોગનું કદ ગંજાવર છે. 44 લાખ લોકો માટે એ રોજગારી પણ છે.
- ✓ દેશમાં વિદેશ વ્યાપાર વિનિમયમાં તમાકુનું મૂલ્ય રૂ.4400 કરોડ છે.
- ✓ દેશના કૃષિ નિકાસમાં 4 % હિસ્સો તમાકુનો છે. તમાકુની બનાવટો પરથી મળતી ટેક્સની આવક 14000 કરોડ છે.
- ✓ <u>તમાકુની નિકાસમાં ભારત બ્રાઝિલ પછી બીજા ક્રમે છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ નિકાસમાં જુદીજુદી શ્રેણીમાં 76થી 209%નો વધારો થયો.</u>
- ✓ તમાકુના ફ્લ્યૂ ક્યોરડ વર્જિનિયાની ભારતમાંથી યુરોપ, જર્મની, રશિયા, કોરિયા, આફ્રિકા સહિતના દેશોમાં નિકાસ થાય છે. આંધ્રમાં સેન્ટ્રલ ટોબેકો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અહેવાલ મુજબ 2015-16માં ભારતીય અર્થતંત્રમાં તમાકુનું પ્રદાન 23,318 કરોડ અને નિકાસમૂલ્ય 6058 કરોડનું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 7. જન્મ દિન વિશેષ : 31 મે

## દેવી : અહલ્યાબાઈ હોલકર

## જન્મ – 31 મે-1725

## અવસાન – 1795



- ✓ માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકર, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રોય અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનો આજે જન્મદિવસ તથા લોકપ્રિય ગઝલકાર શયદા, ક્રિકેટર સુભાષ ગુપ્તની પુણ્યતિથિ.
- ✓ અહલ્યાબાઈનો જન્મ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના છઉંડી (ચાઉંડી) ગામે થયો હતો.
- ✓ પિતાએ અહલ્યા જમાનાથી અલગ પડી પુત્રીને ભણાવી હતી.
- ✓ મરાઠા સેનાપતિ મલ્હારરાવ હોલકરે અહલ્યાબાઈને મંદિરમાં કામ કરતા જોયા તેમના ચરિત્રને જોઈ પુત્ર ખંડેરાવ સાથે તેમનાં લગ્ન કરાવ્યા.
- ✓ 1754માં કુંભેરના યુદ્ધમાં પતિ અને તરત સસરાનું અવસાન થતા માળવા રાજ્યના શાસક બન્યાં.
- ✓ તેમની મુખ્ય શક્તિ સેનાપતિ તુકોજીરાવ હોલકર હતા.
- ✓ અહલ્યાબાઈ પોતાની કુનેહથી રાજ્યને દુશ્મનોના હુમલાઓથી બચાવ્યું.
- ✓ બહાદુર યોદ્ધા અને કુશળ તિરંદાજ અહલ્યાબાઈ સેનાનું નેતૃત્વ કરતાં હતાં તો મંદિરો, ધર્મશાળાઓ, રસ્તાઓ, ઘાટ, કૂવાઓ, પરબો અને અન્નક્ષેત્રો જેવી પ્રજા કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે ઉદાર હાથે સખાવતો પણ કરી હતી.
- ✓ નાનકડાં કસબા ઈન્દોરને રાજધાની તરીકે વિકસાવ્યું.
- ✓ ઉત્કૃષ્ટ વિચારો અને નૈતિક મૂલ્યોના આચરણને કારણે તેમને 'દેવી'નો દરજ્જો મળ્યો હતો.
- ✓ 13 ઓગસ્ટ 1795ના રોજ તેમનું અવસાન થયું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (31-05-2021)

1. માર્ચ મે-2021માં ગુજરાતની કઈ સાત ખાનગી યુનિવર્સિટીઓને "સેન્ટર ઓફ એક્સલન્સ" તરીકે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી - **નિરમા યુનિવર્સિટી, ચારુસેટ યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, પીડીપીયુ, સેપ્ટ યુનિવર્સિટી તેમજ ધીરુભાઈ અંબાણી યુનિ.**
2. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને નલ સે જલ યોજના હેઠળ વર્ષ 2021-22 માટે કેટલા કરોડ રૂપિયા ફાળવાયા - **રૂ 3410.61 કરોડ**
3. 'નલ સે જલ' યોજના કયા મિશન હેઠળ શરૂ કરાઈ છે - **રાષ્ટ્રીય જળજીવન મિશન**
4. 'નલ સે જલ' યોજના અંતર્ગત વર્ષે 2020-21માં ગુજરાતના વધુ કેટલા ઘરોને આવરી લેવાશે – **10 લાખ**
5. ભારતમાં સૌપ્રથમ 'નલ સે જલ' યોજનાનો પ્રારંભ ક્યારે કરાયો હતો - **15 ઓગસ્ટ 2019**
6. તાજેતરમાં કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટસ, દિલ્હીના અહેવાલ મુજબ નાણાકીય વર્ષ 2020-21 ભારતના GDPમાં ચાર દાયકાનો સૌથી મોટો કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - **7.3**
7. આવક અને ખર્ચનાં આંકડા મુજબ નાણાકીય વર્ષ 2020-21ના અંતે મહેસૂલી ખાધ કેટલા ટકા રહી છે - **7.42**
8. ભારતમાં એપ્રિલ-2021માં 8 કોર સેક્ટરનો વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો હતો - **56.1**
9. ભારતના મહત્વના 8 કોર સેક્ટરના નામ જણાવો - **કોલસા, ક્રૂડ, કુદરતી ગેસ, રિફાઈનરી પ્રોડક્ટ, ફર્ટિલાઈઝર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળી**
10. ભારતમાં વર્ષ 2020-21માં રાજકોષીય ખાધ જીડીપીનાં કેટલા ટકા રહી હતી - **9.3**
11. તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા મરાઠા સમુદાયને EWS કેટેગરીમાં કેટલા ટકા અનામતની જાહેરાત કરાઈ – **10**
12. ચીનમાં વર્ષ 1979માં એક બાળક, વર્ષ 2016માં બે બાળકો અને હવે વર્ષ 2021થી કેટલા બાળકોને જન્મ આપવાની નવી નીતિ અમલમાં મૂકી – **ત્રણ**
13. વિશ્વ તમાકુ નિષેધ દિવસ 2021ની થીમ જણાવો - **"Commit to Quit"**
14. વિશ્વ તમાકુ નિષેધ દિવસ ક્યારે મનાવવામાં આવે છે- **તા.31 મે**
15. સૌપ્રથમવાર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કયા વર્ષે વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો - **1987**
16. વિશ્વમાં સ્મોકલેસ તમાકુ એટલે કે ચાવવાની તમાકુથી દર વર્ષે કેટલા લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં ત્રણ ચતુર્થાંશ ભારતમાં છે - **અઢી લાખ**
17. વિશ્વમાં તમાકુના ઉત્પાદનમાં ભારતનો ક્રમ જણાવો – **બીજો**
18. ભારતમાં સૌથી વધુ તમાકુ ક્યા રાજ્યમાં પાકે છે – **આંધ્રપ્રદેશ 45 ટકા**

19. દેશમાં થતી કુલ તમાકુમાંથી ગુજરાતમાં કેટલા ટકા તમાકુ પાકે છે – **14 ટકા**
20. તમાકુનું ઉત્પાદન ઘટાડી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા સરકારે કયો પ્રોગ્રામ બનાવ્યો છે - **ક્રોપ ડાઈવર્સિફિકેશન**
21. દેશના કૃષિ નિકાસમાં કેટલા ટકા હિસ્સો તમાકુનો છે – **4 %**
22. દેશમાં તમાકુની બનાવટો પરથી મળતી ટેક્સની આવક કેટલી છે - **14000 કરોડ**
23. વિશ્વમાં તમાકુની સૌથી વધુ નિકાસ કરનાર પ્રથમ અને બીજા નંબરનો દેશ જણાવો – **પ્રથમ બ્રાઝિલ અને બીજો ભારત**
24. માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકર, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રોય અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનો જન્મ દિવસ જણાવો– **31મી મે**
25. માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકરનું જન્મસ્થળ જણાવો-**મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના છઉંડી (ચાઉડી) ગામ**
26. કયા વર્ષમાં કુંભેરના યુદ્ધમાં પતિ અને તરત સસરાનું અવસાન થતા રાણી અહલ્યાબાઈ હોલકર માળવા રાજ્યના શાસક બન્યાં - **1754**

વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**